બર્મ્યુડા ટ્રાયેંગલ

રોમાંચક વિજ્ઞાન સાહસકથા

ડૉ. આઈ. કે. વીજળીવાળા



મુખ્ય વિક્રેતા

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

VISIT…

LANZAROTE
Caliente.COM

પાત્ર પરિચય

૧. ડીક	:	મુખ્ય પાત્ર, વાર્તાકાર
૨. રૉબર્ટ	:	મિત્ર, બીરા બંદરની ઝવેરાતની દુકાનમાં ભાગીદાર
૩. પોલ	:	મિત્ર (સૌથી નાનો, ફોટોગ્રાફીનો શોખીન)
૪. જેક	:	મિત્ર (ઘાના-આફ્રિકામાં સોનાના કાચા માલ તેમજ કોકોનો વેપારી)
૫. હેસ્લિંગ	:	મિત્ર (બાયનોક્યુલરનો ગજબનો શોખીન, ઘાનામાં જેકનો ભાગીદાર)
૬. માઇકલકાકા	:	પોલના પિતાજીના મિત્ર, આ ટોળકીના દરેક સાહસના સાથી
૭. માતાદી	:	આરામની જિંદગી વિતાવતો મિત્ર (પહેલાનો માણસખાઉં જંગલી જે પછી સંપૂર્ણ સુધરી ગયેલો)
૮. અબીરા	:	માતાદીનો મિત્ર. સ્ટીમરમાંથી પડીને ખોવાઈ ગયેલો. પછી ઇજિપ્તના અલ-અમર્નામાંથી મળેલો. હવે એ અલાબાસ્ટરનો ધંધો કરતો હતો.
૯. અબાના	:	ડર્બનમાં વસેલો આ બધાનો મિત્ર. જે એક અતિકુશળ વૈદ્ય હતો.
૧૦. આલ્બર્ટો	:	જુલિયાના નામની મેક્સિકન સ્ત્રીનો પુત્ર. જે મિયામીમાં ભણતો હતો.
૧૧. ઇત્ઝેલ	:	મેક્સિકોના વેપારી અબ્રાનની દીકરી. જે મિયામીમાં પુરાતત્ત્વનું ભણતી હતી.
૧૨. જોશુઆ સ્લોકમ	:	પોતાના સ્પ્રે નામનાં સઢવાળા વહાણમાં એકલપંડે દુનિયાની ૪૬૦૦૦ માઇલની પ્રદક્ષિણા કરનાર શૂરવીર ખલાસી. ૧૪ નવેમ્બર, ૧૯૦૯ના રોજ એ બર્મ્યુડા ટ્રાયેંગલમાં ક્યાં ગાયબ થઈ ગયા એની કોઈને પણ ખબર નથી પડી. છેક ૧૯૨૪માં સરકારે એને કાયદેસર મૃત જાહેર કર્યા હતા.
૧૩. કેપ્ટન સ્મિથ	:	સ્ટીમરના કેપ્ટન.

આગળની વાર્તાઓનું સંક્ષિપ્ત અનુસંધાન

ડીક નામના મુખ્ય પાત્ર સાથે એના અન્ય ચાર મિત્રો આફ્રિકા તેમજ ઇજિપ્તની સફરે ગયા હતા. પ્રથમ વખત ડીકના તેમજ રૉબર્ટના પિતાને લૂંટારા જોન હેરિંગના કબજામાંથી છોડાવવા (પુસ્તક : હીરાનો ખજાનો) અને બીજી વખત અબીરા નામના એમના સાથીદારને શોધવા (પુસ્તક : સાથીદારની શોધમાં). અબાના, માઇકલકાકા તેમજ માતાદી એમને પ્રથમ પ્રવાસમાં જ મળી ગયેલા. પાંચ મિત્રોમાંથી જેક અને હેસ્લિંગ આફ્રિકાના ઘાનામાં રહેતા હતા અને કાચા સોનાના માલનો ધંધો કરતા હતા અને પછી કોકોનો વેપાર એમનો મુખ્ય વ્યવસાય બની ગયો હતો. અબ્રાન મેક્સિકો યુકાતાનમાં આવેલ મેરિડા શહેરનો વેપારી હતો જે જેક અને હેસ્લિંગ પાસેથી કોકોની મોટી ખરીદી કરતો હતો. ઇત્ઝેલ એની દીકરી હતી જે મિયામી, અમેરિકામાં રહીને પુરાતત્ત્વશાસ્ત્રનો અભ્યાસ કરતી હતી. એ લોકોના આમંત્રણથી આ બધા મિત્રો ૧૯૦૮માં યુકાતાનમાં આવેલી લોલટુનની ગુફાઓ જોવા જાય છે (પુસ્તક : લોલટુનની ગુફાઓમાં). એ વખતે એ પ્રદેશના માયા લોકો ચિચેન-ઇત્ઝાના પિરામિડ પર બલિદાનની વિધિ કરવાના હોય છે. આલ્બર્ટો નામના યુવાનને બલિવેદી પરથી બચાવીને આ ટોળકી એને તેમજ એની માતા જુલિયાનાને ઇત્ઝેલ અને અબ્રાનની જોડે અમેરિકાના મિયામીમાં રહેવા મોકલી દે છે. આ ત્રણેય પ્રવાસો દરમિયાન એમને લખલૂંટ ખજાનો મળે છે.

આ વખતે ૧૯૦૯માં એ લોકો આલ્બર્ટો તેમજ જુલિયાનાના આમંત્રણને માન આપીને મિયામી જવા નીકળે છે. એ લોકોએ પ્રથમ દસેક દિવસ મિયામીના દરિયાકાંઠાથી ૫૮ માઇલ દૂર આવેલા બીમીની ટાપુઓ (બીમીનીનો અર્થ લુકાયાન લોકોની ભાષામાં થાય છે : બે ટાપુઓ!) પર ગાળવાનું નક્કી કરે છે. એ પ્રવાસે જતી વખતે એમને સમગ્ર દુનિયાને પોતાની હોડીમાં એકલપંડે પ્રદક્ષિણા કરનાર કૅપ્ટન જોશુઆ સ્લોકમનો ભેટો થઈ જાય છે. એ એમની સાથે બીમીનીના પ્રવાસમાં જોડાય છે. ૧૪ નવેમ્બર ૧૯૦૯ના દિવસે એ લોકો બીમીની જવા નીકળે છે અને પછી સર્જાય છે વિજ્ઞાનના ચમત્કારોની ભરમાર! એ અંગે હવે સંક્ષિપ્તમાં વાત કરવાને બદલે આપણે એમની સાથે પ્રવાસમાં જોડાઈને જ જાણીએ તો કેવું?

અનુક્રમણિકા

૧

અમેરિકા જવાનું આમંત્રણ !

'રૉબર્ટ! તને હવે કંટાળો નથી આવતો?' ઝવેરાતની તિજોરી બંધ કરતાં મેં રૉબર્ટને પૂછ્યું, 'લોલટુનની ગુફાઓ તેમજ મેક્સિકોથી આવ્યાને આજે એક વરસ ને ઉપર પાંચ મહિના થઈ ગયા છે. આટલા વખતમાં હું તો ભાઈ સાવ કંટાળી ગયો છું! આ તો કાંઈ જિંદગી છે? બસ, સવારે ત્રણ કલાક દુકાન ચલાવવી, બપોરે ઘરે જઈને ઊંઘી જવું અને સાંજે ફરવા જવું કે ગપ્પાં મારવાં! તને નથી લાગતું કાંઈક નવું કરવું જોઈએ?'

એ વરસ હતું ૧૯૦૯નું અને મહિનો હતો સપ્ટેમ્બર. છેલ્લે મેક્સિકો-યુકાતાનમાં આવેલી લોલટુનની ગુફાઓમાં અમે જઈ આવ્યા પછી દોઢ વરસ જેટલો સમય થઈ ગયો હતો. હવે અમારો ઝવેરાતનો સ્ટોર અમે સવારે ત્રણ કલાક પૂરતો જ ખોલતા હતા. બાકીનો સમય જલસા કરવામાં વિતાવતા હતા. પરંતુ આટલા સમયથી એમ જ બેસી રહેવાનો હવે બધાને કંટાળો આવતો હતો. એટલે જ મેં ઉપરનો સવાલ પૂછ્યો હતો.

રૉબર્ટે કાંઈ જવાબ ન આપ્યો. બસ, એક મોટું બગાસું ખાધું. પછી માતાદી સામે જોઈને બીજું બગાસું ખાધું. એનો ચેપ લાગ્યો હોય તેમ માતાદીએ રૉબર્ટ કરતાં પણ મોટું બગાસું ખાધું!

'અલ્યા! તમે બંને બગાસાં જ ખાતાં રહેશો કે કાંઈ બોલશો પણ?' હું બોલ્યો. મને ખરેખર કંટાળો આવતો હતો.

'સાચું કહું ડીક! મને તો છેલ્લા કેટલાય દિવસથી એકાદ નવા સાહસ પર જવાનો વિચાર આવે છે. અરે! રોજ નવા નવા સાહસનાં સપનાં પણ આવે છે!' રૉબર્ટ બોલ્યો.

માતાદીએ પણ માથું હલાવીને હા પાડી. પછી કહ્યું કે એ પણ આવા રોમાંચ વગરના દિવસો પસાર કરીને થાકી ગયો હતો. એ અબીરા અને માઇકલકાકા સવારથી બીરા બંદરે ફિશિંગ કરવા જતા કે પછી પત્તા રમતા

રહેતા કે ચેસ રમતા. પરંતુ હવે તો એમાં પણ એમને મજા નહોતી આવતી.

અમારું કામ પૂરું થવાને હજુ એકાદ કલાક બાકી હતો. અચાનક રૉબર્ટ ઊભો થયો. હિસાબનો ચોપડો હાથમાંથી નીચે મૂકીને એ મારી પાસે આવ્યો. પછી બોલ્યો, 'ડીક! મારે તને એક વાત પૂછવી છે. છેલ્લાં દોઢ વરસથી એ વાત મારા મનમાં ઘૂંટાયા કરે છે. આજે ફરી એક વખત સાહસની વાત થઈ એટલે મને લોલટુનની ગુફાઓ યાદ આવી ગઈ અને એની સાથે જોડાયેલ એક રહસ્ય યાદ આવી ગયું. એનો જવાબ તું જ આપી શકે તેમ છે. જો તને વાંધો ન હોય તો પૂછું!'

મને નવાઈ લાગી, કારણ કે રૉબર્ટ મને આટલા બધા મહિના કોઈ વાત ન પૂછે એ મારા માનવામાં આવે એવું નહોતું. અમે બંને બાળપણના ભાઈબંધ હતા. એ હંમેશાં એની બધી વાતો મને કરે જ. પરંતુ આ વખતે એણે મને સીધું નહોતું પૂછ્યું. એટલે જ એના મનમાં શું ઘૂંટાતું હશે એ મને સમજાતું નહોતું. તો પણ એ અંગે મનમાં જ તર્ક કરતાં મેં કહ્યું, 'અરે ભાઈ! પૂછને તું તારે! તારે કાંઈ મારી મંજૂરી લેવાની ન હોય. બોલ! શું પૂછવું છે તારે?'

રૉબર્ટ મારી સામે બેઠો. એ થોડીવાર વિચારમાં પડી ગયો. પછી પૂછ્યું, 'ડીક! તું ખરેખર એવું માને છે કે મેક્સિકોના ન્યુવોમાં આપણે હતા ત્યારે પેલી રાતે આલ્બર્ટોની પીઠનો ઘા તારા હાથ ફેરવવાથી સારો થયો હોય? મને તો ભાઈ એવું નથી લાગતું! કારણ કે માતાદીના પગે પરમ દિવસે કાનખજૂરો કરડી ગયો હતો. એના પર તું બે દિવસથી અબાનાએ આપેલ દવા લગાવી આપે છે તો પણ એનો ઘા તો પાકી ગયો છે! તો તારા હાથ ફેરવવાથી આલ્બર્ટો એક જ રાતમાં કઈ રીતે સારો થઈ ગયો હશે? એના ઘા તો જેગ્વારે કરેલા તીક્ષ્ણ નખ અને દાંતના પ્રહારોને લીધે થયા હતા. એ એક રાતમાં મટી શકે? અને એ પણ આલ્બર્ટોના કહેવા મુજબ તારા હાથ ફેરવવાથી? તને નથી લાગતું ડીક કે એ ઘટનાની પાછળ કોઈ રહસ્ય છુપાયેલું હોઈ શકે છે? હું તો કહું છું કે...'

'અમે અંદર આવી શકીએ?' હું રૉબર્ટના સવાલનો કાંઈ પણ જવાબ આપું એ પહેલા જ દરવાજામાંથી અવાજ આવ્યો. રૉબર્ટની વાત અધૂરી રહી ગઈ. મને એક જાતની શાંતિ થઈ ગઈ. કારણ કે મેં હજુ એ રહસ્ય અંગે કોઈની પણ જોડે વાત કરી જ નહોતી. મેં નિરાંતનો એક ઊંડો શ્વાસ લીધો.

'અરે ભાઈ! કોઈક તો અંદર આવો એમ કહો! કે પછી અમે અહીંથી

જ પાછા જતા રહીએ?' દરવાજામાંથી ફરીથી અવાજ આવ્યો.

હવે અમે બધાએ દરવાજા તરફ જોયું. અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

દરવાજાની વચ્ચે આલ્બર્ટો અને એની માતા જુલિયાના આન્ટી ઊભાં હતાં.

'અરે! આલ્બર્ટો?! જુલિયાના આન્ટી?! તમે બંને અહીંયાં? અમે સપનું જોઈ રહ્યા છીએ કે શું?' અમે ત્રણેય લગભગ એકસાથે બોલી ઊઠ્યા. અમારાં મોં પણ એમ જ પહોળાં રહી ગયાં.

'અરે! બાપા! અમે જ છીએ! પણ અંદર આવવાનું કહેશો કે પછી આમ જ આશ્ચર્ય પામતા રહેશો?' આલ્બર્ટો અને જુલિયાના હસી પડતાં બોલ્યાં.

'આવો! આવો! અંદર આવો! એમ નહીં! તમારે તો આવી જ જવાનું હોય! પૂછવાનું જ ન હોય!' અમે ત્રણેય લગભગ એક સાથે જ ઊઠતા બોલ્યા.

જુલિયાના આન્ટી અને આલ્બર્ટો અંદર આવ્યાં. અમે બધાં એમને ભેટી પડ્યાં. જુલિયાના આન્ટીએ અમને બધાને ગળે વળગાડીને આશીર્વાદ આપ્યા. ઘડીક એ અમને જોઈ રહ્યાં. પછી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં. રડતાં રડતાં જ એ બોલ્યાં, 'તમે ન હોત તો આજે મારો આલ્બર્ટો જીવતો ન હોત! પેલા ઘરડા ચિલાન અને રામિરોએ એનું બલિદાન આપી જ દીધું હોત!'

અમે બધાએ એમને માંડ છાના રાખ્યાં. એમના દીકરા આલ્બર્ટોની આંખમાં પણ આંસુ આવી ગયા હતા. થોડી વાર માટે અમારી દુકાનમાં વાતાવરણ ગંભીર બની ગયું. માતાદીએ નોકરને પાણી લાવવાનું કહ્યું. એ તો સારું થયું કે બરાબર એ જ સમયે ટાન્ઝાનિયાના કોઈક અમીર માણસની પત્ની હીરાનાં ઘરેણાં લેવા આવી પહોંચી. નહીંતર જુલિયાના આન્ટીને છાના રાખવા મુશ્કેલ બની જાત.

રૉબર્ટ પેલી ટાન્ઝાનિયન સ્ત્રીને હીરાજડેલ ઘરેણાં બતાવવા ગયો. માતાદીએ બીજા એક નોકરને બીરા બંદરની સારામાં સારી કૉફીશૉપમાંથી કૉફી લેવા મોકલ્યો.

રોબર્ટે પેલી સ્ત્રીનું બિલ બનાવીને પૈસા લીધા એટલી વારમાં કૉફી આવી ગઈ.

'કાં આલ્બર્ટો! તારું ભણવાનું કેમ ચાલે છે?' રોબર્ટે કૉફીનો ઘૂંટડો ગળે ઉતારતા પૂછ્યું.

'સરસ! પણ મેં એન્જિનિયરિંગનું ભણવાનું શરૂ કર્યું છે. ફ્લોરિડાની ફામુ

યુનિવર્સિટીમાં ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ ભણું છું. ગયા વરસે થયેલા ખરાબ અનુભવ પછી મેં માયા અને તોલ્તેક સંસ્કૃતિનો અભ્યાસ છોડી દીધો. પરંતુ એટલા વખતમાં મને એક ફાયદો થઈ ગયો. હું એ વખતે ઇજિપ્તની હાયરોગ્લાઇફિક્સ તરીકે ઓળખાતી ભાષા પણ ભણતો હતો. મારે માયા અને તોલ્તેક સંસ્કૃતિનો અભ્યાસ તો છોડી દેવો પડ્યો, પરંતુ ફાયદો એ થયો કે મને ઇજિપ્તની ભાષા આવડી ગઈ. હવે હું ઇજિપ્તની હાયરોગ્લાઇફિક્સનું કોઈપણ લખાણ ઉકેલી શકું છું. ઉપરાંત ઇત્ઝેલ પણ આ ભાષા સારી રીતે જાણે છે! કારણ કે એણે પુરાતત્ત્વનું ભણતર ચાલુ જ રાખ્યું છે!' આલ્બર્ટોએ કહ્યું.

'પરંતુ તને હવે ઇજિપ્તનો અભ્યાસ છોડીને એન્જિનિયરિંગનું ભણવું ગમે છે? સાચું કહેજે હો!' મેં પૂછ્યું.

આલ્બર્ટો હસી પડ્યો. પછી બોલ્યો, 'સાચું કહું તો એટલું બધું નહીં. પરંતુ આ ફામુમાં કોઈપણ વિષય ભણવાની મજા આવે એવું જ છે.'

'ફામુ? એટલે વળી શું? કોઈ ફાર્મમાં કૉલેજ આવેલી છે?' માતાદીએ હાથી શરમાય એવડું મોટું બગાસું ખાતા પૂછ્યું.

અમે બધાં ખડખડાટ હસી પડ્યાં.

'અરે માતાદી! ફામુ એટલે ફાર્મમાં આવેલ કૉલેજ નહીં. પણ ફામુ એટલે અંગ્રેજી ભાષાના ચાર અક્ષરો લઈને બનેલું ટૂંકુ નામ. એ અક્ષરો છે : F.A.M.U. એટલે કે ફ્લોરિડા એગ્રિકલ્ચર ઍન્ડ મિકેનિકલ યુનિવર્સિટી (Florida Agricultural & Mechanical University), સમજ્યો?'

'હું...ઉં...ઉં...! હવે સમજાયું! આમ કાંઈક કહે તો સમજાયને! જો! હવે કેવું સમજાઈ ગયું?' એટલું કહીને માતાદીએ ફરીથી બગાસું ખાધું.

એ પછી થોડીવાર બધાએ કૉફીને ન્યાય આપ્યો. રોબર્ટે ઘરે રસોઈની તેમજ મહેમાનની વ્યવસ્થા કરવાનું કહી દીધું.

'પરંતુ આલ્બર્ટો! જુલિયાના આન્ટી! તમે અચાનક આ બાજુ કેમ આવી ચડ્યા એ તો તમે કહ્યું જ નહીં! અમને જાણ કરી હોત તો અમે તમને બીરા બંદર પર લેવા માટે આવી જાતને?' મેં કૉફીનો છેલ્લો ઘૂંટડો ભરીને કપ નીચે મૂકતા કહ્યું.

'અરે ડીક! આ દોઢ વરસ મને તેમજ આલ્બર્ટોને સતત એમ જ થતું હતું કે અમે તમારા બધા માટે કાંઈ કરતાં કાંઈ નથી કરી શક્યા. તમે આલ્બર્ટોની જિંદગી બચાવી એના બદલામાં અમે તમને અમારા મહેમાન

બનવાનું પણ નથી કહી શક્યા. આજે મારો આલ્બર્ટો જો જીવતો હોય તો એ તમારા કારણે જ... નહીંતર...' જુલિયાના આન્ટી ફરીથી લાગણીશીલ બની ગયાં. વાતાવરણ ફરી એકવાર એકદમ ગંભીર બની ગયું. અમે બધાં એકબીજાં સામે જોઈ રહ્યાં.

મને થયું કે વાત જરા બદલવી જોઈએ. એટલે ઊભા થતા હું બોલ્યો, 'તો આપણે ઘરે જઈએ! તમે બધાં આમ પણ થાક્યાં હશો.' પછી બધા નોકર તરફ ફરીને હું બોલ્યો, 'ચાલો, દુકાન બંધ કરો. આજે ચાલીસ મિનિટ વહેલાં! કાલે દુકાન ખોલતા પહેલા ઘરે આવજો! જો અમે કહીએ તો જ દુકાન ખોલવાની નહીંતર નહીં. આજે તમને સૌને પણ વહેલા જવાની છુટ્ટી!'

અર્ધો કલાક વહેલા છૂટવાની વાતથી એ બધા નિશાળનાં બાળકોની માફક ખુશ થઈ ગયા. અમે પણ ઊભાં થયાં. દુકાન બંધ કરીને ઘરે ગયાં. માતાદીએ અબાના તેમજ અબીરાને પણ બોલાવી લીધા હતા. અબાના છેલ્લા થોડા દિવસથી ડર્બનથી અબીરાને ત્યાં રહેવા આવ્યો હતો. માઇકલકાકા કોઈક કામથી ઇંગ્લૅન્ડ ગયા હતા એટલે એ હાજર નહોતા. હેસ્લિંગ અને જેક ઘાના હતા. જ્યારે પોલ વહેલી સવારથી ઝીંઝુડાક ગયો હતો. પર્સિવલકાકાની તબિયત થોડીક ખરાબ હોવાથી એ એમની ખબર કાઢવા ગયો હતો.

અમે ઘરે પહોંચ્યા. ખાઈપીને નિરાંતે બેઠા.

જમ્યા પછી અમે આલ્બર્ટો અને જુલિયાના આન્ટીને ફરી એકવાર બીરા બંદર આવવાનું કારણ પૂછ્યું.

આલ્બર્ટોએ એની પાસેનું પાકીટ ખોલ્યું. પછી ઇસ્ટઇન્ડિયા કંપનીની રૉયલ સ્ટીમરની ફર્સ્ટક્લાસની ટિકિટો કાઢીને અમારા હાથમાં મૂકી. પછી કહ્યું, 'તમે કોઈ જાતના બહાના ન કાઢો એટલે આ વખતે પહેલી ઑક્ટોબરની ટિકિટો બૂક કરાવીને જ અમે લેતા આવ્યા છીએ. તમે અમારા મહેમાન બનીને અમારા પર ઉપકાર કરો એ માટે અમે જાતે જ આમંત્રણ આપવા આવ્યા છીએ. બોલો! હવે તો તમે આવશો ને? ના તો નહીં પાડોને? મારી ખાતર. મારી મા જુલિયાનાની ખાતર! પ્લીઝ!'


આટલું કહેતા આલ્બર્ટો ગળગળો થઈ ગયો. જુલિયાના આન્ટી પણ ઢીલાં પડી ગયાં.

'પણ! જેક અને હેસ્લિંગ તો ઘાના છે. એમને જાણ કરવી પડશે ને?' માતાદી બોલ્યો.

'અમે એ બંને સાથે લંબાણપૂર્વકની ચર્ચા પત્રથી કરી લીધી છે. એમને ટિકિટ પણ મોકલી દીધી છે. બસ, તમે હા પાડો એટલે એમને ફક્ત તાર જ કરવાનો છે. એ લોકોએ કેપ્ટન સ્મિથની સ્ટીમર પર પંદર ઑક્ટોબરની તમારા સૌની ટિકિટ બુક કરાવી લીધી છે. તમે આક્કારા પહોંચો પછી બીજા દિવસે જ તમારે મિયામી આવવા નીકળી જવું પડશે. બસ, હવે તમે સૌ જવાબ આપો એટલે અમે હળવા થઈ જઈએ!' આલ્બર્ટો બોલ્યો.

મેં, રોબર્ટે, માતાદીએ, અબાનાએ તેમજ અબીરાએ એકબીજા સામે જોયું. પછી આલ્બર્ટો અને જુલિયાના આન્ટીની સામે જોઈને અમે એક સાથે કહ્યું, 'અમે તૈયાર છીએ! પણ તમે બંને એ તો કહો કે અમેરિકા જ જોવાનું છે કે બીજે ક્યાંય જવાનું છે?'

આલ્બર્ટો ઊભો થઈને મને અને રૉબર્ટને ભેટી પડ્યો. પછી બોલ્યો, 'થેન્ક્યુ દોસ્તો! તમે અમારા આમંત્રણને માન આપ્યું એના માટે હું તેમજ મારી મા જુલિયાના તમારા હંમેશ માટે આભારી રહીશું. અને હા! આપણે બધાએ અમેરિકા તો જોવાનું જ છે. પણ એ સાથે થોડુંક વૅકેશન બીમીની ટાપુ પર ગાળવાનું છે! બીમીની ટાપુઓ અદ્ભુત છે! હું ત્યાં એક વૅકેશન ગાળી આવ્યો છું. આપણું બુકિંગ ત્યાંની બીમીની બીચ રિસોર્ટ હોટલમાં થઈ ગયું છે. બીમીની અંગે તમને જાણતા ન હો તો આ રહ્યો એનો નકશો!' એટલું કહી એણે ટેબલ પર નકશો પાથરી દીધો. જે ઉપર બતાવ્યા મુજબ હતો :



અમે નકશો ધ્યાનથી જોયો. પછી અચાનક માતાદીએ જોરથી 'હીપ! હીપ! હુર્રે!' કર્યું. અમે સૌએ પણ એમાં સૂર પુરાવ્યો.

એ જોઈને જુલિયાના આન્ટીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં, પરંતુ આ વખતે એમનાં આંસુ ખુશીના હતાં!



૨

મિયામી-ફ્લોરિડા!

આલ્બર્ટો અને જુલિયાના આન્ટી અમારી મહેમાનગતી માણીને પાછા ગયા. એ પછી અમારી પાસે હવે અમેરિકા જવાની તૈયાર કરવા માટે અઢારેક દિવસ જ બાકી રહ્યા હતા.

પોલ બીજા દિવસે જ ઝીંઝુડાક ટાપુ પરથી પાછો આવી ગયો હતો. એના પિતા પર્સિવલકાકાની તબિયત હવે એકદમ સરસ થઈ ગઈ હતી. પોલ પાછો ફર્યો એ જ દિવસે એને બીરા બંદર પર હેસ્લિંગના ધુની વૈદ્યકાકા મળી ગયા હતા. એમણે પોલને એક મોટી બૉટલ આપી હતી. એ બૉટલના તેલમાંથી થોડાંક ટીપાં પણ જો શરીર પર લગાવી દેવામાં આવે તો કલાકોના કલાકો પાણીમાં રહેવા છતાં ચામડી પર પાણીની કોઈ જ અસર ન થાય, સૂર્યપ્રકાશથી ચામડી દાઝે પણ નહીં અને શાર્ક માછલી એનાથી દૂર જ રહે. પહેલા તો પોલે એ લેવા માટે આનાકાની કરેલી. પરંતુ પછી ધુનીકાકાની જીદ સામે નમતું જોખીને એણે એ બૉટલ સ્વીકારી લીધેલી.

હેસ્લિંગના ધુનીકાકાએ પોલને આપેલ આ ભેટની મને ખૂબ જ નવાઈ લાગી. ધુનીકાકાને કેમ ખબર પડી ગઈ કે આ વખતે અમે એક દરિયાઈ ટાપુ પર જઈ રહ્યા હતા? એમનો સ્વભાવ મને હંમેશાં વિચિત્ર જ લાગ્યો છે. અથવા તો એમની કોઈ છઠ્ઠી ઇન્દ્રિય કામ કરતી હોવી જોઈએ! એ જે હોય તે, પરંતુ એ હંમેશાં અમારી મુસાફરીમાં કામ આવે એવી વસ્તુ કે એવી ઔષધી જ મોકલતા. અમારો સાથી અબાના પણ એક કુશળ વૈદ્ય હતો, પરંતુ હેસ્લિંગના ધુનીકાકાની તોલે તો એ પણ ન જ આવે.

અમે જેક તેમજ હેસ્લિંગને તાર કરી દીધો. માઇકલકાકા અમને સીધા મિયામીમાં જ મળવાના હતા. એમનો તાર પણ આવી ગયો. અમે બધા ખૂબ જ રોમાંચિત થઈ ગયા હતા. બસ, હવે તો અમને સપના પણ અમે ક્યારેય

ન જોયેલા બીમીની ટાપુના આવતા હતા. હું પણ બીમીની અંગેની માહિતી બને એટલી ભેગી કરી રહ્યો હતો. અબાના ઉપયોગી ઔષધિઓની યાદી બનાવી રહ્યો હતો. એ બધી દવાઓ ઓછી જગ્યા રોકે એવા ખાસ પૅકેટ્સ એણે તૈયાર કરી લીધા હતા. અબીરા અબાનાની મદદમાં રોકાયો હતો. માતાદીએ દુકાનનો ખૂબ કિંમતી સામાન બીરા બંદરની બૅન્કના એક ખાસ લૉકરમાં મુકાવી દીધો હતો. બધી તૈયારીઓ પૂરી થઈ ત્યાં સુધીમાં ૩૦ સપ્ટેમ્બર આવી લાગી. બસ! અમને બધાને થતું હતું કે હવે ક્યારે પહોંચીએ અમેરિકા! કોઈ જગ્યાએ પ્રવાસે જવાનું નક્કી કરીએ પછી ત્યાં જતા સુધીના દિવસો કાઢવા મુશ્કેલ બની જતા હોય છે. અમે પણ એમ જ અધીરા બની ગયા હતા.

૧લી ઑક્ટોબર, ૧૯૦૯.

અમે બીરા બંદરથી ઊપડ્યા ત્યારે હેસ્લિંગના ધુનીકાકા અમને આવજો કહેવા આવ્યા હતા. એમણે પોલને એક સફેદ રંગના પાવડરનું પડીકું આપ્યું. એ પાવડર ચપટી ભરીને પાણીમાં નાખવાથી પાંચેક ફૂટના ઘેરાવામાં લગભગ બસો ફૂટ ઊંડે સુધી બધું સ્પષ્ટ જોઈ શકાતું હતું. એ સિવાય જો પાણીમાં હો અને એ પાવડરને હાથમાં રાખો તો એનાથી બસો ફૂટ નીચે સુધી બધું પાંચેક ફૂટના ઘેરાવામાં ચોખ્ખું બની જતું હતું. અમે પૂછ્યું કે, 'આનો ઉપયોગ શું?' પરંતુ કાકા એમની ધુનમાં હસતા હસતા એટલું જ બોલ્યા, 'જરૂર પડ્યે વાપરજો! ચાલો દીકરાઓ! આવજો!' અને અમે આવજો કહીએ એ પહેલા જ એ પાછા ફરીને જતા રહ્યા.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્ટીમરે ભૂંગળું વગાડ્યું અને બીરા બંદરથી ડર્બન તરફના દરિયાઈ માર્ગ તરફ ધીમે ધીમે સરકવાનું શરૂ કર્યું. દર વખતની માફક, આ વખતે પણ મને અંદરખાને થોડીક બેચેની થઈ રહી હતી. હું ઊંડા વિચારોમાં પડી ગયો હતો. સ્ટીમર ધીમે ધીમે ઝડપ પકડી રહી હતી.

* * *

ઘાનાના આક્કારા બંદરે જેક અને હેસ્લિંગ અમને લેવા આવ્યા હતા. એમને ત્યાં એક રાત રોકાઈને બીજા દિવસે એટલે કે ૧૫મી ઑક્ટબર, ૧૯૦૯ના રોજ અમે ફરી એક વખત કૅપ્ટન સ્મિથની સ્ટીમરના તૂતક પર પગ મૂક્યો.

'વેલકમ મિ. ડીક! ફરી એકવાર કોઈ રોમાંચક સફર કે સાહસ પર

નીકળી પડ્યા છો એમ ને?' એમનો વજનદાર હાથ મારી સાથે મિલાવતા કેપ્ટન સ્મિથ બોલ્યા.

'ના ના! કેપ્ટન! આ વખતે અમેરિકા ફરવું છે અને બીમીની ટાપુ પર આરામ કરવો છે, બસ!' મેં કહ્યું, 'આ વખતે કોઈ સાહસ કે જોખમથી દૂર જ રહેવું છે. ફક્ત મજા જ કરવી છે!'

'કેમ? સાહસમાં મજા નથી હોતી?' કેપ્ટન સ્મિથ બોલ્યા. પછી પાછા ફરતા મારી સામે જોઈને હસતા હસતા કહે કે, 'અને કોને ખબર એવું પણ બને કે આપણી મજાઓ અચાનક એક સાહસમાં બદલાઈ પણ જાય! બરાબર ને મિ. ડીક?!'

હું કાંઈ ન બોલ્યો. મેં ફક્ત માથું હલાવ્યું. ખબર નહીં કેમ પણ કેપ્ટન સ્મિથના શબ્દો મને રહસ્યભર્યા લાગ્યા. અથવા એવું પણ બને કે મુસાફરીની શરૂઆતથી જ હું જે બેચેની અનુભવી રહ્યો હતો એનો આ માત્ર પડઘો હોય! એ જે હોય તે! પરંતુ હવે અમે બધા આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા કે ક્યારે આવે અમેરિકા!


* * *

મિયામીના બંદર પર અમારી સ્ટીમર નાંગરી એ વખતે પણ બાયનોક્યુલર લઈને ડાફોળિયા મારી રહેલા હેસ્લિંગે બૂમ મારી, 'હેય ડીક! હેય રૉબર્ટ! માતાદી! જુઓ! માઇકલકાકા આવી ગયા છે. જુઓ ત્યાં પેલા સ્ટૉલ પાસે બેસીને પોતાની વાંકી હોકલી ફૂંકી રહ્યા છે!'

અમને બધાને હસવું આવી ગયું, કારણ કે માઇકલકાકા અમને વગર બાયનોક્યુલરે પણ બરાબર અને સ્પષ્ટ દેખાતા હતા. એ અમારી સામે જોઈને હાથ હલાવી રહ્યા હતા. હેસ્લિંગ બાયનોક્યુલરમાં જોઈને હાથ હલાવતા હલાવતા એક ખલાસી જોડે અથડાઈ પડ્યો. એનાથી એનું નવું નક્કોર બાયનોક્યુલર દરિયામાં પડી ગયું. એ જોઈને ફરી વખત અમે બધા પેટ પકડીને હસી પડ્યા. ઘડીક એટલાંટિક મહાસાગરને ગાળો ભાંડીને પછી હેસ્લિંગ પણ હસી પડ્યો.

અમારો સામાન લઈને અમે સૌ નીચે ઊતર્યા. એ જ વખતે પોતાનો સામાન પોતાની લાંબી પણ દેશી ઢબની હોડીમાંથી ઉતારી રહેલા એક માણસ સામે મારી નજર પડી. એની અને મારી નજર મળી એટલે એ માણસ બે ક્ષણ માટે પોતાનું કામ અટકાવીને મારી સામે તાકી રહ્યો. મને એ થોડોક વિચિત્ર લાગ્યો, કારણ કે એનો પહેરવેશ બીજા બધાં કરતા થોડોક જુદો હતો.

મેં પોલને એનો ફોટો પાડી લેવાનું કહ્યું. પોલે એનો ફોટો પોતાના નવા કોડાક કેમેરામાં પાડી લીધો.


અજાણ્યો માણસ

એ પછી અમારી નજર વારંવાર મળતી રહી. સમજાતું નહોતું કે મને એ માણસમાં આટલો બધો રસ શું કામ પડે છે. પરંતુ એનો પહેરવેશ કોઈપણનું ધ્યાન ખેંચે એવો હતો. એણે માથે પહેરેલી હેટ પણ ખૂબ મોટી અને ખાસ્સી પહોળી હતી. એના નાનકડા વહાણના તૂતક પરથી અમને એનો ફોટો લેતા એ માણસ જોઈ ગયો, તો પણ એ કાંઈ બોલ્યો નહીં. હા! એની થોડીક માંજરી આંખોથી એ અમને તાકતો જરૂર રહ્યો હતો. પછી એ પાછો ફરીને પોતાના વહાણની કેબિનમાંથી સામાન કાઢવા અંદર જતો રહ્યો. અમે થોડોક હાશકારો અનુભવ્યો. અમને એમ હતું કે મંજૂરી વગર ફોટો પાડવા માટે કદાચ એ અમને ખિજાશે. એના બદલે એ માણસ જાણે કે કાંઈ જ બન્યું ન હોય એમ પોતાના કામે વળગી ગયો.

પોલના માથા પર પણ પરસેવો બાઝી ગયો હતો. અમે બંનેએ એકબીજા સામે જોયું. અમને બંનેને હાશ થઈ હતી. કારણ કે અજાણી જગ્યાએ કોઈ અજાણ્યા માણસનો એને પૂછ્યા વિના ફોટો પાડવો એ સારી વાત તો ન જ કહેવાય. અને ક્યારેક એના કારણે ઝઘડો પણ થઈ જાય. પરંતુ એ માણસ એટલો સારો હતો કે એણે અમારી સાથે ઝઘડો ન કર્યો.

'હેય ડીક! હેય પોલ! કેમ છો તમે બધા? અરે ભાઈ! આ બાજુ, પાછળ ફરીને જુઓ તો ખરા!' એક સ્ત્રીનો અવાજ સાંભળી અમે ચમક્યા. અમે પાછા ફરીને અવાજની દિશા તરફ જોયું. અમારા આનંદનો પાર ન રહ્યો. ત્યાં ઇત્ઝેલ ઊભી હતી. એની પાછળ થોડા અંતરે અબ્રાન ઊભો હતો. એણે અમારી સામે હસતા હસતા હાથ હલાવ્યો.

'હેય ઇત્ઝેલ! તું કેમ છો? અમને પણ તને જોઈને ખૂબ ખુશી થઈ! અને અબ્રાન તમે પણ મજામાં જ હશો, ખરુંને?' અમે બંને સાથે હાથ મિલાવતા કહ્યું.

'પણ આલ્બર્ટો અને જુલિયાના આન્ટી કેમ ક્યાંય દેખાતાં નથી?' પોલે પૂછ્યું.

'હા દોસ્તો! હું તમને જણાવવાનું ભૂલી જ ગઈ કે આલ્બર્ટો અને જુલિયાના આન્ટી તમારા રહેવાની વ્યવસ્થા કરવા માટે રૉયલ પામ હોટેલ પર ગયાં છે. અમારા બંનેના ઍપાર્ટમૅન્ટ્સ બાજુ બાજુમાં જ છે પણ થોડા નાના છે. એટલે તમે નવે નવ જણ આરામથી રહી શકો એ માટે તમારા ઊતરવાની વ્યવસ્થા ત્યાં રાખી છે. આમ તો અમે લગભગ એક મહિના પહેલા બુકિંગ કરાવી જ રાખ્યું છે. પરંતુ બધું બરાબર છે કે નહીં એની તપાસ કરવા માટે જ એ લોકો ગયાં છે. આપણે અહીંથી સીધા ત્યાં જ જવાનું છે.'

'તો ચાલો, ભાઈ! મને તો કકડીને ભૂખ લાગી છે અને જો એ હોટલમાં સ્વીમિંગ પુલ હોય તો મારે તો એમાં ધૂબકા મારીને નહાવું છે! એટલે હવે બધાં જલદી ચાલો!' પોલે પોતાનો સામાન ખભે નાખતા કહ્યું. પછી એણે માતાદી સામે જોઈને કહ્યું, 'પરંતુ માતાદી નહીં નાહી શકે! એના પગે થયેલો ઘા હજુ મટ્યો નથી, ખરુંને?'

માતાદીએ મોં પર કરુણ ભાવ લાવીને માથું હામાં હલાવ્યું. એના પગે કાનખજુરો કરડ્યા પછી એમાં હવે થોડો સડો થયો હતો. અબાનાએ એને પાણીમાં પગ પલાળવાની ના પાડી હતી.


એની વાત સાંભળીને તેમજ માતાદીના મોં પરના ભાવ જોઈને ઇત્ઝેલ અને અબ્રાન હસી પડ્યાં. અમે લોકો ઘોડાથી ખેંચાતી બગીમાં સવાર થયા. પોલે પોતાના કૅમેરાથી મિયામી શહેરનો ફોટો પાડી લીધો :



મિયામી શહેર


અમે હોટેલ પહોંચ્યાં. અમને ઉતારીને ઇત્ઝેલ તેમજ અબ્રાન પોતાના ઘરે ગયાં. જુલિયાના આન્ટી પણ એમની જોડે જ ગયાં. ઇત્ઝેલ બીજા દિવસે સવારે અમને મળવા આવવાની હતી. આલ્બર્ટો અમારી પાસે જ રોકાઈ ગયો.

અમે રોયલ પામ હોટેલને જોઈ ખૂબ ખુશ થઈ ગયાં. રોયલ પામ હોટલ ખરેખર ખૂબ જ સુંદર હતી. અમે લોકો એના બગીચાને અને ભવ્ય પ્રવેશદ્વારને થોડી વાર જોતા રહ્યાં.[1]



હોટેલ પામ રોયલ, મિયામી

એ દરમિયાન બે વેઇટર આવીને અમારો સામાન લઈ ગયા. અમે અંદર દાખલ થઈને હોટેલના વચ્ચેના ભાગમાં પહોંચ્યાં. એની વિશાળતા અને ભવ્યતા જોઈને મજા પડી ગઈ. અંગ્રેજીના 'યુ-U' આકારની એની સામસામેની લૉબીની બરાબર વચ્ચે એક મોટો સ્વીમિંગ પુલ હતો. હજુ શિયાળો શરૂ થવાને વાર હોવાથી ઘણા બધા મહેમાનો સ્વીમિંગ પુલમાં તરી રહ્યા હતા. પોલે મારી સામે જોયું. પછી પૂછ્યું, 'ડીક! ઝંપલાવું?' મેં માથું હલાવીને હા પાડી. એ તરત જ દોડતો પોતાના રૂમમાં ગયો. સ્વીમસૂટ (તરવાનો પોશાક) પહેરીને પાછો આવ્યો. પુલના નિયમ મુજબ સ્નાન કરીને એણે પાણીમાં ઝંપલાવ્યું. અમે બધા ઘડીક ત્યાં પુલની બાજુમાં બેઠાં અને બરફવાળું લીંબુ શરબત પીધું. એ પછી હું મારી રૂમ તરફ ચાલ્યો.



પામ રોયલનો સ્વીમિંગ પુલ

---

૧. આ હોટેલ ટેકીસ્ટા નામના ગામમાં ૧૮૯૭માં બાંધવામાં આવી હતી. એની જગ્યાએ જે ટેકરો હતો એ ખોદતા ૫૦ ખોપરીઓ મળી આવી હતી. હોટેલ લગભગ ૬૮૦ ફૂટ લાંબી હતી. મિયામી નદીના ઉત્તર કાંઠા પર એ આવેલી હતી. એમાં ૧૨x૧૮ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતા લગભગ ૪૫૦ ઓરડા હતા. ૧૦૦ ઓરડાઓને પોતાના પ્રાઇવેટ બાથરૂમ હતા. મુખ્ય ભોજનખંડમાં એક સાથે ૫૦૦ મહેમાનો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. આ ઉપરાંત બાળકોના ભોજનખંડની અલગ વ્યવસ્થા હતી!

હું મારા રૂમમાં દરવાજા તરફ હાથ લંબાવું એ પહેલા જ કોઈ મારી સાથે જોરથી ટકરાયું. હું ફંગોળાઈને ફર્શ પર પડ્યો. મને ઈજા ન થઈ પરંતુ પેલી વ્યક્ત પર ગુસ્સો જરૂર આવી ગયો. મેં માથું ઊંચું કરીને જોયું તો એ વ્યક્તિ બીજું કોઈ નહીં પરંતુ મોટી હેટવાળો પેલો માણસ જ હતો. જેને મેં મિયામી બંદર પર જોયો હતો. હું કાંઈ બોલું એ પહેલાં જ એણે હાથ લાંબો કર્યો અને કહ્યું. 'ઓહ માફ કરશો, આશા રાખું છું તમને વાગ્યું નહીં હોય. મારું નામ છે જોશુઆ સ્લોકમ, કૅપ્ટન જોશુઆ સ્લોકમ! તમારું નામ જાણી શકું?'

'ડીક! મારું નામ ડીક છે.' એ માણસે લંબાવેલો હાથ પકડતાં મેં કહ્યું.

'તમને મળીને આનંદ થયો, મિ. ડીક!' એણે કહ્યું. પછી હસતાં હસતાં ઉમેર્યું, 'જો કે તમને બહુ આનંદ નહીં થયો હોય નીચે પડીને, બરાબરને મિ. ડીક! હા! હા! હા! ખેર, ફરી એકવાર તમારી માફી ચાહું છું. હું તમારી બાજુના કમરામાં જ છું! તો ચાલો, ફરી મળીશું!'

વિચિત્ર રીતે હસતા હસતા એ માણસ ગયો.

મારા મનમાં નામ ઘુમરાવા લાગ્યું. 'જોશુઆ સ્લોકમ!' મેં આ નામ ક્યાંક સાંભળ્યું કે વાંચ્યું હતું. પરંતુ ક્યાં? મેં માથું ખંજવાળ્યું, પણ કાંઈ યાદ ન આવ્યું. એટલામાં જ આલ્બર્ટોને મારી તરફ આવતા જોયો. મેં પેલા નામ અંગે વિચારવાનું પડતું મૂક્યું.



૩

કૅપ્ટન જોશુઆ સ્લોકમ !

રાત્રે ખાઈપીને અમે મારા રૂમમાં એકઠાં થયાં. આલ્બર્ટો બીમીની ટાપુઓ પર જવા માટે હોટેલના મૅનેજર સાથે બોટનું નક્કી કરવા એની ઑફિસમાં ગયો હતો. એટલે એ એક અમારી વચ્ચે નહોતો. અમે બધાં બીજા દિવસે બીમીની ટાપુ પર જવું કે પછી મિયામી શહેર જોવું એ અંગે ચર્ચા કરતાં હતાં. એ વખતે જ મારા રૂમનું બારણુ ખખડ્યું. મેં ઊભા થઈને બારણું ખોલ્યું. જોયું તો કૅપ્ટન જોશુઆ સ્લોકમ ત્યાં ઊભા હતા.

'મિ. ડીક! અંદર આવું કે?' એમણે સામેથી જ પૂછ્યું.

'અરે હા, કેમ નહીં! ચોક્કસ! આવો, આવો!' મારી જીભ જરા થોથવાઈ.

કૅપ્ટન અંદર આવ્યા. અમારા બધા સામે જોયું. પછી મારી સામે જોયું. હું તરત જ બોલી ઊઠ્યો, 'અરે! હા દોસ્તો! આમનું નામ છે કૅપ્ટન જોશુઆ સ્લોકમ! અમારી આજે જ મુલાકાત થઈ છે! અને...'

'કૅપ્ટન જોશુઆ સ્લોકમ? ખરેખર? અરે વાહ! કમાલ કહેવાય!' હું આગળ કાંઈપણ બોલું એ પહેલાં તો માઇકલકાકા એકદમ ઉત્તેજીત થઈને પોતાની ખુરશીમાંથી ઊછળી પડ્યા. ઊભા થઈને એમણે પોતાની હોકલી બાજુમાં મૂકી. પછી પોતાની હેટ કાઢીને કૅપ્ટન સામે લળીને એમને માન આપતા ઊભા રહ્યા. અને પોતાની ઓળખાણ એમણે જાતે જ આપી. પછી અમારી પણ એક પછી એક કરીને ઓળખાણ કરાવી. એ તો જાણે કૅપ્ટન જોશુઆ સ્લોકમને જોઈને પાગલ થઈ ગયા હોય એવું વર્તન કરતા હતા.

'પરંતુ માઇકલકાકા! તમે આમને કઈ રીતે...' હું હજુ પૂરો સવાલ પૂછું એ પહેલાં જ મારી વાતને કાપતા માઇકલકાકા બોલ્યા, 'અરે ડીક! તમને બધાને આ નામ સાંભળીને કાંઈ જ ચમકારો ન થયો? અરે આ કૅપ્ટન

જોશુઆ સ્લોકમ એ જ વ્યક્તિ છે જેણે એક નાનકડા વહાણમાં સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરી છે. સાવ એકલા! ૪૬૦૦૦ (છેંતાલીશ હજાર માઇલ) સાવ જ એકલા! અને એ પણ ફક્ત સઢ અને પવનના સહારે! કોઈ જાતના મશીનની મદદ વગર બોલો!'

માઇકલકાકાની વાત સાંભળીને અમારાં બધાનાં મોઢાં પહોળાં જ રહી ગયાં. મને પણ હવે યાદ આવ્યું કે આ વાત મેં પણ વાંચી જ હતી. એટલે જ મને આ નામ જાણીતું લાગતું હતું. શું ખરેખર એ મહાન કેપ્ટન અમારી સામે બેઠા હતા? અમે બધાં રોમાંચિત થઈ ગયાં.

થોડીવાર બધાં એમ જ આશ્ચર્યચકિતં થઈને બેસી રહ્યાં. અમને બધાંને બાઘાં બની ગયેલાં જોઈને કેપ્ટન જોશુઆ સ્લોકમ જોરથી હસી પડ્યા. પછી બોલ્યા, 'ચાલો! તમે બધાને મળવાની મજા આવી. આવતી કાલે ૧૩મી નવેમ્બર છે. કાલનો દિવસ આરામ કરીને પરમ દિવસે – એટલે કે ૧૪ નવેમ્બરના રોજ હું મારું વહાણ ''સ્પ્રે'' લઈને બીમીની ટાપુ જવાનો છું. બોલો મારી સાથે આવવું છે તમારે? અહીંથી ફક્ત ૫૮ માઇલ દૂર છે અને આપણે જો પવન બરાબર હશે તો લગભગ ત્રણેક કલાકમાં ત્યાં પહોંચી જઈશું. બોલો, મારી સાથે આવા સાદા વહાણમાં મુસાફરી કરવાની કોઈની ઇચ્છા ખરી?'

'હા, કેપ્ટન! એ તો અમને ખૂબ જ ગમશે!' અમે બધાં લગભગ એકસાથે બોલી ઊઠ્યાં.

'હા મિ. સ્લોકમ! આમેય અમે કાલે બીમીની જવાનું વિચારી જ રહ્યાં હતા. પરંતુ હવે જો તમારી જેવી મહાન વ્યક્તિ જોડે જવા મળતું હો તો અમે એને અમારું સદ્ભાગ્ય ગણીશું. અમે સૌ તૈયાર છીએ!' માઇકલકાકા બોલ્યા.

કેપ્ટન હસી પડ્યા. અમારી સામે હકારમાં માથું હલાવ્યું. પછી પોતાનો જમણો હાથ ઊંચો કરીને દરવાજા તરફ આગળ વધ્યા. એ જ વખતે જેક બોલી ઊઠ્યો, 'કેપ્ટન સર! અમને તમારી યાત્રાની થોડીક વાત કરશો? આફ્રિકા ઘાનામાં તમારી સાહસયાત્રાની ચોપડી કે સમાચાર અમારી પાસે ન પહોંચવાને કારણે અમે એ વિશે કાંઈ પણ જાણતા નથી. તો અમારી પર એટલી મહેરબાની કરશો, પ્લીઝ?!'

'હા! મિ. સ્લોકમ! ખાસ તો જિબ્રાલ્ટરની સામુદ્રધુનીમાંથી નીકળ્યા પછી જે બન્યું એ મારે તમારા મોઢે સાંભળવું છે. જો તમે એ અમને કહેવા માંગતા હો તો!' માઇકલકાકા બોલ્યા.

કેપ્ટન ઊભા રહી ગયા. પછી પાછા ફરીને પોતાની જગ્યાએ બેસતા બોલ્યા, 'ઓકે! મિત્રો! તમારે જમવાનું તો બાકી નથીને? નહીંતર હોટેલની મેસ ૧૦ વાગ્યે બંધ થઈ જશે.'

અમે બધાંએ કહ્યું કે અમે જમવાનું પતાવી દીધું છે. એટલે એમણે હળવા થઈને પોતાની હેટ કાઢી. પછી પગ સ્હેજ લાંબા કર્યા અને બોલ્યા, 'હાં તો દોસ્તો! આખી સફરની વાત તો બહુ લાંબી બની જાય. પરંતુ મિ. માઇકલે જણાવ્યું એ જિબ્રાલ્ટરની વાત જરા સાંભળી લઈએ. એ પહેલાં હું તમને મારી સફરની ટૂંકી વિગત કહી દઉં. મારા હાથે જ નવનિર્માણ કરેલા સ્પ્રે નામમાં વહાણમાં હું તારીખ ૨૫ એપ્રિલ, ૧૮૯૫ના રોજ બોસ્ટનના દરિયાકિનારેથી રવાના થયો હતો. ત્યાંથી પશ્ચિમ યુરોપ, ભૂમધ્ય સમુદ્ર થઈને કેપ ઑફ ગુડ હોપ જવાનો વિચાર હતો. પરંતુ ચાંચિયાઓ પાછળ પડતા માર્ગ બદલીને દક્ષિણ અમેરિકા, કેપ હોર્ન, પેસિફિક મહાસાગર અને કેપ ઑફ ગુડ હૉપ, વેસ્ટઇન્ડિઝ ટાપુઓ થઈને પાછો ફરેલો. પાછો ફર્યો એ તારીખ હતી : ૨૭ જૂન, ૧૮૯૮. એ દિવસે હું રહોડ્ઝ ટાપુ પર પાછો ફર્યો હતો. આ રહ્યો એ સફરનો નકશો!' એટલું કહી એમણે પોતાના કોટના ખિસ્સામાંથી કાઢીને એક કાગળ અમારી વચ્ચેના ટેબલ પર પાથરી દીધો. એની બરાબર ઉપર લટકતા વીજળીના દીવાના પ્રકાશમાં એમનો નકશો અમે ધ્યાનથી જોયો:



કેપ્ટન જોશુઆ સ્લોકમનો દુનિયાની પ્રદક્ષિણાનો માર્ગ

'પણ કેપ્ટન તમારી પાસે બધી સાધનસામગ્રી તો હશેને? નહીંતર કોઈ એકલા હાથે આવડું મોટું સાહસ થોડું ખેડે?' હેસ્લિંગ બોલ્યો.

કૅપ્ટન ખડખડાટ હસી પડ્યા. પછી બોલ્યા, 'અરે દીકરા! સાધન-સામગ્રીનું તો તું પૂછીશ જ નહીં. એક સાવ સાદું હોકાયંત્ર, એક ટીનનું તૂટેલું ઘડિયાળ – જેનો મિનિટ કાંટો તૂટી ગયેલો અને એક રાઇફલ! બસ, આટલી જ વસ્તુઓ હતી મારી પાસે! હા! પણ મારા સાચા સાથીદારો એવાં પુસ્તકો ઢગલાબંધ હતાં. એટલે હું ઝાઝો વખત વાંચવામાં જ ગાળતો!'

'શું વાત કરો છો કૅપ્ટન સર! બસ, આટલી જ વસ્તુઓ?!! ખરેખર તમે મહાન છો!' હેસ્લિંગના આશ્ચર્યનો પાર નહોતો રહ્યો. જો કે અમારા બધાની એવી જ દશા હતી. અમે એક એવા મહાન માણસની સામે બેઠાં હતાં જેણે સાવ એકલા, ફક્ત સઢના સહારે આખી દુનિયાની ફરતો આંટો માર્યો હતો. અને એય કોઈપણ જાતનાં સાધનોની મદદ વગર! અમે અહોભાવથી એમને જોઈ રહ્યાં.

'મિ. સ્લોકમ! હવે તમે જિબ્રાલ્ટરથી નીકળ્યા એ પછી જે બન્યું તેની વાત કહોને!' માઇકલકાકા બોલ્યા.

'હા, મિ. માઇકલ! ચાલો એ જ વાત કહું! આમેય રાત હવે જામતી જાય છે અને તમે લોકો પણ મુસાફરીથી થાક્યાં હશો!' એટલું કહીને કૅપ્ટન સ્લોકમે વાત માંડી, 'હા, તો એ દિવસ હતો ૨૬ જુલાઈ ૧૮૯૫નો. જિબ્રાલ્ટરના અમેરિકન કૉન્સ્યુલેટ જનરલ મિ. મેનિંગે મને સફેદ ચીઝ ભેટ આપી હતી. ઉપરાંત ત્યાં પ્લમ્સ પણ પુષ્કળ થતા હતા. મેં સ્પ્રે પર ઘણાં બધાં પ્લમ્સ લઈ લીધા હતા. એ સાંજે મેં પેટ ભરીને સફેદ ચીઝ અને પ્લમ્સ દાબ્યાં હતા. અચાનક રાત્રે મને પેટનો દુખાવો ઊપડ્યો. એ એટલો ભયંકર દુખાવો હતો કે મને થયું હું મરી જઈશ. એ રાતે પવન પણ ભયંકર હતો. મારે સ્પ્રેના સઢ વાળવાની જરૂર હતી. એના સુકાન પર હાથ રાખવાની જરૂર હતી. પરંતુ મને એવી ત્રેવડ જ નહોતી કે હું ઊભો પણ થઈ શકું. મને થતું હતું કે આ તોફાની પવનમાં સ્પ્રે ઊંધું વળી જશે. પણ શું થાય? પેટનો દુખાવો એવો હતો કે હું ઊંધો પડીને તૂતક પર સૂઈ ગયો. પવનનું જોર વધતું જ જતું હતું. સાચા અર્થમાં ગેઇલ (વાવડો) ફૂંકાવાનું શરૂ થઈ ગયું હતું. મને થતું હતું કે જો હું સુકાન નહીં સંભાળું તો આ દરિયો મને ચોક્કસ ડુબાડી દેશે!'

કૅપ્ટન જાણે કે એ દિવસ નજર સામે જોઈ રહ્યા હોય એમ ઘડીક ચૂપ થઈ ગયા. અમે બધાં પણ એકદમ શાંત બેઠાં હતાં. અચાનક પોલ બોલી ઊઠ્યો, 'પછી શું થયું સર?'

'હાં! તો પછી...' જાણે તંદ્રામાંથી બહાર આવતા હોય એમ કૅપ્ટન સ્લોકમ બોલ્યા, 'અચાનક મેં વહાણને જેમ તેમ ઊછળવાને બદલે બરાબર ચાલતું અનુભવ્યું. મને નવાઈ લાગી. મેં સુકાન તરફ જોયું તો એક છ ફૂટનો હટ્ટોકટ્ટો માણસ સુકાન સંભાળી રહ્યો હતો. એણે લાલ રંગની હેટ પહેરી હતી. એનો પહેરવેશ યુરોપિયન જેવો હતો. મને થયું કે કદાચ એ મારું ગળું કાપી નાખશે. એ એકદમ મજબૂત માણસ હતો. એ વખતે એ વિસ્તારમાં આમેય ચાંચિયાઓની રાડ હતી. એમની બીકે જ મેં જિબ્રાલ્ટરથી કેપ ઑફ ગુડ હોપને બદલે દક્ષિણ અમેરિકા તરફનો રસ્તો લીધો હતો. હું દુખાવાને લીધે ઊંધમૂંધ પડ્યો હતો એવામાં લાગ જોઈને મારી સમાંતર વહાણમાં જતો આ કોઈ તગડો ચાંચિયો આવી ગયો હોય એવું મને લાગતું હતું. હું બેઠો થયો.

મેં એને કહ્યું કે, 'ભાઈ! તું મને નુકસાન પહોંચાડવા આવ્યો છે કે શું? પરંતુ મને એટલું બધું પેટમાં દુખે છે કે હું તો તારો વિરોધ પણ કરી શકું એમ નથી. એટલે તું એ બતાવીશ કે તું કોણ છે?'

મારો અવાજ સાંભળીને એણે પાછળ જોયું. અને પછી... કૅપ્ટન ફરી એક વખત ઉધરસ આવવાને લીધે અટકી ગયા. આગળ શું થયું હશે એ જાણવાની અમને બધાંને બરાબર તાલાવેલી લાગી હતી. અમે બધાં એમના પાણી પી લેવાની રાહ જોઈને બેઠાં હતાં. પરંતુ પોલથી ન રહેવાયું. એ બોલી ગયો, 'પછી શું થયું? જલદી કહોને કૅપ્ટન અંકલ!'

એ સાંભળીને કૅપ્ટન હસી પડ્યા. પાણીના થોડા ઘૂંટડા ગળે ઉતારીને એ આગળ બોલ્યા, 'હાં, તો મારો અવાજ સાંભળીને એણે મારી સામે જોયું. પોતાની લાલ હેટ ઉતારીને મને નમસ્તે કર્યું. એ પછી એકદમ ઘોઘરા અવાજે એ બોલ્યો, 'I have come to do you no harm, I have to sail free! હું તમને કોઈ જ જાતનું નુકસાન પહોંચાડવા નથી આવ્યો કૅપ્ટન! પરંતુ મફતમાં તમારું વહાણ હાંકી દેવા આવ્યો છું. મારે એનો કોઈ જ બદલો નથી જોતો.' પછી એણે સીસોટી વગાડતા કોઈ ગીત ગાયું. લાગતું હતું કે એ કોઈ ખલાસીઓ ગાય એવું ગીત હતું. પરંતુ મને જરાય સમજાયું નહીં. એ ફરીથી વહાણના સુકાન પર ગોઠવાઈ ગયો હતો. એનું ધ્યાન દૂર ક્ષિતિજ તરફ હતું. મને પેટમાં જોરદાર ચૂંક આવી. દુખાવાને કારણે હું ઊંધો પડીને ઊંહકારા કરવા માંડ્યો. એ માણસે ફરીથી મારી સામે જોયું અને કહ્યું : 'કૅપ્ટન! I am one of Columbu's crew! હું કોલંબસના બેડામાં જે લોકો હતા

એમાંનો એક છું. "I am the pilot of the Pinta come to aid you. Lie quiet, senor captain and I will guide your ship to night. You have a calenture, but you will be all right tomorrow (અર્થાત્ : હું કોલંબસના કાફલાના એક જહાજ પિન્ટાનો કૅપ્ટન છું. તમને મદદરૂપ થવાના ઇરાદાથી જ અહીં આવ્યો છું મિ. કૅપ્ટન! આજે રાત્રે તમારા વહાણને હું ચલાવીશ અને સાચા રસ્તે આગળ વધારીશ. તમને કેલન્ચર[૨] થયું છે તમે ચોક્કસ કાલે સારા થઈ જશો!) બસ, તમે ફક્ત આરામ કરો!' આટલું કહીને એ ફરી પાછો સુકાન પર ગોઠવાઈ ગયો.

આટલું કહીને કૅપ્ટન જોશુઆ સ્લોકમે અમારી સામે જોયું. અમે બધાં સ્તબ્ધ થઈને બેઠાં હતાં. અમારા લગભગ દરેકનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં. કારણ કે કોલંબસ તો ૪૦૦-ચારસો વરસ પહેલા થઈ ગયો હતો. એના કાફલામાં ત્રણ જહાજ હતાં. સાન્ટા મારિયા, પિન્ટા અને નીના. એમાંના પિન્ટા જહાજનો મુખ્ય સુકાની ચારસો વરસ પછી કોઈને મદદરૂપ થવા આવે એ વાત જ રૂંવાડાં ઊભાં કરી દે તેવી હતી.

કૅપ્ટન અટક્યા તો પણ આ વખતે પોલ 'પછી?' એમ નહોતો બોલ્યો.

અમને બધાંને સાવ અવાચક બેઠેલાં જોઈને કૅપ્ટન સ્હેજ હસ્યા. પછી કહે, 'દોસ્તો! મારી દશા પણ તમારા જેવી જ થઈ હતી. ચારસો વરસ પહેલાની કોઈ વ્યક્તિ તમારું વહાણ ચલાવતી હોય અને તમે એની સાથે વાતો કરતા હો એ કેવું લાગે? પરંતુ એ જ હકીકત હતી અને એ જ સત્ય હતું. એ માણસ મારા વહાણ સ્પ્રેને બરાબર ચલાવી રહ્યો હતો અને એના ગગનભેદી અને પહાડી રાગે ગાઈ રહ્યો હતો. એ ગીત કાંઈક આવું હતું :

High are the waves, fierce, gleaming,
High is the tempest roar!
High the sea-bird screaming!
High the Azore!

લગભગ પચાસેક માઇલ આ રીતે ચાલ્યા પછી એ માણસે ફરી એક વખત મારી સામે જોયું અને બોલ્યો, 'કૅપ્ટન! તમે એક મોટી ભૂલ કરી હતી. પ્લમ્સ અને સફેદ ચીઝ જોડે ખાવાની. હવે ધ્યાન રાખજો. પ્લમ્સનો વાંધો નહીં. પરંતુ સફેદ ચીઝ બને તો તમે ન ખાશો. તમે હવે આરામ કરો. હું

૨. કેલન્ચર એટલે એક પ્રકારનો તાવ અને પેટનો દુખાવો જે ખલાસીઓને જ થાય. એમાં સનેપાત પણ થાય. સ્પેનિસ ભાષામાં કેલન્ચુર એટલે ગરમ.

તમારા વહાણને બરાબર ચલાવી રહ્યો છું!' એની આ વાત પછી મને ઊંઘ આવી ગઈ. સવારે મારી આંખ ઊઘડી ત્યારે પણ એ માણસ બરાબર એટલી જ સ્ફૂર્તિથી વહાણનું સુકાન સંભાળી રહ્યો હતો. મને જાગી ગયેલો જોઈને એણે ફરી એકવાર એની લાલ હેટ માથા પરથી ઉતારીને મારી સામે માથું નમાવ્યું અને પછી એ અચાનક અદૃશ્ય થઈ ગયો!'

'અદૃશ્ય થઈ ગયો? તમારી નજરની સામે જ!!' અમે બધાં લગભગ એકસાથે બોલી ઊઠ્યાં.

'હા! મારી નજરની સામે જ!' કૅપ્ટન જોશુઆ સ્લોકમ બોલ્યા, 'અને એ પણ ધોળા દિવસે! રાતના અંધારામાં પણ નહીં! એના ગયા પછી મેં વહાણના માર્ગની નોંધણીનું પત્રક જોયું. મારી નવાઈનો પાર ન રહ્યો. એવી તોફાની રાત્રે મારા વહાણ સ્પ્રેએ ૧૦૦ માઇલ કાપ્યા હતા! એક રાતમાં એવા ભયંકર વાવાઝોડા સામે ટક્કર લેતાં લેતાં ૧૦૦ માઇલ કાપવા એ નાનીસૂની વાત તો નહોતી જ! જો કે એ બધું પેલા પિન્ટા વહાણના કૅપ્ટનના કારણે જ થઈ શક્યું હતું. એના કહેવા પ્રમાણે મને ફક્ત કેલન્ચર હોવાથી હું બીજા દિવસે સાજો થઈ જવાનો હતો. અને એમ જ થયું. હું બીજા દિવસે સાવ કરતા સાવ જ સાજો થઈ ગયો હતો. પોતાનું કામ પૂરું થઈ ગયા પછી એ માણસ ત્યાંથી તરત જતો પણ રહ્યો હતો.'

'પરંતુ મિ. સ્લોકમ!' માઇકલકાકા બોલ્યા, 'કેલન્ચરમાં દર્દીને તાવની સાથે સન્નેપાત પણ થાય એવું મારી જાણમાં છે. તો એવું ન બને કે તમે જે કાંઈ જોયું કે પિન્ટાનો સુકાની તમારું વહાણ ચલાવે છે એ તમને સન્નેપાત દરમિયાન થયેલો આભાસ જ હોઈ શકે?'

માઇકલકાકાનો સવાલ સાંભળીને કૅપ્ટન જોશુઆ સ્લોકમ અટકી ગયા. રૂમમાં એક રહસ્યભરી શાંતિ છવાઈ ગઈ. એ પછી કૅપ્ટન જોશુઆએ પોતાની મોટી હેટ માથા પર પહેરી ઊભા થયા અને માઇકલકાકાની બરાબર સામે જઈને ઊભા રહ્યા. પછી અમે બધાં સાંભળી શકીએ એટલા જોરથી બોલ્યા, 'ખૂબ સારો સવાલ મિ. માઇકલ! ઘણાં બધાં લોકો મને આ સવાલ કરી ચૂક્યા છે. એમની વાત પણ સાચી છે કે કેલન્ચરમાં સનેપાત થઈ જવાને કારણે દર્દીને ભલભલા આભાસો થતા હોય છે. હું પણ એવું જ માની લેત અને આ વાત ક્યારેય લખત જ નહીં કે તમને કોઈને જણાવત પણ નહીં. પરંતુ મારા વહાણ સ્પ્રેએ એ રાતમાં જે ૧૦૦ માઇલ કાપ્યા એની રજે રજની

નોંધ મારી લોગબૂકમાં કોણે કરી હશે? હું તો સનેપાતમાં નીચે પડ્યો હતો. એ બાર કલાક હું સઢ કે સુકાન સુધી પણ નહોતો જઈ શક્યો. તો પછી એ રાતે આ બધી નોંધ કોણે કરી હશે? અને એ લોગબૂક હું તમને બતાવીશ. એમાં એ માણસે લોગબુક ભરનાર તરીકે પોતાની સહી પણ કરી છે અને નીચે લખ્યું છે કે : કપ્તાન પિન્ટા! મુખ્ય કપ્તાન : કોલંબસ! બોલો, હવે તમને લાગે છે કે કેલન્ચરનાં સનેપાતના કારણે આ બધું બન્યું હશે?'

માઇકલકાકાએ માથું હલાવીને કેપ્ટનની વાતમાં સંમતિ દર્શાવી. અમે બધાં ફરી એક વાર સાવ શાંત બની ગયાં. હવે અમારી પાસે કોઈ દલીલ નહોતી.

કેપ્ટન ફરી એક વખત થોડું હસ્યા, પછી બોલ્યા, 'ચાલો દોસ્તો! હું જાઉં હવે! જો તમે પરમ દિવસે મારી સાથે સ્પ્રેમાં આવવાનું સાવ નક્કી કરી નાખ્યું હોય તો એ અંગે સવારે વાત કરીશું. બરાબર! ચાલો ત્યારે શુભરાત્રિ!'

અમે લોકો હજુ વિચારોમાં જ હતાં. એટલી હદે કે કોઈ 'શુભરાત્રિ' એમ પણ ન બોલ્યું. કેપ્ટને કરેલી વાત હજુ અમારા મગજમાં ઘુમરાતી હતી.

'મિત્રો, શુભરાત્રિ!' કેપ્ટન જોશુઆ સ્લોકમ અમને તંદ્રામાંથી જગાડવા આ વખતે જરા જોરથી બોલ્યા.

'હં, હા! કેપ્ટન શુભરાત્રિ!' અમે બધાં એકસાથે બોલી ઊઠ્યાં.

કેપ્ટન જવા માટે દરવાજા તરફ ફર્યા. એ જ વખતે દરવાજો ખૂલ્યો અને આલ્બર્ટો દાખલ થયો. એ અને કેપ્ટન અથડાતા સહેજમાં રહી ગયા.

આલ્બર્ટો બે ક્ષણ કેપ્ટન સામે જોઈ રહ્યો પછી બોલ્યો, 'હું ભૂલતો ન હોઉં તો તમે કેપ્ટન જોશુઆ સ્લોકમ છો ને?'

કેપ્ટને માથું હલાવીને હા પાડી.

'મને ખાતરી જ હતી!' આનંદથી ઊછળી પડતા આલ્બર્ટો બોલ્યો, 'સર, મારું નામ આલ્બર્ટો છે. હું અહીં મિયામીમાં જ રહીને અભ્યાસ કરી રહ્યો છું. મેં થોડા દિવસ પહેલાં તમારી ભવ્ય સિદ્ધિનો અહેવાલ 'મિયામી મેટ્રોપોલિસ' છાપામાં વાંચ્યો હતો. અને ત્યારથી જ મારા મનમાં તમને મળવાની ખૂબ જ ઇચ્છા હતી!'

કેપ્ટનના મોં પર ખુશીના ભાવો પથરાઈ ગયા. આલ્બર્ટોએ એમનો હાથ પકડી લીધો. પછી એમને પાછો એક ખુરશી તરફ ખેંચતા બોલ્યો, 'પ્લીઝ કેપ્ટન! થોડીવાર બેસશો? મારા માટે, અમારા માટે! મારે તમને એક વસ્તુ

બતાવવી છે. હું કોઈ એવી વ્યક્તિની શોધમાં હતો જેને હું એ બતાવી શકું? અમે લોકો બીમીની જવાનું વિચારી રહ્યાં છીએ ત્યારે આ વસ્તુ અંગેનું માર્ગદર્શન ખૂબ જરૂરી લાગે છે.'

'અરે મિ. આલ્બર્ટો! હું પણ બીમીની જવાનો જ વિચાર કરી રહ્યો છું. હું ૧૪મી નવેમ્બરે નીકળવાનો છું. એ જ હું મિ. ડીક અને મિ. માઇકલને કહેતો હતો. પરંતુ હા, તમારે કઈ વસ્તુ બતાવવી છે? તમારી વાતમાં મને રસ પડ્યો છે. ચાલો, હજુ તો પરમ દિવસે નીકળવાનું છે અને બીમીની ટાપુઓ અહીંથી ૫૮ માઇલ જ દૂર છે. એટલે કોઈ જ ઉતાવળ નથી. બતાવો, શું બતાવતા હતા?' કૅપ્ટન જોશુઆ સ્લોકમે ખુરશીમાં બેસતાં કહ્યું.

હવે બધાંની નજર આલ્બર્ટો પર હતી. આલ્બર્ટો ઊભો થયો. મારા રૂમનું મુખ્ય દ્વાર બંધ કર્યું. પછી કોઈ નોકરચાકર આજુબાજુ નથી એની ખાતરી કરી. ત્યારબાદ એણે પોતાના હાથમાં રહેલી નાની બૅગમાંથી કાંઈક કાઢ્યું. ચામડાના પાતળા ટુકડા જેવી એ વસ્તુને એણે વચ્ચેના ટેબલ પર મૂકી અને ધીમેથી બોલ્યો, 'મને આ અદ્ભુત વસ્તુ મળી છે!'

અમે સૌ એકબીજાનાં મોં સામે જોવા લાગ્યાં. માતાદી તેમજ પોલે પોતાની જગ્યાએથી ઊભા થઈને એ વસ્તુને અડકી જોયું. પરંતુ એમને કાંઈ સમજણ પડી હોય એવું લાગ્યું નહીં.

'આલ્બર્ટો, આ શું છે જણાવીશ ભાઈ?' કૅપ્ટન ધ્યાનથી એ વસ્તુને જોતા બોલ્યા.

આલ્બર્ટોએ કૅપ્ટનની સામે જોયું. પછી ફરી એક વાર આજુબાજુ જોઈને બોલ્યો, 'આ પીરી રીસના નકશાની અદ્દલ એના જેવી જ નકલ છે! ઉપરાંત આમાં મૂળ નકશા ઉપરાંત એક નાનકડો નકશો પણ છે. જે આપણને સૌને આશ્ચર્યમાં નાખી દે તેવો છે!'

'પીરી રીસનો નકશો? એ વળી શું છે?' અમે લોકો લગભગ એક સાથે બોલી ઊઠ્યાં. અમને ખરેખર એના વિશે કાંઈ જ ખબર નહોતી. પરંતુ કૅપ્ટન જોશુઆ સ્લોકમના ચહેરા પરથી એ પોતે ઊંડા વિચારમાં પડી ગયા હોય એવું લાગતું હતું.

આલ્બર્ટો ખૂબ જ ધીમા અવાજે બોલ્યો, 'આ નકશો પીરી રીસ નામના ઓટોમાન-તુર્કીશ જનરલે બનાવેલો છે. એમાં દુનિયાનો નકશો તો છે જ પરંતુ બીજું ઘણું બધું છે! આ નકશો તૈયાર થયો હતો ૧૫૧૩ના વરસમાં! જ્યારે દુનિયાના આકાર અંગે પણ કોઈને ખબર નહોતી ત્યારે દુનિયા ગોળ છે એવું

એમાં બતાવેલું છે. ઉપરાંત એન્ટાર્કટિક ખંડ હજુ શોધાયો નહોતો છતાં એનું સ્થાન પણ અદ્દલ એમ જ બતાવેલું છે! અરે, એન્ટાર્કટિક ખંડના ઉત્તર કિનારાઓ પર એ વખતે બરફ નહોતો એ પણ સ્પષ્ટ દોરેલું છે, બોલો! અને એ હરણના ચામડા પર તૈયાર થયો છે. અને તમે કોઈ માનશો નહીં પણ હજુ સમગ્ર દુનિયામાં આના વિશે કોઈને ખબર નથી! એટલે જ હું આ વાત આટલી ખાનગીમાં અને બંધ બારણે કહી રહ્યો છું!'

'કેમ? એવા નકશામાં વળી ખાનગી રાખવા જેવું શું છે? અને તું આટલો ડરતો હોય એમ વાત કેમ કરે છે?' મેં પૂછ્યું.

આલ્બર્ટોએ મારી સામે જોયું. ફરી એક વખત બારણા તરફ જોઈને પછી એ બોલ્યો, 'અરે, ડીક! તને ખબર નથી પણ આ નકશાનું સમગ્ર દુનિયા માટે ખૂબ જ મહત્ત્વ છે. જર્મનીના એક અફસર જેનું નામ છે ગુસ્તાવ એડોલ્ફ ડિસમેન, એ આ નકશા પર તુર્કીના ટોપકાઈ મહેલની લાઇબ્રેરીના ભોંયરામાં એક ખાસ વિભાગ ઊભો કરીને સંશોધન કરી રહ્યા છે. આ નકશામાં દુનિયાના એવા પ્રદેશો દેખાડેલા છે જે ૧૫૧૩ની સાલમાં શોધાયા પણ નહોતા. હરણના ચામડા પર દોરાયેલા આ નકશાને તુર્કી સરકાર કહેશે ત્યારે જ દુનિયા સામે મૂકવામાં આવશે. પણ મહત્ત્વ એ મુખ્ય નકશાનું નહીં, એની જોડે રહેલ બીજા એક ચામડાના ટુકડાનું છે! જો કે, આ નકશો અને પેલો બીજો નાનો નકશો એ મૂળ નકશાની નકલ છે, પરંતુ જો જર્મનીને આ વાતની ખબર પડી જાય તો આપણા બધાની જિંદગી જોખમમાં મુકાઈ જાય એ નક્કી સમજો...!'

'પણ દુનિયાને જેની ખબર નથી એવો આ નકશો વળી તને કઈ રીતે મળ્યો? અને એ પણ છેક મિયામીમાં?' આલ્બર્ટોની વાત અડધેથી કાપતા માતાદી બોલ્યો.

'હા! એની મને પણ નવાઈ લાગે છે.' અબાના બોલ્યો.

'એ નકશામાં એવું તો શું છે કે તારે ધીમે ધીમે બોલવું પડે?' અબીરા બોલ્યો.

'એનું કારણ છે આ બીજો નાનકડો નકશો!' આલ્બર્ટોએ ચામડાના નાના નકશાને બતાવતા કહ્યું, 'આ નકશો પણ પીરી રીસનો જ છે. પરંતુ આ નાનકડા નકશામાં બીમીની ટાપુઓની બાજુમાં દરિયામાં ડૂબી ગયેલા મનાતા એક શહેરની વિગત છે. જેમાં ઊર્જાનાં અવિરત સ્રોત સમા સ્વયંપ્રકાશિત ક્રિસ્ટલ છે. આખી દુનિયાને આજે ઊર્જાના અવિરત સ્રોત માટે આ પ્રકારના ક્રિસ્ટલની

જરૂરિયાત છે. ઊર્જાનો આવો ખજાનો મળી જતો હોય તો દુનિયાના દેશો કોઈ પણ હદે જવા તૈયાર હોય છે.' બોલતા બોલતા આલ્બર્ટો અટકી ગયો.

'તમારું કહેવું છે કે બીમીનીની બાજુના દરિયામાં ડૂબી ગયેલા શહેરનો નકશો છે? લાવો તો!' કેપ્ટન જોશુઆ સ્લોકમ બોલ્યા.

'હા, એમ જ!' એમને નકશો જોવા આપતા આલ્બર્ટો બોલ્યો.

કેપ્ટને ખાસ્સી વાર સુધી ધ્યાનથી પેલો નાનકડો નકશો જોયો. થોડીવાર એ ઊંડા વિચારમાં પડી ગયા. પછી અચાનક ઊભા થતા બોલ્યા, 'દોસ્તો! ૧૪મી નવેમ્બરે આપણે જોડે નીકળીએ છીએ. આવતી કાલે ૧૩ નવેમ્બર, ૧૯૦૯ના દિવસે આપણે સ્વીમિંગ સ્યુટ્સ અને ડૂબકી મારવા માટેની સાધન-સામગ્રી ખરીદી લઈશું. આવતી કાલે ફરી મળીશું. ચાલો ત્યારે, હવે ફરી એકવાર કહી દઈએ : શુભરાત્રિ!'

અમે બધાંએ પણ શુભરાત્રિ કહ્યું. કેપ્ટન ઊભા થઈને એમના રૂમમાં ગયા. અમે બધાં આલ્બર્ટોની આજુબાજુ એકઠાં થઈને પેલા હરણના ચામડા પર દોરાયેલ નકશાને ધ્યાનથી જોઈ રહ્યાં. અચાનક મને એક વિચાર આવ્યો. મેં એ નકશાની એક કોપી બનાવી લીધી.

કેપ્ટન જોશુઆ સ્લોકમ પોતાના કમરામાં ગયા એ પછી અમે બધાં લગભગ એક સાથે જ આલ્બર્ટોને ઘેરી વળ્યાં અને એને આ નકશો ક્યાંથી મળ્યો એ પૂછ્યું.

'ડીક, માઇકલકાકા, રૉબર્ટ!' આલ્બર્ટો બોલ્યો, 'તમને તો ખબર છે કે હું પહેલા પુરાતત્ત્વ અંગે ભણતો હતો. એ વખતે ફામુ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં એક યહૂદી ધર્મગુરુ (રબાઈ/રાબી) આવ્યા હતા. એમનું નામ હતું, જો હું ભૂલતો ન હોઉં તો એમનું નામ હતું... અરે હા, એ નામ હતું – વેઇનબર્ગ! એ પોતે પોલ કાહ્‌લે નીચે કામ કરતા હતા. પોલ કાહ્‌લેએ જ ગુસ્તાવ એડોલ્ફ ડિસમેનને આ નકશો ઓળખી બતાવ્યો હતો. પોલ કાહ્‌લેને બીક હતી કે એકાદ દિવસ એને જર્મની છોડવાનો વારો આવવાનો છે. એટલે એમણે એ નકશાની કૉપી કરવાનું વેઇનબર્ગને કહી દીધું હતું અને એ હરણના ચામડા પર જ એટલા માટે કરાવ્યું હતું કે જેનાથી એ જલદી નાશ ન પામે.'

'પરંતુ એ તો કહે કે તને એ કઈ રીતે મળ્યો? તને એ રબાઈએ એમ ને એમ આપી દીધો?' પોલ બોલ્યો. એના સવાલમાં એની અધિરાઈ સ્પષ્ટ દેખાતી હતી.

'અરે પોલ! બધું કહું છું! તું રાહ તો જો!' પોલની અધિરાઈ જોઈને આલ્બર્ટો હસી પડ્યો પછી આગળ બોલ્યો, 'હા, તો એ મિ. વેઇનબર્ગ મિયામી યુનિવર્સિટીમાં કોઈ ખાસ કામથી આવેલા. એ દિવસે વરસાદ ખૂબ જ પડેલો. પોર્ટમાંથી બહાર નીકળતાં જ એ નીચે ગબડી પડ્યા અને એમના બંને પગ ઘૂંટી પાસેથી ભાંગી ગયા. એમનું સગું તો કોઈ હતું નહીં. યુનિવર્સિટીમાં જાણ કરવાનું એમણે બે-ત્રણ જણને કહ્યું. પરંતુ ખબર નહીં, ખાસ્સી વાર સુધી કોઈ આવ્યું નહીં. અમુક લોકોએ એમને હૉસ્પિટલ લઈ જવાની તૈયારી બતાવી. બરાબર એ વખતે હું ત્યાં પહોંચી ગયો અને એ નેક માણસના ચહેરા પરની લાચારી જોઈને એને હૉસ્પિટલ લઈ ગયો. એમના પગની સારવાર થઈ ગઈ પછી એમને દવાખાનામાં રાખવાને બદલે ડૉક્ટરને કહીને હું મારી જોડે ઘરે લઈ ગયો. ચાર મહિના સુધી મેં અને મારી મા જુલિયાનાએ એમની સારવાર કરી. એ સમયગાળામાં અમે એટલા નજીક આવી ગયા કે એમને હું એમના દીકરા જેવો લાગવા માંડ્યો હતો. જ્યારે એમને બોન્ યુનિવર્સિટી (જર્મની)માં પાછા જવાનો વખત આવ્યો ત્યારે સ્ટીમરમાં ચડતી વખતે એ મને ગળે વળગીને ખૂબ જ રડ્યા હતા. એ વખતે એમણે પોતાના ખિસ્સામાંથી પીરી રીસના નકશાની આ નકલ કાઢીને મને આપી હતી અને કહ્યું હતું કે બેટા! ક્યારેક આને કોઈ સમજી શકશે તો તું ન્યાલ થઈ જઈશ! બસ, એ પછી અમે ક્યારેય મળ્યા નથી. ' આલ્બર્ટોએ પીરી રીસના નકશાની નકલ એને ક્યાંથી અને કઈ રીતે મળી એ જણાવ્યું.

અમને નકશો ક્યાંથી મળ્યો એ જણાવ્યા પછી સ્વીમિંગ માટેનો તેમજ દરિયામાં ડૂબકી મારવા માટેનો સામાન ક્યાં મળે છે એની તપાસ કરવા માટે આલ્બર્ટો ફરીથી હોટેલના મૅનેજરને મળવા ગયો. એ ત્યાંથી સીધો પોતાના ઘરે જતો રહેવાનો હતો.

રાતના અગિયાર વાગી ગયા હતા. એક વખતના કબ્રસ્તાન પર ઊભી થયેલી હોટેલ રૉયલ પામ, રાતે રળિયામણી કરતા થોડીક રહસ્યમય અને ડરામણી લાગતી હતી. અમે સૌ સૂવા પડ્યાં. પરંતુ બધાને લગભગ ખાતરી જ હતી કે કોઈપણ સૂતું નથી!



૪

બીમીની ટાપુઓ તરફ

પીરી રીસના નકશાએ અમારી બધાંની ઊંઘ ઉડાડી દીધી હતી. લગભગ આખી રાત અમે બીમીની ટાપુઓ અંગે અને સ્વયંપ્રકાશિત ભેદી ક્રિસ્ટલ્સ અંગે વિચારવામાં જ કાઢી હતી. સવારે નાસ્તા માટે અમે પામ રૉયલ હોટેલના વિશાળ ભોજનખંડમાં ભેગાં થયાં ત્યારે બધાંની આંખોમાં લાલ શેરડા હતા. માઇકલકાકાની આંખો થોડી સોજેલી લાગતી હતી. બધાંએ નાસ્તાની પ્લેટ હાથમાં લીધી ત્યારે માઇકલકાકા હજુ વિચાર કરતાં જ બેઠા હતા. એ જોઈને મને નવાઈ લાગી, કારણ કે માઇકલકાકા ભાગ્યે જ વિચારોમાં રહેતા.

હું એમની પાસે ગયો અને પૂછ્યું, 'કેમ કાકા! લાગે છે કે કાંઈક ઊંડા વિચારોમાં ખોવાઈ ગયા છો? તમને ખલેલ ન પહોંચે એમ હોય તો એક વાત પૂછી શકું ખરો?'

'અરે ડીક, આવ આવ!' માઇકલકાકા બોલ્યા, 'અરે ભાઈ! તું તો પૂછી જ શકે ને! બેસ! પરંતુ તું મને કાંઈ પૂછે એ પહેલા મારી એક વાત સાંભળ!' એમની બાજુની ખુરશી પર મને બેસાડતાં કાકા બોલ્યા, 'ડીક! ગઈ કાલે પેલો બીમીનીનો પીરી રીસનો નાનો નકશો જોયા પછી મારું મન બરાબરનું ચકરાવે ચડ્યું છે. હું ગયા મહિને ઇંગ્લૅન્ડ ગયો હતો ત્યારે ત્યાંના છાપામાં વાંચ્યું હતું કે દુનિયા પાસે સો કે સવાસો વરસ ચાલે એટલો જ પેટ્રોલિયમનો જથ્થો છે. કોલસા પણ ખૂબ જ મર્યાદિત જથ્થામાં છે. એટલે જો આવો સ્વયંપ્રકાશિત ક્રિસ્ટલ જેવો પદાર્થ મળી જાય તો સમગ્ર દુનિયામાં ચહલપહલ મચી જાય. આજે દુનિયાનો દરેક દેશ ઊર્જાનો સસ્તો પર્યાય મેળવવા માટે આતુર છે. જો દરિયામાં દટાયેલ આવો કોઈ ક્રિસ્ટલ મળી જાય તો આપણે તો ન્યાલ થઈ જઈએ, પરંતુ દુનિયાને પણ કેટલો ફાયદો થઈ જાય એ વિચારોમાં મને આખી રાત ઊંઘ જ ન આવી. હવે તું કહે, તું શું પૂછતો હતો?'

'કાકા! હું એમ પૂછવા માંગતો હતો કે શું તમે ખરેખર માનો છો કે આવું કાંઈ હશે ખરું? અને ધારો કે આવો કોઈ ક્રિસ્ટલ દરિયામાં હોય તો પણ વરસોનાં વરસો સુધી એ ઊર્જાનો સ્રોત કઈ રીતે રહી શકે? એને ફરીથી પ્રકાશિત કરવા કોઈક માધ્યમ કે અન્ય શક્તિ તો જોઈએ ને? એટલે જ મને થાય છે કે શું આ સાચું હશે કે સાવ ગપ્પાં હશે? અને ખરેખર તો આ ક્રિસ્ટલ વળી છે કઈ બલા?' મેં કહ્યું.

'તને યાદ છે ડીક?' માઇકલકાકાએ હોકલી ઠપકારીને સાફ કરતા પૂછ્યું, 'આપણે લોલટુનની ગુફાઓમાં પેલો લીલો પ્રકાશ જોયેલો તે? યાદ આવ્યું? અરે ભલા આદમી! એ પ્રકાશ તને યાદ હોય તો દીવાલોમાં લાગેલા ક્રિસ્ટલ્સમાંથી જ આવતો હતો. કલાકોના કલાકો સુધી એ એમ જ આવતો રહેલો, બરાબર? વચ્ચે ફક્ત એક વખત થોડીક ક્ષણો પૂરતો એ પ્રકાશ બંધ થઈ ગયો હતો. બાકી તો એ અવિરત અને એકધારો આવતો જ રહેલો, ખરુંને? એના પરથી મને થાય છે કે આવું બનવું અશક્ય તો નથી જ. પરંતુ, તારી એ વાત પણ માનવી જ પડે કે વરસોનાં વરસો સુધી એ ક્રિસ્ટલ ઊર્જાનો સ્રોત રહી કઈ રીતે શકે?' માઇકલકાકા ફરી એક વખત વિચારમાં ખોવાઈ ગયા. એ ભૂલી ગયા હતા કે એમણે પોતાની હોકલી ખાલી કરી નાખી હતી. તો પણ એ બુઝાયેલી હોકલીને રસપૂર્વક ચૂસી રહ્યા હતા!

'પરંતુ કાકા! એવું ન હોય કે કોઈક એવો સ્રોત કે મશીન એ ક્રિસ્ટલની સાથે જ નીચે દરિયામાં દટાયેલું હોય, અને પેલા ક્રિસ્ટલ્સ એનાથી જ પ્રકાશિત થતા હોય?' મારા મનમાં તુક્કો આવ્યો.

'અરે હા ડીક! તો તો આપણને એવું કોઈ મશીન પણ મળી શકે, બરાબરને?'

મેં હા પાડી. પછી હસતા હસતા કાકાને ઇશારો કર્યો કે તેઓ ખાલી હોકલી ચૂસી રહ્યા હતા! એમને પણ હસવું આવી ગયું. પછી ઊભા થતાં બોલ્યા, 'ચાલ દોસ્ત! મને તો હવે ખરેખર દરિયાના તળિયે જવાની ખૂબ જ ઇચ્છા થઈ આવી છે. આજે તમે બધા છોકરા જરૂરી ખરીદી પતાવી દો!' એટલું કહીને એ નાસ્તો કર્યા વિના જ ચાલતા થયા. મેં પૂછ્યું તો એમણે કહી દીધું કે ભૂખ નથી.

મેં હજુ નાસ્તાની પ્લેટ હાથમાં પકડી જ હતી એ જ વખતે ઇત્ઝેલ અને આલ્બર્ટો આવી ગયાં. અમે લોકો ૧૪મી નવેમ્બરે બીમીની જવા માટે નીકળવાના હતા એ આલ્બર્ટોએ ઇત્ઝેલને જણાવી દીધું હતું. ઉપરાંત એણે

કૅપ્ટન જોશુઆ સ્લોકમ અને એમની સાથેની મુલાકાત અંગે પણ ઉત્ઝેલને બધી વાત કરી દીધી હતી.

આવતાવેંત એ લોકો મારી બાજુમાં બેસી ગયા. મેં એ લોકોને નાસ્તાનો આગ્રહ કર્યો, પરંતુ એ લોકોએ ફક્ત તાજાં ફળોનો રસ લેવાનું જ પસંદ કર્યું. તાજા માલ્ટાનો રસ પીતાં પીતાં આલ્બર્ટો બોલ્યો, 'ડીક! દરિયામાં ડૂબકી મારવાના સાધનો અહીં મિયામીમાં બે પ્રકારનાં મળે છે. એક તો ઓપન સર્કિટ સ્કુબા અને બીજું ક્લોઝ સર્કિટ સ્કુબા. આપણે કયું લેવું છે?'

'અરે, આલ્બર્ટો! મને તો આ ઓપન અને ક્લોઝ સર્કિટ સ્કુબા શું છે એની જ ખબર નથી. તું મને કાંઈક સમજાવી શકે તો મને ખ્યાલ આવે!' મેં મારી અજ્ઞાનતા વ્યક્ત કરી. ઇત્ઝેલ હસી પડી.

'જો ડીક, ઑપન સર્કિટ સ્કુબા એટલે...'

'પણ આલ્બર્ટો, આ સ્કુબા એટલે શું? દોસ્ત, મને તો એ પણ ખબર નથી!' આલ્બર્ટોની વાત કાપીને મેં ફરી એક વખત એની વાત સમજવા માટેની મારી અસમર્થતા બતાવી.

આલ્બર્ટો હસી પડ્યો. પછી મારો હાથ પકડીને બોલ્યો, 'મારા દોસ્ત, ડીક! ભારે કરી તેં! જો સાંભળ, સ્કુબા એટલે એવું સાધન જેનાથી પાણી નીચે પણ આરામથી શ્વાસ લઈ શકાય. એનો અર્થ થાય છે : SCUBA = Self Contained Underwater Breathing Apparatus! સમજ્યો?!'

'હમ્... મ્...મ્..! હવે સમજાયું.' મેં કહ્યું, 'હા, હવે તું મને ઑપન અને ક્લૉઝ સર્કિટ સમજાવ, મને હવે સમજાશે!'

'હા તો ડીક!' આલ્બર્ટો બોલ્યો, 'હું તને એ કહેતો હતો કે ઑપન સર્કિટમાં પાણીની સપાટી નીચે શ્વાસ લઈ રહેલી વ્યક્તિ સીધી પાણીમાં જ ઉચ્છ્વાસ કાઢી નાખે છે, અને ક્લૉઝ સર્કિટમાં આ જ ઉચ્છ્વાસમાંથી કાર્બન ડાયોકસાઇડ દૂર કરીને ઑક્સિજનનો ફરીથી ઉપયોગ કરવામાં આવે છે. આ બંનેમાં ફર્ક આ એક જ છે. ક્લૉઝ સર્કિટ મશીન થોડું મોંઘું આવે છે. લગભગ બમણો ખર્ચ થાય એમ છે. એટલા માટે જ મેં તમને લોકોને પૂછીને પછી જ ખરીદવાનું રાખ્યું છે!'

હું હજુ કાંઈ પણ જવાબ આપું એ પહેલાં જ માઇકલકાકા પણ ત્યાં આવી પહોંચ્યા. એમની સાથે કૅપ્ટન જોશુઆ સ્લોકમ પણ હતા. અમે સ્કુબા મશીનની મૂંઝવણ અંગે એમને જ પૂછી લીધું. માઇકલકાકાએ કૅપ્ટન સામે જોયું. પછી બોલ્યા, 'તમે જ કહો કૅપ્ટન! કયું એપેરેટ્સ લેવું? તમને તો તરતાં

બરાબર આવડતું હશે એટલે વધારે બીક ન લાગે, પરંતુ મને તો હવે તરવાની પ્રેક્ટિસ પણ છૂટી ગઈ છે.'

કૅપ્ટન જોશુઆ સ્લોકમ ખડખડાટ હસી પડ્યા. પછી બોલ્યા, 'નહીં મિ. માઇકલ! મને બિલકુલ તરતાં નથી આવડતું! મારી જિંદગીનાં ૬૫ વરસ દરિયાને ખોળે ગયા છે પરંતુ હું ક્યારેય તરતા શીખ્યો જ નથી! મને હંમેશાં એ બોગસ કામ લાગ્યું છે. એનાથી ક્યારેય કાંઈ ફાયદો થતો હોય એવું મને નથી લાગ્યું. હા! હા! હા!... એટલે મને તો સ્કુબામાં વધારે રસ પડશે!' કૅપ્ટને ફરી એકવાર અટ્ટહાસ્ય કર્યું.[૩]

અમને બધાંને આ સાંભળીને નવાઈ લાગી. જેની જિંદગી દરિયાના ખોળે ગઈ હોય એ માણસને તરતા ન આવડે? પરંતુ એ પોતે જ કહેતા હતા એટલે માન્યા વિના પણ છૂટકો જ નહોતો.

'હા તો! આપણે વાત કરતા હતા સ્કુબા એપેરેટ્સની!' કૅપ્ટને જ વાત આગળ વધારી, 'મારા માનવા પ્રમાણે તો ક્લૉઝ સર્કિટ જ વધારે સારા રહેશે. કારણ કે એમાં પાણીની નીચે રહેવા માટે થોડોક વધારે સમય મળી રહે છે. એ ઉપરાંત બીજું એક કામ પણ તમારે કરવાનું છે. જુઓ, સ્પ્રે એક જૂની ઢબનું વહાણ છે. એમાં એક નાનકડી હોડી છે. જે લાઇફબોટ તરીકે કામ લાગે. પણ એ એટલી નાની છે કે મારા એકલા માટે એ બરાબર છે, પરંતુ તમારા દસ-અગિયાર જણનું વજન ખમી શકે એમ નથી. એટલે ધારો કે સ્પ્રેને કાંઈ થયું તો તમારી બધાંની જિંદગી બચાવવા શું કરવું? એના માટે તમે મિયામી શહેરમાં જાઓ જ છો તો એક સરસ લાઇફબોટ લેતા આવજો. હમણાં ઑટોમેટિક ખૂલે, મશીનથી ચાલે અને અંદર બધી જ સગવડતા હોય એવી લાઇફબોટ મળે છે. એ એક ખરીદતા આવજો, જેથી કરીને ક્યારેક અકસ્માત વખતે કામ લાગે!'

અમને બધાને કૅપ્ટનની વાત સાચી લાગી. આલ્બર્ટો ઇત્ઝેલને લઈને બાર સ્વીમિંગ સ્યુટ્સ (સ્કુબા સ્યુટ) તેમજ નવી ઢબની લાઇફબોટ ખરીદવા મિયામી શહેરમાં ગયો. હેસ્લિંગ પણ એમની જોડે ગયો. એને નવું બાયનોક્યુલર લેવું હતું. એ ઉપરાંત લાઇફબોટના મશીન માટે ચાર ડબ્બા ઇંધણ પણ લાવવાનું હતું.

---

૩. ખરેખર! કૅપ્ટન જોશુઆ સ્લોકમ, જેણે ૪૬૦૦૦ માઇલ દરિયાઈ સફર કરીને પૃથ્વીની પ્રદક્ષિણા કરી હતી, એને તરતા બિલકુલ નહોતું આવડતું!!

આલ્બર્ટો અને હેસ્લિંગ છેક બપોરના ભોજનના સમયે પાછા આવ્યા. ઇત્ઝેલ અબાન સાથે એના ઍપાર્ટમૅન્ટ પર જ ભોજન લેવાની હતી અને એ પછી સીધી બીજા દિવસે સવારે અમને પોર્ટ મિયામી પર મળવાની હતી. અમે બધાંએ એ બપોરે કૅપ્ટન જોશુઆ સ્લોકમે એમના માટે બુક કરાવેલ પ્રાઇવેટ ભોજનખંડમાં એમની સાથે ભોજન લીધું.[૪]

બપોરના ભોજન પછી અમે ફરી એકવાર મારા રૂમમાં ભેગાં થયાં.

'જુઓ દોસ્તો, આવતી કાલે તા. ૧૪ નવેમ્બર છે. આપણે સૌ સવારના લગભગ ૮ વાગ્યે બીમીની તરફ જવા નીકળીશું. મેં આજે પોર્ટ ઑફિસર જોડે વાત કરી લીધી છે અને કસ્ટમની વિધિ પણ પતાવી દીધી છે. આપણે બધાં સ્પ્રેમાં મુસાફરી કરીશું. પરંતુ મારું માનવું એવું છે કે જો સ્પ્રેની જોડે એક યાંત્રિક બોટ પણ રહે તો કેવું? સ્પ્રે સઢથી હંકારાતું વહાણ હોવાથી બીજા કોઈના કાબૂમાં એટલું ન પણ રહે. અને આપણે બધા જ્યારે ડૂબકી મારીએ ત્યારે સ્પ્રેને ફેરવવાની જરૂર પડી તો? એટલે એની સાથે તમે લોકો એક મશીનબોટ પણ ભાડે કરી લો એ સારું રહેશે. ઉપરાંત આપણે જે વિસ્તારમાં જઈ રહ્યાં છીએ એ "બર્મ્યુડા ટ્રાયેંગલ" નામનો કુખ્યાત વિસ્તાર છે. એમાં ગમે ત્યારે પવન પડી જવાની શક્યતા હોય છે. એ વખતે સ્પ્રે જેવા વહાણને આગળ વધવું પણ મુશ્કેલ બની જાય. કદાચ એવું બને તો યાંત્રિક બોટ આપણને ખેંચી પણ શકે!' કૅપ્ટન જોશુઆ સ્લોકમ બોલ્યા, 'આ તો મારો અંગત અભિપ્રાય છે. બાકી તો તમને જેમ લાગે તેમ!'

અમને પણ એમની વાત સાચી લાગી. હેસ્લિંગ અને આલ્બર્ટો મિયામી પોર્ટ પર જઈને યાંત્રિક બોટનું નક્કી કરી આવ્યા.

એ રાત્રે બધી તૈયારીઓ થઈ ગઈ છે એ અમે ચેક કરી લીધું. બધાંના સ્વીમસ્યુટ અને ઑક્સિજન સિલિન્ડર્સ ચકાસી લીધા. હેસ્લિંગના ધુનીકાકાએ આપેલ પેલી ખાસ તેલની બૉટલ અને પેલો સફેદ પાવડર પણ યાદ કરીને લઈ લીધો. અબાનાએ ખાસ દરિયાની બીમારીઓ સામે કામ આપે એવી ઔષધીઓ પણ લઈ લીધી. બધી તૈયારી થઈ ગઈ પછી અમે જમવા ગયાં. એ રાત્રે જમતાં જમતાં કોઈ વધારે વાત નહોતું કરી રહ્યું. બધાંએ ચૂપચાપ જમી લીધું પછી અમે પોતપોતાના રૂમમાં પહોંચીને સૂવા પડ્યાં. અમારાં

---

૪. હોટેલ પામ રૉયલમાં બાળકોના અલગ ભોજનખંડ ઉપરાંત બીજા પ્રાઇવેટ ભોજનખંડ પણ હતા.

બધાંનાં મનમાં આ વખતે થોડો ઉચાટ હતો. કારણ કે પ્રથમ વખત અમે દરિયાની વચ્ચોવચ્ચ કોઈ અજાણ્યા સાહસ માટે જઈ રહ્યાં હતાં. અમે અમેરિકા જોવા આવ્યાં હતાં કે બીમીની ટાપુઓ પર વૅકેશન ગાળવા આવ્યાં હતાં એ તો જાણે ભુલાઈ જ ગયું હતું. અમારું મન જાણે કે પેલા ભેદી અને સ્વયંપ્રકાશિત ક્રિસ્ટલની આજુબાજુ જ ભમતું થઈ ગયું હતું. એ ક્રિસ્ટલ, બીમીની ટાપુ, ઊંડો ઊંડો એટલાંટિક મહાસાગર એ બધું વિચારતાં વિચારતાં મને ક્યારે ઊંઘ આવી ગઈ એની ખબર જ ન રહી.

* * *

૧૪ નવેમ્બર, ૧૯૦૯ રવિવાર!

એ સવારે લગભગ બધાં જાતે જ ઊઠી ગયાં. માતાદી પણ! નહીંતર બીરા બંદર પર તો ઘણી વખત અમારે એને ઉઠાડવા દુકાનેથી કોઈ નોકરને મોકલવો પડતો!

સાત વાગ્યે બધાં મુખ્ય ભોજનખંડમાં હાજર થઈ ગયાં. નાસ્તો પતાવીને બહાર નીકળ્યાં ત્યાં આલ્બર્ટો અને જુલિયાના પણ આવી પહોંચ્યાં. ઇત્ઝેલ પણ એમની જોડે જ આવી ગઈ હતી.

'ઇત્ઝેલ! તું તો સીધી પોર્ટ મિયામી પર આવવાની હતીને?' મેં પૂછ્યું.

ઇત્ઝેલ હસી પડી. પછી બોલી, 'ડીક! હકીકતમાં મને મારા પિતાજી જ આજે સવારે પોર્ટ મિયામી પર છોડવા આવવાના હતા. પરંતુ એમને અચાનક એક કામથી બહાર જવાનું થયું. હું અને આલ્બર્ટો આજુબાજુમાં રહીએ છીએ એટલે હું એમની જોડે જ આવતી રહી. અને હા! ચિચેન-ઇત્ઝામાં બનેલી ઘટના પછી આ પહેલી વખત જુલિયાના આન્ટી આલ્બર્ટોને એકલો ક્યાંક જવા દઈ રહ્યાં છે. કારણ ડીક, એને તમારા બધા પર ખૂબ જ ભરોસો છે.'

મેં જુલિયાના આન્ટી સામે જોયું. એ મારી પાસે આવ્યાં. મારો હાથ પકડ્યો. પછી બોલ્યાં, 'દીકરા! તમારી ટોળકીને કુદરતે યુકાતાનના પ્રવાસે નહોતી મોકલી, પરંતુ મારા આલ્બર્ટોને છોડાવવા માટે મોકલી હતી. તમે એને મોતના મોઢામાંથી છોડાવી આવ્યા છો. આનાથી વધારે વિશ્વાસુ વળી કોણ હોય? એટલે તમારી સાથે આલ્બર્ટો જતો હોય એ તો મને મારી પાસે એ હોય એનાથી પણ વધારે સલામત લાગે! એટલે તમે બધા જે કાંઈ કામે જતા

હો તે, પરંતુ મને કોઈ જ જાતની ચિંતા નથી થતી. બસ, તમને બધાંને એટલું કહેવા માટે જ આવી છું કે તમે જે કંઈ કારણથી જતા હો, તમારું એ કામ સફળ થાય એવા મારા આશીર્વાદ છે. બસ, આવજો! મારે હજુ આ અઠવાડિયાની ખરીદી કરવાની બાકી છે. હું એ પતાવીને પછી સીધી ઘરે જઈશ! તો ચાલો, બધાં આવજો!'

અમે બધાંએ જુલિયાના આન્ટીને આવજો કર્યું.

બરાબર એ જ વખતે કૅપ્ટન જોશુઆ સ્લોકમ આવી પહોંચ્યા. હોટેલના મૅનેજરે અમારા માટે ઘોડાની બગીઓ તૈયાર રખાવી હતી. અમે સૌ મિયામી પોર્ટ પર પહોંચ્યાં.

પોર્ટ પર પહોંચીને અમે બધાં કૅપ્ટન જોશુઆ સ્લોકમના ઐતિહાસિક જહાજ સ્પ્રે જ્યાં નાંગરેલું હતું એ ડોક પર પહોંચ્યાં. થોડાક લોકો ત્યાં અહોભાવથી સ્પ્રે વહાણને અને કૅપ્ટન સ્લોકમને જોઈ રહ્યા હતા.

અચાનક આલ્બર્ટો બોલી ઊઠ્યો, 'પરંતુ કૅપ્ટન, ડીક, માઇકલકાકા! આપણે એક યાંત્રિક બોટ પણ બુક કરાવી છે એમાં કોણ જવાનું છે?'

'હમ્...મ્...મ્...!' માઇકલકાકા ઘડીક વિચારમાં પડી ગયા. પછી બોલ્યા, 'એક કામ કરીએ. અબીરા તેમજ માતાદી એ બોટ પર રહેશે. બે સ્કુબા એપેરેટ્સ આપણે એમને આપી દઈએ. ઑક્સિજનનાં બે સિલિન્ડર વધારે આપીશું. જરૂર પડે તો માતાદી પગ પર પાણીરોધક આવરણ બાંધીને આપણી પાછળ દરિયામાં આવી શકે. બાકી તો એને વધારે તકલીફ ન થાય એ માટે એ બોટ પર જ રહેશે. આપણે જો ડૂબકી માર્યા પછી દૂર ક્યાંક નીકળીએ તો માતાદી બોટ લઈને પણ ત્યાં આવી શકે. એ લોકોને આપણી જર્મન બનાવટની બે રિવૉલ્વર આપી દઈએ અને હા! પેલું રૉકેટ લૉન્ચર આપણે સ્પ્રે પર જ રાખીશું.'

'કયું? માતાદીએ આફ્રિકાના પ્રવાસ વખતે વાપર્યું હતું એ?' પોલે પૂછ્યું.

'હા એ જ!' માઇકલકાકાએ જવાબ આપ્યો, 'એનાથી જ એણે ચાંચિયાઓને શરણાગતિ સ્વીકારવાની ફરજ પાડેલી!

'પણ કાકા અબીરા અને અબાનાને દરિયામાં અંદર આવવાની ઇચ્છા નહીં હોય?' જેક ઘણા વખતે કંઈ બોલ્યો.

'ના બેટા' માઇકલકાકાએ કહ્યું, 'એમને બોટમાં જ રાખવા માટે બે

કારણો છે : એક તો સ્ટીમર પરથી દરિયામાં ઊથલી જવાના અનુભવ પછી અબીરાને પાણી માટે નફરત થઈ ગઈ છે, એટલે એને કદાચ સ્કુબા એપેરેટ્સ પહેર્યાં પછી મૂંઝવણ થઈ શકે; અને બીજું, માતાદીના પગે થયેલો સડો હજુ સાવ મટ્યો નથી. એને પગ પલાળવાની અબાનાએ સાફ મનાઈ ફરમાવેલી છે. એટલે એ પણ પાણીમાં ન આવે તો સારું. એનો ઘા વધારે પાકી ન જાય એવી સાવચેતી માટે એને પણ આપણે દરિયામાં નહીં લઈ જઈએ. ઉપરાંત માતાદી ખૂબ બહાદુર છે. એટલે અણીના વખતે કાંઈક આડુંઅવળું થયું તો એ આપણને કામ આવી શકે, બરાબર?'

અમને બધાંને માઇકલકાકાની વાત બરાબર લાગી. અમે માથું હલાવીને એમની વાતમાં સંમતિ પુરાવી.

સવારના નવ વાગીને સાત મિનિટે અમે ઐતિહાસિક જહાજ સ્પ્રેના તૂતક પર પગ મૂક્યો. માતાદી અને અબીરા યાંત્રિક બોટમાં ગયા. એમણે એ બોટ પર રહેલા માણસને પાછો મોકલી દીધો. માતાદીને ઇજિપ્તના પ્રવાસ વખતથી જ બોટ ચલાવતા બરાબર આવડી ગયું હતું. એમની બોટ પર દસેક જેટલા રંગીન બોયા હતા, જે પાણીમાં નાંખવાથી તરતા જ રહે અને ક્યારેક જરૂર પડે તો સિગ્નલ તરીકે પણ વાપરી શકાય.

નવ વાગીને દસ મિનિટ થઈ. પૉર્ટ ઑફિસરે અમને સંમતિ આપતો ઇશારો કર્યો. એક નાનકડી યાંત્રિક બોટ અમારી પાઇલટ બોટ તરીકે (ટોઇંગ બોટ તરીકે) આગળ ચાલી. અમને પોર્ટ ટ્રાફિકમાંથી બહાર કાઢીને એ બોટ પાછી જતી રહી. કૅપ્ટન જોશુઆ સ્લોકમે સઢ બરાબર ગોઠવ્યા. આખી જ દુનિયાને આંટો મારીને આવેલું સ્પ્રે-મહાન સ્પ્રે જાણે કે તેજીલા તોખાર ઘોડાને લગામનો ઇશારો કર્યો હોય એમ સડસડાટ કરતું બીમીની તરફ આગળ વધવા માંડ્યું. માતાદી તેમજ અબીરા યાંત્રિક બોટમાં અમારી બરાબર પાછળ આવતા હતા.

મને ખબર નહીં શું કામ એક અજાણી બેચેની થઈ રહી હતી. મારું હૃદય કોઈપણ જાતની દેખીતી ચિંતા વગર જોર જોરથી ધડકતું હતું. કદાચ નવા પ્રવાસ અને નવા સાહસના રોમાંચને કારણે પણ હોય. એ જે હોય તે! પરંતુ અખાતી પ્રવાહને સ્પર્શીને આવતા હૂંફાળા પવને સ્પ્રેના સઢને બરાબર તંગ કરી દીધા હતા. બરાબર એ જ સમયે અમારી બાજુમાંથી એક યૉટ (Yatch) પસાર થઈ. એનું નામ હતું 'Bimini Horror!'

મેં રૉબર્ટ સામે જોયું. એ પણ એ વખતે મારી સામે જ જોઈ રહ્યો હતો. મિયામીનો કાંઠો હવે દૂર સરકતો જતો હતો. કૅપ્ટન જોશુઆ સ્લોકમના કહેવા પ્રમાણે જો પવન આવો જ રહે તો બીમીની પહોંચતા ત્રણ કલાકથી વધારે સમય ન જ થાય, કારણ કે સ્પ્રે વહાણ પવનના સહારે ચાલવા નહીં પરંતુ ઊડવા ટેવાયેલું હતું!

અમે સૌ તૂતક પર એક જ વિચાર કરતાં ઊભાં હતાં કે હવે તો વહેલું આવે બીમીની!



૫

સરગાસો સમુદ્ર કે કોઈ આફત?

'હેય ડીક, હેય રૉબર્ટ! તમે બંને ચૂપ કેમ ઊભા છો? અરે ભઈ મને તો આ સમુદ્રની લહેરખીઓએ ખુશ કરી દીધો છે હો! અને આ બાયનોક્યુલરમાં આજુબાજુનો નજારો પણ જોવા જેવો છે!' સ્પ્રેના આગળના ભાગમાં ઊભેલા હેસ્લિંગે બૂમ પાડી. પછી બાયનોક્યુલરમાં જ જોતાં જોતો એ અમારી તરફ ફર્યો. એ જ વખતે એનો પગ હાર્પુન સાથે જોડાયેલા દોરડામાં ફસાયો. એ પડ્યો. એના હાથમાં રહેલું બાયનોક્યુલર હવામાં જોરથી ફંગોળાયું. પરંતુ આ વખતે નસીબ સારા કે એ જ વખતે કૅબિનમાંથી બહાર આવેલ કૅપ્ટન જોશુઆ સ્લોકમે એને હવામાં જ પકડી લીધું. નહીંતર બે દિવસમાં બીજું બાયનોક્યુલર ગુમાવવાનો વારો આવત!

એ જોઈને અમે હસી પડ્યાં. ઇત્ઝેલ અને જૅક તો હસતાં હસતાં તૂતક પર લાંબા થઈને સૂઈ ગયાં. હેસ્લિંગ થોડી વાર ચૂપ થઈ ગયો. પછી ફરીથી બાયનોક્યુલર લઈને આજુબાજુ ડાફોળિયા મારવા લાગ્યો.

આમ તો હેસ્લિંગની વાત એકદમ સાચી હતી. ૧૪મી નવેમ્બરની એ સવાર ખરેખર ખૂબ જ સુંદર હતી. આકાશમાં એકપણ વાદળ નહોતું. માઇલો સુધી આકાશ એકદમ તેજસ્વી લાગતું હતું. સમુદ્ર એકદમ શાંત હતો.

એકદમ અનુકૂળ પવન જોઈને કૅપ્ટને સ્પ્રેના સઢ એવી રીતે ગોઠવી દીધા કે સુકાન પર હાથ રાખ્યા વિના પણ સ્પ્રે બીમીની તરફ જ આગળ વધતું રહે. એ પછી કૅપ્ટને સુકાનને એક દોરડાથી બરાબર બાંધી દીધું. ત્યારબાદ અમે સૌ સ્પ્રેના આગળના ભાગે તૂતક પર ઊભાં રહીને વાતો કરવા લાગ્યાં. અમે બધાં વાતોમાં મશગૂલ હતાં પરંતુ કૅપ્ટન જોશુઆની ચકોર દૃષ્ટિ ચારે તરફ બરાબર ધ્યાન રાખી રહી હતી.

અમે મિયામીથી હજુ તો વીસેક માઇલ પણ દૂર નહીં ગયાં હોઈએ ત્યાં કૅપ્ટને પોતાની વાત એકદમ અટકાવી દીધી. દૂર ક્ષિતિજ પર કંઈક જોતા

જોતા એ હેસ્લિંગ તરફ આગળ વધ્યાં. પછી હેસ્લિંગના હાથમાંથી બાયનોક્યુલર લઈને એમણે બીમીની તરફ એટલે કે ઉત્તર પૂર્વ તરફ માંડ્યું. એમના ચહેરાની રેખાઓ તંગ થવા લાગી. એ જોઈને અમે બધાં હસવાનું બંધ કરી એમની બાજુમાં ગયાં.

'કેમ મિ. સ્લોકમ! કાંઈ ચિંતાની વાત છે?' માઇકલકાકા બોલ્યા.

'આમ તો નહીં મિ. માઇકલ! પરંતુ આ કાંઈ સમજાતું નથી! અરે મારી આટલી લાંબી કારકિર્દીમાં આવું મેં ક્યારેય નથી જોયું!' કેપ્ટન બોલ્યા. એમના ચહેરા પર ચિંતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

'કેમ, શું છે એવું?' માઇકલકાકાએ પૂછ્યું.

'જુઓ!' એટલું કહી, માઇકલકાકાને બાયનોક્યુલર આપતા કેપ્ટન બોલ્યા, 'તમે દૂર ક્ષિતિજ પર ઘેરા લીલા રંગની પટ્ટી જુઓ છો? એ સરગાસો વનસ્પતિની હોઈ શકે. મોટે ભાગે તો એ મિયામીથી લગભગ ૮૫૦ માઇલ દૂર જ હોય છે. પરંતુ ઘણી વખત એના માઇલો લાંબા ટુકડા છૂટા પડીને કિનારા તરફ આવી શકે છે. જો એ ખૂબ જ જાડા અને દળવાળા હશે તો આપણે જલદી નહીં પહોંચી શકીએ.'

'સરગાસો? એવી કોઈ વનસ્પતિ હોય છે? કેપ્ટન જરા વિગતે બતાવોને વળી!' પોલે કહ્યું.

'પોલ, સરગાસો એ આમ તો એક પ્રકારની શેવાળ છે. એટલે જ એનો રંગ ઘાટો, લીલો કે કથ્થાઈ જેવો હોય છે. એ આખી દુનિયાના દરિયામાં થાય છે પરંતુ બર્મ્યુડા ત્રિકોણના દરિયામાં તો એ ખાસ જોવા મળે છે. એના માઇલો લાંબા થરમાંથી પસાર થવું એ ભલભલાં વાહણો માટે મુશ્કેલ બની જતું હોય છે. દરિયાની સપાટી પર જ એ ફૂલેફાલે છે.'

'એનો માણસજાતને કોઈ ઉપયોગ નથી હોતો?' પોલે સવાલ કર્યો.

'આમ તો ખાસ નહીં. અમુક પ્રકારની માછલીઓ તેમજ અન્ય દરિયાઈ જીવો માટે એ અગત્યનો ખોરાક છે. હવે રહી વાત માણસ જાત માટેના ઉપયોગની. તો ચીનના ઘણા વૈદ્યો એના પાવડરમાંથી એક ખાસ પ્રકારની ચા બનાવે છે. એવું કહેવાય છે કે એ સરગાસમ ચાથી છાતીમાં જમા થયેલો કફ નીકળી જાય છે. અને હા, સરગાસો નામ પોર્ટુગીઝ ખલાસીઓએ પાડ્યું હતું એ ખાલી તારી જાણ માટે કહું છું!' કેપ્ટન જોશુઆ સ્લોકમે એના અગાધ જ્ઞાનનો અમને નાનકડો નમૂનો આપતા કહ્યું.

'તો શું કૅપ્ટન આપણને આ સરગાસોથી તકલીફ પડશે?' ઇત્ઝેલે પૂછ્યું.


'જોઈએ!' કૅપ્ટન ફરી એકવાર એ તરફ નજર નાખતા બોલ્યા, 'એનો થર કેટલો જાડો છે એના પર એનો આધાર રહે છે.' પછી જહાજના પાછળના ભાગમાં જઈને એમણે માતાદી તેમજ અબીરાને ઇશારો કરીને અમારા જહાજથી એમની યાંત્રિક બોટ આગળ લઈ જવા કહ્યું. અમારી બાજુમાંથી આગળ જતી વખતે એક દોરડું સ્પ્રે પર ફેંકતા જવાનું પણ કૅપ્ટને એમને જણાવ્યું.

અમને બધાંને આ જોઈને નવાઈ લાગતી હતી. પરંતુ કૅપ્ટન તો એમની ધૂનમાં જ હતા. એમણે મુખ્ય સઢને પૂરેપૂરો ચડાવી દીધો જેથી કરીને એમાં મહત્તમ હવા ભરાઈ શકે. એ જ વખતે માતાદી તેમજ અબીરા અમારાથી આગળ જવા અમારા વહાણની બાજુમાંથી પસાર થયા. અબીરાએ દોરડું ફેંક્યું. કૅપ્ટન જોશુઆ સ્લોકમે એ પકડીને સ્પ્રેના આગળના ભાગમાં રહેલ લાકડાના મોટા ખૂંટા સાથે બાંધી દીધું. હવે માતાદી તેમજ અબીરા અમારી આગળ જતા હતા અને અમે બરાબર એની પાછળ.

'પરંતુ કૅપ્ટન! આમ કરવાનું કાંઈ કારણ?' કૅપ્ટનને બે ક્ષણ થાક ખાતા જોઈને પોલે પૂછ્યું. એ જ ઘડીએ અમારો મુખ્ય સઢ ઢીલો પડી ગયો. પવન જાણે કે સાવ ધીમો થવા માંડ્યો હતો.

'જો પોલ! પવન ધીમો થવા માંડ્યો છે. જો એ સાવ અટકી જાય તો આપણી ગતિ સાવ ઘટી જાય ને? એ વખતે આવા દરિયામાં કલાકો ઊભા રહી જવું કે ધીમેધીમે ગોકળગાયની માફક આગળ વધવું પડે. એના કરતા માતાદી તેમજ અબીરા આપણને આગળ તો લઈ જાય ને? એમની તો યાંત્રિક બોટ છે, એટલે એમને પવનની ગતિ સાથે કાંઈ લેવાદેવા જ નથી!' કૅપ્ટને પોલને સમજાવ્યું. અમને બધાંને પણ એમની વાત એકદમ સાચી લાગી.

અને બન્યું પણ બરાબર એમ જ! પવનની ગતિ ધીમે ધીમે સાવ ઘટવા માંડી. સરગાસો વનસ્પતિની ઘેરા કથ્થાઈ જેવા લીલા રંગની પટ્ટી હવે અમારી પાસે આવતી જતી હતી. ક્યારેક ક્યારેક સરગાસોનાં પાંદડાં તેમજ વેલા અમારી બાજુમાંથી હવે પસાર પણ થઈ રહ્યાં હતાં. ધીમે ધીમે અમારી નજીક આવી રહેલા એ કથ્થાઈ તેમજ ઘેરાં લીલાં પાંદડાંઓનો પોલે ફોટો પણ પાડી લીધો.



સરગાસો (શેવાળ)

અમે હજુ બીમીની ટાપુઓથી લગભગ પચીસેક માઇલ દૂર હતાં. અત્યાર સુધી છૂટક છૂટક આવતા સરગાસોનાં પાંદડાં તેમજ ડાંડલીઓ હવે મોટા જથ્થામાં અમારી તરફ આવવા લાગી. અમને નવાઈ લાગતી હતી કે આટલા જાડા થરમાંથી પસાર થવાનું નાનાસૂના અને ફક્ત સઢના સહારે ચાલતા વહાણનું તો ગજું જ નહીં. મને થયું કે મધ્ય એટલાંટિકમાં આ સરગાસો સમુદ્ર તરીકે ઓળખાતી શેવાળના માઇલોના માઇલ સુધી વિસ્તરેલા થરો પરથી નાનાં મોટાં વહાણો પસાર નહીં જ થઈ શકતાં હોય અથવા તો મહામુશ્કેલીથી પસાર થતા હશે. અને એ વિસ્તાર પણ કાંઈ નાનો સૂનો નહીં પરંતુ લગભગ ૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ) ચોરસ માઇલ જેટલો છે. ઉપરાંત એ વિસ્તારમાં ભેદી રીતે જ પવન સાવ પડી જતો હોય છે.

બસ, એ જ વખતે પવન સાવ કરતા સાવ પડી ગયો. સ્પ્રેનો સઢ સાવ કરતા સાવ ઢીલો ઢફ થઈ ગયો. સ્પ્રે હવે ચાલતું હતું અબીરા તેમજ માતાદીની બોટ સાથે બાંધેલ દોરડાના સહારે. કૅપ્ટને અમારી સામે જોયું પછી બોલ્યા, ‘જોયો ને આ વિસ્તારનો પ્રભાવ? અત્યારે જે પવન પડી ગયો છે એ ફરી ક્યારે શરૂ થાય એનું કાંઈ નક્કી જ ન કહેવાય. ઘણી વખત તો મધ્ય એટલાંટિકમાં વહાણોને દિવસોના દિવસો સુધી આમ જ ઊભાં રહેવું પડતું હોય છે. જો કે હવે મશીનથી ચાલતી સ્ટીમર્સના કારણે આવો પ્રશ્ન નથી ઉદ્‌ભવતો પરંતુ સ્પ્રે જેવા વહાણોને ખરેખર તકલીફ પડે.’

અમને કૅપ્ટનની વાત એકદમ સાચી લાગતી હતી. પવન સાવ જ પડી ગયો. સરગાસોનો જથ્થો ધીમે ધીમે અમારી નજીક આવી રહ્યો હતો. એ તો સારું હતું કે અબીરા તેમજ માતાદી અમારી આગળ ચાલી રહ્યા હતા અને સ્પ્રેને ખેંચી રહ્યા હતા. મને કૅપ્ટન જોશુઆ સ્લોકમની બુદ્ધિ પર માન થઈ આવ્યું. યાંત્રિક બોટ જોડે લેવાનો આખો વિચાર જ એમનો હતો. જો એમ ન કર્યું હોત તો અમે બધાં અત્યારે કંટાળાજનક રીતે ધીમા પડી ગયાં હોત. આગળ વધી જ ન શકત.

અબીરા તેમજ અબાનાએ એમની બોટની સ્પીડ થોડીક ઘટાડી.

સરગાસોનો એકાદ માઇલ પહોળો એક જાડો થર અમારી સાવ નજીક આવી ગયો હતો. સ્પ્રેના બંને પડખાના લાકડામાં એની ડાંડલીઓનો અથડાવાનો અવાજ આવી રહ્યો હતો. દરિયાના અફળાતા મોજા કરતા એ અવાજ થોડોક જુદો તરી આવતો હતો.

અચાનક માતાદી તેમજ અબીરાની બોટ અટકી ગઈ. એના કારણે સ્પ્રે પણ ધીમું પડીને દોરડા જેટલી લંબાઈ કાપીને એમની બોટની બરાબર પાછળ અડકીને ઊભું રહી ગયું.

'માતાદી, અબીરા! શું થયું?' માઇકલકાકા તેમજ મેં લગભગ એકસાથે બૂમ પાડી. કૅપ્ટન જોશુઆ સ્લોકમે પણ હાથના ઇશારાથી એ જ સવાલ કર્યો.

'ખબર પડતી નથી માઇકલકાકા!' અબીરા બોલ્યો, 'માતાદી માથાકૂટ કરે છે પરંતુ બોટ એક ડગલું પણ આગળ વધતી નથી. અમને સમજાતું નથી!'

અબીરા બોલ્યો એની બે ક્ષણ પછી જ બોટના એન્જિન રૂમથી કાળા ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા. માઇકલકાકાએ અબીરાને બૂમ પાડી કે, 'અબીરા! માતાદીને ના પાડ! એને કહે કે થ્રોટલ વધારે ન આપે. નહીંતર એન્જિન બળી જશે. બોટ નહીં ચાલવાનું કારણ બોટનું એન્જિન નથી લાગતું. એને કહે કે એન્જિન બંધ કરી દે, હું તેમજ ડીક આવીએ છીએ!'

અબીરા દોડીને બોટના એન્જિનરૂમમાં ગયો.

માઇકલકાકાએ મને ઇશારો કર્યો, 'ચાલ ડીક!' જલદી કર! મને લાગે છે કે એ બોટના એન્જિનમાં કાંઈ તકલીફ નથી પરંતુ એના નીચેના પ્રોપેલરમાં કાંઈક ફસાયું લાગે છે. કદાચ આ સરગાસો વનસ્પતિ જ ફસાઈ હોઈ શકે. આપણે બંનેએ ત્યાં જઈને એને મદદ કરવી પડશે. જો ને! માતાદી થ્રોટલ આપે છે તો પણ બોટ જરાય ચસકતી નથી અને ખાલી ખાલી ધુમાડો જ નીકળે છે!' એ પછી માઇકલકાકા કૅપ્ટન તરફ જોઈને બોલ્યા, 'કૅપ્ટન! તમે અહીં સ્પ્રે પર જ રહેજો. હું અને ડીક હમણા આવીએ છીએ!'

કૅપ્ટને હકારમાં માથું હલાવ્યું. એમણે સ્પ્રેને ધીમે ધીમે બોટની નજીક લીધું. દોરડું તો બાંધેલું જ હતું. બંને બોટ એકદમ નજીક આવી એટલે કૅપ્ટને બીજું એક દોરડું પણ ફેંક્યું. અબીરાએ એ પકડી લીધું. બોટ અને સ્પ્રે એકબીજાની નજીક આવ્યા કે તરત જ હું અને માઇકલકાકા એ બોટમાં કૂદ્યા.

અમે બોટના એન્જિનરૂમમાં ગયા. માઇકલકાકાની વાત એકદમ સાચી હતી. એન્જિનમાં કોઈ જ ખામી નહોતી. નક્કી બોટના પ્રોપેલરમાં જ કાંઈક ફસાયું હતું.

મેં કહ્યું, 'અબીરા! મને એક ચપ્પુ આપ તો! હું પાણીમાં નીચે જઈને જોતો આવું કે શું થઈ શકે એમ છે!' અબીરા દોડીને બોટના કીચનમાંથી મોટું ચપ્પુ લઈ આવ્યો. મેં એ ચપ્પુ લઈને પાણીમાં ફૂદકો માર્યો. મારા માનવા કરતા પણ સરગાસોનું પડ વધારે જાડું હતું. હું બોટની નીચે પહોંચ્યો. માઇકલકાકાની ધારણા સાચી હતી. સરગાસોના કેટલાં બધાં વેલા અને લાંબી ડાંડલીઓ બોટના પ્રોપેલરમાં ફસાઈ ગયાં હતાં. મેં એ કાપવા પ્રયત્ન કર્યો પરંતુ એ જલદી કપાય એમ નહોતું. દોઢ-બે મિનિટ પછી શ્વાસ લેવા મારે સપાટી પર આવી જવું પડ્યું. અમારી પાસે સ્કુબા એપેરેટ્સ હતા. પરંતુ વધારાના ઑક્સિજન સિલિન્ડર થોડાં હતાં. જેમાંથી બે અમે માતાદી અને અબીરાને આપ્યા હતા. એટલે અમે એ અહીંયા વેડફવા માંગતા નહોતા.

'ડીક! એક કામ કર!' માઇકલકાકાએ એક દોરડું મારી કેડ સાથે વીંટાળ્યું. પછી બીજો છોડે પોતાની પાસે રાખતા બોલ્યા, 'તું આ સાવ અજાણ્યા દરિયામાં જઈ રહ્યો છે એટલે મારો જીવ નથી ચાલતો. આ દોરડાથી તું જ્યારે બોટની નીચે જા ત્યારે આપણે સંપર્કમાં રહી શકીશું. અમે દોરડું હલાવીએ કે તું હલાવે ત્યારે અમે તરત જ તને ઉપર ખેંચી લઈશું, બરાબર?'

માઇકલકાકાની વાત મને એકદમ સાચી લાગી. ઉપરાંત એમની મારા માટેની લાગણી જોઈને પણ મને ખૂબ આનંદ થયો. મેં એક ઊંડો શ્વાસ લઈ મારાં ફેફસાં ભરી દીધાં, પછી એ દોરડા સાથે જ ડૂબકી મારી. ફરીથી હું પ્રોપેલર પાસે ગયો. પ્રોપેલરમાં ફસાયેલ વેલા કાપવા લાગ્યો. અચાનક ચપ્પુની તેજ ધાર મારી ડાબા હાથની પહેલી આંગળીને ઘસરકો કરી ગઈ. એમાંથી લોહી નીકળવા લાગ્યું. હવે બેચાર પાતળાં વેલા જ કાપવાના હતા. પરંતુ મારે શ્વાસ લેવા માટે સપાટી પર જવાની જરૂર હતી. હું ઉપર આવ્યો.

'કેમ ડીક! બહુ વાર લાગે એવું છે? હું તારી સાથે નીચે આવું?' માઇકલકાકાએ મને કહ્યું.

'અરે નહીં કાકા! હવે ફક્ત બેચાર પાતળા વેલા જ કાપવાના છે. આ તો શ્વાસ લેવા ઉપર આવવું પડ્યું. અબીરાને કહો ને કે એક નાનકડી પટ્ટી મારી આંગળી પર મારી આપે. જરાક ચપ્પુ અડી ગયું છે!' મેં મારી

આંગળીમાંથી ટપકતું લોહી બતાવતાં કહ્યું.

અબીરા દોડતો જઈને બોટના ફર્સ્ટએઇડ બૉક્સમાંથી એક પાણીરોધક પટ્ટી તેમજ મલમ લઈ આવ્યો. મારી આંગળી પર મલમ લગાવી, પટ્ટી બાંધીને એણે પ્લાસ્ટિક જેવું કોઈ આવરણ પણ એના પર ચડાવી દીધું. મેં ફરી એક વાર પાણી નીચે જવાની તૈયારી કરી.

'ડીક, ઊભો રહે! તારું લોહી નીચે પાણીમાં પડ્યું હતું?' માઇકલકાકાએ મને અટકાવતાં પૂછ્યું.

'ના કાકા, કાંઈ ખાસ નહીં!' મેં જવાબ આપ્યો.

માઇકલકાકાએ બે ક્ષણ વિચાર કર્યો પછી બોલ્યા, 'કાંઈ વાંધો નહીં, જા! પરંતુ મને થોડીક ચિંતા થાય છે, બે જ વેલા બાકી હોય તો કાપીને તું જલદી આવતો રહે!'


મને એમના મોં પર ખરેખર ચિંતાની કરચલીઓ પડતી દેખાઈ, પરંતુ એ વખતે વધારે વિચારવાનો વખત નહોતો. કારણ કે કામ હવે જરાક જ બાકી હતું. મેં ઊંડો શ્વાસ લીધો અને ડૂબકી મારી.

નીચે પહોંચીને હજુ તો મેં એક વેલો પણ નહોતો કાપ્યો ત્યાં જ મને સમજાઈ ગયું કે માઇકલકાકાના મોં પર ચિંતાની રેખાઓ શું કામ આવી હતી. મારી બરાબર સામે એક વિશાળકાય બુલશાર્ક તરતી હતી. ખૂબ જ નજીક. હું એકદમ સ્થિર થઈ ગયો. સારું થયું કે અબીરાએ મારા ઘા પર એવી રીતે પટ્ટી મારી હતી કે એ લોહી મારા હાથમાંથી નીકળ્યું હતું એ શાર્કને ખબર જ પડે તેમ નહોતું. જો હું એમ જ આ વખતે નીચે આવ્યો હોત તો શાર્કનાં એક જ ઝપાટામાં એનો કોળિયો બની જાય. મારું હૃદય જોરજોરથી ધડકી રહ્યું હતું. એ શાર્ક બેચાર ક્ષણ એમ જ આંટો મારીને થોડી દૂર ગઈ. મેં જોરથી દોરડું હલાવ્યું અને ઉપર જવા માટે તૈયારી કરી. હું તરીને જાઉં એનાથી પણ વધારે ઝડપે માઇકલકાકાએ મને ઉપર ખેંચી લીધો. પાણીમાં ખળભળાટ થવાથી એ શાર્ક ઝડપથી પાછી ફરી. પરંતુ એ વખતે હું બોટ પર પાછો આવી ગયો હતો.

મેં માઇકલકાકા સામે જોયું. એમની આંખમાં રહેલી ચિંતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

'ડીક, નીચે શાર્ક હતી ને?' માઇકલકાકાએ પૂછ્યું, 'મેં માથું હલાવીને હા પાડી.

પછી મેં પૂછ્યું, 'કાકા, આ શાર્ક માણસને મારી નાખે ખરી?'


બુલ શાર્ક

માઇકલકાકા જવાબ આપે એ પહેલા બાજુમાં સ્રે પરથી કૅપ્ટન જોશુઆ સ્લોકમ બોલ્યા, 'ડીક! આ બુલશાર્ક છે. ખૂબ જ ગુસ્સાવાળી અને ભયંકર. મોટે ભાગે તો એ માણસને વતાવતી નથી હોતી. પરંતુ જો ગુસ્સે થાય અથવા તો માણસના શરીરમાં ક્યાંયથી પણ લોહી નીકળતું હોય તો એનાથી ખતરનાક માછલી બીજી કોઈ નથી હોતી. દસ લાખ ટીપાં પાણીમાં જો એક જ ટીપું લોહીનું ભળેલું હોય તો પણ આ શાર્ક એને બે માઇલ દૂરથી સૂંઘી લે છે!'

મને બુલશાર્ક ત્યાં શું કામ પહોંચી ગઈ એ સમજાઈ ગયું. મારી આંગળીમાંથી બેચાર ટીપાં જ લોહી નીકળ્યું હતું. પરંતુ શાર્ક માટે તો એ સૌથી મોટું આમંત્રણ હતું. મારી આંગળીમાંથી લોહી નીકળ્યાની વાતથી જ કાકાને શું કામ ચિંતા થઈ આવી હતી એની પણ મને સમજ પડી ગઈ.

'તો કાકા! હવે શું કરવું? શાર્ક તો આઘા ખસવાનું નામ જ નથી લેતી. આપણી બોટની આજુબાજુ જ ફર્યા કરે છે અને હજુ તો એકાદ બે વેલા કાપવાના બાકી છે. ત્યાં સુધી બોટ ચાલે તેમ નથી. બોલો, શું કરીશું?'

અમે બધાં વિચારમાં પડી ગયાં.

'અરે ડીક! એ ડીક!' સ્પ્રેના તુતક પરથી પોલે બૂમ પાડી. 'તું ભૂલી ગયો હેસ્લિંગના ધુનીકાકાએ પેલું ખાસ તેલ મોકલાવ્યું છે એ? એના થોડાંક ટીપાં શરીર પર લગાવવાથી શાર્ક આપણાથી દૂર જ રહે એ વાત તને યાદ તો છે ને?'

મને એ યાદ આવી ગયું. પર્સિવલકાકાની ખબર કાઢવા માટે પોલ જ્યારે ઝીંઝુડાક ટાપુ પર ગયેલો ત્યારે એમણે આ તેલની એક બૉટલ મોકલાવેલી. અમે એમાંથી નાની બૉટલ્સ ભરી લીધેલી જેથી કરીને મોટી બૉટલ ફૂટવાની બીક ન રહે અને બધાના સામાનમાં એક એક નાનકડી બૉટલ રાખી પણ શકાય.

અબીરાએ પોતાના સામાનમાંથી એક બૉટલ કાઢીને માતાદાદીને અંબાવી. માતાદાદીએ મને આપી. મેં એ તેલ મારા શરીર પર લગાવ્યું. પછી ડૂબકી મારવાની તૈયારી કરી. પરંતુ ખબર નહીં શું કામ, પણ માઇકલકાકાનો જીવ જ હવે નહોતો ચાલતો મને કે બીજા કોઈને જવાદેવા માટે. કારણ કે પેલી વિશાળકાય શાર્ક હજુ અમારી બોટની આજુબાજુ જ ઘુમરાતી હતી. અમે બધાએ માઇકલકાકાને માંડ સમજાવ્યા. કેપ્ટન જોશુઆ સ્લોકમ પણ બરાબર પોઝિશન લઈને હાર્પૂન તૈયાર કરીને બેઠા, ત્યારે છેક માઇકલકાકાએ મને ડૂબકી મારવાની છૂટ આપી. પાણી એટલું ચોખ્ખું હતું કે લગભગ તળિયા સુધી બધું સ્પષ્ટ દેખાતું હતું.

હું નીચે પહોંચ્યો. મને પણ બરાબરની બીક લાગતી હતી. મારા હાથમાં મોટું અને ધારદાર ચપ્પુ હતું છતાં બુલશાર્ક સામે લડવું એ મોત સામે લડવા જેવું હતું. હું પ્રોપેલર પાસે પહોંચ્યો. પાણીમાં ખળભળાટ થયો એટલે બુલશાર્ક પાછી ફરી. હું વેલો પકડવા ગયો એ જ વખતે મારી આંગળી પરથી પટ્ટી નીકળી ગઈ. એમાંથી લોહી પહેલાની જેમ જ નીકળવા માંડ્યું. જેવું પાણીમાં લોહી ભળ્યું કે બુલશાર્ક ભુરાઈ થઈ ગઈ. એકદમ ઝડપથી મારી તરફ આવી. મારા ધબકારા એકદમ વધી ગયા. થોડીવાર તો એમ પણ થયું કે આપણો ખેલ ખલાસ! પરંતુ એમ કાંઈ સાવ હાર થોડી માની લેવાય? મેં મન મજબૂત કર્યું કે લડી તો લેવું જ! બસ, એવા નિશ્ચય સાથે મેં ચપ્પુ હાથમાં પકડ્યું અને તૈયાર થઈ ગયો. આ બધું ફક્ત થોડીક જ સેકન્ડમાં બની ગયું હતું. પરંતુ બુલશાર્ક જે ઝડપે મારી તરફ આવી એ જોઈને હું સ્તબ્ધ થઈ ગયો. પ્રોપેલર અને એની આજુબાજુ વીંટળાયેલા વેલાઓની વચ્ચે હું હતો. એમાંથી મારે ચપ્પુ કેમ વીંઝવું એની દ્વિધામાં હું તૈયાર હોવા છતાં મૂંઝાઈને ઊભો હતો. શાર્કનું મોં મારાથી બે ફૂટ જેટલું જ દૂર રહ્યું. મને થયું કે બસ, હવે મારા સો વરસ પૂરાં! મેં ચપ્પુવાળો હાથ ઊંચો કર્યો, પરંતુ મારે એ વીંઝવાની જરૂરત જ ન પડી. શાર્ક જાણે કે મને સૂંઘીને જ પાછી ફરી ગઈ! એવું લાગતું હતું કે જાણે એને હવે મારામાં કે મારા લોહીમાં કોઈ જ રસ નહોતો રહ્યો. મને સમજાઈ ગયું કે આ બધો ચમત્કાર હેસ્લિંગના ધુની વૈદ્યકાકાના ખાસ તેલના કારણે જ બન્યો હતો. મને એમના પર માન થઈ આવ્યું. જો આ તેલ એમણે ન આપ્યું હોત તો આજે મારા નાના નાના ટુકડા થઈ જાત એ નક્કી જ હતું.

મેં ઝડપથી બાકીના બે વેલા કાપી નાખ્યા. પ્રોપેલર ફ્રી થઈ ગયું. મેં દોરડું હલાવ્યું. માઇકલકાકા, અબીરા અને માતાદીએ મને ઝડપથી ઉપર ખેંચી લીધો. હું ઉપર આવ્યો કે તરત જ માઇકલકાકા મને વળગી પડ્યા. સ્પ્રે પરથી મારા દોસ્તોએ જોરથી તાળીઓ પાડી. કાકાની આંખમાં ભીનાશ હતી.

અબીરાએ એન્જિન ચાલુ કર્યું. બોટ આગળ વધવા તૈયાર હતી. આટલીવારમાં સરગાસોનો મોટો જથ્થો મિયામીનાં કાંઠા તરફ ખાસ્સો આગળ વધી ગયો હતો. હવે છૂટાછવાયા વેલાઓ જ આવતા હતા. અમને ખાતરી હતી કે બીમીની સુધી હવે ફરીથી સરગાસો વનસ્પતિ મળે એવી કોઈ જ શક્યતા નહોતી. કારણ કે આવા છૂટા જથ્થા ક્યારેક જ મળતા હોય છે, હું તેમજ માઇકલકાકા સ્પ્રે પર પાછા આવી ગયા.

અબાના તેમજ અબીરાએ બોટને ધીમે ધીમે આગળ કરી. બોટ અને સ્પ્રે વચ્ચે બાંધેલું દોરડું સહેજ તંગ થયું. એક હળવો ઝટકો વાગ્યો અને એ દોરડાથી ખેંચાઈને વગર પવને સ્પ્રે બીમીની તરફ ચાલ્યું.

કેપ્ટન જોશુઆ સ્લોકમ મારી પાસે આવ્યા. કાંઈ પણ બોલ્યા નહીં, પરંતુ મારી પીઠ થાબડીને થોડીક વાર મારી બાજુમાં ઊભા રહ્યા. પછી પોતાની કેબિન તરફ જતા બોલ્યા, 'બ્રેવો, ડીક બ્રેવો!'

મારા સાથીઓ મને વળગી પડ્યા. ઇત્ઝેલ પણ મારી પાસે આવીને બોલી, 'ડીક! થોડીવાર તો અમને થયું કે અમે તને ગુમાવી દઈશું. અને... પરંતુ... ચાલ, જે થયું તે સારું જ થયું!' એના ન બોલાયેલાં વાક્યો સાવ સમજાઈ જાય તેવાં હતાં. એ પછી થોડીક ક્ષણો સાવ શાંતિ છવાઈ ગઈ.

સ્પ્રે દોરડાથી બંધાઈને આગળ વધી રહ્યું હતું. એ દોરડું વારંવાર સ્પ્રે અને આગળની બોટની વચ્ચેના ભાગમાં પાણીને અડકી જતું હતું. એ જોઈને માઇકલકાકાને કાંઈક વિચાર આવ્યો. એ ઊભા થયા. માતાદીને અને અબીરાને બૂમ પાડીને બોટ અટકાવવા કહ્યું. પછી દોરડાની જગ્યાએ બોટના પાછળના ભાગમાં ટગિંગ માટેની જે સાંકળ હતી એની સાથે સ્પ્રેને બાંધી દીધું. એ બધું શાંતિથી જોઈ રહેલા પોલથી ન રહેવાયું એટલે એણે પૂછી જ લીધું, 'માઇકલકાકા! દોરડામાં શું વાંધો હતો? સાંકળનો ઉપયોગ શું કામ કર્યો?'

'પોલ, પેલી બુલશાર્ક જોઈ? આ એટલાંટિક મહાસાગર છે અને આપણે તોફાનના વિસ્તારમાં છીએ. જોરદાર પવન અચાનક શરૂ થાય અને આવી

એકાદ શાર્ક એવા જ સમયે દોરડાને કાપી નાખે તો? એના કરતાં સાંકળ વધારે સલામતીભરી તો ખરી! સમજાયું?'

'હમ્...મ્...મ્...' પોલને અને અમને બધાને કાકાની આ વાત ગળે ઊતરી ગઈ.

કેપ્ટન જોશુઆ સ્લોકમને પણ એ ગમ્યું હોય એવું લાગ્યું. છતાં પણ દરિયાની રગે રગના નિષ્ણાત એ માણસે આકાશ સામે ધ્યાનથી જોયું. ચારે તરફ જોયા પછી પવનની દિશા અને ગતિ જોઈ. ખૂબ ઊંડો શ્વાસ લઈ ચારે તરફની હવા સૂંઘી ભેજનું પ્રમાણ નક્કી કર્યું. પછી બોલ્યા, 'નહીં મિ. માઇકલ, પોલ! આજે તો ક્યાંયથી પણ તોફાન આવે એવું લાગતું નથી. છતાં માતાદીને કહો કે બીમીની પોર્ટ પર આવેલ હવામાનખાતાની ઑફિસ પાસેથી મોસમ અંગેના સમાચાર મેળવી લે!'

અમે માતાદીને કહ્યું. એણે બીમીની પોર્ટ પર પૂછીને કહ્યું, 'કેપ્ટન જોશુઆ સાચા છે. કોઈ પણ તરફથી તોફાન આવે એવું લાગતું નથી અને સાંજના છ સુધી આકાશમાં વાદળો પણ બંધાય એવી શક્યતા નથી. એ ઉપરાંત આજુબાજુના પચાસ માઇલમાં કોઈ મોટું વાદળ પણ નથી! અને આજુબાજુ જુઓ તો ખરા, કેટલી બધી નાની નાની બોટ્સ તરી રહી છે! જો વાતાવરણ ખરાબ થવાનું હોય તો એ બધા તરત જ કાંઠે ન જતા રહે?'

અમને હાશ થઈ. કારણ કે અમે હવે શક્ય તેટલી ઝડપથી બીમીની પહોંચી જવા માંગતા હતા. હવામાન સ્વચ્છ રહેવાનું છે એ જાણીને અમને નિરાંત થઈ. માઇકલકાકાએ અબીરાને થોડીક ઝડપ વધારવા ઇશારો કર્યો. બોટ અને વહાણને બાંધેલી સાંકળ કડક થઈ. સ્પ્રેને એક ઝાટકો વાગ્યો અને બીમીની તરફ અમે લોકો ઝડપભેર આગળ વધવા લાગ્યાં.



૯

ખરેખર બીમીની પહોંચ્યા?

સરગાસોનો જથ્થો પસાર થઈ ગયા પછી થોડો પવન નીકળ્યો હતો. એટલે સ્પ્રે પોતે પોતાના સઢના જોર પર તરીને આગળ વધી રહ્યું હતું. અબીરા-માતાદીની બોટ અને સ્પ્રે વચ્ચે બાંધેલ સાંકળ હવે થોડીક ઢીલી લાગતી હતી.

કૅપ્ટન જોશુઆ સ્લોકમ પણ હવે બરાબર મૂડમાં આવી ગયા હતા. એ અમને એમની દક્ષિણ અમેરિકાના કેપહોર્નથી આગળ વધવાની મુસાફરી અંગે જણાવી રહ્યા હતા. કેપહૉર્ન પહોંચતી વેળાએ અને મિલ્કી-વે તરીકે ઓળખાતા તોફાની સમુદ્રમાંથી આગળ જતી વખતે એમને જે તકલીફ પડી હતી એ સાંભળતા અમારાં રૂંવાડાં બેઠાં થઈ જતાં હતાં. એમાંય એક આખી રાત ભયંકર રીતે ફૂંકાતા ગેઇલ (વાવડો) સામે ઝીંક ઝીલતું સ્પ્રે ખડકોની વચ્ચે આમથી તેમ અફળાતું રહ્યું અને છતાં એને કાંઈ ન થયું. એ સાંભળતી વખતે અમને કૅપ્ટન જોશુઆ સ્લોકમ માટે, એમની હિંમત માટે અત્યંત માન થઈ આવ્યું.

કૅપ્ટન પાસે વાતોનો ખજાનો હતો. એમની વાતોમાં અમે લોકો ભૂલી ગયા હતા કે અમારે ભોજન લેવાનું છે. એ તો સારું થયું કે સ્પ્રેના નાનકડા કીચનમાંથી અબાનાએ બૂમ પાડી એટલે અમને બધાંને યાદ આવી ગયું. સરગાસોના વેલા અટવાઈ જવાના કારણે અમારી બધાંની લગભગ પોણી કલાક બગડી હતી. બપોર થઈ ગયા હતા. અમે અબીરા તેમજ માતાદીને એમની બોટ અમારી સમાંતર લાવવાનું કહીને એમના ભોજનની ડીશ અંબાવી દીધી. એ પછી અમે જમવા બેઠાં. ઘણાં દિવસે અમે અબાનાના હાથનું ગરમાગરમ ભોજન ખાધું. મજા પડી ગઈ.

જમીને અમે તૂતક પર પાછાં ફર્યાં.

ભર બપોરે અફાટ દરિયા પર બાયનોક્યુલર માંડીને ડાફોળિયા મારતા

હેસ્લિંગે અચાનક બૂમ પાડી, 'અરે ડીક, કૅપ્ટન, માઇકલકાકા! જુઓ, જુઓ! જુઓ તો ખરા! આ હવામાનખાતાવાળા સાવ ખોટા જ હોય છે. જુઓ! કેવડું મોટું વાદળું આપણી આગળના રસ્તા પર ઝળૂંબે છે. મને લાગે છે કે આપણને આજે વરસાદમાં પલળવાનો મોકો મળશે! હેય, તો તો મજા પડશે!' હેસ્લિંગ ખુશ થઈ ગયો.

'વાદળ? મોટું વાદળ? એમ કેમ બને?' કૅપ્ટન જોશુઆ સ્લોકમ બોલ્યા. એમના અવાજમાં ભારોભાર શંકા ભરેલી હતી. સુકાન જેકના હાથમાં પકડાવીને એ હેસ્લિંગ પાસે જઈને બોલ્યા, 'હેસ્લિંગ, મારા ભાઈ! આ અમેરિકા-મિયામીનું હવામાનખાતું છે. એમણે કહ્યું કે સાંજ સુધી વાદળાં નહીં થાય એટલે નહીં જ થવા જોઈએ. એટલે જ મને તારા વાદળા પર શંકા જાય છે! લાવ તો, હું જોઉં તો ખરો કે એ વાદળ કેવું છે?' એમ કહીને એમણે હેસ્લિંગના હાથમાંથી બાયનોક્યુલર લઈ લીધું.

કૅપ્ટને બાયનોક્યુલર લીધું. ખાસ્સીવાર સુધી દૂર દેખાતા સફેદ ટપકા સામે જોયે રાખ્યું. પછી એમના મોં પર થોડીક કરચલીઓ દેખાઈ. એ માઇકલકાકા તરફ ફર્યા. કાકાના હાથમાં બાયનોક્યુલર પકડાવ્યું. માઇકલકાકાએ પણ નરી આંખે છેક ક્ષિતિજ પર દેખાતા પેલા સફેદ ટપકા સામે નજર માંડી. પછી એમણે મને બાયનોક્યુલર આપ્યું.

મારાથી બોલાઈ ગયું, 'અરે! આ તો ક્યુમ્યુલોનિમ્બસ વાદળ છે. (નીચેથી ઉપરની તરફ ઊઠતા ઢગ-વાદળ, ઘણી વખત એમાંથી ગાજવીજનું તોફાન પણ સર્જાતુ હોય છે).

'પરંતુ હવામાનખાતાએ તો સાફ કહ્યું છે કે આવું કોઈ વાદળ આજુબાજુના પચાસ માઇલ સુધી નથી! તો પછી અચાનક આ ક્યુમ્યુલોનિમ્બસ વાદળ આવે ક્યાંથી?' કૅપ્ટનના ગળે હજુ આ વાત ઊતરતી નહોતી. એમને કદાચ મિયામીના હવામાનખાતા પર હદથી વધારે ભરોસો હતો. એ દોડતા સ્પ્રેના આગળના ભાગ તરફ ગયા. માતાદી તેમજ અબીરાને બૂમ પાડીને કહ્યું કે હવામાનખાતાની ઑફિસનો ફરીથી સંપર્ક કરીને પૂછી જુએ કે આટલું મોટું ક્યુમ્યુલોનિમ્બસ વાદળ ક્યારે રચાયું અને તોફાનની કેવીક શક્યતા છે?

એમની વાત પણ સાચી હતી કારણ કે અમે લોકો એટલાંટિક મહાસાગરના એવા ભાગમાં હતાં કે જ્યાં વાતાવરણ ગમે તે ક્ષણે બદલાઈ જવાની ક્ષમતા ધરાવતું હતું. અને અચાનક જ હવાએ પણ દિશા બદલી હતી. અત્યાર સુધી

જે હવા અખાતી પ્રવાહ ઉપર થઈને બીમીની તરફ વહેતી હતી એ હવે બીમીની તરફથી વહેવા લાગી હતી. એ સાથે જ સ્પ્રેનો મુખ્ય સઢ ઢીલો પડી ગયો. એને એક આંચકો લાગ્યો. માતાદી-અબીરાની બોટ અને સ્પ્રે વચ્ચેની સાંકળ ફરીથી એકવાર ટાઇટ થઈ. સ્પ્રે હવે બોટના ખેંચાણથી જ આગળ વધી રહ્યું હતું.

હવાની દિશા આમ સાવ અચાનક બદલાયેલી જોઈને કૅપ્ટન જોશુઆએ ફરીથી એ વાદળ તરફથી આવી રહેલી હવાને ઊંડા શ્વાસ લઈ સૂંઘી જોઈ. પરંતુ એમની નવાઈ વચ્ચે એમાં જરાય ભેજ નહોતો. એ મારી સામે જોઈને બોલ્યા, 'ડીક! આ તો નવાઈભરી બાબત કહેવાય! સામાન્ય રીતે તો આવડા મોટા ક્યુમ્યુલોનિમ્બસ વાદળ તરફથી આવતી હવા અત્યંત ભેજવાળી હોવી જોઈએ. એના બદલે આ હવા તો સાવ સૂકી છે! ભાઈ મને તો કાંઈક ગરબડ લાગે છે!'

એટલામાં માતાદીએ ફરીથી બીમીની પોર્ટ પર પૂછી લીધું અને અમારા તરફ જોઈને બૂમ પાડી કે, 'ડીક, કૅપ્ટન! એમના જણાવ્યા પ્રમાણે આજુબાજુ પચાસ માઇલ સુધી ક્યાંય ક્યુમ્યુલોનિમ્બસ વાદળ છે જ નહીં અને આવું વાદળ બની શકે એવી કોઈ શક્યતા પણ નથી!'

માતાદી પાછો એમની બોટની કૅબિનમાં જતો રહ્યો. કૅપ્ટન જોશુઆ સ્લોકમે મારી સામે જોયું. મેં માઇકલકાકા સામે જોયું. અમને આવી રીતે વિચારોમાં જોઈને સ્પ્રે પરના અમારાં સાથીઓ પણ પાસે આવી ગયાં.

'આ શક્ય જ નથી. આવું બને જ નહીં! નક્કી હવામાનખાતાની કાંઈક ભૂલ થાય છે. આટલું મોટું વાદળ આપણાથી માત્ર પાંચેક માઇલ દૂર હોય અને એ લોકોને દેખાય પણ નહીં? અરે હવે તો એ બીમીનીથી નરી આંખે પણ દેખાવું જોઈએ!' કૅપ્ટન બોલ્યા. એમના અવાજમાં સ્પષ્ટ ચિંતા દેખાઈ આવતી હતી. અમે બધા હજુ આ વિચારમાં હતા ત્યાં જ આગળ જતી બોટમાંથી અબીરાએ બૂમ પાડી, 'હેય ડીક! માઇકલકાકા! કૅપ્ટન! આપણા રસ્તા પર આગળ એક મોટું વાદળ સાવ પાણી સુધી વિસ્તરેલું દેખાય છે. માતાદી પૂછે કે આપણે અટકી જવું છે કે આગળ વધવું છે?'

કૅપ્ટને અને માઇકલકાકાએ એને આગળ વધતા રહેવાનો ઇશારો કર્યો. પછી કૅપ્ટને ફરી એક વખત બાયનોક્યુલરથી વાદળ તરફ જોયું. જો કે હવે તો એ વાદળ નરી આંખે પણ ખૂબ સ્પષ્ટ દેખાતું હતું. એ જોઈને કૅપ્ટન

બોલ્યા, 'મિ. માઇકલ! આમ તો આ વાદળો લગભગ એક-દોઢ માઇલથી વધારે ઊંચાઈ પર હોવા જોઈએ, પરંતુ આ વાદળ સાવ પાણી સુધી નીચું કેમ દેખાય છે?'

માઇકલકાકાએ ફક્ત માથું હલાવ્યું. એ કાંઈ બોલ્યો નહીં. અર્ધા કલાક પછી અમે વાદળની સાવ નજીક પહોંચી ગયાં. હવે એ વાદળ જાણે કે અમારી પર ઝળૂંબતું હોય એવું લાગતું હતું. અમને એની વિશાળતા જોઈને થોડીક ચિંતા થતી હતી. પોલે વાદળનો ફોટો પાડી લીધો.



ક્યુમ્યુલોનિમ્બસ વાદળ

કૅપ્ટનના કહેવાથી માતાદીએ ફરી એક વખત મિયામી હવામાન ઑફિસનો સંપર્ક કરી જોયો. એ લોકોએ ફરીથી એ જ જવાબ આપ્યો. માતાદીએ અમારા રસ્તામાં દેખાઈ રહેલા વાદળનું વર્ણન કર્યું. એ સાંભળીને એ લોકોને પણ નવાઈ લાગી. એમણે કહ્યું કે હવામાન ખાતાની એક બોટ અત્યારે બીમીનીના દરિયાકાંઠાની નજીક જ છે. પરંતુ એમને કોઈપણ જાતનું આવું ઊંચું અને ભયાનક વાદળ દેખાતું નથી!

હવે અમારા માટે આ વાદળ રહસ્યભર્યું બની ગયું હતું. થોડી ચિંતા પણ થઈ રહી હતી. છતાં પણ બીમીની તરફ આગળ વધવાનું અમે શરૂ રાખ્યું. અમે નક્કી કર્યું હતું કે જે થાય તે! આ વાદળનું રહસ્ય પણ જાણી જ લેવું.

અબીરા તેમજ માતાદીએ એમની બોટ સાવ ધીમી કરી નાખી. પવનની દિશા એ ભયંકર વાદળ તરફથી અમારી તરફ હતી એટલે સ્પ્રેને એ બોટ દ્વારા જ અમે આગળ વધારી રહ્યા હતા.


બીજા અડધા કલાક પછી અમે એ વાદળની સાવ નજીક પહોંચી ગયાં. હવે એ વાદળ બિલાડીના ટોપની જેમ બરાબર અમારા માથા પર ઝળુંબી રહ્યું હતું.

અચાનક આલ્બર્ટોએ બૂમ પાડી, 'અબીરા! માતાદી! થોડી વાર બોટ રોકો. થોડીક પાછી ચલાવીને અમારી સમાંતર આવો!'

અમને બધાંને નવાઈ લાગી. આલ્બર્ટો આવું શું કામ કરે છે એ અમને

સમજાયું નહીં.

માતાદી તેમજ અબીરાએ બોટ પાછી લીધી. એ લોકો અમારી સમાંતર આવી ગયા એટલે આલ્બર્ટોએ એના સામાનમાંથી એક કવર કાઢીને એમના હાથમાં આપ્યું. પછી એમને કહ્યું, 'આ કવરમાં દક્ષિણ બીમીનીમાં આવેલ બીમીની બીચ રિસોર્ટના બુકિંગના કાગળો છે. ધારો કે આપણે તોફાનમાં છૂટા પડી જઈએ તો તમારી બંને પાસે એ કાગળ હોવા જોઈએ. જેથી કરીને તમે પહેલા બીમીની પહોંચો તો આરામથી રહી શકો. કારણ કે અમારું વહાણ વિપરીત પવનોમાં કઈ રીતે અને ક્યારે ત્યાં પહોંચશે એ અમે જાણતા નથી. ચાલો! હવે તમે આગળ જાઓ અને અમને ખેંચવાનું કામ ફરીથી શરૂ કરો!'



અમને આલ્બર્ટોનો વિચાર ખૂબ જ ગમ્યો. કારણ કે જો તોફાન આવે અને બે વહાણ વચ્ચે બાંધેલી સાંકળ તૂટી જાય (એની શક્યતાઓ સાંકળની જાડાઈને જોતાં નહીંવત લાગતી હતી. છતાં પણ ધારીએ કે કદાચ તૂટી જાય) તો પણ અબાના અને માતાદી બીમીની ટાપુ પર પહોંચીને બીમીની બીચ રિસોર્ટ પર રહી શકે.

માતાદીએ બોટમાં ઑઇલ વગેરે ચેક કરી લીધું. પછી એ લોકો ફરીથી આગળ ચાલ્યા. અમે વાદળ સુધી પહોંચી ગયા અથવા એવું લાગતું હતું કે જાણે કે વાદળ અમારી સુધી પહોંચી ગયું. નવાઈની વાત એ હતી કે એ વાદળ છેક પાણીને સ્પર્શતું હતું. અમે સાવ પાસે હતા છતાં કોઈ ગાજવીજ કે કડાકાભડાકા સંભળાતા નહોતા. અમને મનમાં હતું કે હમણાં વાદળની નીચે પહોંચતા જ જોરદાર પવનનાં સુસવાટા અને ગાજવીજ શરૂ થશે.

સ્પ્રે પર કોઈ કાંઈ બોલતું નહોતું. અમે બધાં ચૂપચાપ એ આસમાન જેટલા ઊંચા અને ભયંકર દેખાતા વાદળને જોઈ રહ્યાં હતાં. વાવડો ફૂંકાવાની બીકથી કૅપ્ટને સ્પ્રેના બધા જ સઢ ઉતારી લીધા. ખૂબ જ વરસાદ થાય તો તૂતક પરનું પાણી ખાલી કરવા માટે વપરાતો હેન્ડપંપ પણ એમણે ચેક કરી લીધો. એના હેન્ડલમાંથી અવાજ આવતો હતો એટલે એમણે ઝડપથી એનું ઑઇલિંગ પણ કરી લીધું. બધું જ ચેક કર્યા પછી એ અમારી પાસે ઊભા રહી ગયા. હું અને માઇકલકાકા જહાજની આગળના ભાગમાં ઊભા હતા.

મારી પાસે ઊભા રહીને એ બોલ્યા, 'ડીક! આવું ટાવરિંગ ક્લાઉડ (ઊંચું

વાદળ) મેં ક્યારેય નથી જોયું. મને નવાઈ લાગે છે કે હવે એનો થાંભલા જેવો નીચેનો ભાગ આપણાથી ફક્ત સોએક ફૂટ જ દૂર છે, છતાં નથી પવનની ઝડપ વધતી કે નથી વરસાદના થોડાકેય છાંટા પડતા. ઊલટાનું મને તો પવનની ઝડપ ઘટતી જતી હોય એવું લાગે છે. કોઈ કરતા કોઈ તોફાનમાં આવાં લક્ષણો ન જ હોય. આ કાંઈક જુદી જ જાતનું વાદળ લાગે છે. શું કહો છો મિ. માઇકલ! તમારો શું અભિપ્રાય છે?' માઇકલકાકા તરફ ફરતા કેપ્ટને પ્રશ્ન કર્યો.

બરાબર એ જ વખતે અમે વાદળની નીચે એમાંથી લંબાઈ રહેલા થાંભલા જેવા ભાગમાં પ્રવેશી ગયા. પવન સાવ પડી ગયો. અમારી આજુબાજુ એકદમ ધુમ્મસ જેવું છવાઈ ગયું. એવું જ લાગતું હતું કે જાણે અમે ગાઢ ધુમ્મસમાં પ્રવેશી ગયાં હતાં. એકાદ ફૂટ દૂર જોવામાં પણ તકલીફ પડતી હતી. મારી બાજુમાં ઊભા રહેલા કેપ્ટન જોશુઆ સ્લોકમ મને માંડ માંડ નજરે પડતા હતા, અને એ પણ એકદમ ઝાંખા. એ મારી બાજુમાં ઊભા હતા એવી મને જાણ હતી એટલે જ હું એમને ઓળખી શકતો હતો. નહીંતર ચહેરો તો એમનો બિલકુલ અસ્પષ્ટ હતો. એ બોલ્યા, 'ઠીક! આ કોઈ વરસાદ કે તોફાનનું વાદળ છે જ નહીં. પરંતુ કોઈ ભેદી ઘટના બની રહી છે. આપણે એ યાદ રાખવું પડશે કે આપણે સૌ અત્યારે બર્મ્યુડા ટ્રાયેંગલમાં છીએ. એક એવી જગ્યા કે જે એના પોતાના આગવા ભેદભરમ માટે જાણીતી છે, અરે એમ કહું તો પણ ચાલે કે કુખ્યાત છે!'

કેપ્ટનનો અવાજ એ મારાથી ફક્ત બે જ ફૂટ દૂર હોવા છતાં જાણે પચાસ મીટર દૂરથી બોલતા હોય એવો આવતો હતો.

મારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. મારા મગજમાં અચાનક ઝબકારો થયો કે અમે બર્મ્યુડા ટ્રાયેંગલમાં હતા. એ નામ કાને પડતાની સાથે જ એના વિશે વાંચેલી લગભગ બધી વાતો મારા મગજમાં આવી ગઈ. ભયનું એક લખલખું મારા શરીરમાંથી પસાર થઈ ગયું. એક ન સમજાય એવી બેચેની મને થવા લાગી.

એટલી વારમાં માઇકલકાકાનો અવાજ સંભળાયો કે બને તો બધાં સ્પ્રેની કેબિનમાં ધીમે ધીમે પહોંચી જાઓ.

અમે લોકો ધીમે ધીમે કેબિન તરફ આગળ વધ્યાં. માઇકલકાકાએ મારો એક હાથ પકડ્યો. મારો બીજો હાથ કેપ્ટન જોશુઆ સ્લોકમે પકડ્યો હતો.

અચાનક માઇકલકાકા અટકી ગયા. એને લીધે અમે બે જણ પણ અટકી ગયા.

'શું થયું કાકા? અટકી કેમ ગયા?' મેં બની શકે એટલા ઊંચા અવાજે કહ્યું.

'મને કાંઈ નથી થયું, ડીક! પરંતુ અબીરા તેમજ માતાદીને એક સાદ તો પાડવો જ જોઈએ. એ લોકોનાં ખબરઅંતર પણ પૂછી લેવા જોઈએ.' માઇકલકાકા બોલ્યા.

અમને એમની વાત સાચી લાગી. કેબિન તરફ જવાને બદલે અમે બધાં જહાજના આગળના ભાગ-મહોરા તરફ ગયાં. પછી અમે ત્રણેયે વારાફરતી બને એટલા જોરથી માતાદી તેમજ અબીરાને સાદ પાડ્યો. પરંતુ આશ્ચર્ય! એ લોકોએ કોઈ જ જવાબ ન આપ્યો. અમને નવાઈ લાગી. અમે ફરીથી બૂમો પાડી, પરંતુ માતાદી કે અબીરા, બેમાંથી કોઈએ કાંઈ જવાબ ન આપ્યો. હવે અમને થોડીક ચિંતા પણ થતી હતી.

એ જ વખતે એક નવો ફેરફાર થયો. ધીમે ધીમે અમારા વહાણ પરથી ધુમ્મસ ઓછું થઈ ગયું. અમે હવે એકબીજાને બરાબર જોઈ શકતાં હતાં અને સામાન્ય અવાજે વાત પણ કરી શકતાં હતાં. એકબીજાંને બરાબર સાંભળી પણ શકતાં હતાં. પરંતુ પેલું ઘાટું સફેદ વાદળ સ્પ્રેની બરાબર આસપાસ એવી જ ઊંચી દીવાલ બનીને ગોઠવાયેલું હતું. નવાઈ તો એ વાતની હતી કે એ વાદળ અમારી વિરુદ્ધ દિશામાં જવાને બદલે અમારી સાથે જ ચાલતું હતું.

'કેપ્ટન! માઇકલકાકા! જુઓ જુઓ!' હેસ્લિંગ સ્પ્રેની કેબિનમાંથી દોડતો બહાર આવ્યો. એની હથેળી પર કેપ્ટન જોશુઆનું હોકાયંત્ર (કંપાસ) હતું. એણે અમને હોકાયંત્ર બતાવ્યું. અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. હોકાયંત્રની સોય ઉત્તર દિશા બતાવવાને બદલે ગોળ ગોળ ચક્કર ફરતી હતી. બાળકોનું રમકડાનું ફરફરિયું જોરદાર હવામાં ફરે એમ હોકાયંત્રની સોય ફરી રહી હતી.

'આનો અર્થ કે આ કોઈ સાદું વાદળ નથી પણ મોટાપાયે વિદ્યુતચુંબકીય ફેરફારો કરી શકનારું વાદળ બન્યું લાગે છે!' માઇકલકાકા બોલ્યા. કેપ્ટન જોશુઆ સ્લોકમ તો હજુ પણ હોકાયંત્રની ચક્કર મારતી સોયને જ જોઈ રહ્યા હતા.

'માઇકલકાકા! ધુમ્મસ જેવું ઓછું થયું છે તો આપણે અબીરા તેમજ માતાદીને પૂછી તો જોઈએ!' મને અચાનક વિચાર આવ્યો.

અમે ત્રણેયે ફરીથી જોરજોરથી બૂમો પાડી. કારણ કે સ્પ્રે અને એમની

બોટ વચ્ચે તો હજુ એક ઊંચી, જાડી, સફેદ દીવાલ ઊભી હતી. અમે બે ચાર વાર બૂમો પાડી. પછી અમે બધાં ઘડીક ચૂપ થઈ ગયાં. એ વખતે ઘણો દૂરથી આવતો હોય એવો માતાદીનો અવાજ સંભળાયો. એ શું કહે છે એની ખબર નહોતી પડતી, એ અમને નજરે પણ નહોતો પડતો, પરંતુ લાગતું હતું કે એ કાંઈક કહી તો જરૂર રહ્યો હતો.

જેકે મને બાજુમાં આવીને ઇશારો કર્યો. મારું ધ્યાન સ્પ્રેને બોટ સાથે જોડતી સાંકળ પર પડ્યું. સાંકળ એકદમ ટાઇટ હતી. અમને રાહત થઈ. એકદમ ટાઇટ સાંકળ બતાવતી હતી કે સ્પ્રે અને માતાદી-અબીરાની બોટ્સ હજુ જોડાયેલા જ હતા અને સ્પ્રે ચાલી રહ્યું હતું. એનો અર્થ પણ એ જ થતો હતો કે માતાદી તેમજ અબીરા અમને ખેંચી રહ્યા છે. નહીંતર પવન તો સાવ પડી ગયેલો હતો.

અમારી સાથે ને સાથે ચાલી રહેલું પેલું સફેદ વાદળ હવે એકદમ ઘટ્ટ અને થોડુંક ક્રિમ કલરનું બની ગયું હતું. ઈંડાની અંદરનાં દ્રવ્યને બરાબર હલાવીને એક રસ કરતાં જેવો રંગ બને એવા જ રંગનું બનતું જતું હતું. એ જાણે કે સ્પ્રેને ચોંટી ગયું હોય એમ એની જોડાજોડ ચાલતું હતું.

અમને બધાને હવે ચિત્રવિચિત્ર અનુભવો થવા માંડ્યા હતા. હોકાયંત્રની સોય હજુ ગોળ ગોળ જ ફરી રહી હતી. અમારી કાંડા ઘડિયાળ અટકી ગઈ હતી.[૫] અમારી ચામડી જાણે કે શિયાળો હોય એમ સૂકી બની ગઈ. અમે એકબીજાને અડીએ તો પણ તિખારા-સ્પાર્ક થતાં હતાં. વારે વારે અમારા રૂંવાડાં ઊભાં થઈ જતાં હતાં. જેક અને ઇત્ઝેલને ઊબકા આવતા હતા. માઇકલકાકાને એક જોરદાર ઊલટી થઈ. અબાનાએ દોડીને એના થેલામાંથી આસવની એક બૉટલ કાઢી. પછી અમને બધાને એક એક ચમચી દવા પીવડાવી. એનાથી થોડી મિનિટો પછી અમને બધાને એકદમ રાહત થઈ ગઈ.

પેલું વાદળું વિચિત્ર રીતે અમારી જોડે જ ચાલતું હતું.

‘માઇકલકાકા! ડીક! કૅપ્ટન! જુઓ, જલદી!’ સ્પ્રેના આગળના ભાગમાં ઊભેલો રૉબર્ટ બૂમ પાડી ઊઠ્યો, ‘કાકા! આગળની બોટ સાથે જોડેલ સાંકળ જુઓ! એ ઢીલી થઈ ગઈ હોય એવું લાગે છે!’

---

૫. મેપિન ઍન્ડ વેબ કંપનીએ ૧૮૯૫માં બનાવેલી કાંડા ઘડિયાળ ખાસ્સી પ્રખ્યાત થઈ હતી. આ પહેલા ૧૮૮૫માં બ્રિટિશ લશ્કરે કાંડા ઘડિયાળનો ઉપયોગ કર્યો હતો. સૌથી પહેલી કાંડા ઘડિયાળ ૧૫૭૧ની સાલમાં ઇંગ્લૅન્ડના એલિઝાબેથ-૧ને રૉબર્ટ ડુડલે નામની વ્યક્તિએ ભેટ આપી હતી.

અમે બધાં દોડ્યાં. હું વાંકો વળીને સાંકળને અડવા ગયો ત્યાં જ કેપ્ટને રાડ પાડી, 'નહીં ડીક! અડકીશ નહીં. તું જો તો ખરો! સાંકળ લાલ થઈ ગઈ છે. મને લાગે છે કે એ અત્યંત ગરમ હોવી જોઈએ. જે લાકડાં જોડે એ બાંધેલી છે એમાંથી પણ થોડા થોડા ધુમાડા નીકળે છે એ જોયું?'

અમને કેપ્ટનની વાત સાચી લાગી. ખરેખર થોડી ક્ષણો પહેલા કાળા લોખંડની બનેલી સાંકળ લાલ રંગની બની ગઈ હતી. જાણે કોઈએ ભઠ્ઠીમાં બરાબર તપાવી હોય એવી એ લાગતી હતી. સારું થયું કે મેં હાથ ન અડાડ્યો. નહીંતર મારો હાથ ખૂબ જ ખરાબ રીતે દાઝી જાત. ફરી એક વાર એ સાંકળ કડક થઈ. અમને શાંતિ થઈ. પરંતુ થોડા ફૂટ આગળ ચાલી રહેલી અબીરા અને માતાદીની યાંત્રિક બોટ નહોતી દેખાતી. અમે અમે લોકોએ જોરજોરથી બૂમો પાડી, પણ પેલી તરફથી કોઈ જવાબ ન મળ્યો.

અચાનક એક જોરદાર આંચકો લાગ્યો. સ્પ્રેનાં લાકડાં હચમચી ગયાં. છમ્! મ્...મ્...! એવો અવાજ પણ આવ્યો. મને થયું કે જો પકડ્યું ન હોત તો અમારામાંથી કોઈક તો પડી જ જાત. પણ આ વિચિત્ર વાદળાની દહેશતના લીધે બધા કાંઈક ને કાંઈક પકડીને જ ઊભા હતા એટલે કોઈને ઈજા ન થઈ. બીજી જ ક્ષણે સ્પ્રે સાવ ધીમું થઈ ગયું. એમ કહીએ તો ઊભું જ રહી ગયું. અમે એક બીજા સામે જોયું. પછી અચાનક એક સાથે અમારી બધાંની આંખો પેલી સાંકળ પર ગઈ. સાંકળ તૂટીને દરિયાનાં પાણીમાં લટકતી હતી. પેલો છમ્મ અવાજ પણ ગરમ સાંકળ પાણીમાં પડવાના કારણે આવ્યો હતો. તૂટેલી સાંકળ એ જ બતાવતી હતી કે માતાદી-અબીરાની યાંત્રિક બોટ અમારાથી છૂટી પડી ગઈ છે!

'માઇકલકાકા! કેપ્ટન! હવે શું કરશું?' મેં કહ્યું.

'આપણે માતાદી તેમજ અબીરાને બને તેટલા જોરથી બૂમો પાડી જોઈએ. જો એમનો ધીમો અવાજ પણ સંભળાય તો સમજવું કે એ લોકો આપણી બરાબર આગળ છે.' માઇકલકાકા બોલ્યા.

અમે હતું એટલું જોર લગાવીને અબીરા તેમજ માતાદીને બૂમો પાડી. અમારી બંને બોટ વચ્ચે માત્ર ૨૦ ફૂટ જેટલું જ અંતર હોવા છતાં ન તો અમે એમની બોટ જોઈ શકતા હતા કે નહોતા અમે અબીરા કે માતાદીનો અવાજ સાંભળી શકતા. અમને જાણે કે કોઈએ સફેદ રંગના ધુમ્મસના ગોટામાં બંધ કરી દીધાં હતાં.[૬]

---

૬. આધુનિક વિજ્ઞાન આને ઇલેક્ટ્રોનિક ફોગ ધુમ્મસ) કહે છે.

અચાનક અમારી ઉપરથી એ ધુમ્મસ હટી ગયું. નીલા રંગનું આકાશ એકદમ સાફ દેખાવા લાગ્યું. થોડીવાર પછી સૂર્યનો પ્રકાશ પણ દેખાયો. હોકાયંત્રની સોય ઉત્તર દિશા તરફ એની કુદરતી રચના પ્રમાણે ગોઠવાઈ ગઈ. ધીમે ધીમે અમારી આજુબાજુ રચાયેલી ધુમ્મસની દીવાલ સાવ પાતળી થઈ અને પછી અદૃશ્ય બની ગઈ. હવે ચારે તરફ એટલાંટિક મહાસાગર નજરે પડતો હતો. પવન પણ એની સામાન્ય ઝડપે મિયામી તરફથી ફૂંકાવાનો શરૂ થઈ ગયો હતો. આ આખી ઘટના બનતા માંડ વીસ મિનિટ થઈ હતી, પરંતુ અમને જાણે કે કલાકો કોઈએ એ ગૂંગળાવનારા સફેદ ધુમ્મસમાં પૂરી રાખ્યા હોય એવું લાગતું હતું. કેપ્ટને સઢ ફરીથી ચડાવ્યા.

પરંતુ અબીરા તેમજ માતાદીની બોટ ક્યાંય દેખાતી નહોતી. અમને સખત ચિંતા થઈ આવી. શું એ લોકોની બોટને કોઈ દુર્ઘટના ઘટી હશે? જો એવું હોય તો એ લોકો અમારાથી વધારે દૂર તો નહોતા જ, અને સમય પણ વધારે નહોતો થયો. અમે જરૂર આ ધુમ્મસ જેવું વાદળ હટ્યા પછી એમને મદદ કરી શકીએ. તો પછી એ લોકો ક્યાંય કોઈ અદૃશ્ય શક્તિથી દૂર ઘસડાઈ ગયા હશે? અમે બધાં ચિંતામાં પડી ગયાં. આખા વિસ્તારમાં અમે લગભગ એકાદ માઇલના ઘેરાવામાં ચક્કર લગાવી જોયું. પરંતુ એ લોકોના કોઈ જ સગડ દેખાતા નહોતા.

‘કાકા! શું કરવું છે? આગળ વધવું છે? કેપ્ટન તમે કાંઈક રસ્તો બતાવો!’ હું બોલ્યો.

‘મારી દૃષ્ટિએ આપણે જમીન તરફ આગળ વધવું જોઈએ, કારણ કે આપણે આજુબાજુ ચક્કર માર્યું ત્યાં ક્યાંય કોઈ બોટ ડૂબી હોય એવા અણસાર નથી. નહીંતર એ યાંત્રિક બોટ પર રાખેલ ૧૦ રંગીન બોયા તો તરતા જ હોય ને? કદાચ આપણી માફક એ લોકોને પણ આપણે નહીં દેખાયા હોઈએ, એટલે બની શકે કે એ લોકો સીધા જ આગળ વધી ગયા હોય. એમની બોટ યાંત્રિક બોટ હોવાથી કલાકના ૩૦ નોટિકલ માઇલ કાપી શકે, જ્યારે આપણી ઝડપ આજના આ નબળા પવનના લીધે માંડ ૮ થી ૧૦ નોટિકલ માઇલ જેટલી છે. એટલે સ્વાભાવિક છે કે એ લોકો ક્ષિતિજ પાર પણ પહોંચી ગયા હોય. એટલે મારું માનવું છે કે આપણે એ લોકોની જિંદગીની ચિંતા કરવાની જરૂર નથી અને આપણે આગળ વધવું જોઈએ. કારણ કે જો આપણે એમની પાછળ નહીં પહોંચીએ તો એ લોકો ચિંતામાં પડી જશે!’

અમને કેપ્ટનની વાત સાચી લાગી અને બધાંએ આગળ વધવાનું નક્કી કર્યું.

'કેપ્ટન! હવે આપણે બીમીની ટાપુઓથી કેટલા દૂર છીએ?' જેકે પૂછ્યું.

'લગભગ ત્રીસેક માઇલ! એટલે કે હજુ ત્રણ કલાક જેટલો સમય આપણને ત્યાં પહોંચતાં થશે!' કેપ્ટન બોલ્યા.

'જુઓ, જુઓ! સામે જમીન દેખાય છે!' અચાનક ફરીથી બાયનોક્યુલર લઈને ચારે તરફ જોઈ રહેલો હેસ્લિંગ બોલ્યો.

'જમીન? હોય જ નહીં! તારી ભૂલ થતી હોવી જોઈએ. બીમીની પહેલા તો કોઈ જમીન આવતી નથી અને આપણે બરાબર સાચા રસ્તે જ છીએ. ફરીથી જો તો!' કેપ્ટને આશ્ચર્ય પામતા કહ્યું.

'અરે! જમીન જ દેખાય છે. મારી જરાય ભૂલ થતી નથી. લો, તમે જોઈ લો!' હેસ્લિંગે કેપ્ટન જોશુઆ સ્લોકમને બાયનોક્યુલર આપતાં કહ્યું.

'તારી વાત તો સાચી છે દીકરા! જમીન જ છે, અને એ પણ બીમીની ટાપુઓની જમીન હોય એવું જ લાગે છે! પરંતુ એ કઈ રીતે શક્ય બને? કારણ કે મારી ગણતરી અને સ્પ્રે જેટલું ચાલ્યું છે એ મારી નોંધ પ્રમાણે હજુ આપણે બીમીનીથી ત્રીસ માઇલ દૂર હોવા જોઈએ. તો પછી આમ શી રીતે થઈ શકે? ખરેખર, મારું મગજ કામ કરતું નથી!' બાયનોક્યુલર હેસ્લિંગને પાછું આપતા કેપ્ટન જોશુઆ સ્લોકમ બોલ્યા.

અમે બધાં આજે એક પછી એક એવી ઘટનાઓમાંથી પસાર થઈ રહ્યાં હતાં કે અમારી બધાંની બુદ્ધિ જ બહેર મારી ગઈ હોય એવું લાગતું હતું. જે માણસ દુનિયા ફરતા ૪૬૦૦૦ માઇલની મુસાફરીમાં ક્યારેય આવા ચકરાવે નહીં ચડ્યા હોય એ કેપ્ટન જોશુઆ સ્લોકમ પણ ચકરાવે ચડી ગયેલા દેખાતા હતા.

'પરંતુ આવું બની જ કઈ રીતે શકે?' કેપ્ટને પોતાની મોટી હેટ હાથમાં લઈને માથું ખંજવાળ્યું, પછી હેટ પાછી માથા પર ગોઠવતાં બોલ્યા, 'એનો અર્થ કે પેલું વાદળું આપણી આજુબાજુ રહ્યું એ વીસેક મિનિટમાં આપણે ત્રીસ માઇલ જેટલું અંતર કાપી નાખ્યું હશે? સ્પ્રે તો એ વખતે સાવ ધીમું ચાલતું હતું. મારા માનવા પ્રમાણે આપણે એ વીસેક મિનિટ દરમિયાન માંડ અર્ધો માઇલ જેટલું અંતર કાપ્યું હોય તો! પરંતુ જો આ બીમીની ટાપુઓ સુધી પહોંચી ગયા હોઈએ તો એનો મતલબ એ જ કે આપણે એ વીસ મિનિટમાં

લગભગ ૩૦ દરિયાઈ માઈલનું અંતર કાપી નાંખ્યું! એટલે કે કલાકના ૯૦ નોટિકલ માઈલની ઝડપ! અશક્ય! એકદમ અશક્ય! સારામાં સારા પવનમાં પણ મારા વહાણે કલાકના માંડ ૮૦ નોટિકલ માઈલ કાપ્યા છે, તો પછી આ કેમ બન્યું. માળું આ તો કાંઈ જ સમજાય નહીં એવો ગૂંચવાડો છે!' ખરેખર! કેપ્ટન બરાબર મૂંઝાયેલા લાગતા હતા.

'કેપ્ટન, તમને યાદ છે? આપણે નીકળ્યા ત્યારે આપણી આજુબાજુ ઘણી નાની નાની બોટ્સ તરતી હતી. અત્યારે એ નાની હોડીઓમાંથી એક પણ દેખાતી નથી. અને ચારે બાજુ જે મોટી સ્ટીમરો તરતી હતી, એ પણ હવે નથી દેખાતી. બસ, દૂર દૂર થોડા સઢવાળાં વહાણો તરતાં દેખાય છે. એ પણ નવાઈભર્યું નથી લાગતું?' અત્યાર સુધી ચૂપ રહેલી ઇત્ઝેલ બોલી.

એ વખતે અમારું ધ્યાન ગયું કે આજુબાજુ તરતી સહેલાણીઓની તેમજ ફિશિંગ માટેની નાની હોડીઓ સદંતર ગાયબ હતી. મોટી સ્ટીમરો પણ એકેય નજરે નહોતી ચડતી. દૂર ક્ષિતિજ પર થોડા સઢવાળાં વહાણો દેખાતાં હતાં. જાણે કે આજુબાજુનો આખો માહોલ જ બદલાઈ ગયો હતો. અમને બધાંને હવે કાંઈક ન સમજાય એવું બની રહ્યું હતું કે બની ગયું હતું એમ લાગતું હતું.

બધાં જ ગૂંચવાયેલાં હતાં. કોઈને કાંઈ જ સમજાતું નહોતું. જમીન હવે નજીક ને નજીક આવતી જતી હતી.

'અરે! આ તો જૂના જમાનાના લોકો વાપરતા એવું બંદર છે! આવું બારું દક્ષિણ બીમીનીનું નથી જ! દક્ષિણ બીમીનીનું હાર્બર તો એકદમ આધુનિક છે, અને આ બંદર તો જાણે સદીઓ જૂનું હોય એવું લાગે છે. આ બીમીની જ છે ને?' ગૂંચવાડો અનુભવતા કેપ્ટને સ્પ્રેને બારામાં લીધું. નાંગરવાની જગ્યાએ પહોંચતા એક માણસ જે વહાણોને નાંગરવામાં મદદ કરતો હતો એના તરફ એમણે દોરડું ફેંક્યું. પેલાએ દોરડું ઝીલીને એક મજબૂત લાકડાના ખૂંટા જોડે એ વીંટાળીને બાંધી દીધું. અમે બધાએ એક પછી એક બીમીની ટાપુના બારાની જમીન પર પગ મૂક્યો. અમારો મોટાભાગનો સામાન અમે સ્પ્રે પર જ રહેવા દીધો હતો. ફક્ત પીઠ પર રાખી શકાય એટલો સામાન લઈને જ અમે ઊતર્યાં હતાં. કેપ્ટને એક આધુનિક રાઇફલ હાથમાં રાખી હતી. અમે લોકોએ અમારી રિવૉલ્વર્સ જોડે લઈ લીધી હતી. ગોળીઓ પણ આ વખતે સારી એવી સંખ્યામાં લીધી હતી.

અમે નીચે ઊતર્યાં એટલે આજુબાજુના માણસો અમારી સામે આશ્ચર્યથી જોવા લાગ્યા હતા. એમના બધાના પહેરવેશ પણ ખૂબ જ જુદા અને જૂના જમાનાના હતા. અમે એમને નવાઈથી જોતા હતા અને એ લોકો અમને!

'આ બીમીની જ છે ને?' કૅપ્ટને પેલા માણસને પૂછ્યું.

'હાસ્તો! આ બીમીની જ છે!' પેલાએ નવાઈ પામતા જવાબ આપ્યો.

'આ દક્ષિણ બીમીની છે ને?' કૅપ્ટને ફરીથી સવાલ કર્યો.

'ના! ઉત્તર બીમીનીનું આ પેરેડાઇઝ પોઇન્ટ તરીકે ઓળખાતું બારું છે!' પેલાએ જવાબ આપ્યો.

કૅપ્ટનના ચહેરા પર આશ્ચર્યના ભાવ આવી ગયા. એ બોલ્યા. 'ખરેખર! આજે મારી બુદ્ધિ સાવ કરતા સાવ બહેર મારી ગઈ લાગે છે. મને છેક સુધી એમ જ હતું કે હું દક્ષિણ બીમીની હાર્બર તરફ જ સ્પ્રેને ચલાવી રહ્યો છું. પરંતુ આ તો આખી દિશા જ બદલી ગઈ! આવું કેમ થાય? આખી દુનિયા ફરતો આંટો માર્યો ત્યારે પણ સમગ્ર માર્ગમાં થોડીક ડિગ્રીથી વધારે ફેરફાર નથી થયો. તો પછી દક્ષિણ બીમીનીના બદલે હું ઉત્તર બીમીનીના પેરેડાઇઝ પૉઇન્ટ બંદરે કઈ રીતે પહોંચી ગયો? અરે દોસ્તો! મને ખરેખર કંઈ સમજાતું નથી!' કૅપ્ટન એકદમ મૂંઝાયેલા લાગતા હતા.

'અને આજની તારીખ અમને કહીશ ભઈલા!' માઇકલકાકાએ પૂછ્યું. એમણે શું કામ એવું પૂછ્યું એ અમને ન સમજાયું.

'આજે ૧૪મી નવેમ્બર છે!' પેલાએ જવાબ આપ્યો.

અમને બધાંને હાશ થઈ, કારણ કે એની વાત સાચી હતી. આજે ૧૪મી નવેમ્બર જ હતી.

'અને વરસ કયું છે?' માઇકલકાકા કાંઈક ચોક્કસ કારણથી આવું પૂછી રહ્યા હતા એવું મને લાગતું હતું.

'લે ખરા છો તમે તો!' પેલા માણસે જવાબ આપ્યો, 'તમને વરસની ખબર ન હોય એવું બની શકે? તમે આટલાં બધાં છો તો કોઈકને તો વરસની ખબર જ હોય ને? છતાં તમે પૂછ્યું છે તો કહું છું કે આ છે ૧૭૧૭નું વરસ! એટલે કે ઈસુનું વરસ ૧૭૧૭ – સત્તરસો સત્તર! હવે કાંઈ પૂછવું છે?'

અમે બધાં સ્તબ્ધ થઈ ગયા. ઈસુનું ૧૭૧૭મુ વરસ? અમે તો ૧૪ નવેમ્બર, ૧૯૦૯ના દિવસે એટલે કે આજે નીકળ્યાં હતાં, અને આ માણસ કહેતો હતો ૧૭૧૭? એનો અર્થ એવો કે અમે... લગભગ ૨૦૦ વરસ પાછળ

ચાલ્યા ગયાં હતાં? એવું કાંઈ બનતું હોય ખરું? અરે બને ખરું?

અમે ફરીથી પેલાને પૂછ્યું, 'અને આ બીમીની જ છે ને?'

હવે પેલાને થોડી ચીડ ચડી હોય એવું લાગતું હતું. એ અકળાઈને બોલ્યો, 'હા ભાઈ હા! કેટલી વાર પૂછશો? આ બીમીની જ છે, બરાબર?' એટલું કહી એ અમારાથી પીછો છોડાવવા દૂર જતો રહ્યો.

અમે બધાં બાઘાં જેવાં બની એકબીજા સામે જોઈ રહ્યાં. એ સાચું હતું કે બીમીની પર જ પહોંચી ગયાં હતાં, છતાં જાણે કે બધાં એક બીજાને ઇશારાથી એ જ પૂછી રહ્યાં હતાં કે શું ખરેખર અમે બીમીની જ પહોંચ્યાં હતાં? અને બીમીની તો હજુ ઠીક, પણ અમારું મન ૧૭૧૭નું વરસ માનવા તૈયાર નહોતું!

'માઇકલકાકા! મને અબીરા તેમજ માતાદીની ચિંતા થાય છે.' મેં કહ્યું.

'જો ડીક! એ લોકો આપણી સાથે નથી એનો અર્થ એ લોકો આપણા સમયમાં, એટલે કે ૧૯૦૯માં જ હશે, નહીંતર તો એ લોકો અહીં હોવા જોઈએ. એટલે એમની કોઈ ચિંતા કરવાની જરૂર નથી.' કાકા બોલ્યા.

એમની વાત સાચી લાગતી હતી. એ પછી કાંઈ પણ બોલ્યા વિના અમે સૌ ત્યાં ડોક પર જ બેસી ગયાં!



૭

૧૭૧૭ની સાલનું બીમીની અને બીમીની પિરામિડ!

'મિ. માઇકલ! હું આખી દુનિયાનો આંટો મારી ચૂક્યો છું, પરંતુ આવો ગૂંચવાડાભર્યો અનુભવ મને ક્યારેય થયો નથી! અત્યારે ૧૭૧૭નું વરસ કઇ રીતે હોઈ શકે? હું તો જન્મ્યો જ હતો ૨૦ ફેબ્રુઆરી ૧૮૪૪ના રોજ! એનો અર્થ શું એવો થાય છે કે હું હજુ જન્મ્યો જ નથી? એવું તો કઈ રીતે બને? મારું આ કોઈ પણ રીતે મારા મગજમાં ઊતરતું નથી!' કેપ્ટન જોશુઆ સ્લોકમ પોતાના બંને પગ લાંબા કરતા બોલ્યા.

જોકે અમારી બધાની દશા પણ એવી જ હતી. અમે લોકો તો કાંઈ બોલી શકવાની સ્થિતિમાં પણ નહોતા. મેં વાંચેલી નવલકથાઓ, વિજ્ઞાનકથાઓ તેમજ કાલ્પનિક કથાઓને હું યાદ કરી રહ્યો હતો. એમાંથી મને એક વાર્તા યાદ આવી. એ મુજબ જો માણસ સમયના કોઈ એવા છિદ્રમાં પ્રવેશી જાય તો એના માટે ભવિષ્યમાં કે ભૂતકાળમાં જવું શક્ય બની જાય. સમયના છિદ્રની અંદર મુસાફરી કરવાથી એ આગળ કે પાછળ જઈ શકે એવું એ વાર્તાઓમાં બનતું હતું. પરંતુ મને નવાઈ એ વાતની લાગતી હતી કે શું વાસ્તવિક જિંદગીમાં આમ થાય ખરું?

આવા વિચારો કરતા અમે બધા ખાસ્સી વાર ત્યાં ને ત્યાં જ બેઠાં રહ્યાં. અચાનક અમારું ધ્યાન પડ્યું કે આજુબાજુ આવતા જતાં લોકો અમને હવે ધ્યાનથી જોવા લાગ્યા હતા. અમુક માણસો થોડેક દૂર ટોળું વળીને અમારી તરફ ઇશારો કરતા વાત કરી રહ્યા હતા. એવું લાગતું હતું કે એ લોકો કદાચ અમારા અંગે જ વાત કરી રહ્યા હતા.

'માઇકલકાકા! કૅપ્ટન! મને લાગે છે કે આપણે બીમીનીની કોઈ હોટેલમાં જતા રહેવું જોઈએ. આમ જ જો અહીંયાં બેઠાં રહીશું તો હમણાં લોકોનું ટોળું

આપણી આજુબાજુ જમા થઈ જશે. એ લોકો જાણે આપણે બધાં બીજા ગ્રહના પ્રાણીઓ હોઈએ એમ આપણને જોઈ રહ્યા છે. એટલે ચાલો, બધાં ઊભાં થાઓ. કોઈ સારી હોટેલ અંગે પૂછીને આપણા રહેવાની વ્યવસ્થા તો કરીએ!' મેં કહ્યું.

અમે ઊભાં થયાં. આવા સાવ અજાણ્યા (અને બે સદી જૂના!) બંદર પર સામાન છોડીને જવાને બદલે અમે સ્પ્રેમાંથી અમારો મોટાભાગનો સામાન ઉતારી લીધો. હથિયારો તેમજ સ્કુબા ડ્રેસ સ્પ્રે પર રહેવા દીધા. ફક્ત કૅપ્ટન જોશુઆ સ્લોકમ પોતાના પ્યારા વહાણ સ્પ્રેને છોડીને ક્યાંય જવા તૈયાર નહોતા. એમણે સ્પ્રે પર જ રહેવાનું નક્કી કરી લીધું. આમ તો એમનો પહેરવેશ બીમીનીના લોકો જેવો જ હતો. એટલે એ જલદીથી બીજા બધાથી અલગ તરી આવે એવા નહોતા લાગતા. પીરી રીસનો નાનો નકશો મેં મારા થેલામાં મૂકી દીધો. એની નકલ કૅપ્ટનને આપી દીધી.

કૅપ્ટન જોશુઆ સ્લોકમને સ્પ્રે પર છોડીને અમે આજુબાજુના દુકાનદારોને સારામાં સારી હોટેલ વિશે પૂછ્યું. લગભગ બધાએ અમને હોટેલ ગ્રાન્ડ બીમીનીનું નામ સૂચવ્યું. એમના કહેવા પ્રમાણે એ હોટેલ દરિયાને બરાબર અડકીને આવેલી હતી જેના કારણે અમારું ત્યાં રહેવાનું સુવિધાભર્યું બની શકે. જો કે અમારી સાથે વાત કરતી વખતે પણ એ લોકો અમને બરાબર શંકાની નજરે જોતા હતા.

અમે બધાં હોટેલ ગ્રાંડ બીમીની પહોંચ્યાં. ત્યાં પહોંચીને અમે આઠ કમરા બુક કરાવ્યા. અમારે કેટલા દિવસ રોકાવાનું છે એ જ્યારે રિસેપ્શનિસ્ટે પૂછ્યું ત્યારે અમે એટલું જ કહ્યું કે અમને જ્યારે બીમીનીથી પાછું અમેરિકા જવાનું મન થશે ત્યારે પાછા જઈશું. તો પણ અમને અજાણ્યા અને સાવ વિચિત્ર (!) પહેરવેશમાં જોઈને એણે દસ દિવસનું ભાડું ડિપૉઝિટ પેટે માંગ્યું. મેં ભાડું ચૂકવવા ખિસ્સામાં હાથ નાખ્યો. આલ્બર્ટોએ આ આખો પ્રવાસ નક્કી કર્યો હતો. એટલે એણે મારો હાથ પકડી લીધો. ભાડું એ ચૂકવવા માંગતો હતો. એણે પોતાના સામાનમાંથી ડૉલરની થોકડી કાઢીને રિસેપ્શનિસ્ટને આપી. કાઉન્ટર પર બેઠેલી એ સ્ત્રીએ આલ્બર્ટોએ આપેલ પૈસા ખૂબ ધ્યાનથી જોયા. પછી 'આ નહીં ચાલે! આવું નાણું મેં ક્યારેય નથી જોયું!' કહી એ થોકડી પાછી આપી અને અમારી સામે વિચિત્ર રીતે જોયું.

મને તરત જ ખ્યાલ આવી ગયો કે અમારી ડૉલરની દરેક નોટ પર


૧૯૦૦ની સાલ લખેલ હતી! મેં એ સ્ત્રીને પૂછ્યું કે, 'હોટેલમાં નાણાં બદલવાની સુવિધા છે ખરી?'

'ઑફ કોર્સ! જરૂરથી છે!' એણે જવાબ આપ્યો, 'અમારે અહીંયા સ્પેનિશ, ફ્રેન્ચ તેમજ બ્રિટિશ ગ્રાહકો ખૂબ આવે છે. એ લોકો કરંસી (ચલણ) બદલીને ભાડું ચૂકવી શકે એવી વ્યવસ્થા છે જ. જુઓ, સામેના ખૂણામાં એની ઑફિસ આવેલી છે અને અમે સોનાના બદલામાં પણ કરન્સી આપીએ છીએ!'


'શું અમે અમારી આ સોનાની કાંડા-ઘડિયાળોના બદલામાં ડૉલર લઈ શકીએ ખરા?' મેં અમારા બધાની સોનાની કાંડા ઘડિયાળો બતાવતા પૂછ્યું. અમારી પાસે સોનાની ઘડિયાળો ઉપરાંત હીરાજડિત વીંટીઓ પણ હતી. પરંતુ એ વટાવવાની હાલ ઇચ્છા નહોતી. કદાચ ભવિષ્યમાં જરૂર પડે તો એ કામ લાગે.

એ લેડીએ હા પાડી. હું તથા રૉબર્ટ જઈને અમારી સોનાની ઘડિયાળોના બદલામાં ડૉલરની થોકડી લઈ આવ્યા. ફક્ત ઇત્ઝેલની ઘડિયાળ અમે એમ જ રહેવા દીધી. સમય જોવા લાગે એટલા માટે! એ સમયની ૫૫ ડૉલરની નોટ જોઈને અમને નવાઈ લાગી!

એ ડૉલર અમે જમા કરાવ્યા. પેલી રિસેપ્શનિસ્ટે આલ્બર્ટોને અમેરિકાનું સરનામું પૂછ્યું. આલ્બર્ટોએ સરનામું લખાવ્યું. પેલી લેડીએ પૂરેપૂરી શંકા સાથે સરનામું લખ્યું. પછી બબડી પણ ખરી કે મિયામીમાં તો આવી કોઈ જગ્યાનું નામ સાંભળ્યું નથી! પરંતુ એનાથી વધારે કાંઈ શંકા-કુશંકા વ્યક્ત કરવાને બદલે એણે અમને અમારા કમરાની ચાવી આપી દીધી.



પંચાવન ડૉલરની નોટ



એ સમયની એક ડૉલરની નોટ

અમને નિરાંત થઈ. પેલી લેડીએ જ્યારે અમારું ચલણ નહીં ચાલે એવું કહ્યું




હોટેલ ગ્રાન્ડ બીમીનીનો રિસેપ્શન ખંડ

હતું ત્યારે અમારો શ્વાસ અધ્ધર થઈ ગયો હતો. પરંતુ કમરાઓની ચાવી હાથમાં આવતા જ અમે સૌ હળવા થઈ ગયા. અચાનક મને એક બીજો વિચાર આવ્યો. મેં એક કમરો વધારે બૂક કરાવી લીધો, કેપ્ટન જોશુઆ સ્લોકમના નામે! કદાચ જો વાવાઝોડું કે એવું થાય તો કેપ્ટનને બીમીનીના બારામાં ન રહેવું પડે. ઉપરાંત અમારી હોટેલ બરાબર દરિયાને અડકીને જ આવેલી હોવાથી રાતે કદાચ પેલા નકશા પ્રમાણે ડૂબકી મારવાનો પ્રોગ્રામ બનાવી શકાય. એ વખતે અમારે કેપ્ટનને બોલાવવા છેક બીમીનીના બારામાં ન જવું પડે.

સવારથી જ નાની-મોટી સમસ્યાઓ અને ગૂંચવણોથી અમે થોડાક થાક્યાં હતાં. હવે આરામની અને ફ્રેશ થવાની અમને જરૂર લાગતી હતી. પોતપોતાનો સામાન લઈને અમે અમારી રૂમમાં પહોંચ્યાં. હોટેલ તેમજ અમારી રૂમ્સના પોલે પાડેલા ફોટા અહીં બતાવ્યા છે :

બપોરે નાહી-ધોઈને અમે આડા પડ્યા. લગભગ સાંજે પાંચ વાગ્યાની આસપાસ અમે બધાં ઊઠ્યાં. ઊઠીને કેપ્ટનને મળવા ગયાં. એ પછી બીમીનીની બજારોમાં આંટા માર્યા. સાંજે અંધારું થયા પછી છેક અમે હોટેલ પર પાછાં આવ્યાં. કેપ્ટન પણ અમારી જોડે જ હોટેલ પર આવ્યા. રાત્રે હોટેલના ભોજનકક્ષમાં અમે બધાંએ ભોજન લીધું. અબીરા તેમજ માતાદી શું કરતા હશે એ અંગે બધાંએ ચિંતા વ્યક્ત કરી. એ પછી કેપ્ટન સ્પ્રે પર સૂવા માટે ગયા. અમે લોકો પણ આખા દિવસની ઘટનાઓના સપના જોતા ક્યારે સૂઈ ગયાં એની ખબર પણ નહોતી રહી.



ગ્રાન્ડ બીમીનીનો મારો કમરો

૧૭૧૭ની પંદરમી નવેમ્બર, શુક્રવાર!

અમે હોટેલ ગ્રાન્ડ બીમીનીના વિશાળ ભોજનખંડમાં બેઠાં હતાં.

'ડીક! કેવું લાગે નહીં?' પોલ બોલ્યો, 'આપણે ગઈ કાલે નીકળ્યાં ત્યારે ૧૪ નવેમ્બર ને રવિવાર હતો, અને આજે ૧૫મી નવેમ્બર ને શુક્રવારે અહીંયા બેઠા છીએ!'

'અને એ પણ ૨૦૦ વરસ પાછળ! હા, હા, હા!' જેક અને હેસ્લિંગ લગભગ એકસાથે જ બોલ્યા અને ખડખડાટ હસી પડ્યા. છેલ્લા ૨૪ કલાકમાં અમે પણ પ્રથમ વખત મુક્ત મને હસ્યા. એ જ વખતે કેપ્ટન જોશુઆ સ્લોકમ પણ આવી ગયા.

નાસ્તો પતાવ્યા પછી કેપ્ટન ખૂબ ધીમેથી બોલ્યા, 'જુઓ દોસ્તો! પીરી રીસના નકશા મુજબ પેલી ક્રિસ્ટલની જગ્યા ઉત્તર બીમીનીની પશ્ચિમ દિશામાં બતાવેલી છે. આપણે બધાં અહીંથી સ્પ્રે પર જઈએ, અને પછી એના પર જ આપણે દરિયામાં જઈએ. જો અહીંથી જઈશું તો બધાંને આપણાં ભેદી સાધનો (સ્કુબા એપેરેટ્સ!!) જોઈને શંકા જશે. કારણ કે હજુ તો એ સાધનો દુનિયામાં શોધાયાં જ નથી! એટલે ચાલો. જેમ બને તેમ જલદી ભાગીએ! આપણે સમયમાં જ્યાં હોઈએ ત્યાં! પણ પેલા સ્વયંપ્રકાશિત ક્રિસ્ટલ તો શોધવા જ રહ્યા! આપણો મૂળ ઉદ્દેશ તો એ જ છે.'


અમે બધાએ કેપ્ટનની વાતમાં સંમતિ બતાવી. સ્પ્રે પર જઈને સીધું ત્યાંથી જ દરિયામાં જવાની કેપ્ટનની વાત એકદમ સાચી જણાતી હતી.

અમારા કમરાઓની ચાવી રિસેપ્શનિસ્ટને આપીને અમે બધા સ્પ્રે પર જવા નીકળ્યા. રસ્તામાં આવતા જતા લોકો અમારી સામે વિચિત્ર રીતે જોતા હતા. અમને એનાથી થોડી અકળામણ થતી હતી. પરંતુ કરીએ પણ શું? અમારી પાસેના કપડાં એમનાથી જુદાં પડી જ જતા હતા અને હજુ સુધી તૈયાર કપડાની એક પણ દુકાન અમારી નજરે નહોતી ચડી.

સ્પ્રે પર પહોંચીને અમે પીરી રીસના પેલા નાના નકશા પર નજર કરી. એમાં સરળતા માટે હોટલ તેમજ પેરેડાઇઝ પોઇન્ટનું નામ અમે લખેલ હતું.

અમારે બીમીનીની હોટલ ગ્રાંડથી ફક્ત સાત માઇલ ઉત્તર પશ્ચિમમાં જવાનું હતું. ઉપરાંત સ્પ્રે પણ પેરેડાઇઝ પોઇન્ટના બારામાં જ હતું. એ દિવસે પવન પણ એકદમ અનુકૂળ હતો. અમે ફક્ત પંદરેક મિનિટમાં જ નકશામાં બતાવેલ સ્થળે પહોંચી ગયા.

માઇકલકાકા તેમજ કેપ્ટન જોશુઆએ દરેકના સ્કુબા એપેરેટસ (સાધન) તેમજ ઑક્સિજનનાં સિલિન્ડર ચેક કરી લીધાં. એ પછી નક્કી થયું કે પહેલી વખત ડૂબકી મારીએ ત્યારે અબાના તેમજ ઇત્ઝેલ તૂતક પર રહે અને સ્પ્રેને લંગર નાખીને સ્થિર રાખવાની કોશિશ કરે. બધું નક્કી થઈ ગયું.



અમે સ્કુબા ડ્રેસ પહેરી લીધા. એકબીજા સાથે વાત કરવા માટે અમે થોડા સંકેતો નક્કી કર્યા. જ્યારે કોઈ પહેલી આંગળી ઊંચી કરે ત્યારે એ વ્યક્તિને જલદી ઉપર જવાની કે લઈ જવાની જરૂર છે એ બધાને ખાસ સમજાવવામાં આવ્યું.

આલ્બર્ટોએ અમને બેત્રણ વાત ખાસ સમજાવી. એક તો જો ભૂલેચૂકે પણ વધારે ઊંડા પાણીમાં ગયા તો જલદી ઉપર નહીં આવવાનું. કારણ કે પાણીમાં દર ૩૩ ફૂટે એક વાતાવરણનું દબાણ શરીર પર લાગતું હોય છે. જો એકસો પચાસ ફૂટથી વધારે ઊંડા જવાનું થાય તો આલ્બર્ટો કહે તે રીતે અમારે ઉપર આવવાનું હતું. આટલી ઊંડાઈએ લોહીમાં ભળેલા વાયુઓ જો ઝડપથી ઉપર આવીએ તો પરપોટારૂપે લોહીમાં છૂટા પડી જાય છે. જે મગજ કે હૃદયની નળીઓમાં ગયા પછી એને બંધ કરી શકે અને ઘણી વાર એનાથી માણસનું મોત પણ થઈ શકે.

હેસ્લિંગ તેમજ માઇકલકાકાએ અમને પેલું શાર્કને દૂર રાખવાનું તેલ પણ લગાવી લેવાનું કહ્યું. એ તેલની અદ્દભુત વાત એ હતી કે શરીર પર લગાવ્યા પછી લગભગ બારેક કલાક સુધી એ શરીર પર જ રહેતું હતું. એની મીઠી સુગંધ ચામડી પરથી એકધારી આવતી જ રહેતી. અમે તો સ્કુબા ડ્રેસ પર જ એ તેલ લગાવી લીધું! પોલે યાદ કરીને હેસ્લિંગનાં ધુનીકાકાએ આપેલો પેલો પાવડર પણ જોડે લઈ લીધો હતો.

સવારના નવ વાગીને બરાબર ૪૫ મિનિટે અમે એટલાંટિક મહાસાગરના એ ઠંડા અને ભેદી પાણીમાં ઝંપલાવ્યું. હું હજું તો માંડ સત્તર ફૂટની ઊંડાઈએ પહોંચ્યો ત્યાં જ મારો પગ દરિયાના તળિયાને બદલે નક્કર જમીન પર – અરે જાણે કે સીમેન્ટ-ક્રોકિટની સપાટી પર અડક્યો. મારા સ્કુબા માસ્કનાં ચશ્માંમાંથી મેં જોયું તો ત્યાં ફક્ત શેવાળ જ હતી. મેં આજુબાજુ રહેલા મારા સાથીઓને ઇશારો કર્યો. એ લોકો મારી નજીક આવી ગયા. અમે બધાએ પોતાના હાથ અને પગથી એ જગ્યાએ સ્પર્શી જોયું. ખરેખર એ જમીન એકદમ નક્કર લાગતી હતી. પરંતુ નરી આંખે જોતા તો ફક્ત શેવાળનું એક મોટું પડ જ દેખાતું હતું. જે અમારી આજુબાજુ દૂર સુધી વિસ્તરેલું હતું. એ જ વખતે પોલ આગળ આવ્યો. એણે એની પાસેની નાનકડી ડબ્બી ખોલી. એમાં હેસ્લિંગના ધુનીકાકાએ આપેલ સફેદ પાવડર હતો. ડબ્બી ખોલતા જ એમાંનો પાવડર પાણીનાં સંપર્કમાં આવ્યો. પોલે એ ડબ્બી હાથમાં પકડી રાખી. ડબ્બીની આજુબાજુ પાંચેક ફૂટ સુધીનો વિસ્તાર એકદમ ચોખ્ખો થવા લાગ્યો. જેવું એ પાણી તળિયા સુધી પહોંચ્યું કે તરત જ બધી જ શેવાળ જાણે કે કોઈએ ઘસી-ઘસીને કાઢી ન નાખી હોય એમ ત્યાંથી સંપૂર્ણપણે ખસી ગઈ. એ દસ ફૂટના ઘેરાવામાં આવેલ દરિયામાં જાણે કે કોઈએ સંપૂર્ણ પારદર્શક માધ્યમ બિછાવી દીધું હોય એવું સ્પષ્ટ દેખાવા માંડ્યું. તળિયા પર અમે જે દ્રશ્ય જોયું એનાથી અમારી આંખો ફાટી જ રહી.

દરિયાને તળિયે સરસ મજાના પગથિયાં હતાં.[૭] ચૂનાનાં પથ્થર ગોઠવીને કોઈએ એ બનાવ્યા હતા. દસ ફૂટ લંબાઈ અને ૧૩ ફૂટ પહોળાઈ ધરાવતા એ પગથિયા અમે હતાં ત્યાંથી ઉત્તર-પૂર્વ તેમજ દક્ષિણ-પશ્ચિમ તરફ ઝઈ રહ્યાં હતા. અમને દસ બાર ફૂટ કરતા વધારે વિસ્તારનું કાંઈ પણ ચોખ્ખું નહોતું દેખાતું. પરંતુ એ પગથિયાં ક્યાંક આગળ જઈ તો રહ્યાં જ હતા.

દરિયામાં આટલા મોટાં અને વિશાળ પગથિયાં જોઈને અમને નવાઈ લાગતી હતી. મને ખાતરી હતી કે દુનિયામાં આના વિશે કોઈને ખ્યાલ નહીં જ હોય. નહીંતર ક્યાંક, કોઈક તો ઉલ્લેખ કરે જ. અમને એ પગથિયાંનો ફોટો પાડવાનું ખૂબ જ મન થયું. પરંતુ અમારી પાસે પાણીમાં કામ આપે એવો કેમરો નહોતો.

હેસ્લિંગના ધુનીકાકાએ આપેલ પાવડરની નાની નાની ડબ્બીઓ અમારા બધાના સામાનમાં હતી. એનો ઉપયોગ કરીને અમે આગળ વધ્યા. એ

---

૭. એ પગથિયા હવે બીમીની રોડ તરીકે ઓળખાય છે.

પગથિયા તો ઉત્તરમાં ઘણે દૂર સુધી જતા હતાં. પરંતુ અમને એનાથી બરાબર ૯૦ ડિગ્રીના ખૂણે ઉતરતા બીજા પગથિયાં દેખાયા. ત્યાંથી દરિયો વધારે ઊંડો બની જતો હતો. અત્યારે તો અમે ફક્ત ૧૭ ફૂટ જેટલા ઊંડા દરિયામાં જ હતા. અમે એકબીજા સામે જોયું. પાણી નીચે અમને વીસ મિનિટથી વધારે સમય થઈ ગયો હતો. અમારા ઑક્સિજન સિલિંડર ફક્ત પોણો કલાક ચાલે એટલી જ હવા ધરાવતા હતા. અમે એકબીજાને ઉપર જવાનો ઇશારો કર્યો.

બધા ઉપર આવી ગયા. અમે ડૂબકી મારી હતી એ જગ્યાથી અમે થોડા દૂર નીકળ્યા. ઇત્ઝેલ અને અબાના અમારી તરફ હાથ હલાવી રહ્યાં હતા. એ લોકોને સ્પ્રે ચલાવતા નહોતું આવડતું એટલે અમે લોકો તરતાં તરતાં સ્પ્રે સુધી પહોંચ્યાં. તૂતક પર જઈને અમે થોડીવાર થાક ખાધો.

'માઇકલકાકા! કૅપ્ટન!' મેં કહ્યું. 'જો આપણે બધા ડૂબકી મારશું તો થોડીવારમાં જ બધાના ઑક્સિજન સિલિંડર ખાલી થઈ જશે. અને હવે દુનિયામાં ક્યાંય પણ એ મળશે નહીં. કારણ કે દુનિયામાં ક્યાંય હજુ એ શોધાયા જ નહીં હોય! આ ૧૭૧૭નું વરસ છે, અને સૌથી પહેલા આવા મશીન દુનિયામાં ૧૮૭૯માં શોધાયા હતા. એટલે અત્યારે ૧૭૧૭માં એ મળે નહીં એ સ્વાભાવિક છે. આપણે એક કામ કરીએ. હું, માઇકલકાકા, કૅપ્ટન તેમજ આલ્બર્ટો, એમ ચાર જણ ડૂબકી મારીએ. બાકીના બધા સ્પ્રે પર જ રહે. જેથી કરીને આપણે આપણી આ શોધખોળ વધારે લાંબો સમય ચાલુ રાખી શકીશું. શું કહો છો બધા?'

બધાએ મારી વાતમાં સંમતિ પુરાવી. પરંતુ કૅપ્ટને ના પાડી! એમણે કહ્યું, 'મને લાગે છે કે આ કામ માટે હું સાવ નકામો છું. મારી જગ્યાએ તમે ઇત્ઝેલને લઈ જાઓ. એ પુરાતત્ત્વનું ભણે છે એટલે એને કોઈ બીજી ભાષા કે એવું વાંચતા પણ આવડશે. મને તો સ્કુબા બગડશે તો તરતા પણ આવડતું નથી. એના કરતાં હું સ્પ્રેને સંભાળીશ. મારા ગમતા વહાણને છોડીને મને ધરતી પણ બીજે ક્યાંય રહેવું ગમતું નથી. એટલે હું સપાટી પર જ રહીશ. તમે ઇત્ઝેલને લઈ જાવ!'

'પરંતુ તમે વધારે ઊંડાઈએ જાશો તો ત્યાં અંધારું નહીં હોય?' તમને દેખાશે કઈ રીતે?' પોલે પૂછ્યું.

'જો પોલ! બીમીનીનો આ દરિયો ખૂબ જ ચોખ્ખો છે. આટલા ચોખ્ખા પાણીમાં લગભગ ૧૦૦ ફૂટ સુધીનું ઘણું સ્પષ્ટ દેખાતું હોય છે. ઉપરાંત બધી વસ્તુઓ ચોખ્ખી જોવા માટે આ સ્કુબા એપેરેટસમાં જોડે જ આવેલા ચશ્માં

પણ ખાસ પ્રકારના બાયફોકલ લેન્સ[૮] ધરાવે છે. એટલે અમને વધારે તકલીફ નહીં પડે! જો આ ચશ્માં ન હોય તો નજીકની વસ્તુ ખૂબ જ ઝાંખી દેખાય. પરંતુ બહિર્ગોળ લેન્સ ધરાવતા આ ચશ્માંથી અમને નજીકની વસ્તુઓ પણ બરાબર દેખાશે!' મેં જવાબ આપ્યો.

પોલે માથું ધુણાવ્યું.

મેં આલ્બર્ટો સામે જોયું અને પૂછ્યું, 'આલ્બર્ટો! કૅપ્ટન ઇત્ઝેલને લઈ જવાનું કહે છે, તું સંમત છો એ વાત સાથે?'

આલ્બર્ટોએ હકારમાં માથું હલાવ્યું અને કહ્યું, 'ઠીક! એ તો એકદમ સારું થશે, કારણ કે મેં પુરાતત્ત્વનું ભણવાનુ છોડી દીધું છે, પરંતુ ઇત્ઝેલ તો હજુ એ જ ભણી રહી છે. એને હાયરોગ્લાઇફિક્સ ઉપરાંત સંસ્કૃત ભાષા પણ આવડે છે. વિશ્વના ઘણા જૂના પહાડો કે જૂના સ્મારકો પર સંસ્કૃતમાં લખાણ જોવા મળે છે. એટલે એણે એ અભ્યાસ પણ કર્યો છે. ઉપરાંત તને નવાઈ લાગશે, પરંતુ ઇત્ઝેલ ફિઝિક્સ(ભૌતિકશાસ્ત્ર)માં આગળ ભણવાનું પણ વિચારી રહી છે. એટલે ઇત્ઝેલ આપણી સાથે આવશે તો આપણને જરૂર મદદરૂપ થશે.'

મારા અન્ય સાથીઓએ પણ સંમતિ આપી. અમે કૅપ્ટનનો સ્કુબા સ્યુટ ઇત્ઝેલને પહેરાવ્યો. કૅપ્ટને સ્પ્રેને અમે જે જગ્યાએથી નીકળ્યા હતા એ જગ્યા સુધી લીધું. થોડીવાર થાક ખાઈ લીધા પછી ફરીથી અમે આ ઑક્સિજન સિલિંડર્સ સાથે ડૂબકી મારી.

* * *

અમે લોકો મુખ્ય પગથિયાંઓથી ૯૦ ડિગ્રીના ખૂણે ફંટાતાં પગથિયાં સુધી પહોંચી ગયાં. પાણીની ઊંડાઈ ૧૭ ફૂટ જેટલી હતી. ખૂબ નીચે સુધી સ્પષ્ટ દેખાતું હતું. પરંતુ પગથિયાં ક્યાં સુધી નીચે જતાં હતાં એ નહોતું દેખાતું. એના લીધે જ અમને થોડીક ચિંતા થતી હતી. અમને સૌથી વધારે બીક વધારે ઊંડાઈમાં જવાની લાગતી હતી, કારણ કે એમાં પાછા સપાટી પર આવતી વખતે લોહીમાં હવાના પરપોટા થવાનું જોખમ રહેતું હોય છે.

અમે પગથિયાં ઊતરવાનું શરૂ કર્યું. લગભગ પચાસેક ફૂટ નીચે પહોંચ્યાં પછી અમે આશ્ચર્યમાં પડી ગયાં. અમારી બરાબર સામે જાણે કે શેવાળનો એક મોટો ડુંગર ઊભો હતો. અમારી નવાઈ વચ્ચે એ શેવાળમાંથી વચ્ચે-વચ્ચે ક્યારેક એકદમ સફેદ પ્રકાશનું કિરણ નીકળતું દેખાતું હતું. પરંતુ એ

---

૮. અમેરિકાના બેંઝામિન ફ્રેંકલિને ૧૭૭૫માં બાયફોકલ કાચનાં ચશ્માંની શોધ કરી હતી.

ફક્ત એકાદ ક્ષણ માટે જ! બાકીના સમયમાં તો એ ધીમે ધીમે હલતી શેવાળની એક ટેકરી જ લાગતી હતી.

અમે એ ટેકરીની ત્રણ તરફ એક એક જણ એમ ઊભાં રહી ગયાં. પછી હુસ્લિંગના ધુનીકાકાએ આપેલ પેલા પાવડરની ડબ્બી ખોલી અને એ ઢગલાની આસપાસ એ ભીનો પાવડર ફેંક્યો. એ પાવડરમાં એવી કાંઈક શક્તિ હતી કે પેલી શેવાળ હટવા માંડી. લગભગ પાંચેક મિનિટ પછી અમે જે જોયું એ જોઈને કોઈપણ વ્યક્તિ અચંબામાં પડી જ જાય એવું એ દૃશ્ય હતું.

અમારી બરાબર સામે એક ઝળહળતો પિરામિડ ઊભો હતો. એની દીવાલો તેમજ ટોચમાં જડેલાં ક્રિસ્ટલમાંથી ઝળાહળા પ્રકાશ નીકળી રહ્યો હતો. બર્મ્યુડા ટ્રાંયેગલમાં મુસાફરી કરતા ઘણા વહાણોએ દરિયાના પાણીમાં આવો ભેદી અને લીલાશ પડતો સફેદ પ્રકાશ જોયાનું નોંધેલું છે એ મને યાદ આવી ગયું. ક્યારેક શેવાળ કુદરતી રીતે ખસી જવાથી સપાટી સુધી આ પ્રકાશ રેલાતો હશે અને સંખ્યાબંધ વહાણોએ એ જોયો હશે એવું બની શકે. પિરામિડ કેટલો ઊંચો હતો એ નક્કી નહોતું થઈ શકતું, કારણ કે એના પ્રવેશદ્વાર પાસે એની ઊંચાઈ દસેક ફૂટ હતી. પણ એની પાછળની તરફ પાણી ખૂબ જ ઊંડું થઈ જતું હતું. એટલે અમે એની કુલ ઊંચાઈ નહોતા જાણી શકતા. ઉપરાંત અમે કોઈ એની પાછળના ઊંડા પાણીમાં જવા પણ નહોતા માંગતા કારણ કે હવે પાણીમાં બરાબર જોઈ શકાતું નહોતું. ઘણીવાર આકાશમાં ખૂબ જ વાદળો છવાયાં હોય તો પણ પાણીમાં ઊંડે સુધી જોઈ શકવાની ક્ષમતા ઘટી જતી હોય છે. ક્યારેક ક્યારેક અમારી ઉપરનાં પાણીમાં દેખાતા ચમકારા પરથી લાગતું હતું કે કદાચ બહાર કોઈ તોફાનની કે ગાજવીજની અસર શરૂ થઈ ગઈ હોઈ શકે.

પિરામિડના ખુલ્લા પ્રવેશદ્વારમાંથી અમે ચારેય દાખલ થયાં. પ્રવેશતાં જ અમે જોયું કે બાજુની દીવાલ પર કાંઈક લખેલું હતું. અમે ઇજિપ્તના અલ-અમર્નાની રૉયલવાડીની કબરની અંદર તેમજ અલ-અમર્નાના રણમાં આવેલ ઓટલા પર જોયેલા એવા જ હાયરોગ્લાઇફિક્સ એ દીવાલ પર કોતરેલા હતા. નવાઈની વાત તો એ હતી કે પાણીમાં હોવા છતાં પિરામિડના ક્રિસ્ટલ્સમાંથી લીલાશ પડતો સફેદ પ્રકાશ અવિરતપણે નીકળી રહ્યો હતો. આલ્બર્ટો તેમજ ઇત્ઝેલ ઝડપથી એ લખાણ વાંચવા લાગ્યાં. એ પછી એમણે અમને ઉપર જવાનો ઇશારો કર્યો.

મને નવાઈ લાગી. અમારી પાસે હજુ પૂરતો ઑક્સિજનનો જથ્થો હતો.

તો પછી આલ્બર્ટો તેમજ ઇત્ઝેલ બંનેએ ઉપર જવાનો ઇશારો શું કામ કર્યો હશે? મેં માઇકલકાકા તરફ જોયું. એમણે પણ સંમતિસૂચક માથું હલાવ્યું. અમે બધાંએ ઉપર આવવા તરવાનું શરૂ કર્યું.

ઉપર પહોંચીને અમે જોયું તો સ્પ્રે આ વખતે અમારી એકદમ નજીક હતું. આકાશમાં ગાઢ વાદળો છવાઈ ગયાં હતાં. રાત જેવું અંધારું થઈ ગયું હતું. અમે સ્પ્રેના તૂતક પર ચડ્યાં. જેવા અમને જોયા કે તરત જ કૅપ્ટને અમને ઉત્તર-પશ્ચિમ દિશામાં જોવા કહ્યું. એમની આંખો નવાઈથી પહોળી થઈ ગઈ હતી. અમે સ્પ્રેના તૂતક પર પહોંચીને એ તરફ જોયું. કૅપ્ટને બતાવી એ જગ્યાએ લીલાશ પડતો સફેદ પ્રકાશ પૂરી સપાટી પર ફેલાઈ ગયો હતો. ગાઢ વાદળોના કારણે એટલું અંધારું થઈ ગયું હતું કે દિવસ હોવા છતાં એ પ્રકાશ સ્પષ્ટ દેખાતો હતો.

'શું છે ત્યાં? તમે કાંઈ જોઈ શક્યા?' કૅપ્ટન તથા મારા સાથીઓએ લગભગ એકસાથે પૂછ્યું.

'ક્રિસ્ટલથી પ્રકાશિત પિરામિડ!' મેં જવાબ આપ્યો.

એમની આંખ નવાઈથી વધારે પહોળી થઈ ગઈ.

બરાબર એ જ વખતે પેલો લીલાશ પડતો સફેદ પ્રકાશ બંધ થઈ ગયો.

આકાશમાં એક ચમકારો થયો અને એક જોરદાર કડાકો થયો. સ્પ્રેથી ફક્ત થોડાક ફૂટ દૂર જ વીજળીનો ગોળો પાણીમાંથી ઉપર ચડી ગયો.[૯] અમારાં બધાનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ઘડીક તો બધાં સાવ આંધળા-ભીંત બની ગયાં. કાનમાં તમરાં બોલી ગયાં. એની કળ વળે એ પહેલા બીજો એક કડાકો થયો. વીજળીનો એવો જ બીજો એક ઝળહળતો ગોળો સ્પ્રેની બિલકુલ બાજુમાંથી જ ઉપર આકાશમાં ચડ્યો અને બરાબર એની ઉપર જ ઝળૂંબતા સ્પ્રેના વાળી લીધેલાં મુખ્ય સઢને અડકતો ગયો. સ્પ્રેના મુખ્ય સઢમાં આગ લાગી ગઈ. કૅપ્ટને ઝડપથી સઢ ઉતારી લીધો. પરંતુ ત્યાં સુધીમાં મુખ્ય સઢને ખાસ્સું નુકસાન થઈ ચૂક્યું હતું. એ પછી ઝરમર વરસાદ શરૂ થયો. પવનની ઝડપ ઘણી વધારે હતી. લંગર નાખેલ હોવા છતાં સ્પ્રે ઘણું બધું હાલકડોલક થતું હતું. ફરી એક જોરદાર ગડગડાટી થઈ. એ પછી તરત જ દરિયામાંથી આવતો પેલો લીલાશ પડતો સફેદ પ્રકાશ ફરીથી દેખાવા લાગ્યો.

૯. મોટા ભાગનાં કિસ્સાઓમાં વીજળી પડવાને બદલે આકાશમાં ચડતી હોય છે. પરંતુ એની તીવ્ર ઝડપનાં કારણે આપણને હંમેશાં એવું જ લાગે છે કે જાણે વીજળી આકાશમાંથી ધરતી પર પડી! હકીકતમાં વીજપ્રવાહ ઋણભાર તરફથી ધનભાર તરફ વહે છે. પૃથ્વી સૌથી વધારે ઋણભાર ધરાવે છે.

૮

ક્રિસ્ટલના પ્રકાશનું રહસ્ય!

'કેમ ઇત્ઝેલ! આલ્બર્ટો! તમે સપાટી પર આવી જવાનું કેમ કહ્યું? આપણી પાસે તો ઑક્સિજનનો પૂરતો જથ્થો હતો! આપણા સિલિન્ડર્સ તો હજુ ૩૦ મિનિટ ચાલે એટલાં ભરેલાં છે. તો પછી આવું શું કામ કર્યું?' મેં સ્કુબા માસ્ક કાઢતાં પૂછ્યું.

આલ્બર્ટો તેમજ ઇત્ઝેલે એકબીજા સામે જોયું. પછી ઇત્ઝેલ બોલી, 'ડીક! માઇકલકાકા! એ જગ્યાએ આપણને ન સમજાય એવી વાત લખેલી હતી. હા, પણ એક ગંભીર સૂચના વાંચીને અમને થયું કે પિરામિડમાં ઘૂસતાં પહેલાં એ અંગે આપણે વાત કરી લેવી જોઈએ.'

'ગંભીર સૂચના?!' અમારાં બધાનાં મોંમાંથી એકસાથે નીકળી ગયું.

'હા! ગંભીર સૂચના!' ઇત્ઝેલ બોલી, 'તમે સૌ માદામ ક્યુરીનું[૧૦] નામ તો જાણતા જ હશો. એમણે તો હમણાં એકાદ દાયકાથી જ રેડિયેશનથી થતાં ફાયદા તેમજ નુકસાનની વાત કરી છે. પરંતુ સદીઓ જૂના આ પિરામિડમાં એ અંગે સ્પષ્ટ લખેલું છે અને એ અંગે સૂચના પણ આપેલી છે!'

'શું સૂચના આપેલી છે એ જલદી કહેને, ઇત્ઝેલ!' પોલે અધિરાઈથી કહ્યું.

'એમાં લખ્યું છે કે પહેલા જોઈ લેવું કે અંદર ગોઠવેલ મશીનની આજુબાજુનું પારદર્શક પડ સલામત તો છે ને? જો એમાં તીરાડ દેખાય કે એની અંદરની તરફ ધુમ્મસ જામેલું દેખાય તો એ ખંડમાંથી તુરંત નીકળી જવું. એમાંથી એવાં કિરણો નીકળશે કે ત્યાં ઊભેલ વ્યક્તિને ખૂબ જ નુકસાન થઈ શકે. અને એવું પણ લખેલું છે કે ત્યાં ઊભા રહેનારનું શરીર સળગી

૧૦. ૧૯૦૩માં માદામ ક્યુરી (મેરી ક્યુરી)ને રેડિયોએક્ટિવિટીની અગત્યની શોધ માટે નોબેલ પારિતોષિક એનાયત થયેલું. ૧૯૧૧માં એમને રસાયણશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ મળેલું. રેડિયેશન = કિરણોત્સર્ગ

જઈ શકે અથવા ગંભીર બીમારીમાં સપડાઈ શકે!' ઇત્ઝેલે કહ્યું.

'અને બીજું એવું લખેલું છે કે એન્ટિ-મેટરને એના નિષ્ણાત સિવાય કોઈએ બદલવાની કે અડકવાની કોશિશ ન કરવી.' આ વખતે આલ્બર્ટોએ કહ્યું.

'એન્ટિ-મેટર એટલે વળી શું?' અમે બધાં એક સાથે બોલી ઊઠ્યાં.

'એ એક અઘરો વિષય છે. એ અંગે પછી વાત કરીશું, પરંતુ અગાઉ ઇત્ઝેલે જે કહ્યું એ કિરણો એટલે કે રેડિયેશન જોખમી હોય છે! અને આ બધી વાતો પાણી નીચે માસ્ક સાથે કરવી શક્ય નહોતી. એટલે આપણે બધાં ઉપર પાછાં આવ્યાં. બોલો, હવે શું કરવું છે?'

'એમાં પૂછવાનું શું હોય?' માઇકલકાકા બોલ્યા, 'જવાનું જ હોય ને! આપણે એના માટે તો અહીં આવ્યાં છીએ! જો એ ભેદી મશીનની આજુબાજુનું પારદર્શક આવરણ નુકસાન પામેલું હશે તો આપણે જલદી પાછા આવતા રહીશું, બરાબર? આપણે ઑક્સિજન સિલિન્ડર્સ નવા લઈ લઈએ, એટલે વધારે સમય મળી રહે!'

માઇકલકાકાની વાત સાચી હતી. એ ક્રિસ્ટલનું રહસ્ય જાણવા તો અમે અહીં સુધી આવ્યાં હતાં. અમે બધાં તૈયાર થઈ ગયાં. નવા સિલિન્ડર્સ લઈને અમે ફરીથી ડૂબકી મારી.

પિરામિડના પ્રવેશદ્વાર પાસેનું લખાણ આલ્બર્ટો અને ઇત્ઝેલે ફરીથી એકવાર ઝડપથી જોઈ લીધું. એ પછી અમે જમણી તરફ વળીને એની મુખ્ય ચેમ્બરમાં પ્રવેશ્યાં. ચેમ્બરનું પ્રવેશદ્વાર થોડુંક ઊંચું હતું. ત્યાંથી અંદર અને બહાર સારો એવો ઢાળ હતો. એ ચેમ્બરને જોઈને અમારી નવાઈનો પાર ન રહ્યો. પાણીની નીચે આવેલ એ ચેમ્બરમાં બરાબર વચ્ચે એક કાચની કેબિન હતી. એ વૉટરટાઇટ લાગતી હતી કારણ કે એની અંદર પાણીનું એક ટીપું પણ નહોતું. એમાં અંદર જવાનું કોઈ કરતા કોઈ દ્વાર દેખાતું નહોતું. એની મધ્યમાં એક વિચિત્ર ધાતુનું બનેલું હોય એવું મશીન હતું. એવી જ કોઈ ધાતુના ચાર પાયા પર એ ચેમ્બર ઊભી હતી. એમાં એ મશીન ઊભું હતું. એ મશીનની બરાબર વચ્ચે એક મોટું પોલાણ હતું. એ પોલાણમાં હવામાં તરતી હોય એવી કોઈ ધાતુ એમ જ અધ્ધર લટકતી હતી. પારદર્શક ચેમ્બરની બરાબર પાછળની દીવાલમાં એક મોટું દ્વાર હતું. એ દ્વાર પર લખેલું હતું :



એ જોઈને આલ્બર્ટો અને ઇત્ઝેલ નવાઈ પામી ગયાં. એ બંનેએ ઇશારાથી મને કાંઈક સમજાવવાની કોશિશ કરી, પરંતુ મને કાંઈ સમજણ પડી નહીં.

અચાનક પેલા મશીનમાં કાંઈક ઘરઘરાટી થઈ. થોડીવાર માટે પિરામિડના બધા જ ક્રિસ્ટલમાંથી નીકળતો પ્રકાશ ઝાંખો થઈ ગયો. એ પછી પેલા મશીનની વચ્ચે લટકતી કોઈક અજાણી ધાતુના કણોમાંથી થોડા કણો મશીનમાં દાખલ થઈ ગયા. ફરીથી એક વાર જોરદાર ધ્રુજારી થઈ. મશીનનો બરાબર નીચલો ભાગ જે સખત ધાતુનો લાગતો હતો એ એકદમ લાલ રંગનો થઈ ગયો. પછી મશીનની ઉપરના કેટલાંક કાણાંઓમાંથી પ્રકાશના શેરડાઓ બરાબર જ્યાં જ્યાં પેલા ક્રિસ્ટલ્સ રાખેલા હતા એ દિશામાં પડ્યા. થોડીવાર પછી એ શેરડાઓ બંધ થઈ ગયા. અને ચારેતરફ જડેલાં ક્રિસ્ટલ્સ એકદમ પ્રકાશિત બની ગયા. આ આખી પ્રક્રિયામાં મને અને માઇકલકાકાને કાંઈ સમજ ન પડી. પરંતુ આલ્બર્ટો તેમજ ઇત્ઝેલ મશીન પર લખાયેલ હાયરોગ્લાઇફિક્સ વાંચીને-ઉકેલીને આ આખી પ્રક્રિયા સમજી ગયા હોય એવું લાગ્યું. અમે જોયું કે મશીન સાતેક જણ ભેગા થઈને ઊંચકે તો ઊંચકી શકાય એવું હતું. કદાચ એનું વજન ચાલીસ કિલો જેટલું હોઈ શકે એવું લાગતું હતું. જો એને દુનિયામાં પાછું લઈ જઈ શકાય તો દુનિયાને વરસોના વરસો નહીં પણ સદીઓ સુધી ચાલે તેવો ઊર્જાનો સ્રોત મળી શકે એમ હતો.

ઇત્ઝેલ તેમજ આલ્બર્ટોએ અમને ઇશારો કર્યો. અમે સ્પ્રે પર પાછાં ફર્યાં.

'આલ્બર્ટો! ઇત્ઝેલ! જલદી કહો કે આ મશીન, એમાં ચાલતી પ્રક્રિયા તેમજ પાછળના દ્વાર પર લખેલું કાંઈક વિચિત્ર લખાણ એ બધું શું હતું? એમાં શું લખ્યું હતું? એ મશીન ફક્ત થોડીક વાર જ કેમ ચાલ્યું? પછી પેલા ક્રિસ્ટલ પ્રકાશિત કેમ થઈ ગયા? એ મશીનનો નીચેનો ભાગ લાલ શા માટે થઈ ગયો હતો?' મેં આજે પહેલી વાર પોલની માફક એકસાથે આટલા બધા પ્રશ્નો પૂછી નાખ્યા.

ઇત્ઝેલ તેમજ આલ્બર્ટો હસી પડ્યાં. પછી આલ્બર્ટોએ કહ્યું, 'ઠીક! જમ્યા પછી વાત કરીએ તો કેવું?' મેં હા પાડી. બરાબર એ જ સમયે ફરીથી વરસાદ શરૂ થઈ ગયો. અમે બધાં સ્પ્રેની કૅબિનમાં આવી ગયાં. અમે સ્કુબા ડ્રેસ કાઢી નાખ્યા. બપોરનું જમવાનું તૈયાર હતું. અમે જમી લીધું પછી આલ્બર્ટો તેમજ ઇત્ઝેલની આજુબાજુ બધાં ગોઠવાઈ ગયાં.


આલ્બર્ટો બોલ્યો, 'જુઓ! પેલું મશીન મેટર અને એન્ટિમેટરનું સંયોજન કરતું મશીન હતું. એના પર લખેલા હાયરોગ્લાઇફિક્સ મુજબ એ મશીનમાં વચ્ચે લટકાતી ધાતુ એન્ટિમેટર હતી. એન્ટિમેટર જો મેટરને મળી જાય તો બંને એકબીજાનો તુરંત નાશ કરી નાખે. એવું ન થાય એટલા માટે એન્ટિમેટરને એ મશીન અતિશક્તિશાળી ચુંબકીય ક્ષેત્રમાં એ ક્યાંય અડકે નહીં એમ લટકતી જ રાખતું હતું. જરૂર પડે ત્યારે એન્ટિમેટરને એક ખાસ ચુંબકીય ક્ષેત્રવાળી ભઠ્ઠીમાં માત્ર ખૂબ જ થોડા પ્રમાણમાં લઈ જવામાં આવે. એ વખતે પણ એન્ટિમેટર ક્યાંય મેટરને અડકી ન જાય એનું ધ્યાન રાખવામાં આવે. નીચેની ખાસ ભઠ્ઠીમાં બંનેનું સંયોજન પણ શક્તિશાળી ચુંબકીય આવરણની વચ્ચે જ થાય એવું ધ્યાન રાખવામાં આવ્યું હતું. એ પછી સીસા સાથે અન્ય ધાતુઓ ભેળવીને બહારનું જાડું આવરણ બનાવવામાં આવ્યું હતું. જે સમગ્ર પ્રક્રિયા દરમિયાન તપીને લાલ થઈ ગયું હતું. એની બહાર પણ એક પારદર્શક આવરણ હતું જે ગામા-કિરણોનું કવચ (ગામા રે શિલ્ડ) હતું. એના કારણે ભયજનક જથ્થામાં બહાર પડતાં ગામા-કિરણો મશીનની બહાર નહોતા નીકળતા. એ પ્રક્રિયાથી જે ઊર્જા પ્રાપ્ત થાય એમાંથી દરેક ક્રિસ્ટલ તરફ પ્રકાશનો શેરડો ફેંકવામાં આવે, અને પીઝોઇલેક્ટ્રિસિટીના સિદ્ધાંત પર કામ કરતા એ ક્વાર્ટ્ઝ ક્રિસ્ટલ્સ દિવસો સુધી ચાલે એટલો પ્રકાશનો જથ્થો સંગ્રહ કરી લે. એ પછી વારંવાર મશીનની ભઠ્ઠી કાર્યરત કર્યા સિવાય પણ પ્રકાશ મળતો રહે એવી વ્યવસ્થા થઈ જાય! બોલો છે ને લાજવાબ શોધ? અને એ પણ કોને ખબર કેટલી સદીઓ પહેલા એ થઈ હશે? એવું લાગે છે ને કે આપણી કરતાં પણ બુદ્ધિશાળી લોકો આપણાથી હજારો વરસ પહેલા આ પૃથ્વી પર થઈ ગયા છે?!'

આલ્બર્ટોએ મશીન અંગેની વાત પૂરી કરી. પછી એ પણ કહ્યું કે એને એન્જિનિયરિંગના પ્રથમ વરસમાં ભૌતિકશાસ્ત્રમાં આ બધું ભણાવવામાં આવે છે.

'ઇત્ઝેલ! પાછળની દીવાલ પર એક મોટો દરવાજો હતો, જેના પર કાંઈક હાયરોગ્લાઇફિક્સ લખેલું હતું. એ શું હતું?' મેં ઇત્ઝેલને પૂછ્યું. કારણ કે ઇત્ઝેલ હજુ પુરાતત્ત્વશાસ્ત્રનો જ અભ્યાસ કરી રહી હતી.

'ઠીક! એ વાંચીને તો મને પણ બરાબરની નવાઈ લાગેલી.' ઇત્ઝેલ બોલી. પછી એક કાગળ લઈને એના પર સીસાપેન(પેન્સિલ)થી એણે ફરીથી

એ હાયરોગ્લાઇફિક્સનું લખાણ લખ્યું. પછી કહ્યું, 'જો ડીક! તું આ પ્રકારના લખાણની જ વાત કરતો હતો ને?'



મેં હાયરોગ્લાઇફિક્સ ધ્યાનથી જોયું અને હા પાડી.

'એનો અર્થ થાય છે...' ઇત્ઝેલ થોડીવાર અટકી, આલ્બર્ટો સામે જોયું, પછી બોલી, 'એનો અર્થ થાય છે : 'કિમેત તરફ!' કિમેત એટલે આજનું ઇજિપ્ત!'

અમે બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં.

'એટલે અહીંથી સીધા ઇજિપ્ત સુધી જવાનો રસ્તો, એમ? દરિયાની નીચે થઈને?' પોલ બોલ્યો.

'હા! સીધા જ ઇજિપ્ત જવાનો રસ્તો! દરિયાની નીચે થઈને જ!' ઇત્ઝેલ બોલી.

સ્પ્રેની કેબિન પર સન્નાટો છવાઈ ગયો. મને પ્લેટોએ લખેલ ક્રિતિઆઝ યાદ આવી ગયું. એમાં એણે એટલાંટિક મહાસાગરમાં સદીઓ પહેલા આવેલા એક મોટા ખંડનું વર્ણન કરેલું છે. એ ખંડને પ્લેટોએ એટલાંટિસ એવું નામ આપેલું. એના લોકોએ વિજ્ઞાન અને કળામાં ખૂબ જ પ્રગતિ કરી હતી. એ લોકો ઇજિપ્તના લોકો સાથે સતત સંપર્કમાં રહેતા હતા. ઉપરાંત એ લોકોએ ઇજિપ્ત જવા આવવા માટે જમીનની નીચે તેમજ દરિયાનાં પેટાળમાં રસ્તાઓ બનાવેલા. જ્યારે એટલાંટિસ ખંડ ડૂબી ગયો ત્યારે એના ઘણા લોકો જમીનની નીચેના માર્ગે થઈને ઇજિપ્ત જતા રહ્યા હતા. ઇજિપ્તનો આખો રાજવંશ હકીકતમાં આ એટલાંટિયનમાંથી ઊતરી આવેલો છે. આ પિરામિડમાંથી જે રસ્તો ઇજિપ્ત તરફ જતો હતો એ કદાચ આ જ રસ્તો હશે!

મને રોમાંચ થઈ આવ્યો. આનો અર્થ એ જ કે પેલો દરવાજો જરૂર ઇજિપ્ત જતો હશે!

થોડીવાર કોઈ કાંઈ ન બોલ્યું. સ્પ્રે પર ફરી એકવાર શાંતિ છવાઈ ગઈ.

પછી અચાનક પોલ બોલી ઊઠ્યો, 'આલ્બર્ટો! ગામા-કિરણો એ અમારાં બીરા બંદરના હૉસ્પિટલમાં ભાંગેલાં હાડકાનાં ફોટા પાડવામાં ઉપયોગ થાય છે એ જ ને?'

આલ્બર્ટો હસી પડ્યો અને બોલ્યો, 'હા પોલ! લગભગ એવું જ. પરંતુ હૉસ્પિટલમાં વપરાતાં એ કિરણો ક્ષ-કિરણો કહેવાય. એનાથી ગામા-કિરણો કરતા ઓછું નુકસાન થાય. અમારાં ભૌતિકશાસ્ત્ર મુજબ ક્ષ-કિરણો કરતા ગામા-કિરણોની તરંગ લંબાઈ ઓછી હોય છે. ક્ષ-કિરણો ઇલેક્ટ્રોનમાંથી નીકળે છે જ્યારે ગામા-કિરણો અણુના કેન્દ્રમાંથી નીકળે છે. પરંતુ આપણા માટે તો એ જ જરૂરી છે કે પેલા મશીનની આજુબાજુનું આવરણ સાબૂત રહેવું જોઈએ, જેથી આપણને નુકસાન ન થાય. જો આપણે એ મશીન લઈ જઈ શકીએ તો સદીઓ સુધી આપણા પ્રદેશમાં વીજળીની સમસ્યાનો ઉકેલ આવી જાય. ઉપરાંત એ મશીનનો અભ્યાસ કરીને એવાં બીજાં મશીનો પણ બનાવી શકાય. ટૂંકમાં આપણે દુનિયાની ઘણી તકલીફો દૂર કરી શકીએ. આ એક જ મશીન દુનિયાને મળવાથી લોકોનું જીવન ઘણું સારું બની જાય. હવે આપણે એક કામ કરીએ, આપણે બધા એક સાથે પેલા પિરામિડમાં જઈને એ મશીન સ્પ્રે પર લઈ આવીએ.'

'પણ આલ્બર્ટો! આપણે તો ૨૦૦ વરસ પાછળના સમયમાં આવી ગયા છીએ એનું શું?' રૉબર્ટ બોલ્યો.

'રૉબર્ટ! આ બર્મ્યુડા ટ્રાયેંગલ છે. આપણે સ્પ્રે પર મશીન રાખીને રાહ જોવાની. અહીં ગમે ત્યારે પેલું વાદળ આવી જાય એવું બની પણ શકે. જો એવું સમયનું છિદ્ર મળી જાય તો આપણે જરૂર આપણા સમયમાં પાછા જઈ શકીએ. પરંતુ આપણે તૈયારી તો રાખવાની જ! શું કહો છો કેપ્ટન?' આલ્બર્ટોએ કહ્યું.

અમને બધાને એની વાત યોગ્ય લાગી. અમે નક્કી કર્યું કે દરિયામાં જઈને એ મશીન લઈ આવવું.

'મિ. માઇકલ! ડીક! આલ્બર્ટો! મને લાગે છે કે આજે એ શક્ય નહીં બને. કારણ કે દરિયો વધારે તોફાની બનતો જાય છે. પવન પણ ઝડપ પકડી રહ્યો છે. બીજું સ્પ્રેનો મુખ્ય સઢ ઘણો બધો બળી ગયો છે. પવન ખૂબ વધે એ પહેલા આપણે પેરેડાઇઝ બંદરના બારામાં પહોંચી જવું જોઈએ. એટલાંટિક મહાસાગર જો અત્યંત તોફાની બની જશે તો સ્પ્રેને એક જગ્યાએ ઊભું રાખવું અશક્ય બની જશે. એટલે સલામત જગ્યાએ પહોંચી જઈએ અને કાલે સવારે આવીને આપણે એ મશીન લઈ આવીશું. મને લાગે છે કે તમે મારી, એક અનુભવી ખલાસીની વાત જરૂર સમજી શકશો.' કેપ્ટને અમને કહ્યું.

અમને પણ એમની વાત સાચી લાગી. આમેય કૅપ્ટન જોશુઆ સ્લોકમ દરિયા અંગે જે કાંઈ કહે એ માનવું જ પડે એટલો એમનો અનુભવ હતો.

બીજા દિવસે સવારે આવવાનું નક્કી કરી અમે લંગર ઉપાડ્યાં. સ્પ્રેને પેરેડાઇઝ બંદર તરફ વાળ્યું. એ જ ક્ષણે પવનની ઝડપ વધી ગઈ. વીજળીના કડાકા-ભડાકા થવા માંડ્યા. અચાનક બીમીની તરફથી એક પહાડ જેવડું મોજું (rogue wave) આવતું દેખાયું. કૅપ્ટને અમને બધાંને કૅબિનમાં આવી જવાનું કહ્યું. અમે ઝડપથી અમારા સ્કુબા સેટ્સ તેમજ સિલિન્ડર્સ વગેરે સામાન કૅબિનમાં લઈ લીધો. કૅબિનનો દરવાજો માંડ બંધ કર્યો એ જ વખતે એ પ્રચંડ મોજું સ્પ્રે પર તૂટી પડ્યું. એકાદ ક્ષણ તો એવું લાગ્યું કે અમને લઈને સ્પ્રે દરિયાના તળિયે પહોંચી જશે. પરંતુ સ્પ્રેની બનાવટ જ એવી થઈ હતી કે એ દરિયાને તો ગાંઠે જ નહીં! અને દરિયાનું તળિયું? હરગિઝ નહીં! એ તો દરિયાની સપાટી પર રાજ્ય કરવા જ સર્જાયું હતું! મોજું ગયા પછી અમે કૅબિનની બહાર નીકળ્યાં. હૅન્ડપંપ સિવાયની દરેક વસ્તુને મોજું પોતાની જોડે ઉપાડી ગયું હતું. એ તો સારું હતું કે અમે સ્કુબા સેટ્સ અને સિલિન્ડર્સ કૅબિનમાં લઈ લીધાં હતાં. નહીંતર બીજા દિવસે અમારે પેલા મશીનથી હાથ ધોવા પડત.

દરિયો વધારે ને વધારે ભયંકર સ્વરૂપ ધારણ કરતો જતો હતો. અમે પેરેડાઇઝ બંદર તરફ ધીમે ધીમે આગળ વધવાનું શરૂ કર્યું.



૯

બ્લેકબીઅર્ડ (કાળી દાઢી) – એક નવી આફત?

પેરેડાઇઝ બંદરે ઊતર્યા પછી અમે વરસતા વરસાદમાં હોટેલ ગ્રાંડ બીમીની પહોંચ્યાં. કેપ્ટન સ્પ્રે પર જ રોકાઈ ગયા. સાંજ પડવા આવી હતી. હું, માઇકલકાકા, આલ્બર્ટો અને ઇત્ઝેલ વધારે થાક્યાં હતાં. આમેય દરિયામાં ડૂબકી મારવાનું કામ થોડું થકવી નાખનારું હોય છે.

રાત્રે હોટેલનું ગ્રાંડ ડિનર લીધા પછી અમે વહેલા સૂઈ ગયાં. એ રાત્રે વાતો કરવાની કોઈને ઇચ્છા નહોતી. અરે! ત્રેવડ જ નહોતી. પડ્યાં ભેગાં જ બધાં સૂઈ ગયાં.

રાતના કેટલા વાગ્યા હતા એ ખબર નથી પરંતુ કોઈ મારો દરવાજો જોરજોરથી ખખડાવતું હોય એવું લાગ્યું.

હું બેબાકળો થઈને ઊઠી ગયો. મેં ઊભા થઈને રૂમમાં ફાનસની લાઇટ કરવાને બદલે સીધું જ બારણું ખોલ્યું. કોઈએ મારા ગળા પર બંદૂકની ઠંડી બેરલ મૂકી અને એકદમ ખલાસી જેવા અંગ્રેજીમાં કહ્યું, 'ચૂપચાપ બહાર આવતો રહે! રૂમમાંથી કાંઈ જ લેવાનું નથી. તારા સાથીઓ પણ આવી જ રહ્યા છે. તારું નામ ડીક છે ને? જરાય હોંશિયારી કરવાની કોશિશ તું નહીં જ કરે એમ માનું છું, ચાલ! એમ જ હાથ ઊંચા કરીને બહાર આવતો રહે!'

હું ઠરી ગયો. મારી ખૂબ જ આધુનિક અને ઑટોમેટિક રિવૉલ્વર મારા ઓશીકા નીચે પડી હતી, પરંતુ એ લેવાનો સમય જ નહોતો. બારણું ખોલતા પહેલા જો મને જરાય શંકા ગઈ હોત કે વિચાર આવ્યો હોત તો હું બંદૂક તો લઈ જ લેત. પરંતુ હવે શું થાય? હું ધીરે ધીરે બહાર આવ્યો. મારા રૂમમાં અંધારું હતું. એ વ્યક્તિની પાછળ હોટલની લૉબીની લાઇટ હતી એટલે એનો ચહેરો મને નહોતો દેખાતો. એ પાછા પગલે હટતો હતો અને હું એના આદેશ પ્રમાણે હાથ ઊંચા કરીને એની સાથે બંદૂકના નાળચા જેટલા અંતરે રહીને ચાલતો હતો.

અમે લૉબીમાં આવ્યાં. હવે લૉબીના ફાનસનો પ્રકાશ એના મોં પર પડ્યો. એનો ચહેરો જોતાં જ બીક લાગે એવો હતો. એ માણસ ચાંચિયા જેવો લાગતો હતો.[11] એનો ચહેરો જોતાં જ હું ધ્રૂજી ગયો. એની આંખો મોટી, લાલઘૂમ અને બિહામણી હતી. એની લાંબી કાળી દાઢી અને વાળને એણે નાની નાની લટોમાં ગૂંથેલાં હતાં. બે કાન પાસેની લટ સાથે એણે અગરબત્તી જેવી કોઈક છોડની ડાળખી સળગાવીને બાંધી હતી. જેમાંથી સતત ધીમો ધુમાડો નીકળ્યા કરતો હતો. એનાથી એ માણસ વધારે બિહામણો બની જતો હતો.



બ્લેકબીઅર્ડ ચાંચિયાનો છાપામાંથી લીધેલો ફોટો

થોડીવાર હું એમ જ ચાલતો રહ્યો. મને પાકી ખાતરી હતી કે એ માણસ એક ચાંચિયો જ છે. મારા અનુભવ મુજબ ચાંચિયાઓ ખૂબ જ નિર્દય હોય છે. એમની સામે કાંઈ પણ ચાલબાજી કરવી એ જિંદગીથી હાથ ધોવા બરાબર હતું.

તેમ છતાં પચાસેક ડગલાં લૉબીમાં ચાલ્યા પછી મેં થોડી હિંમત ભેગી કરીને પૂછ્યું, 'તમે કોણ છો? તમારે શું જોઈએ છે? અમે તો પ્રવાસીઓ છીએ. અમને શું કામ હેરાન કરો છો?'

એ માણસ ખડખડાટ હસ્યો. પછી બોલ્યો, 'છોકરા! તેં બ્લેકબીઅર્ડનું નામ નથી સાંભળ્યું લાગતું ખરું ને? મારા સાથીઓ મને બે દિવસથી કહેતા હતા કે થોડાક વિચિત્ર દેખાતા માણસો અને એક છોકરી હોટેલ ગ્રાન્ડ બીમીનીમાં રોકાયા છે અને એમની પાસે ખૂબ જ સોનું છે. આ હોટેલમાં તમે સોનું વટાવીને જ રહ્યાં છો ખરું ને? મારે તમને કાલે રાત્રે જ ઝડપી લેવા હતા. પરંતુ કાલે થોડોક દારૂ વધારે પીવાઈ ગયો હતો. હવે તું મને ઓળખી ગયો હોય તો ચૂપચાપ ચાલતો રહે. મારા માણસો તારા સાથીઓને લઈને

૧૧. અમારા કૅમેરા લેવાનો પણ વખત નહોતો. એટલે અહીં એનો બોસ્ટનના એક છાપામાં છપાયેલો ફોટો મૂક્યો છે. બ્લેકબીઅર્ડ ચાંચિયાનું મૂળ નામ એડવર્ડ સ્ટીચ હતું. એ ૧૭૧૭નો બીમીનીનો એક ખૂબ નામચીન ચાંચિયો હતો. એ વખતે બીમીની ટાપુઓ ચાંચિયાઓનું સ્વર્ગ ગણાતા હતા.

આવે જ છે. અને હા, હવે મને આમ ઊંધા ચાલવાનું બહુ ગમતું નથી, એટલે તું હાથ ઊંચા જ રાખીને આગળ ચાલવા માંડ અને હું તારી પાછળ ચાલીશ!'

એના કહ્યા પ્રમાણે હું આગળ થઈ ગયો. એ મારી ગરદન પર બંદૂકનું નાળચું લગાવીને પાછળ પાછળ આવ્યો. અમે હોટેલ ગ્રાંડ બીમીનીના રિસેપ્શન હૉલમાં પહોંચ્યાં. જોયું તો એક ચાંચિયો રિસેપ્સન કાઉન્ટર પર બેઠેલી લેડીના માથા પર બંદૂક તાકીને ઊભો હતો. એ બિચારી પાંદડાની જેમ ધ્રૂજતી હતી. હું બરાબર એની પાસે જ ઊભો હતો. મેં મારા હાથના ઇશારાથી એને કંઈક જ નહીં થાય અને એ એકદમ સલામત છે એવું જણાવ્યું. એ થોડીક શાંત થઈ. ત્યાર બાદ એક પછી એક કરતા અમારાં બધાં સાથીઓ ત્યાં આવી ગયાં. અમારી બધાની દશા સરખી જ હતી. કોઈને કાંઈપણ તૈયારી કરવાનો કે હથિયાર લેવાનો મોકો જ નહોતો મળ્યો.

અમે એક બીજા સામે જોયું. બધાનાં મોં પર થોડોક ભય પણ હતો જ. કાચી ઊંઘમાંથી ઊઠવાને કારણે બધાની આંખો પણ એકદમ લાલ હતી. બધા ખાલી હાથે હતા. એક હેસ્લિંગના ગળામાં એનો બગલ-થેલો લટકતો હતો.

અમે બધાં આવી ગયાં છીએ એની ખાતરી કરવા એણે રિસેપ્શનિસ્ટને પૂછી લીધું. એ પછી બ્લેકબીઅર્ડે માઇકલકાકા પાસે જઈને પૂછ્યું, 'કેમ રે બુઢ્ઢાજી! તમે કૅપ્ટન છો આ બધાના? તો પછી એક કામ કરો, તમારી રૂમમાં મારા એક સાથી સાથે જાવ અને જે કાંઈ ડૉલર કે ઘરેણાં હોય એ લેતા આવો. હા, એક પછી એક બધાનાં રૂમમાંથી લેતા આવજો!'

હું એ સાંભળીને ખુશ થઈ ગયો. મને થયું કે એ બહાને હવે માઇકલકાકાને હથિયાર લેવાનો મોકો મળી જશે અને અમે નવ જણ આ દસેક ચાંચિયાઓનો મુકાબલો કરવા માટે સક્ષમ હતા. કારણ કે એમના ૧૭૧૭ની સાલના હથિયારો સામે અમારાં શસ્ત્રો તેમજ રિવૉલ્વર્સ અત્યંત આધુનિક હતા. બ્લેક બીઅર્ડે એના પટ્ટામાં છ બંદૂકો ખોસેલી હતી અને એક કટલેસ (ચાંચિયાઓ રાખે એવી નાનકડી અને વાંકી તલવાર) પણ ભરાવી હતી. છતાં મને ખાતરી હતી કે અમારી બંદૂકો સામે એ લોકોનું કાંઈ પણ ઊપજે એમ નહોતું. બ્લેકબીઅર્ડના આ મૂર્ખામીભર્યા નિર્ણયથી હું આનંદમાં આવી ગયો.

પરંતુ મારો એ આનંદ લાંબું ટક્યો નહીં. એ ચાંચિયો જાણે કે મારા વિચારો વાંચી ગયો હોય એમ ઘોઘરા અવાજે અચાનક બોલ્યો, 'નહીં, નહીં,

નહીં! એમ નથી કરવું. એક કામ કરો તમે રહેવા દો. મારા બે સાથીઓ જશે અને તમારા નવ જણનાં કમરાઓમાંથી ખાંખાંખોળાં કરીને જે કાંઈ મળે એ લેતા આવશે! બરાબર? હા! હા! હા! એ જ બરાબર રહેશે!'

મારું મોં પડી ગયું. મને થયું કે હવે તો અમારા નવી ઢબનાં શસ્ત્રો આ લોકો પાસે પહોંચી જશે. પરંતુ એ વખતે થઈ પણ શું શકે?

બ્લેકબીઅર્ડ હજુ તો કોને અમારા બધાની રૂમમાં તલાશી લેવા મોકલવા એ નક્કી કરે એના પહેલાં જ બહારથી એક ચાંચિયો દોડતો આવ્યો. અમે બધાં ઊભાં છીએ એની પરવા કર્યા વગર બોલ્યો, 'કૅપ્ટન! એક ફ્રેન્ચ જહાજ અહીંથી પસાર થઈ રહ્યું છે. એનું નામ છે લા કોન્કોર્ડ. એ વેપારી વહાણ છે અને ગુલામોને પણ લઈ જઈ રહ્યું છે. બાર્ટે પુછાવ્યું છે કે શું કરવું છે? ઍટેક કરવો છે કે પછી જવા દેવું છે?'

બ્લેકબીઅર્ડ ચમકી ગયો એવું લાગ્યું. એણે અમારા કમરાઓની તલાશી લેવાનું માંડી વાળ્યું. એ જલદી પેલા માણસ પાસે ગયો અને કાંઈક ચર્ચા કરવા લાગ્યો. બીજા ચાંચિયાઓ પણ ત્યાં પહોંચી ગયા. એ મોકાનો લાગ લઈને મેં ઝડપથી રિસેપ્શનિસ્ટના ટેબલ પર પડેલ કાગળ પર એક ચિઠ્ઠી લખી નાખી. એમાં બ્લેકબીઅર્ડ ચાંચિયો, લા કોન્કોર્ડ, શસ્ત્રો કમરામાં જ છે, કૅપ્ટન જોશુઆ સ્લોકમને આપવું – એટલું ઝટપટ લખીને ચિઠ્ઠી પેલી રિસેપ્શનિસ્ટ તરફ ધકેલી. એણે ઝડપથી એ ચિઠ્ઠી પોતાના પૉકેટમાં મૂકી દીધી. બરાબર એ જ વખતે ઇત્ઝેલ પેલી રિસેપ્શનિસ્ટની પાછળ હળવેથી બેસી ગઈ હતી. મેં એ તરફ બીજી વખત દૃષ્ટિ જ ન કરી. હું રિસેપ્શન પાસેથી ખસી ગયો.

બ્લેકબીઅર્ડ અને પેલા ચાંચિયાએ ચર્ચા પૂરી કરી લીધી. દરવાજા તરફ આગળ વધતા બ્લેકબીઅર્ડે કહ્યું કે જોડે લઈ લો આ બધાંને. હવે એને અમારા કરતાં પણ પેલા લા કોન્કોર્ડમાં વધારે રસ પડ્યો હતો. એટલે અમારી તરફ બીજી વાર નજર પણ નાખ્યા વિના એ હોટેલની બહાર નીકળી ગયો હતો. ચાર ચાંચિયાઓ અમારી આગળ અને બીજા ચાર ભરી બંદૂકે અમારી પાછળ ચાલ્યા. અમે બંદીઓની માફક એક બીજાની પાછળ ચાલતા હોટેલ ગ્રાન્ડ બીમીનીની બહાર ચાલ્યાં. બહાર નીકળતી વખતે મેં જોયું કે અમારી સાથે ઇત્ઝેલ નહોતી. એ પેલી રિસેપ્શનિસ્ટની પાછળ સંતાઈને પછી ત્યાંથી ક્યાંક છટકી ગઈ લાગતી હતી. હું ખુશ પણ થયો અને મનમાં ને મનમાં

ધ્રૂજી પણ ગયો. જો ભૂલથી પણ બ્લેકબીઅર્ડને અમારી જોડે એક છોકરી પણ હતી એ યાદ આવી ગયું તો? પરંતુ આમ જોઈએ તો અમારા માટે અમારામાંથી કોઈક છટકી જાય એ બાકીના બધાં માટે સારું હતું. મને મનમાં થયું કે હવે જે થાય તે જોયું જાશે!

અમે હોટેલની બહાર નીકળ્યાં. વરસાદ રહી ગયો હતો. તોફાન આવીને પસાર થઈ ગયું હતું. પરંતુ અમારા માટે તો આ બીજું તોફાન એનાથી પણ ભયંકર હતું. હું વિચારી રહ્યો હતો કે અમે કેવા ખુશીથી અમેરિકા ફરવા આવ્યાં હતાં? બીમીનીમાં વૅકેશન ગાળવાના કેવા પ્લાન્સ બનાવ્યા હતા? અને આજે કુદરતે અમને ક્યાં પહોંચાડી દીધાં હતાં? બીમીની પર તો અમે પહોંચી ગયાં હતાં પણ ૨૦૦ વરસ પહેલાના બીમીની પર! બિચારા કૅપ્ટન જોશુઆ સ્લોકમ નિરાંતે કેરેબિયન ટાપુઓ તરફ જઈ રહ્યા હતા. એ પણ આ જમેલામાં કેવા ગૂંચવાઈ ગયા હતા? સમયની અને સમયના છિદ્રોની આ વિચિત્રતાઓ અમને બરાબર પજવી રહી હતી. આવા આવા તો કેટલાય વિચારો કરતા કરતા હું ચાલતો જતો હતો. વિચારોમાં હતો એટલે કેટલું ચાલ્યા હઈશું એનો ખ્યાલ નહોતો આવતો. અચાનક દરિયાનાં મોજાંઓનો અવાજ સંભળાવાથી હું વિચારોમાંથી બહાર આવી ગયો. અમે દરિયાકિનારે આવી ગયાં હતાં. એ પછી અમે કિનારે કિનારે ચાલવાનું શરૂ કર્યું. એ વખતે અમારી પાછળ ચાલી રહેલા ચાંચિયાઓમાંથી એકે આવીને વારાફરતી અમારા હાથ દોરડાથી બાંધી દીધા.

હોટેલ ગ્રાન્ડ બીમીની અને પેરેડાઇઝ પોઇન્ટ બંદરની બરાબર વચ્ચે કોઈક સ્થળે અમે ચાલતાં અટક્યાં. અમે જોયું તો ત્યાં કિનારે બેચાર નાની હોડીઓ નાંગરેલી હતી. દરિયાકાંઠે બ્લેકબીઅર્ડની ગૅંગના બાકીના બધા ચાંચિયા એકઠા થયા હતા. કાંઠા પર ઠેક ઠેકાણે એમણે સળગતી મશાલો ખોડેલી હતી. એ લોકોએ ત્યાંથી થોડે દૂર એમનું વહાણ ઊંડા પાણીમાં રાખ્યું હતું.

'લા કોન્કોર્ડ કેટલા દૂરથી પસાર થવાનું છે, બાર્ટ?' બ્લેકબીઅર્ડે પૂછ્યું.

'સવાર સુધીના અથવા તો બપોર સુધીના અંતરથી!' બાર્ટ નામના ચાંચિયાએ જવાબ આપ્યો. એણે જ બ્લેકબીઅર્ડને સંદેશો મોકલાવ્યો હતો.

'તો પછી અત્યારે જ ચાલો, બધા હોડીમાં બેસો, જલદીથી આપણા શીપમાં પહોંચો બધા!' બ્લેકબીઅર્ડને લા કોન્કોર્ડ પર હુમલો કરવાની જાણે

કે અધિરાઈ ઉપડી હતી.

'આ બધાંનું શું કરવાનું છે? એમને આપણી જોડે લેવાના છે?' બાર્ટ બોલ્યો.

બ્લેકબીઅર્ડ થોડી ક્ષણો અમારી સામે જોઈને વિચારમાં પડ્યો. પછી બોલ્યો, 'હા, લઈ લો એમને પણ જોડે! આપણા સાથીદારોની આગળ એમને બધાને લડવામાં રાખીશું. લા કોન્કોર્ડ પરથી ગોળીબાર થાય તો પહેલા આ લોકો ભોગ બને. હા! હા! હા! એટલે એ લોકો તો આપણા રક્ષણની પ્રથમ હરોળ છે. લઈ લો બધાને એક હોડી પર. પેલી છોકરીને સૌથી આગળ રાખજો! હા! હા! હા!' એટલું બોલીને એ દોડીને પ્રથમ હોડીમાં ચડી ગયો. ત્યાં ઊભેલા ચાંચિયાએ તરત જ હોડીને ધક્કો માર્યો અને એ ઊંડા પાણીમાં રાખેલા એના જહાજ તરફ ચાલવા લાગી.

મારા શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ ગયું.

બાર્ટ વિચારમાં પડી ગયો. એ અમારી પાસે આવ્યો. એના હાથમાં મશાલ હતી. એણે વારાફરતી અમારા ચહેરા જોયા. પછી એના સાથીદાર જે લા કોન્કોર્ડના સમાચાર આપવા હોટેલ આવેલો – એના તરફ ફરીને બોલ્યો, 'અલ્યા પેરોટ! આમાં તો કોઈ છોકરી નથી. બ્લેકબીઅર્ડ એવું કેમ બોલ્યો કે પેલી છોકરીને સૌથી આગળ રાખજો? મને તો આ વિચિત્ર લાગે છે!'

પેરોટ નામનો ચાંચિયો અમારી પાસે આવ્યો. એણે અમને બધાને જોયા. પછી બોલ્યો. 'હા બાર્ટ! અહીં તો કોઈ છોકરી નથી! નક્કી બ્લેકબીઅર્ડની ભૂલ થતી લાગે છે. એ પેલો ધુમાડો કરતું લાકડું ચહેરા પાસે રાખે છે એટલે એને પોતાને જ ક્યારેક ક્યારેક ચોખ્ખું દેખાતું નથી! આમેય આજે સાંજના ભોજન પછી એણે ચાર બાટલી બિયર પીધો છે. એ તો વધારે પીવાનો હતો. એ જ વખતે કોઈ ગ્રાન્ડ બીમીની બોલ્યું. એટલે એણે વધારે પીવાનું મુલતવી રાખ્યું. નહીંતર ગઈકાલની જેમ આજે પણ આ લોકોને ન પકડી શકાત. આ વિચિત્ર માણસો પાસે ખૂબ સોનું છે! તને ખબર છે? એટલે એ સોનાનો જ વિચાર કર અને પેલી છોકરીને ભૂલી જા!'

એ જ સમયે એમના વહાણ પરથી ભૂંગળાનો અવાજ સંભળાયો. એ ઉપરાંત બ્લેકબીઅર્ડ જાણે જોર જોરથી બૂમો પાડતો હોય એવું લાગતું હતું. એની ઉતાવળનું કારણ તો બધા ચાંચિયા જાણતા જ હતા. એમણે ટપોટપ

હોડીઓમાં કૂદવાનું શરૂ કર્યું અને માંડ્યા એમના શીપ તરફ હંકારવા. હવે અમે આઠ જણ અને ચાર ચાંચિયા એમ કુલ ૧૨ જણ કાંઠા પર બાકી રહ્યા. એમના મુખ્ય જહાજ પરથી ફરીથી ભૂંગળું વાગ્યું. બરાબર એ વખતે જ ફરીથી આકાશમાં વાદળો ઘેરાવાનું શરૂ થઈ ગયું. મશાલો પણ હવે ઝાંખી થઈ ગઈ હતી. એમનો પ્રકાશ પણ હવે નહીંવત્ બની ગયો હતો. મોકો ખૂબ જ સારો હતો. અમે આઠ હતા અને એ લોકો ચાર! પરંતુ આટલા ગાઢ અંધારામાં કંઈક આડું-અવળું થઈ ગયું તો? એ બીકથી હું ચૂપ હતો. એ જ વખતે એમના વહાણ પરથી પ્રકાશનો એક શેરડો અમારી પર ફેંકાયો. દિવસ જેવું અજવાળું એટલા ભાગમાં થઈ ગયું. હવે અમે પેલા ચાર ચાંચિયાઓને બરાબર જોઈ શકતા હતા અને બધા ચાંચિયા અમને બરાબર જોઈ શકતા હતા.

અમે ચૂપચાપ હોડી પર ચડ્યા. અમારા હાથ બંધાયેલા હતા એટલે હોડી પર ચડવામાં અમને તકલીફ ઘણી પડી. પરંતુ શું થાય? એ વખતે મને મારી રિવૉલ્વર લીધા વિના રૂમનું બારણું ખોલવાની મૂર્ખાઈ પર દાઝ ચડતી હતી. અમને હોડીની વચ્ચે બેસાડીને બે ચાંચિયાઓ હોડીના આગળના ભાગમાં અને બે પાછળના ભાગમાં એમ ગોઠવાઈ ગયા. એ પછી એમણે હલેસા મારવાનું શરૂ કર્યું. અમારી હોડી ચાલી. પરંતુ થોડેક દૂર જઈને એ અટકી ગઈ. ચાંચિયાઓને નવાઈ લાગી. એમણે બમણા જોરથી હલેસા મારવાનું શરૂ કર્યું. પરંતુ પરિણામ એનું એ જ! હોડી ચસકવાનું નામ નહોતી લેતી. એમના જહાજ પરથી પડતો પ્રકાશનો શેરડો બંધ થઈ ગયો.

એ જ વખતે એમના જહાજ પરથી ભૂંગળામાં બોલાયેલા શબ્દો સંભળાયા, 'પેરોટ! બાર્ટ! તમે એ લોકો જોડે હવે કાંઠા પર જ રહેજો. જો આવી શકાય તો હજુ પાંચ મિનિટમાં પહોંચી જાઓ. નહીંતર પછી તમને કાંઠા પર છોડીને જ અમારે રવાના થવું પડશે. કારણ કે લા કોન્કોર્ડને જવા દઈએ તો આપણાથી વધારે મૂરખ કોઈ ન કહેવાય એટલે બને તો જલદી કરો, નહીંતર પછી કેદીઓનું ધ્યાન રાખીને એ કાંઠે જ રહેજો. અમે કાલે સાંજ પહેલાં તમને ફરીથી મળીશું!'

પેલા ચારેય જણે હલેસા મારવાનું શરૂ રાખ્યું. હોડી હલતી નહોતી. મને ખબર હતી કે હોડીના ન હલવા પાછળનું રહસ્ય શું છે એ.

હું બોલ્યો, 'બાર્ટ! પેરોટ! અમારા હાથ ખોલી દેશો તો અમે પણ તમને

હલેસા મારવામાં મદદ કરીશું! તમે થાકી ગયા હશો! અને આમેય તમારી પાસે શસ્ત્રો છે એટલે તમારે અમારાથી બીવાનો તો કોઈ સવાલ જ પેદા નથી થતો!' મારો અવાજ સહાનુભૂતિ તેમજ યોગ્ય તર્કથી ભરેલો હતો!

એ લોકો ખરેખર થાક્યા હતા. એમને મારી વાત ગળે ઊતરી ગઈ. એમણે અમારા હાથ છોડી નાખ્યા. અમે હલેસા હાથમાં લીધા. થોડીવાર માટે અમે પણ હલેસા મારવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ હોડી આગળ ન ચાલી. એ જ વખતે ચાંચિયાઓના જહાજ પરથી ભૂંગળાનો અવાજ આવ્યો. બ્લેકબીઅર્ડ બાર્ટને અને પેરોટને આવજો કહીને ઊપડી રહ્યો હતો. એમનું જહાજ ઘણું દૂર જતું રહ્યું હશે એવી ખાતરી થયા પછી મેં બાર્ટને કહ્યું, 'જરા જુઓ તો ખરા! આપણે ઉતાવળમાં કાંઠાના ખિલ્લા સાથે બાંધેલ દોરડું છોડવાનું તો નથી ભૂલી ગયા ને? આમેય આજે દરિયો તોફાની હોવાથી હોડી સાથે બાંધેલ દોરડું પાણીમાં ડૂબવાને કારણે ન દેખાયું હોય એટલે આવું બની શકે. એ ઉપરાંત મશાલ પણ ઝાંખી થઈ ગઈ હતી. એના લીધે આવું સાદું કારણ ભુલાઈ ગયું હોય એવું ન બને? એટલે જરા એ તો જુઓ!'

હકીકતે મને ખબર હતી કે એ લોકો દોરડું છોડવાનું ભૂલી જ ગયા હતા. ભાગંભાગીમાં ઘણી વખત સામાન્ય વાતો જ ભુલાઈ જતી હોય છે. એમને પણ એવું જ બનેલું. બાર્ટ કૂદકો મારીને કેડ સમાણા પાણીમાં ઊતર્યો. બોટના કિનારા તરફના છેડા તરફ ગયો. મારી વાત સાચી જ હતી. એણે એની પાસે રહેલા એક મોટા છરા વડે એ દોરડું કાપી નાખ્યું. પછી હોડીમાં બેસી ગયો. એ બેઠો એ પછી મેં એને કહ્યું, 'મિ. બાર્ટ! તમે એ દોરડું જહાજની નજીકથી કાપીને ભૂલ કરી હોય એવું નથી લાગતું? તમને નથી લાગતું કે એ દોરડું કિનારા તરફના ખિલ્લા પાસેથી કપાવું જોઈએ? જેથી કરીને બીજી વાર ક્યાંક કાંઠે ઊભા રહેવાનું થાય તો એ કામ આવે?!'

'અરે હા, મિસ્ટર! અરે પેરોટ! હું પણ કેવો મૂરખ છું? એ દોરડું તો હવે ગયું અને આપણી બોટ પર બીજું દોરડું પણ નથી! હવે?' બાર્ટે માથું કૂટ્યું. મેં થોડીવાર માટે એવી જ વાતો કર્યે રાખી જેથી બ્લેકબીઅર્ડ અને તેનું મુખ્ય જહાજ અમારાથી ખૂબ દૂર જતું રહે.

એ પછી મેં જ યાદ કરાવ્યું કે, 'મિ. બાર્ટ! મિ. પેરોટ! હવે આપણે હલેસા નથી મારવા? આપણું મુખ્ય જહાજ દૂર નહીં જતું રહે?'

બાર્ટ ઊભો થયો. જહાજની દિશામાં કાન માંડ્યા પછી બોલ્યો, 'જહાજ તો ખાસ્સું દૂર જતું રહ્યું લાગે છે. હવે એની પાછળ જવાનો કોઈ અર્થ નથી.

ચાલો, હવે તો કિનારે જ રહીએ. પરંતુ હવે કિનારે પણ કેમ ઊતરવું? કદાચ ઊતરીએ તો પણ આ હોડી કઈ રીતે સાચવવી? બીજું દોરડું તો છે નહીં, અને આપણે કાંઠે ઊતરીએ તો થોડીક વારમાં જ આ મોજાંઓ આટલી નાનકડી હોડીને ક્યાંય ઢસડી જાય. અરે યાર! આ તો ખરા મૂંઝવણમાં મુકાયા! એક કામ કરીએ આપણે હળવે હળવે આ હોડીમાં અહીં જ આંટા માર્યા કરીએ. કારણ કે જે દિશામાં બ્લેકબીઅર્ડ અને કાફલો ગયા છે એ દિશામાં સામો પવન છે. એટલે હોડી લઈને એ તરફ જવું, અને એય એટલાંટિક મહાસાગરમાં અર્ધી રાતે, એ તો મોતને સામેથી નોતરું આપવા જેવું છે. એના કરતાં આટલામાં જ હોડી લઈને ફર્યા કરીએ. સવારે ઓટ વખતે દોરડું દેખાશે ત્યારે છોડી લઈશું અને કિનારે પણ ઊતરીશું, બરાબરને?'

બાર્ટની વાતમાં પેરોટે સંમતિ પુરાવી, મેં પણ હા પાડી! મને ખ્યાલ આવી ગયો કે બાર્ટ, પેરોટ અને બાકીના બે ચાંચિયા પણ પીધેલા જ હતા. દારૂના નશામાં એમને એ નહોતું સમજાતું કે આટલી નાનકડી હોડી તો ઊતર્યા પછી દરિયાકાંઠાની રેતી પર પણ ખેંચી લઈ શકાય! દોરડું ન હોય તો આખી રાત કંઈ દરિયામાં ન રહેવું પડે! પરંતુ આ સમયે દારૂની અસર એમના પર એટલી બધી હતી કે એ લોકો કાંઈ વિચારી શકવા સક્ષમ નહોતા. મને થયું કે એ લોકોને બરાબર થકવી નાખ્યા પછી આ વાત કરવી. જેથી કરીને એ બધા જ્યારે થાકીને સૂઈ જાય ત્યારે અમને ભાગવાનો મોકો મળી શકે.

અમે એકાદ કલાક એમ જ હોડીને ગોળ ગોળ ઘુમાવ્યે રાખી. પવન સારો એવો ફૂંકાતો હતો. થોડીવાર પછી પવન ધીમો પડ્યો. વાતાવરણમાં ઠંડક વધી. ત્રણ ચાંચિયાઓ સૂઈ ગયા. એક બાર્ટ જાગતો હતો અને એની પાસેના શીશામાંથી થોડો થોડો દારૂ પીતો હતો. એની બંદૂકનું નાળચું બરાબર અમારી પીઠને અડકતું હતું. મને બે-ત્રણ વખત એને ધક્કો મારીને બંદૂક લઈ લેવાનું મન થઈ આવ્યું. પરંતુ આટલી નાનકડી હોડીમાં કાંઈ પણ ઝપાઝપી થાય તો એ તરત જ ઊંધી વળી જઈ શકે. ઉપરાંત માઇકલકાકાને આટલા ઠંડા પાણીમાં જો પડવાનું થાય તો એ તરી શકે કે કેમ એ પણ શંકા હતી. એકવાર તો મારી જાતને માંડ મેં રોકી. સવાર પડવાને હજુ વાર હતી. હવે બાર્ટ પણ ઝોકા ખાવા માંડ્યો હતો.

અચાનક મને એક વિચાર આવ્યો. મેં બાર્ટ અને પેરોટને ઢંઢોળ્યા.

'શું છે, છોકરા?' બાર્ટે ઊંઘરેટા અવાજે કહ્યું.

'મિ. બાર્ટ! મને એક ઉપાય મળી આવ્યો છે!' મેં કહ્યું.

'શેનો ઉપાય? કેવો ઉપાય?' આંખો ચોળતા ચોળતા પેરોટે પૂછ્યું.

'આપણે હવે દોરડાની ચિંતા કરવાની જરૂર જ નથી!' હું ખૂબ જ ઉત્સાહિત થઈ ગયો હોઉં એવી રીતે કહ્યું.

'એટલે? દોરડા વગર હોડી દરિયામાં પાછી નહીં જતી રહે?' બાર્ટે પૂછ્યું.

'ના! નહીં જતી રહે!' મેં કહ્યું, 'આપણે બધા જો એને ધક્કો મારીને કાંઠાની રેતી પર ચડાવી દઈશું તો એ પાછી નહીં જાય! અને એ પછી તમે કાંઠાની રેતી પર આરામ પણ કરી શકશો. અમને તમારી બધાની બરાબર વચ્ચે રાખીને આજુબાજુ તમે રહેજો! બોલો, છે ને સરસ ઉપાય?' મેં કહ્યું.

બાર્ટ અને પેરોટ ખુશ થઈ ગયા. આમેય એમનો સરદાર દૂર જતો રહ્યો હતો એટલે એમને પેટ ભરીને આરામ કરવાની ઇચ્છા તો હતી જ. પરંતુ દારૂના નશામાં એમને એ વિચાર જ નહોતો આવ્યો.

'અલ્યા છોકરા! તને એ વિચાર પહેલા કેમ ન આવ્યો? થોડું વહેલા કહ્યું હોત તો આપણે વધારે વખત આરામ કરી શકત!' બાર્ટે મારી પીઠ થાબડતાં કહ્યું.

મેં મનમાં કહ્યું કે વિચાર તો વહેલો આવેલો, પરંતુ મારે તમને બરાબર થકવવા હતા.

બાર્ટે અને પેરોટે બાકીના ચાંચિયાઓને ઉઠાડ્યા. હોડીને દરિયાકાંઠે લીધી. અમે બધાએ એટલાંટિકના હિમ જેવા ઠંડા પાણીમાં ગોઠણ સુધી પલળીને હોડીને ધક્કો માર્યો. હોડી રેતી પર ચડી ગઈ. અમને ખાસ્સી તકલીફ પડી. ખાસ તો એટલા માટે કે ઓટ હોવાથી પાણી અમને દરિયા તરફ ખેંચી રહ્યું હતું. છતાં અમે બારેબાર જાણે બરાબર ધક્કો મારીને એને રેતી પર ચડાવી દીધી. દારૂના નશામાં પેલા ચારેયની બુદ્ધિ જ જાણે કે બહેર મારી ગઈ હતી. અમે જે કાંઈ કહીએ એ બધું એ લોકો સ્વીકારી જ લેતા હતા.

કાંઠે ઊતર્યા પછી પેરોટ અને બાર્ટે હોડીમાં રહેલ નાનકડા ખોખામાંથી દારૂની બાટલીઓ કાઢી. થોડા ટોસ્ટ કાઢ્યા. પછી એ ચારેયે પીવાનું શરૂ કર્યું. એમણે અમને બધાને વચ્ચે બેસાડ્યા હતા. એ બધા અમારી આસપાસ એક એક એમ ગોઠવાઈ ગયા હતા. એમની હોડીમાંથી જૂના શણના ટુકડા કાઢીને

એ લોકોએ આગ સળગાવી. એ પછી લગભગ એકાદ કલાક એ લોકો એમ જ પીતા રહ્યા. અમારામાંથી હું અને આલ્બર્ટો જાગતા હતા. બાકીના સાથીઓને ઊંઘ આવી ગઈ હતી. અમને ચાંચિયાઓએ પકડ્યા ત્યારથી આલ્બર્ટો સાવ સૂનમૂન બની ગયો હતો. ચિચેન-ઇત્ઝાના અનુભવની એના મનમાં ખૂબ જ ગંભીર અસર પડી હોય એવું લાગતું હતું. એ છેલ્લા બે કલાકથી એક પણ શબ્દ બોલ્યો નહોતો.

એકાદ કલાક પેલા લોકોએ પીવાનું ચાલુ જ રાખ્યું. એ પછી એ લોકો ઢળી પડ્યા. હું હિંમત કરીને ઊભો થયો. મારા પગ સાથે હેસ્લિંગનો બગલ-થેલો અથડાયો. મેં એમાં જોયું તો અંદર બાયનોક્યુલર હતું! મને હસવું આવી ગયું. બાર્ટ અને પેરોટ પાસે જઈને મેં એમને ઢંઢોળી જોયા. પરંતુ એ લોકો તો થાક, ઊંઘ અને દારૂ એ ત્રણેયની અસરથી ઢીમ થઈ ગયા હતા.

હું આ બધી ધમાલ કરી રહ્યો હતો એ વખતે અચાનક જ માઇકલકાકા જાગી ગયા. એ મને કંઈક પૂછવા જતા હતા. પરંતુ મેં એમને હાથ પકડીને ધીમેથી ના પાડી. અમે બંને આ બધા સૂતા હતા ત્યાંથી થોડા દૂર ગયા.

'ડીક! આપણે એમનાં શસ્ત્રો લઈ લઈએ તો કેવું?' માઇકલકાકા બોલ્યા.

'હા, એ સારો ઉપાય છે.' મેં કહ્યું. એ પછી મેં હળવેથી મારાં સાથીઓને ઉઠાડ્યાં. અમે ખૂબ જ ધીમેથી ચાંચિયાઓના હાથમાં રહેલી બંદૂકો લઈ લીધી. બાર્ટ એકવાર સળવળ્યો, પરંતુ ચિક્કાર દારૂની અસર અને અમે ક્યાં જવાના હતા? – એવાં વધારે પડતા વિશ્વાસે એમને નફિકરા બનાવી દીધા હતા. અમે લોકોએ એ હથિયારો અમારા ખભે લટકાવી દીધા. હવે અમે ખુશ થઈ ગયા હતા. આલ્બર્ટો પણ મરકવા લાગ્યો હતો.

અચાનક હેસ્લિંગે મને ખભેથી હલાવી નાખ્યો. મેં જોયું તો એ આટલી રાતના પણ બાયનોક્યુલર આંખો પર વળગાડીને દરિયા તરફ જોઈ રહ્યો હતો. એણે મને બાયનોક્યુલર આપ્યું. મેં જોયું તો દરિયામાં અમારાથી થોડે જ દૂર એક વહાણનો સફેદ સઢ દેખાઈ રહ્યો હતો. એ વહાણ ધીમે ધીમે અમારી તરફ આવી રહ્યું હતું. કદાચ એણે પેલી આગનો ભડકો જોઈ લીધો હશે. પરંતુ એ કોણ હોઈ શકે? અમે બધાએ વારાફરતી એ વહાણ તરફ જોયું. કદાચ બીજા કોઈ ચાંચિયા હોય તો? તો તો ઉલમાંથી ચૂલમાં પડ્યા જેવું થાય! એ વખતે બીમીની એટલે ચાંચિયાઓનું ઘર એવું કહેવાતું.

'કદાચ એ કૅપ્ટન જોશુઆ સ્લોકમ તેમજ ઇત્ઝેલ તો નહીં હોય ને?' પોલ બોલ્યો.

'એ પણ હોઈ શકે!' રૉબર્ટ બોલ્યો, 'પરંતુ ખાતરી શી રીતે થાય? આપણે એ લોકોને નજીક આવવા દેવા જોઈએ, પછી ખબર પડે.'

'મને લાગે છે કે એ લોકો જ હશે!' બાયનોક્યુલરમાં તાકીને જૅક બોલ્યો, 'કારણ કે શીપ પર ફરફરતો ફ્લેગ (ઝંડો) અમેરિકાનો હોય એવું લાગે છે. સ્પષ્ટ દેખાતું નથી. બાકી, કોઈ ચાંચિયા આવો ઝંડો રાખતા નથી!'

એ વહાણ અમારાથી ખાસ્સા અંતરે અટકી ગયું. એમાંથી એક નાનકડી હોડી ઉતારવામાં આવી. એ હોઠી કાંઠા તરફ આવવા લાગી. અમે નીચે બેસી ગયા.

હોડી કાંઠા પર આવી. એક વ્યક્તિ એમાંથી બીતા બીતા ઊતરી. એને જોઈને આલ્બર્ટો બૂમ પાડી ઊઠ્યો, 'ઇત્ઝેલ! અમે અહીં છીએ ઇત્ઝેલ!' અમે બધાં ઊભાં થઈ ગયાં. ઇત્ઝેલ કિનારા તરફ દોડી. એના હાથમાં અમારી પાસેની સૌથી આધુનિક અને ઑટોમેટિક બંદૂક હતી. મેં ચાંચિયાઓ તરફ જોયું. આલ્બર્ટોની બૂમ સાંભળીને બાર્ટ જાગી ગયો હતો. પણ હજુ એના પર દારૂની એટલી બધી અસર હતી કે એ પાછો સૂઈ ગયો! મને હાશ થઈ! અમે નાહક કોઈ સાથે ઝઘડો કરવા નહોતા માંગતા.

'તમે સૌ સલામત તો છો ને?' ઇત્ઝેલે પૂછ્યું. અમે માથું હલાવીને હા પાડી.

'હવે શું કરવું છે? કૅપ્ટન ત્યાં સ્પ્રેને તૈયાર રાખીને ઊભા છે. અત્યારે ઓટ છે એટલે એ અહીં કિનારા સુધી આવી શકે એમ નથી. એમની બોટ પરની આ હોડી ફક્ત એક જ જણનો ભાર ખમી શકે એમ છે. આપણે બધાં કઈ રીતે સ્પ્રે પર જઈશું?' ઇત્ઝેલે પોતાની મૂંઝવણ રજૂ કરી.

અમે બધાં પણ વિચારમાં પડી ગયાં. પછી અચાનક જૅક બોલ્યો, 'ડીક! ઇત્ઝેલ! માઇકલકાકા! આપણે આ ચાંચિયાઓની હોડી જ લઈ લઈએ તો? પછી સ્પ્રે પર જઈને એમની હોડી છોડી દઈશું. પાંચેક કલાક પછી ભરતી આવશે ત્યારે એ એની મેળે કાંઠે આવી જશે!'

અમને સૌને જૅકનો વિચાર ખૂબ જ ગમ્યો. અમે નવે નવ જણ ખૂબ જ મહેનત કરીને પેલી હોડીને પાછી પાણી સુધી લઈ આવ્યા. આ આખી ઘટના દરમિયાન પેલા ચાંચિયાઓ તો ઘસઘસાટ ઊંઘતા જ હતા. અમે આઠ

જણ ચાંચિયાઓની હોડીમાં ચડી ગયા. એમના શસ્ત્રો પણ અમે જોડે જ લઈ લીધા. હોડીમાં પડેલ બે જૂના ખોખાં લઈને હેસ્લિંગ દોડતો કાંઠા પર પાછો ગયો. ચાંચિયાઓની બાજુમાં જઈને એણે ઠરી રહેલા અગ્નિમાં એ ખોખાં નાખીને મોટો ભડકો કરી આપ્યો. જેથી બરાબર હૂંફના કારણે ચાંચિયાઓની ઊંઘ પણ જલદી ન ઊડે અને દારૂ પણ જલદી ન ઊતરી જાય!

પછી એ દોડતો આવીને હોડીને થોડોક ધક્કો મારીને એમાં ચડી ગયો. ઇત્ઝેલ સ્પ્રે પરથી એ લઈને આવેલી એ જ નાનકડી હોડીમાં બેસી ગઈ. થોડીવારમાં જ અમે લોકો સ્પ્રે પર આવી ગયા. અમે ચાંચિયાઓની હોડીને છૂટી મૂકી દીધી. ફક્ત એમનાં શસ્ત્રો સ્પ્રે પર લઈ લીધા.

સ્પ્રે પર કેપ્ટન જોશુઆ સ્લોકમ અમારી રાહ જોઈને ઊભા હતા. એ વારાફરતી અમને ભેટ્યા. અમે એમની જોડે ત્રણચાર દિવસથી જ હતા. પરંતુ એવું લાગતું હતું કે જાણે વરસોથી અમે બધાં એક જ કુટુંબના સભ્યો હોઈએ!

લંગર ઉપાડીને સ્પ્રે ચાલતું થયું ત્યારે સવાર પડી રહી હતી. હવે ચારે તરફ બધું સ્પષ્ટ દેખાતું હતું. હેસ્લિંગ કિનારા તરફ બાયનોક્યુલર માંડીને હસતો હતો. અમે પૂછ્યું તો કહે કે હજુ એ ચાંચિયાઓ સૂતા જ છે. એમને ગૂંચળાની માફક સૂતેલ જોઈને એને હસવું આવતું હતું.

ચાંચિયાઓ દેખાતા બંધ થઈ ગયા તેમજ કિનારાથી અમે ખાસ્સા દૂર આવી ગયાં પછી કેપ્ટને સ્પ્રેને ઊભું રાખ્યું. લંગર ફરીથી ઉતારવામાં આવ્યા. અમે બધાં સ્પ્રેની કેબિનમાં ભેગાં થયાં.

'મિ. માઇકલ! હવે મને માંડીને વાત કરો! ઇત્ઝેલે મને ઝડપથી બધું કહ્યું હતું, જેમાંથી અડધું તો મારા મગજમાં ઊતર્યું જ નથી. હું પણ એ વખતે થાકેલો. અર્ધો ઊંઘમાં અને થોડોક પીધેલો હતો. પરંતુ ઇત્ઝેલે જે કાંઈ કીધું અને એમાંથી જે કાંઈ મને સમજાયેલું એનાથી હું દોડવા જ લાગેલો!' કેપ્ટન હળવાશથી બોલ્યા.

માઇકલકાકાએ કેપ્ટનને માંડીને બધી વાત કરી. એટલામાં અબાના ટોસ્ટ, ગરમાગરમ કૉફી અને બાફેલ બીન્સ લઈ આવ્યો. અમે નાસ્તાને ન્યાય આપ્યો. કૉફી પીતાં પીતાં અમે ઇત્ઝેલને અમારા ગયા પછી શું બન્યું એ જણાવવા કહ્યું.

કૉફીની એક ઊંડી ચૂસ્કી લઈ ઇત્ઝેલે કહ્યું, 'તમે બધા ગયા એટલે હું દોડતી બંદર પર ગઈ. હું છટકી ગઈ પછી ડીકે રિસેપ્શનીસ્ટને આપેલ ચિઠ્ઠીનું

કોઈ મહત્ત્વ જ નહોતું. મેં કૅપ્ટનને ઉઠાડીને બધી વાત કરી. એ પછી હું અને કૅપ્ટન હોટેલ પર પાછાં ફર્યાં. તમારો બધાનો સામાન બેત્રણ ફેરામાં સ્પ્રે પર પહોંચાડ્યો. કારણ કે હવે આપણે કોઈએ હોટેલ ગ્રાન્ડ બીમીની પર જવાનું નહીં બને એવી અમને ખાતરી હતી. એ આખી માથાકૂટમાં લગભગ બે કલાક થઈ ગયા. એ પછી અમે પેરેડાઇઝ પોઇન્ટ પરથી સ્પ્રેને લઈને કાંઠાને સમાંતર ચલાવતાં રહ્યાં. તમે કરેલ આગનો ભડકો જોઈને અમે સ્પ્રેને ઊભું રાખ્યું. દરિયામાં ઓટ હોવાથી સ્પ્રે કાંઠાની નજીક આવી શકે એમ નહોતું. મને એકલી કાંઠે આવવા દેવા માટે કૅપ્ટન રાજી નહોતા થતાં. હું સ્પ્રેને આ એટલાંટિક મહાસગરનાં મોજાં સામે સાચવી શકું નહીં. થોડીવાર તો અમે મૂંઝાયાં પછી ઘણી દલીલોને અંતે કૅપ્ટન મને આવવા દેવા માટે તૈયાર થયા. એ પણ જ્યારે મેં એમને આપણી બાર બોરની અને ૨૫ શોટ્સની બંદૂક લઈને હું જઈશ એવું કહ્યું ત્યારે છેક એ માન્યા!'

હું ઊભો થઈને કૅપ્ટનને ભેટી પડ્યો. મારા સગા બાપ હોય એમ એ મારા માથા પર હાથ ફેરવતા રહ્યા.

'ચાલો! હવે બધાં થોડી વાર આરામ કરી લઈએ! કાલની આખી રાત તો ખરાબ થઈ ગઈ. હવે આરામ કરીને ઊઠ્યા પછી વિચારીએ કે આગળ શું કરવું?' કૅપ્ટન તેમજ માઇકલકાકા લગભગ એક સાથે બોલ્યા. અમે પણ એમની વાતમાં સંમતિ પુરાવી. સવારના સાડા સાત વાગ્યે અમે સૂવા પડ્યા. એટલાંટિક મહાસાગરનાં ઊછળતાં મોજાંઓ પર ઊભેલું સ્પ્રે હાથીની માફક ડોલતું હતું. પવન પણ એકદમ ઠંડો હતો. અમને થોડીવારમાં જ ઊંઘ આવી ગઈ.



૧૦

ફરીથી ક્રિસ્ટલવાળા પિરામિડમાં!


'એય ડીક! અરે એ ઊંઘણશી! ઊઠ! જો તારી સિવાય બાકીના બધા ઊઠી ગયા છે અને સ્પ્રે પણ લંગર ઉપાડવાની તૈયારીમાં છે!' રોબર્ટે મને હચમચાવીને ઉઠાડ્યો. મને ખરેખર ગાઢ ઊંઘ આવી ગઈ હતી. માથે કોઈ પ્રકારની ચિંતા ન હોય ત્યારે માણસને ખૂબ સારી ઊંઘ જ આવે!

હું ઊઠ્યો. અબાનાએ બધાના માટે આજે ગરમાગરમ ભોજન બનાવ્યું હતું. આમેય અબાનાના હાથની બનેલ ફિશ-કરી આંગળા ચાટતા રહી જઈએ એવી બનતી. બધાંએ બરાબર જમી લીધું પછી કેપ્ટને પૂછ્યું, 'બોલો! હવે શું કરવું છે? ફરીથી કાલનું બાકીનું કામ કરી લેવું છે કે અમેરિકાના કાંઠા તરફ જતા રહેવું છે? ભલે ૨૦૦ વરસ પહેલાનું હોય, પરંતુ અમેરિકા આ બીમીની કરતા તો વધારે સલામત છે. બોલો! શું કરવું છે?'

અમે બધાએ ઘડીક વિચાર્યું. પછી નક્કી કર્યું કે પેલા ક્રિસ્ટલવાળા પિરામિડમાંથી મેટર-એન્ટિમેટરવાળું મશીન તો લઈ જ આવવું. એમ પણ વિચાર્યું કે જો જરૂર પડશે તો એ મશીન લઈને અમેરિકા જતા રહેવું. મશીન ભારે હોવાથી કેપ્ટન જોશુઆ સ્લોકમ સિવાય બાકીના બધાએ મદદ માટે ડૂબકી મારવી એવું પણ નક્કી કર્યું. જેથી કરીને એ મશીનને ઊંચકીને બહાર લઈ આવી શકાય. એક જ ડૂબકીમાં એ કામ થઈ જવું જોઈએ એ વિશે પણ અમે ચર્ચા કરી. કારણ કે અમારી પાસે ઑક્સિજન સિલિન્ડર પૂરતા પ્રમાણમાં બચતાં નહોતાં. હવે બસ એક જ વાર ડૂબકી મારી શકાય એમ હતું. એટલે જે કાંઈ જોર થઈ શકે એમ હોય તે અમારે પ્રથમ ડૂબકીમાં જ કરી લેવાનું હતું. પ્રથમ વખત અડધા વપરાયેલ સિલિન્ડર્સના સીલ બરાબર બંધ કરતા અમને નહોતું આવડ્યું એટલે એમાંનો ઑક્સિજન ખાલી થઈ ગયો હતો. અમે આ વખતે નવ સિલિન્ડર ઉપયોગમાં લઈએ પછી ફક્ત એક જ સિલિન્ડર વધતો હતો.

બરાબર સાડા બાર વાગ્યે અમે લંગર ઉપાડી લીધા. સ્પ્રેને કૅપ્ટને ગઈકાલની જગ્યા તરફ વાળ્યું. અમે લગભગ એ જગ્યાથી સાતેક માઇલ દૂર હતા. પવન અનુકૂળ નહોતો એટલે ત્યાં પહોંચતા લગભગ ૩૦ મિનિટ જેટલો સમય લાગે તેમ હતું. અમે બધાં સ્પ્રેના તૂતક પર કઠોડો પકડીને ઊભાં હતાં. આલ્બર્ટો મારી બાજુમાં જ ઊભો હતો. હવે એ ખાસ્સો હળવો દેખાતો હતો. નહીંતર આગલી રાતે તો એ સાવ સૂનમૂન બની ગયો હતો.

એ જ વખતે પોલ મારી બાજુમાં આવ્યો. મને અને આલ્બર્ટો બંનેને ઉદ્દેશીને એ બોલ્યો, 'ડીક! આલ્બર્ટો! મને તમારામાંથી કોઈ પણ સમજાવશો કે આ મેટર અને એન્ટિમેટર શું છે?'



મેટરનાં અણુમાં પ્રોટોન ઘનભાર અને ઇલેક્ટ્રોન ઋણભાર ધરાવે છે. એન્ટિમેટરમાં એનાથી વિરુદ્ધ હોય છે.

હું જવાબ આપું એ પહેલા આલ્બર્ટો બોલ્યો, 'જો પોલ! આ દુનિયાના દરેક પદાર્થો અણુઓના બનેલા હોય છે. અણુ એટલે દરેક પદાર્થનો નાનામાં નાનો બુનિયાદી કણ. હવે એ દરેક અણુ એનાથી નાના પરમાણુઓનો બનેલો હોય છે. એના મુખ્ય કણો છે : ઇલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યૂટ્રોન! આ ત્રણથી જે અણુ બને અને એમાંથી જે પદાર્થ બને એને મેટર કહેવાય! પ્રોટોન નામના કણો પર વિદ્યુતનો ઘનભાર હોય છે. જ્યારે ઇલેક્ટ્રોન નામના કણો પર વિદ્યુતનો ઋણભાર[૧૨] હોય છે. ન્યૂટ્રોન કોઈ પણ વિદ્યુતભાર ધરાવતા હોતા નથી. પ્રોટોન અને ન્યૂટ્રોન અણુના કેન્દ્રમાં હોય છે. જ્યારે ઇલેક્ટ્રોન એની બહાર રહીને એની આજુબાજુ ગતિ કરતો રહે છે! સમજાયું?' આલ્બર્ટોએ કહ્યું. પછી એણે એક હાઇડ્રોજનના અણુની આકૃતિ દોરીને એને સમજાવ્યું :

પોલ મરક્યો. એણે માથું હલાવતા કહ્યું કે, 'હા! થોડું થોડું સમજાયું,

૧૨. વિદ્યુત ઘનભારની નિશાની છે : + (Positive), વિદ્યુત ઋણભારની નિશાની છે :– (Negative)

થોડુંક ઉપરથી ગયું! અને હવે મને એ કહે કે એન્ટિમેટર એટલે શું?'

આલ્બર્ટોએ હસીને એને આગળ સમજાવ્યું, 'મેટરમાં જે હોય એનાથી બિલકુલ વિરુદ્ધના ગુણધર્મો ધરાવતા દ્રવ્યને એન્ટિમેટર કહેવાય. એમાં પ્રોટોન ઋણભાર ધરાવતો હોય અને ઇલેક્ટ્રોન ધનવિદ્યુતભાર ધરાવતો પ્રોઝીટ્રોન બની જાય છે. પણ હા! એમાં પણ ન્યુટ્રોન પર કોઈપણ જાતનો વિદ્યુતભાર હોતો નથી. પરંતુ પોલ, એન્ટિમેટર આ દુનિયામાં મળી જ ન શકે! સિવાય કે અમુક જાતની પરિસ્થિતિ ઊભી કરવામાં આવે!'

'કેમ કેમ? આલ્બર્ટો! એન્ટિમેટર શું કામ ન મળે?' પોલે સવાલ કર્યો.

'એ શક્ય જ નથી મારા ભાઈ! મેટર અને એન્ટિમેટર એકબીજાને મળે તો એ જ ક્ષણે એ એકબીજાનો સંપૂર્ણ નાશ કરી નાખે અને ફક્ત ઊર્જા (શક્તિ-energy) જ બાકી રહે. અને એ ઊર્જા પણ કેટલી? એટમ બૉમ્બ કે હાઇડ્રોજન બૉમ્બ કરતા પણ વધારે. એટલે જ વિશ્વ બન્યાના પ્રારંભિક વિસ્ફોટ બાદ હવે મોટા પ્રમાણમાં ફક્ત મેટર જ જોવા મળે છે! અને એટલે જ પેલા ક્રિસ્ટલ પિરામિડના મશીનનું ખૂબ જ મહત્ત્વ છે.' આલ્બર્ટોએ સમજાવ્યું.

'કેમ? એવું મશીન આપણે ત્યાં ન બનાવી શકાય? કહેવાય છે કે અમેરિકાનું વિજ્ઞાન તો ખૂબ જ આગળ વધી ગયું છે, તો પછી એ લોકો આવું એક મશીન ન બનાવી શકે?' પોલની જિજ્ઞાસા સંતોષાતી જ નહોતી.

'ના! હજુ સુધી તો એ શક્ય જ નથી બન્યું. એન્ટિમેટરને ચુંબકીય બળ વડે એમ જ શૂન્યાવકાશમાં લટકતી રાખવી અને જરૂર પડે એટલી માત્રામાં જ એ નીચે આવેલી કોઈ અજબ ધાતુની ભઠ્ઠીમાં પડે અને એમાંથી ખાસ પ્રકારની ઊર્જા બને જે ક્રિસ્ટલ્સને દિવસો સુધી પ્રકાશિત રાખે એવું હજુ દુનિયાનો કોઈ વિજ્ઞાનિક નથી કરી શક્યો! એ આણ્વિક પ્રક્રિયાનું આવું અદ્ભુત નિયંત્રણ આટલા નાના મશીનમાં કરવાનું દુનિયાના વશની વાત હજુ તો નથી જ!' આલ્બર્ટોએ કહ્યું.

'કેમ એમાં શું એવું અઘરું છે? જો સદીઓ પહેલાના અજાણ્યા માણસો આવું બનાવી શકે તો આ યુગના માણસો કેમ ન બનાવી શકે?' પોલે પૂછ્યું.

'પોલ! એક તો મેં ઉપર કહ્યું એ, અને બીજું, આ આખી પ્રક્રિયામાં જે ગામા કિરણો નીકળે એનું શિલ્ડ બનાવવું ખૂબ જ અઘરું છે. જો એ બનાવી શકાય તો આખી ઊર્જા ઉત્પાદનનું વિજ્ઞાન જ બદલી જાય. આપણી જિંદગી ખૂબ જ આસાન થઈ જાય. અમે જે પિરામિડમાં ગયાં હતાં. એની અંદર

રખાયેલા એ મશીનમાં જેટલી એન્ટિમેટર છે એનાથી આપણી આખી દુનિયાને આવતા સેંકડો વરસ સુધી ચાલે એટલી ઊર્જા તેમજ વીજળી મળી શકે તેમ છે. એટલે જ આજે આપણે બને તો એ એન્જિન જોડે લઈ જ લેવું છે. એના માટે તમારે લોકોએ પણ આજે સ્કુબા ડ્રેસ પહેરીને નીચે અમારી જોડે ડૂબકી મારવી પડશે. અમારા ચાર જણાથી એ નહીં ઊંચકી શકાય. એનું વજન પાણીની નીચે જ લગભગ ચાલીસ કિલોથી વધારે હશે. પરંતુ જેવું એને પાણીની બહાર લેશું કે તરત જ એનું વજન ખૂબ વધી જશે. મારા માનવા પ્રમાણે લગભગ પચાસ કિલોથી પણ વધારે થઈ જશે. આ તો મને એમાં વપરાયેલી ધાતુ વિશે ખબર નથી, નહીંતર હું એનું ચોક્કસ વજન પણ ગણી શકત અને આપણે એ મુજબ તૈયારી કરી શકત!' આલ્બર્ટોએ કહ્યું.

હું અને પોલ, આલ્બર્ટોના ભૌતિકશાસ્ત્રના જ્ઞાનથી છક થઈ ગયા હતા.

'ચાલો! બધાં તૈયાર થઈ જાવ! આજે મારા સિવાય દરેક જણે ડૂબકી મારવાની છે, યાદ છે ને?' કેપ્ટન જોશુઆ સ્લોકમે કહ્યું. અમે બરાબર ક્રિસ્ટલવાળા પિરામિડની ઉપર હતાં. અમને તૈયાર થવાની હાકલ કરીને કેપ્ટને લંગર નાખવાની શરૂઆત કરી. સ્પ્રે ગઈકાલની એની જગ્યાએ બરાબર ગોઠવાઈ ગયું.

ચર્ચા પડતી મૂકીને અમે તૈયાર થવા લાગ્યાં. માસ્ક પહેરતા પહેલા મને એક વિચાર આવ્યો. હું આલ્બર્ટો પાસે ગયો. એણે માસ્ક પહેરી લીધો હતો. મેં એને માસ્ક ઉતારવાનો ઇશારો કર્યો. મારા મોઢા પર થોડીક ગંભીરતા અને ચિંતા જોઈને આલ્બર્ટોએ માસ્ક કાઢી નાખ્યો.

'કેમ ડીક? કાંઈ ચિંતામાં છે? શું કામ હતું?' મારી પાસે આવતા આલ્બર્ટો બોલ્યો.

'હા આલ્બર્ટો! દોસ્ત! મને એક વાતની ચિંતા થઈ રહી છે!' મેં કહ્યું.

'શેની? આપણે ૨૦૦ વરસ પાછળ જતાં રહ્યાં છીએ, એની?' આલ્બર્ટોએ હળવી મજાક કરી લીધી.

'અરે ના ભાઈ, ના! એની ચિંતા નહીં.' હું હસી પડ્યો પછી બોલ્યો, 'પેલી ચેમ્બરમાંથી આપણે મશીન લાવવાની વાત તો કરીએ છીએ, પરંતુ એનું પ્રવેશદ્વાર તેં જોયું? એમાંથી એ મશીન બહાર નીકળશે ખરું? જો ન નીકળે તો આપણે શું કરીશું? ખાલી થોડાક પ્રકાશિત ક્રિસ્ટલ્સ જોડે લઈ લેશું?'

મારી વાત સાંભળીને આલ્બર્ટો વિચારમાં પડી ગયો. થોડીવાર વિચાર કર્યા પછી એ બોલ્યો, 'ડીક! તારી વાત તો સાચી લાગે છે. મેં એ મશીનને

બરાબર ધ્યાનથી જોયું છે. મારા માનવા પ્રમાણે એ પેલા નાના પ્રવેશદ્વારમાંથી નીકળે એ શક્ય જ નથી. મને તો એ વિચાર આવે છે કે એ લોકો એને અંદર લઈ કઈ રીતે ગયા હશે?'

'એ તો મોટી વાત નથી, આલ્બર્ટો!' મેં કહ્યું, 'પહેલાં મશીન ગોઠવીને પછી પ્રવેશદ્વાર બનાવ્યું હોય એવું બની શકે, પરંતુ આપણે એને બહાર કાઢી શકીશું કે નહીં એ સવાલ છે. મને લાગે છે કે, એને નમાવતાં કે ત્રાંસું કરતા એ કદાચ નીકળી જાય! એવું કરવા જેવું ખરું? જે થાય તે! ચાલો, આપણે પાણીમાં ઊતરીએ તો ખરા!'

કૅપ્ટન જોશુઆ સ્લોકમને બાદ કરતા અમે બાકીના નવે નવ જણાએ સ્કુબા માસ્ક અને ડ્રેસ પહેરી લીધાં. પેલું શાર્ક વિરોધી તેલ ડ્રેસ પર લગાવી દીધું. કૅપ્ટને અમને સ્પ્રે પરથી ચાર મજબૂત દોરડાં આપ્યા. મેં, આલ્બર્ટો, માઇકલકાકા તેમજ રોબર્ટે એ દોરડાં કમર પર વીંટાળી દીધા. એ પછી એ બરાબર બપોરના એક વાગીને દસ મિનિટે અમે ડૂબકી મારી.

બને તેટલી ઝડપથી અમે પિરામિડની અંદરની ચેમ્બર સુધી પહોંચ્યાં જ્યાં પેલું અદ્ભુત મશીન રાખવામાં આવ્યું હતું. મશીન ચાર પાયા પર રખાયેલું હતું. અમારી પાસે ચાર દોરડાં હતાં. અમે ચારે પાયાની સાથે એ દોરડાં બાંધી દીધાં. પછી મશીનને ખેંચવાનું શરૂ કર્યું. મશીન ધીમે ધીમે ખસ્યું. આજુબાજુ તેમજ ઉપર-નીચે પાણી જ હોવા છતાં અમારે ખૂબ જોર લગાવવું પડતું હતું. મશીનને એની ચેમ્બર સાથે જાળવીને અમે ખેંચી રહ્યા હતા. કારણ કે એ કાચ જેવા પારદર્શક પદાર્થનું આવરણ અથવા તો ચેમ્બર જ અમને ઘાતક ગામા-કિરણોથી રક્ષણ આપવા સમર્થ હતું. પ્રવેશદ્વાર સુધી પહોંચતા અમને ખાસ્સો વખત લાગ્યો. એ જગ્યાએ અંદરના ઓરડા કરતા થોડોક ચડતો ઢાળ હતો. એના કારણે અમને વધારે જોર પડવા લાગ્યું. સમય પણ વધારે લાગતો હતો. ખૂબ જ જોર કરવા છતાં મશીન માંડ અર્ધો અર્ધો ઈંચ જેટલું જ ખસતું હતું. છેક પ્રવેશદ્વાર પાસે પહોંચતા સુધીમાં અમારા ઑક્સિજન સિલિન્ડર્સ પોણા ખલાસ થઈ ગયા. અમે મૂંઝાયા.

મેં ઇશારો કર્યો. બધાને ઇશારાથી સમજાયું કે હું મશીનની પાછળ જઈને ધક્કો મારું છું જેથી મશીનને જલદી બહાર કાઢી શકાય. બધાએ હા પાડી. એ લોકોએ દોરડાથી મશીનને આગળ ખેંચવાનું શરૂ કર્યું. મેં પાછળથી એને ધક્કો મારવાનું શરૂ કર્યું. એ જ વખતે મશીનમાં ઘરઘરાટી થઈ. ચારે તરફ લાગેલા ક્રિસ્ટલ્સ સહેજ ઝાંખા થયા. ઇત્ઝેલ તેમજ આલ્બર્ટોએ ઇશારાથી

બધાંને અટકી જવાનું કહ્યું. કદાચ એમણે દીવાલ પર ક્યાંક વાંચ્યું હશે કે મશીન એની પ્રક્રિયા કરી રહ્યું હોય ત્યારે એને અડકવું નહીં.

અમે સૌ ઊભાં રહી ગયાં. મશીનમાં નીચેના ભાગમાં રહેલી ધાતુ એકદમ લાલ રંગની થઈ ગઈ. આટલી ગરમી પેદા થતી હોવા છતાં પેલી વૉટરટાઇટ ચેમ્બરના પારદર્શક આવરણને કાંઈ જ થતું નહોતું. એના પરથી લાગતું હતું કે એ સાદો કાચ નહીં હોય પરંતુ અન્ય કોઈ પારદર્શક આવરણ હોવું જોઈએ. આ વખતે મશીનમાં ઘરઘરાટી થઈ. પરંતુ પેલી એન્ટિમેટરમાંથી એક કાંકરી પણ ખરી નહીં. મને લાગ્યું કે કદાચ પહેલાં જે એન્ટિમેટર અંદર ગયેલું એનો અમુક હિસ્સો જ એ વખતે વપરાયો હશે. એ કણોમાંથી બહુ ઓછા પ્રમાણમાં કણો લઈને એનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો હશે. મને આ બધું બનાવનાર વ્યક્તિઓ કે શક્તિઓ પર ખરેખર માન થઈ આવ્યું. આવી ગણતરી કરવામાં આવે તો એ મશીનમાં જેટલું એન્ટિમેટર હતું એ તો સદીઓ સુધી ચાલી શકે!

મશીનમાંથી ઘરઘરાટી બંધ થઈ. પેલી નીચેની ધાતુને ચેમ્બરનો રંગ લાલ મટી ગયો પછી અમે ફરીથી એને ધકેલવાનું શરૂ કર્યું. બરાબર પ્રવેશદ્વાર પાસે એ મશીનને લઈ જવામાં અમે સફળ રહ્યાં. હું પાછળથી ધક્કો મારતો હતો. મારા સાથીઓ એને આગળથી ખેંચતાં હતાં. એવામાં મારું ધ્યાન એ ચેમ્બરના પાછળના ભાગ પર ઉપર ગયું. હું જે જગ્યાએથી ધક્કો મારતો હતો એ તરફની સપાટીનું પારદર્શક આવરણ ઉપર અને આજુબાજુ એમ ત્રણ તરફ અર્ધોએક ફૂટ જેટલું વધારે બહાર હતું. એનો અર્થ કે જેવું એ મશીન પેલા પ્રવેશદ્વાર પાસે પહોંચે એવું જ આ પાછળનો ભાગ એ પ્રવેશદ્વારમાં સજ્જડ રીતે જોડાઈ જાય. આ ચેમ્બરની રચના જ કદાચ એવી હતી કે મશીન સાથે આ ચેમ્બર પિરામિડને મૂળમાંથી તોડ્યા વિના બહાર કાઢી જ ન શકાય! મશીન સાથેની ચેમ્બર તો છેક પ્રવેશદ્વાર પાસે પહોંચી ગઈ હતી. હું પાછળ હતો. અર્ધો ફૂટ જેટલું જો એ વધારે બહાર જાય તો હું એ રૂમમાં જ કેદ થઈ જાઉં. મારી પાસેનો ઑક્સિજન સિલિન્ડર પણ હવે ખાલી થવા આવ્યો હતો.

હું ઝડપથી આગળ જવા માટે દોડ્યો. અમે પાણીમાં હતા અને સ્કુબા માસ્ક પહેરેલા હોવાથી બૂમ તો પાડી શકાય એમ નહોતું. મારા સાથીઓએ મશીનને જોરથી ખેંચ્યું. મેં એને પકડી રાખવાની અને એ લોકોને ઇશારો કરી ખેંચવાની ના પાડવાની કોશિશ કરી. મશીનનું ઉપરનું આવરણ પારદર્શક હતું,

પણ મારા એકેય સાથીનું ધ્યાન મારી તરફ નહોતું. એ લોકો મશીનને ખેંચવામાં વ્યસ્ત હતા. હવે પ્રવેશદ્વારથી બહારની તરફ ઊતરતો ઢાળ હતો એટલે જેવું બહારથી બધાએ એને ખેંચ્યું કે તરત જ એ ચેમ્બર સાથે મશીન ઝડપથી પ્રવેશદ્વાર સુધી પહોંચી ગયું. મેં એને પાછળ ખેંચવાની કોશિશ કરી. પરંતુ એટલું ભારે મશીન, બહાર તરફનો ઊતરતો ઢાળ અને બહારથી દોરડાઓ દ્વારા થતું બળ, એ ત્રણેય જોર સામે મારું જોર તો કેટલુંક ચાલે? મશીન પ્રવેશદ્વારની બરાબર નીચે આવી ગયું. જેવા એની ઉપરથી તેમજ બાજુમાંથી બહાર નીકળેલા પારદર્શક આવરણના ઠીંગા એ દ્વારની દીવાલ સુધી પહોંચ્યા કે તરત જ 'કડાક!' એવો અવાજ આવ્યો. અને સાથે જ એ ચેમ્બર પ્રવેશદ્વારમાં ખાસ બનાવેલ કોઈ ખાંચામાં જડબેસલાક ફીટ થઈ ગયું. એની સાથે જ હું એ કમરામાં બંધ થઈ ગયો. મારા સાથીઓ દોડતા આવીને મશીનની પેલી બાજુ ગોઠવાઈ ગયા. એ લોકોએ મશીન તેમજ ચેમ્બરને પાછી અંદર ધકેલવાનો ભરપૂર પ્રયાસ કરી જોયો, પરંતુ ચેમ્બર તો જાણે દીવાલમાં ચણાઈ ગઈ હોય એમ સજ્જડ રીતે ગોઠવાઈ ગઈ હતી. અરે! હવે તો એ જરાકેય હલતી પણ નહોતી.

મારા મનમાં ધ્રાસ્કો પડ્યો. મારો ઑક્સિજન સિલિન્ડર સાવ ખાલી થવાની અણી પર જ હતો. એ તો સારું હતું કે અમે ક્લોઝ્ડ સર્કિટ સ્કુબા સ્યુટ્સ લીધા હતા. એના કારણે મારા ઉચ્છ્‌વાસમાં રહેલો ઑક્સિજન પણ ફરીથી વાપરી શકાતો હતો. મારા સાથીઓની પણ એ જ હાલત હતી. એમાંથી કોઈ ઉપર જઈને પાછું પણ આવી શકે એમ નહોતું કારણ કે હવે એટલો સમય જ નહોતો. એ લોકોએ ચેમ્બરને પાછી ધકેલવાનો પણ ખૂબ પ્રયાસ કરી જોયો. પરંતુ અશક્ય! એ આઠે આઠ જણાનું જોર પણ કાંઈ કામ નહોતું આવતું. ચેમ્બર થોડીકેય ન હલી તે ન જ હલી. મેં લાચાર થઈને મારા દોસ્તો તરફ જોયું. એમના ચહેરાઓ પર દહેશત હતી અને મારા કરતા પણ વધારે લાચારી દેખાતી હતી. મેં માઇકલકાકાને મારા તરફ હાથ હલાવીને કાંઈક ઇશારો કરીને પાછા ઉપર સપાટી તરફ જતાં જોયા.

હું હવે થોડોક ગભરાયો, કારણ કે એ રૂમમાંથી બહાર જવાનો બીજો કોઈ રસ્તો જ નહોતો. મેં ઝડપથી જઈને 'કિમેત તરફ' એમ લખેલ દરવાજાને જોરથી ધક્કો મારી જોયો. પરંતુ આઠ ફૂટ ઊંચો એ દરવાજો સજ્જડ બંધ હતો. મારા એકલાથી એ ખૂલે એવું જરાય નહોતું લાગતું. મેં મારા સાથીઓને ઉપર જતા રહેવાનો ઇશારો કર્યો. પરંતુ એ લોકોએ ઇશારાથી ના પાડી. એ

સૌ હજું પણ જોર કરી રહ્યા હતા. મેં પણ એકબે વાર મશીનને ખેંચવાની કોશિશ કરી જોઈ. પરંતુ એ તો જાણે કાયમ માટે ત્યાં ફીટ થઈ ગયું હોય એમ બરાબર પ્રવેશદ્વારમાં ઊભું રહી ગયું હતું.

હવે શું કરી શકાય એમ વિચારતા મેં આજુબાજુની દીવાલો પણ ચકાસી જોઈ. આવી બધી જગ્યાએ કાંઈક ભેદભરમ હોવાની પૂરી શક્યતાઓ હોય છે. મને એવી કોઈ કળ મળી જશે એની ખાતરી હતી. હું એ ખંડની એકે એક દીવાલને ફંફોસવા લાગ્યો જેથી કોઈ એવી કળ મળે કે જેના ઉપયોગથી આ મશીન હટી જાય અથવા તો બહાર નીકળવાનો બીજો કોઈ દરવાજો કે માર્ગ મળી જાય.

પાંચેક મિનિટ એમ જ મહેનત કર્યા પછી મને થાક લાગવા માંડ્યો. મારું માથું દુ:ખવાની શરૂઆત થઈ ગઈ. મને ઊબકા આવવા માંડ્યા. મૂંઝારો થવા લાગ્યો. હું સમજી ગયો કે મારો ઑક્સિજન સંપૂર્ણપણે ખાલી થઈ ગયો હતો અને હવે હું ફક્ત કાર્બન ડાયોક્સાઇડ જ શ્વાસમાં લઈ રહ્યો હતો. હું થાકી-હારીને નીચે બેસી ગયો. મને બે ક્ષણ તો એવું પણ થયું કે માસ્ક કાઢીને તાજી હવા લઈ લઉં! પરંતુ તરત જ વિચાર આવ્યો કે આજુબાજુ તો પાણી જ પાણી છે. એ પણ દરિયાનું ખારું પાણી. જો ભૂલેચૂકે પણ ફેફસામાં જતું રહ્યું તો મૃત્યુ ઝડપથી પકડી લેશે.

એ વિચાર આવતાં જ મેં માસ્ક કાઢવાનું માંડી વાળ્યું. મારા ફેફસા અને મગજની નસો ફાટી જશે એવું મને લાગતું હતું. મશીનની પારદર્શક ચેમ્બરને પેલે પાર મારા સાથીઓ પણ મને નહોતા દેખાતા. હું હવે બેસી પણ નહોતો શકતો. હવા આપણાં માટે કેટલી મહત્ત્વની છે એ આ પહેલાં હવામાં રહીને મને ક્યારેય સમજાયું નહોતું. આજે હવાની અવેજીમાં હવા શું કહેવાય એની મને પાક્કી ખબર પડી ગઈ હતી.

મને બધું ઝાંખું ઝાંખું દેખાવા લાગ્યું. અંધારાં આવવા લાગ્યાં. હું આડો પડી ગયો. કદાચ મારું મગજ હવે એની શક્તિઓ ગુમાવવા માંડ્યું હોય એવું મને લાગ્યું. મને રડવું આવતું હતું. મને મારો વહાલો ઝીંઝુડાક ટાપુ દેખાતો હતો. ટેકરી પરના મારા ઘરના આંગણામાં ઊભેલી મારી બા મને હાથ લાંબો કરીને બોલાવતી હોય એવું લાગ્યું. મારા પિતાજી ક્રોમવેલ સાહેબ મારી બાજુમાં ઊભા હોય એવું પણ દેખાયું. એ પછી મને જાતજાતના અને ભાતભાતના રંગોના પટ્ટા દેખાવા લાગ્યા અને ભલભલા અવાજો સંભળાવા લાગ્યા. મારી બાનો અવાજ મારા કાનમાં હવે સ્પષ્ટ સંભળાતો હતો. એ

જોરજોરથી રડતી હોય એવું લાગતું હતું. મારા પિતાજી પણ મને કાંઈ કહેતા હતા પરંતુ મને એમની વાત સ્પષ્ટ નહોતી સંભળાતી. એમનો અવાજ એકાદ માઇલ દૂરથી આવતો હોય એવો સાવ ધીમો સંભળાતો હતો. મને જુદા જુદા અને ચિત્ર-વિચિત્ર દૃશ્યો દેખાતાં હતાં. હું પણ કંઈક બબડતો હતો અને રડતો હતો. પરંતુ હું શું બોલતો હતો એ તો મને પણ નહોતું સમજાતું. હું કોને ઉદ્દેશીને વાતો કરતો હતો એ પણ નહોતી ખબર પડતી.

અચાનક મને મારી પાછળ કાંઈક મોટો અવાજ થયો હોય એવું લાગ્યું. હું ચૂપ થઈ ગયો. પછી એ તરફ થોડુંક ફર્યો. માંડ માંડ મેં થોડીક આંખ ખોલી. આંખ સામે સાવ અંધારું થઈ જાય એ પહેલાં મેં જોયું કે પેલો 'કિંમત તરફ' એમ લખેલો મોટો આઠ ફૂટનો દરવાજો એની પાછળના માર્ગ તરફ ખૂલી રહ્યો હતો. મને હવે એકદમ ઝાંખું ઝાંખું દેખાતું હતું. એ ઝાંખી દૃષ્ટિએ મેં જોયું કે બે ઊંચા આકારો મારી તરફ આવી રહ્યા હતા. એમાંનો એક પુરુષનો અને બીજો સ્ત્રીનો આકાર લાગતો હતો. એમનાં લાંબાં માથાં પર ઊંચા મુગટ હોય એવું દેખાતું હતું. એ બંને મારી નજીક આવ્યાં. પુરુષે મારો જમણો હાથ એના ડાબા હાથથી પકડ્યો અને સ્ત્રીએ મારો ડાબો હાથ એના જમણા હાથ વડે પકડ્યો. બંનેએ મને ખેંચીને પ્રથમ બેઠો કર્યો અને પછી ટેકો દઈને ઊભો કર્યો. એમના સહારે ચેમ્બરના પ્રવેશદ્વાર તરફ હું આગળ વધ્યો. એ પુરુષે પોતાના જમણા હાથે પ્રવેશદ્વારમાં ફસાયેલા પેલા મેટર-એન્ટિમેટર એન્જિનને એક ઝાટકે ખેંચીને એની મૂળ જગ્યાએ ધક્કો મારી દીધો. એ બંને મને પિરામિડની બહાર સુધી લઈ આવ્યા. મારી આંખો ફરીથી બંધ થઈ ગઈ. પેલા પુરુષે મને ઢંઢોળીને જગાડ્યો. પછી મારી સામે જોઈને બંને હસ્યાં. એ પુરુષે મારા સ્કુબા સ્યુટમાં હાથ નાખીને મારા પેન્ટના ખિસ્સામાં કાંઈક મૂક્યું. એ પછી મારા માથા પર હાથ ફેરવીને બંને ઝડપથી પેલા પિરામિડમાં જતાં રહ્યાં. એ જ ઘડીએ મને અંધારા આવી ગયા. છેલ્લે યાદ છે એ મુજબ હું નીચે ઢળી પડ્યો હતો. એ પછી સાવ અંધકાર છવાઈ ગયો. હું જાણે કે ગાઢ ઊંઘમાં જઈ રહ્યો હોઉં એવું મને લાગ્યું. હવે મને કાંઈ થતું નહોતું. જાણે કે બધી જ પીડા જતી રહી હતી. મને લાગતું હતું કે જાણે હું શ્વાસ પણ લઈ શકતો હતો. સરસ રીતે શ્વાસ લઈ શકતો હતો. એ પછીનું કાંઈ યાદ નથી!



૧૧

બ્લેકબીઅર્ડ સાથે ફરીથી મુલાકાત!

'ડીક! એ ડીક! તને મારો અવાજ સંભળાય છે?' મારા કાને ધીમો ધીમો અવાજ અથડાયો. મને લાગતું હતું કે કદાચ એ અવાજ માઇકલકાકાનો જ હતો. મારું માથું સખત દુઃખતું હતું. મને લાગ્યું કે હજુ મને પેલા વિચિત્ર અવાજો સંભળાવવાનું ચાલુ જ છે. કદાચ હજુ મારા સિલિન્ડરમાં થોડો ગેસ રહ્યો હશે જેના લીધું હું સાવ ગૂંગળાઈ નહીં ગયો હોઉં.

'ડીક! બોલ તો ખરો! તને મારો અવાજ સંભળાય છે?' મારો ગાલ થપથપાવીને જાણે કે માઇકલકાકા પૂછી રહ્યા હતા. હવે મને થયું કે ખરેખર હું સાવ ગૂંગળાઈ નથી ગયો.

મેં હળવેથી આંખો ખોલી. અત્યંત તેજ સૂર્યપ્રકાશ મારી આંખમાં જવાથી મારી આંખ તરત જ બંધ થઈ ગઈ. મને હવે આજુબાજુના અવાજો પણ સ્પષ્ટ સંભળાઈ રહ્યા હતા. બસ, તેજ પ્રકાશથી મારી આંખો નહોતી ખૂલી શકતી અને મારું માથું ખૂબ જ દુઃખતું હતું.

'ડીક! આંખો ખોલ! જો તારા બધા ભાઈબંધ તારા જાગવાની રાહ જોઈ રહ્યા છે.' મને ખાતરી થઈ ગઈ કે એ માઇકલકાકા જ બોલ્યા હતા.

મેં ધીમે ધીમે જરાક આંખો ખોલી. પ્રકાશથી ટેવાવા દઈને થોડી વધારે ખોલી. હવે મને પ્રકાશથી તકલીફ નહોતી પડતી. મેં જોયું તો માઇકલકાકા મારા પર ઝૂકીને મને ઉઠાડવાની કોશિશ કરી રહ્યા હતા. મારા મિત્રો, કેપ્ટન અને ઇત્ઝેલ પણ ચિંતાથી મારી સામે જોઈ રહ્યા હતા.

'લે ડીક! આ પી લે! તારું માથું દુઃખતું મટી જશે!' અબાનાએ મારું માથું સહેજ ઊંચું કરીને મારા મોંમાં કાંઈક કડવી દવા રેડી. મેં ટેકો લઈને બેઠા થવાનો પ્રયાસ કર્યો. માઇકલકાકા અને આલ્બર્ટોએ મને ટેકો કરીને બેસાડ્યો.

મેં આજુબાજુ નજર કરી. હું સ્પ્રેના તૂતક પર હતો. મારી આજુબાજુ મારા સાથીદારો ટોળું વળીને બેઠા હતા. કેપ્ટન જોશુઆ સ્લોકમ બરાબર સામે

તૂતકના કઠેડા પર બેઠા હતા. માઇકલકાકા એમની પાસે જઈને ઊભા રહ્યા. મને ભાનમાં આવેલો જોઈને એ બધાના ચહેરા પર ખુશી આવી ગઈ.

'ડીક! હવે તને સારું લાગે છે?' રૉબર્ટે મારી સામે બેસતા પૂછ્યું.

'હા રૉબર્ટ! હવે થોડું સારું લાગે છે. પણ હજું માથું ખૂબ જ ભમે છે. જો કે અબાનાની દવાથી એ ઓછું થવા લાગ્યું છે. પરંતુ હું અહીં આવ્યો કઈ રીતે? મને યાદ છે ત્યાં સુધી હું તો પિરામિડમાં પેલી ચૅમ્બરમાં બંધ થઈ ગયો હતો. મને અહીંયા તમે કઈ રીતે લાવ્યા? મને તો આ બધું ચમત્કાર જેવું લાગે છે. કોણે પેલા મશીનને ખસેડી શક્યું? કોઈ ખાસ યુક્તિ અજમાવી હતી કે શું? નહીંતર ધક્કો મારવાથી તો એ ખસે તેમ નહોતું!' મેં કહ્યું.

'અરે ડીક! અમને નવાઈ તો એ લાગે છે કે તારા જેવો બહાદુર છોકરો આમ અજાણ્યો બનીને અમને આ બધું પૂછી રહ્યો છે? વાહ ભાઈ વાહ!' ઇત્ઝેલ બોલી, 'અરે ભાઈ! ઊલટાનું તારે અમને જણાવવું જોઈએ કે તું એ મશીન ખસેડીને બહાર કઈ રીતે આવ્યો?'

'મેં મશીન ખસેડ્યું? હું બહાર આવ્યો? ઇત્ઝેલ, તારી કાંઈ ભૂલ તો નથી થતીને?' મેં કહ્યું.

'મારી ભૂલ? તું માઇકલકાકા પાસેથી સાંભળ, એ તને શું બન્યું હતું એ જણાવશે!' ઇત્ઝેલ બોલી.

મેં માઇકલકાકા સામે જોયું. હવે માઇકલકાકા પણ હળવા લાગતા હતા. મારી પાસે આવીને મારી નજીક બેસતા એ બોલ્યા, 'હા ડીક! અમને તારા માટે ખરેખર માન છે. અને તારી બહાદુરીનું વર્ણન કરવાના શબ્દો જ નથી. અમે આઠ જણાં જે ન કરી શક્યા એ તેં એકલાએ કરી બતાવ્યું! અમને તો એમ જ હતું કે અમે તને ગુમાવી જ દીધો!' માઇકલકાકાએ કહ્યું.

'પરંતુ કાકા! મેં એવું શું કર્યું છે? તમે એ તો કહો કે હું અહીંયા આવ્યો કઈ રીતે?' મારું માથું હજુ ભમતું હતું.

'તો તને કાંઈ જ યાદ નથી ડીક?' માઇકલકાકા બોલ્યા, 'જો દોસ્ત! અમે તને એ ખંડમાં ફસાઈ ગયેલો જોયો એટલે અમે બધાં પેલા મશીનને પાછું ધકેલવા જોર કરવા લાગ્યાં. પરંતુ એ તો એવું જડબેસલાક ફીટ થઈ ગયું હતું કે અમારા આઠ જણાના ધક્કાથી પણ જરાય હલ્યું નહોતું. મેં પેલા પારદર્શક આવરણમાંથી જોયું તો તું સાવ લાચાર અને હારી ગયેલો દેખાતો હતો. અમારા બધાના ઑક્સિજન સિલિન્ડર ખાલી થવા આવ્યા હતા, એનો અર્થ એ જ કે તારો ઑક્સિજન પણ ખૂટવા જ આવ્યો હોય. મને ધ્રાસ્કો

પડ્યો કે જો અમે એમ જ જોર કરવામાં સમય ગુમાવી દઈશું તો તારી જિંદગી પૂરી થતાં જરાય વાર નહીં લાગે. એટલે હું આપણી પાસે જે વધારાનો સિલિન્ડર પડ્યો હતો એ લેવા ઉપર આવ્યો. એ વખતે મેં તને હિંમત ન હારતો એવો ઇશારો પણ કરેલો. હું સ્પ્રે પર આવ્યો, પરંતુ આપણે એક મોટી ભૂલ કરેલી. ખાલી અને ભરેલાં એમ બધા સિલિન્ડર્સ એક સાથે જ મૂકી દીધેલા. એ ઢગલામાંથી ભરેલો સિલિન્ડર શોધવામાં મને ઘણી મહેનત પડી. દરેક સિલિન્ડરને હથોડીના ટકોરા મારીને ભરેલો સિલિન્ડર શોધવો પડ્યો. એના લીધે મને થોડી વધારે વાર લાગી. એ પછી તરત જ આપણાં બધાં સાથીઓ પણ સપાટી પર પાછાં ફર્યાં. કારણ કે એમનો બધાંનો ઑક્સિજન સાવ ખૂટી ગયો હતો. મેં હિંમત કરીને મારા જ સિલિન્ડરથી ચલાવવાનું નક્કી કર્યું. વધારાનો સિલિન્ડર હાથમાં લઈને હું પાછો પાણીમાં કૂદ્યો. બીજું કોઈ તો મારી સાથે આવી શકે એમ નહોતું, કારણ કે હવે કોઈ પાસે ડૂબકી મારી, નીચે થોડો વખત રહી શકવા જેટલો પણ ઑક્સિજન નહોતો. હું થોડોક વહેલો ઉપર ગયો હતો એટલે મારી પાસે થોડોક ઑક્સિજન બચ્યો હતો. પરંતુ ફરીથી ડૂબકી મારતી વખતે મને એક ધ્રાસ્કો હતો કે કદાચ... કદાચ... તને નહીં બચાવી શકીએ.' માઇકલકાકાનો અવાજ ભીનો થઈ ગયો. હું એમની આંખમાં આવી ગયેલા આંસુ ન જોઈ જાઉં એટલા માટે એમણે ઘડીક મોં ફેરવી દીધું.

સ્પ્રે પર શાંતિ છવાઈ ગઈ.

થોડીવાર પછી સ્વસ્થ થઈને એ બોલ્યા, 'મેં તારી પાસે પાછા આવા ડૂબકી તો મારી, પરંતુ હું એકલો પેલું મશીન કઈ રીતે ખસેડી શકીશ તેમજ તને ઑક્સિજન સિલિન્ડર શી રીતે આપી શકીશ એવો વિચાર મને બરાબર પજવતો હતો. પરંતુ ડીક! હું જેવો નીચે આવ્યો એ વખતે મેં જે દૃશ્ય જોયું તે નવાઈ પમાડે તેવું હતું. ખરેખર દોસ્ત! હું પહોંચ્યો એ જ વખતે તું છેક બહાર આવીને ઢગલો થઈ ગયો. મારી નજરની સામે જ. મેં ઝડપથી તારા ખાલી સિલિન્ડરની જગ્યાએ નવો ઑક્સિજન સિલિન્ડર જોડી દીધો. થોડીવારમાં તું શાંતિથી શ્વાસ લેવા માંડ્યો. મેં દોડતા અંદરના ખંડમાં જઈને જોયું તો પેલું મશીન બરાબર એની જગ્યાએ હતું અને ખંડનું પ્રવેશદ્વાર ખુલ્લું હતું. મને ખૂબ આશ્ચર્ય થયું. સાવ નાજુક હાલતમાં તેં આ બધું કઈ રીતે કર્યું, ડીક? હા, પેલો 'કિંમેત તરફ' લખેલો દરવાજો ખુલ્લો હતો. મને એમાં જવાનું મન થયું, પરંતુ મારો ઑક્સિજન હવે સાવ ખૂટવામી અણી પર જ હતો. ઉપરાંત

તારી તબિયત પણ નાજુક હતી, એટલે વધારે સમય વેડફ્યા વિના હું તને લઈને સપાટી પર પાછો આવ્યો. પરંતુ હજુ મને એ સમજાતું નથી ડીક! કે તું એકલો એવડું ભારે મશીન ખસેડી કઈ રીતે શક્યો, અને પેલો આઠ ફૂટ ઊંચો દરવાજો તેં ખોલ્યો કઈ રીતે? ખરેખર કહું તો હું સાવ ગૂંચવાઈ ગયો છું. મને તો આમાંથી કાંઈ કરતાં કાંઈ જ મગજમાં ઊતરતું નથી. પરંતુ તેં એ કરી દેખાડ્યું છે જેના કારણે જ તું અત્યારે જીવતો જાગતો અમારી સામે છો, એટલે તારાથી વધારે બહાદુર કોઈ હોઈ જ ન શકે! એક મરણિયો સોને ભારે પડે એમ તેં એકલા હાથે પંદર જણાની તાકાત લગાવી હશે દોસ્ત! મને તારા માટે ખૂબ જ માન છે!' માઇકલકાકાએ મારો ખભો થાબડતા કહ્યું.

હું વિચારમાં પડી ગયો. મેં તો એવું જોર કાંઈ નહોતું કર્યું. અચાનક મને પેલા એક સ્ત્રી અને એક પુરુષના આકારો યાદ આવ્યા. એમણે મને હાથ પકડીને ઊભો કર્યો હતો અને એમાંના પુરુષે જ પેલું મશીન એના જમણા હાથે ખસેડ્યું હતું એ પણ મને યાદ આવી ગયું. પરંતુ એવું તો મને ઘણું બધું આડુંઅવળું દેખાયેલું. એ વખતે મને મારી બા પણ દેખાઈ હતી અને મારા પિતાજી પણ દેખાયેલા. એ વખતે મારા લોહીમાં ઑક્સિજન ઘટી જવાથી અને કાર્બનડાયોક્સાઇડની માત્રા વધી જવાથી એવું બધું દેખાયું હોઈ શકે. મને ખરેખર કાંઈ સમજાતું નહોતું.

આખી ઘટના અને માઇકલકાકાએ કરેલ વાત પર વિચાર કરીને મેં કહ્યું, 'માઇકલકાકા! દોસ્તો! હકીકતે તમે મને ખોટો બહાદુર બનાવી રહ્યા છો! નથી તો મેં એ દરવાજો ખોલ્યો કે નથી પેલું મશીન ખસેડ્યું. કદાચ એવું બન્યું હોય કે અમુક સમય સુધી એ મશીન દરવાજાની વચ્ચે રહે એટલે પાણીના દબાણમાં કાંઈક ફેરફાર થતો હશે. એના લીધે પેલો કિમેત તરફનો દરવાજો ખૂલીને પાણી એમાં પ્રવેશતું હશે. આમેય એ દરવાજો કિમેત જતા માર્ગ તરફ જ ખૂલતો હતો. એનાથી એ ખંડની અંદરનું દબાણ ઘટતું હશે જેના કારણે બહારનું પાણી મશીનને ધક્કો મારીને એની મૂળ જગ્યાએ ગોઠવી દેતું હશે. મશીન ખસ્યું હસે એવું બનવાથી અને એને ખસતું જોઈને બેભાન થવાની થોડીક ક્ષણો પહેલાં લથડિયાં ખાતો હું બહાર નીકળી ગયો હોઉં એવું બની શકે. બાકી, મારામાં તો એવી તેવડ જ નહોતી કે હું એકલો એ મશીન ખસેડી શકું! ઊલટાનું માઇકલકાકા! તમારી બહાદુરીના વખાણ કરવા પડે કે, આટલો ઓછો ઑક્સિજનનો જથ્થો હોવા છતાં તમે મારી જિંદગી બચાવી, મને ઝાંખું ઝાંખું યાદ છે કે ઊંઘમાં સરી જતા પહેલાં હું આરામથી શ્વાસ

લેતો થઈ ગયો હતો. મને લાગે છે કે બરાબર એ જ વખતે તમે મારો ઑક્સિજન સિલિન્ડર બદલી નાખ્યો હશે!' મેં જાણી જોઈને પેલા મુગટવાળાં સ્ત્રી-પુરુષની વાત ન કરી. કારણ કે મગજને ઓછો ઑક્સિજન મળતો હોય એવા સમયે આવાં દૃશ્યો દેખાવા સ્વાભાવિક હોય છે. એ બધું સ્વપ્નની અવસ્થા જેવું હોય છે.

'હમ્...! મ્...! મ્...!' માઇકલકાકા બોલ્યા, 'તારી વાત સાચી લાગે છે ડીક! પાણીના દબાણમાં કોઈક ફેરફાર થવાને કારણે જ એ મશીન પાછું ગયું હોવું જોઈએ અને પેલો 'કિમેત તરફ' એમ લખેલો દરવાજો ખૂલી ગયો હોઈ શકે! તારી વાત બરાબર ગળે ઊતરે એવી છે. તું પડ્યો એ ક્ષણે હું ત્યાં પહોંચી ગયો હતો અને દોડતા એ ખંડમાં જઈને મેં પેલા મોટા દરવાજાને ખુલ્લો જોયો પણ હતો. એટલે જેણે પણ આ મશીન બનાવ્યું હશે એણે એવી રચના કરી હશે કે આખા પિરામિડને તોડ્યા વિના કોઈ એને બહાર લઈ જઈ ન શકે અને બીજું પાણીના દબાણના ફેરફારથી એ પાછું એની મૂળ જગ્યાએ આરામથી જતું રહે! એટલે જ પ્રવેશદ્વારથી એ મશીનની જગ્યા સુધી ઢાળવાળી ફર્શ હતી, બરાબર! હમ્...મ્...! એમ જ હશે. એ જે હોય તે! તું સહીસલામત અમારી પાસે આવી ગયો એ જ અમારા માટે મોટી વાત છે. તો ચાલો, હવે બધાં લંગર ઉપાડીએ!' પછી માઇકલકાકા કૅપ્ટન જોશુઆ સ્લોકમ સામે ફરીને બોલ્યા, 'કૅપ્ટન! શું કહો છો, ઊપડીએ?'

કૅપ્ટન ઊભા થતા બોલ્યા, 'શું કરશું? પાછા હોટેલ ગ્રાન્ડ બીમીની જવાનો કોઈ મતલબ નથી. એક તો આપણે આપણો બધાનો સામાન જોડે લઈ જ લીધો છે, અને બીજું, પેલો ચાંચિયો બ્લેકબીઅર્ડ હવે આ બાજુ આવતો જ હશે. હેસ્લિંગના કહેવા પ્રમાણે એણે એના સાથીઓને કહ્યું હતું કે એ આજે બપોર કે સાંજ સુધીમાં પાછો આવશે. એનો અર્થ કે એ લા કોન્કોર્ડને ખૂબ જ નજીકથી જ ઝડપી લેવા તમને લૂંટ્યા વિના આટલો જલદી ભાગ્યો હશે. નહીંતર મને પેરેડાઇઝ પોઇન્ટ પર એક ખલાસીએ એવું કહેલું કે એ પોતાના કેદીઓનાં ઘરેણાં, ડૉલર્સ તેમજ લગ્નની વીંટી સુધ્ધાં કઢાવી લે છે. હા, એનો વિરોધ ન કરે એને જાનથી મારી નાખતો નથી પરંતુ વસ્તુઓ માટે તો એ પાગલ છે! એટલે મને લાગે છે કે એવા ગાંડાનો સામનો કરવા કરતાં આપણે અત્યારે જ દક્ષિણ બીમીની હાર્બર તરફ નીકળી જઈએ. પેલા ખલાસીએ મને કહ્યું હતું કે ત્યાં ચાંચિયાઓનો ત્રાસ ઘણો ઓછો છે!'

માઇકલકાકા તેમજ બાકીના બધાંએ કૅપ્ટનની વાતમાં સાથ પુરાવ્યો. આમેય અમે છેલ્લા બે દિવસથી ઘણો ત્રાસ ભોગવી ચૂક્યા હતા. એટલે હવે તો દક્ષિણ બીમીની હાર્બર પર જઈને થોડા દિવસ આરામ કરવાની ઇચ્છા હતી. અમે ૨૦૦ વરસ પાછળ હતા એટલે નવા ઑક્સિજન સિલિન્ડર મળે તેમ નહોતા. નહીંતર ફરી એક વખત દીવાલ તોડીને પણ પેલું મશીન કાઢવાનો પ્રયાસ કરી લેવાત. આ બધી અગવડતાઓનો વિચાર કરતાં મશીન લઈ જવાનો પ્લાન પડતો મૂકવો પડે એમ જ હતું.

કૅપ્ટને આગલી રાતે પેરેડાઇઝ પોઇન્ટ પરથી લીલાં નાળિયેર ભરી લીધાં હતાં. એમણે એ તોડીને બધાંને પીવડાવ્યાં. એનાથી અમને ઘણી જ તાજગી લાગી. એ પછી બધાએ એક સાથે હાથ ઊંચો કરીને કૅપ્ટનને આગળ વધવાનું કહ્યું. કૅપ્ટને સઢ ચડાવ્યા. પછી અમારી સામે જોઈને કહ્યું, 'આપણો આ મુખ્ય સઢ સારો એવો બળી ગયો છે, એટલે આપણી ઝડપ સાવ ઓછી રહેશે. પરંતુ એની ચિંતા નથી. અહીંથી આપણે ફક્ત સાંઇઠ માઇલ દક્ષિણ-પૂર્વ તરફ જવાનું છે અને સાંજ પહેલા આપણે આરામથી દક્ષિણ-બીમીની હાર્બર પર પહોંચી જઈશું!' કૅપ્ટને એમની પાસેનો નકશો કાઢતાં કહ્યું, 'જુઓ, આ ઉપરના તારાની જગ્યાએ અત્યારે આપણે છીએ અને નીચે બતાવેલ તારા સુધી આપણે જવાનું છે. બહુ વધારે અંતર નથી એટલે ચિંતા નથી. તો મિત્રો, હવે ઊપડીએ?'

અમે બધાંએ ફરી એકવાર એક સાથે 'હા' કહ્યું.

કૅપ્ટને લંગર ઉપાડી લીધા. સ્પ્રેને દક્ષિણ બીમીનીની દિશામાં ગોઠવ્યું. ઘણા કલાકોથી એમ જ ઊભા રહીને જાણે કે અકડાઈ ગયું હોય એમ સ્પ્રે ધીમે ધીમે ચાલતું થયું. મને પણ હવે સારું લાગતું હતું. ફક્ત મારું માથું થોડું થોડું ભમતું હતું.


હજુ તો અમે બસો ફૂટ પણ આગળ નહીં ગયાં હોઈએ ત્યાં જ પાછળથી

દક્ષિણ બીમીની જવા માટેનો અમારો માર્ગ

અવાજ આવ્યો, 'જો તમારી સલામતી ચાહતા હો તો ઊભાં રહી જાવ! નહીંતર તમારી ખેર નથી. તમને આ ચેતવણી આપનાર છે બ્લેકબીઅર્ડ! બીમીનીનો બેતાજ બાદશાહ!'

મને યાદ આવી ગયું. આગલી રાતે પણ બ્લેકબીઅર્ડના વહાણ પરથી આ જ ભૂંગળાનો અવાજ અમે સાંભળેલો. અમે દોડીને પાછળ જોયું. એક ચાંચિયાનું વહાણ અમારાથી લગભગ અડધો માઇલ કરતાં પણ ઓછું દૂર હતું. એની પાછળ બીજું એક વૈભવશાળી જહાજ આવી રહ્યું હતું. એના પર ફ્રેન્ચ ઝંડો હતો. અમને ખાતરી થઈ ગઈ કે એ જહાજ કદાચ લા-કોન્કોર્ડ જ હશે અને ચાંચિયાઓએ એને કબજે કરી લીધું હશે.

અમે ઊભાં રહી ગયાં. પરંતુ આ વખતે અમને જરાય બીક નહોતી, કારણ કે અમે સ્પ્રે પર હતાં. અમે એ લોકોના જૂના હથિયારોથી ડરતા નહોતા કારણ કે અમારી પાસે ખૂબ જ આધુનિક હથિયાર હતા. છતાં અમે ઊભાં રહ્યાં. કારણ, એક તો અમે ભાગવા નહોતા માંગતા અને બીજું બ્લેકબીઅર્ડને થોડો જવાબ આપવાની અમારી ઇચ્છા પણ હતી જ.




બ્લેકબીઅર્ડ ચાંચિયાનું વહાણ

'તમારા વહાણના સઢ ઉતારી લો! લંગર નાંખો!' ફરીથી આદેશ સંભળાયો.

કૅપ્ટને માઇકલકાકા સામે જોયું. માઇકલકાકાએ સ્પ્રેની કૅબિનમાં જતાં જતાં કૅપ્ટનને સઢ ઉતારવા ઇશારો કર્યો. કૅપ્ટને સ્પ્રેના સઢ ઉતારી લીધા. લંગર નાખી દીધા. બ્લેકબીઅર્ડનું જહાજ અમારાથી હવે ફક્ત ૩૦૦ ફૂટ જેટલું દૂર રહ્યું હતું. એ લોકો તો એક જ દિવસમાં બે વહાણ કબજે કરવાના ખ્યાલથી ખુશખુશાલ થઈને ચિચિયારીઓ પાડતા હતા.

માઇકલકાકા તૂતક પર આવ્યા. એમના હાથમાં રૉકેટ લૉંચર હતું. એમણે એક રૉકેટ લોડ કર્યું અને બરાબર નિશાન લઈને બ્લેકબીઅર્ડના


ફ્રેન્ચ જહાજ : લા કોન્કોર્ડ

ખોપરીના ઝંડાવાળા વહાણ પર દાગી દીધું.

'ધડામ્...!'

એક જોરદાર ધડાકો થયો. બીજી જ ક્ષણે ચાંચિયાના જહાજમાંથી ધુમાડાનો ગોટો ઊઠ્યો. માઇકલકાકાએ તૂરત પર જાણી જોઈને રૉકેટ નહોતું ફેંક્યું. એનાથી કોઈને વાગી જવાની બીક હતી. અમે કોઈને મારવા નહોતા માંગતા કે ઈજા પહોંચાડવા પણ નહોતા માંગતા. અમે જોયું કે ચાંચિયાઓ ધડાધડ એમના જહાજમાંથી કૂદીને પાછળ જ આવી રહેલા બંદી જહાજ લા કોન્કોર્ડ તરફ તરીને જવા લાગ્યા. થોડીવારમાં જ એમનું વહાણ ડૂબી ગયું. અમારી ધારણા મુજબ કોઈને પણ ઈજા થઈ હોય એવું નહોતું લાગતું.

એ પછી તરત જ લા કોન્કોર્ડ પરથી અવાજ આવ્યો, 'ભાઈસાબ! હવે એવું હથિયાર ન ચલાવતા. એ તો તોપ કરતાં પણ ખતરનાક છે. શું છે એ? અમે તમારે શરણે આવવા તૈયાર છીએ. પરંતુ તમે ફરીથી એ હથિયારનો મહેરબાની કરીને ઉપયોગ ન કરશો! નહીંતર અમારી સાથોસાથ આ વહાણ પર રહેલા સેંકડો ગુલામો પણ ડૂબી જશે!'

માઇકલકાકાએ કૅપ્ટન પાસેથી ભૂંગળું માંગીને જવાબ આપ્યો, 'હુમલો નહીં કરીએ. સૌ પ્રથમ તમે તમારા વહાણને ઊભું રાખી દો. બીજું બ્લેકબીઅર્ડ અને એના બે સાથી કોઈ પણ હથિયાર વગર અમારા વહાણ પર આવી જાવ! બ્લેકબીઅર્ડ એના કાન પાસે લગાવેલ ધુમાડો બંધ કરીને આવે! જો વાર લગાડશો તો તમારું આ ફ્રેન્ચ જહાજ પણ દરિયાને તળિયે ગયેલું જ સમજો!' માઇકલકાકાની વાત સાંભળીને અમને હસવું આવતું હતું.

'નહીં! નહીં! એવું નહીં કરતા. અમે આવીએ છીએ!' વહાણ પરથી અવાજ આવ્યો.

થોડીવારમાં જ લા કોન્કોર્ડ પરથી એક હોડી ઊતરતી દેખાઈ. એમાં ત્રણ જણ બેસીને અમારી તરફ આવવા હલેસા મારવા લાગ્યા. થોડીવારમાં હોડી સ્પ્રેની બિલકુલ બાજુમાં આવી ગઈ. અમે અમારી આધુનિક રાઇફલ્સ

અને રિવૉલ્વર્સ સાથે સજ્જ ઊભાં હતાં. માઇકલકાકાના હાથમાં રૉકેટ લોન્ચર એમ જ પકડેલું હતું. એના નાળચામાંથી હજુ થોડાક ધુમાડા નીકળતા હતા.

ત્રણેય ચાંચિયાઓ ખાલી હાથે આવ્યા છે એની ખાતરી કર્યા પછી કૅપ્ટને એમને સ્પ્રે પર આવવા દીધા. બ્લેકબીઅર્ડે એના વાળની લટોમાં પેલી ધુમાડા કાઢતી અગરબત્તી જેવો છોડ નહોતો લગાવ્યો, છતાં એ ખરેખર ખૂંખાર અને ભયંકર લાગતો હતો. (આ વખતે પોલ એનો ફોટો પાડતા ભૂલી ગયેલો)

'કેમ કાળી દાઢી? આ બુઢ્ઢાની કમાલ જોઈ?' માઇકલકાકા બોલ્યા, 'અમે ધારીએ તો અત્યારે જ તારા લા કોન્કોર્ડને તારી પાસેથી આંચકી લઈએ! પરંતુ અમે ચાંચિયા નથી કે તારી જેમ બીજાનું ઝૂંટવીને જલસા કરીએ, સમજ્યો? જો સાંભળ! તારે તારી જિંદગી જોઈતી હોય તો બે કામ કરવાના છે : એક તો આ તારા સાથીઓને લા કોન્કોર્ડ પર પાછા મોકલ અને એમને કહે કે અમારા આ મુખ્ય સઢના માપનો એક સરસ સઢ લેતા આવે! અને બીજું, તારા વહાણ પર જે ગુલામો છે એ બધાને પાછા એમના દેશમાં મોકલી દે!'

અમારી પ્રથમ શરત તો બ્લેકબીઅર્ડે તરત મંજૂર કરી લીધી, પરંતુ બીજી શરત એના ગળે ન ઊતરી. એ હાથ જોડીને બોલ્યો, 'પણ એ ગુલામો તો છેક આફ્રિકાના છે. ત્યાં સુધી જવું એ તો બહુ લાંબું થઈ જાય. એના કરતા એક કામ કરું તો? હું આવતા અઠવાડિયે માર્ટિનીક ટાપુઓ તરફ જવાનો છું. ત્યાં કાળા લોકોની ખાસ્સી વસ્તી છે અને એ લોકો એમને ગુલામોની જેમ પણ નહીં રાખે! તમે કહેતા હો તો હું એમને ત્યાં મૂકી આવીશ. મારી પર એટલી મહેરબાની ન કરો? અને યાદ રાખજો કે હું મારી વાતનો પાક્કો માણસ છું!'[૧૩]

ગઈકાલના ખૂંખાર ચાંચિયાને આમ હાથ જોડતો જોઈને અમને હસવું આવતું હતું. માણસનો સમય ગમે ત્યારે બદલી જાય એનો આ દાખલો હતો. અમે એની વાત મંજૂર રાખી. ઉપરાંત અમારા વહાણને યાદ રાખવાનું પણ

---

૧૩. બ્લેકબીઅર્ડે લા કોન્કોર્ડનું નામ બદલીને નવું નામ રાખેલું 'રાણી એનનો બદલો (Queen Anne's Revenge)' એણે એ વહાણ પર પછી ૪૦ બંદુકો ફીટ કરાવેલી! એની મદદથી એણે જહાજ Great Allen પર હુમલો કરેલો અને એના પર વિજય મેળવેલો. પરંતુ પોતાની વાતનો એ બરાબર પાકો નીકળ્યો. પેલા હબસી ગુલામોને એણે અમને આપેલા વચન મુજબ માર્ટિનીક ટાપુઓ પર છોડેલા!

કહ્યું જેથી ફરીથી એ અમને છંછેડવાની ભૂલ ન કરે. બ્લેકબીઅર્ડ એના માટે પણ તૈયાર થઈ ગયો. એટલીવારમાં એના માણસો એક નવો સઢ લઈને આવી ગયા. કૅપ્ટને એ જ માણસોની મદદથી નવો સઢ લગાવી દીધો. જૂનો સઢ અમે એમને આપ્યો. પછી એ લોકોને પહેલાં નીકળીને પેરેડાઇઝ પોઇન્ટ તરફ જતા રહેવાનું કહ્યું. જેથી અમને એમના તરફથી કોઈ બીક ન રહે.

બ્લેકબીઅર્ડ અને એની જોડેના બે ચાંચિયાઓ એમની હોડીમાં પાછા ગયા. સ્પ્રેને નવો સઢ મળી ગયો અને સેંકડો ગુલામોને આઝાદી! અમે બધાં ખુશખુશાલ થઈ ગયાં. કૅપ્ટન જોશુઆ સ્લોકમ પણ એમના વહાલા સ્પ્રેને નવો સઢ મળવાથી આનંદમાં આવી ગયા હતા. નવો સઢ પૂરો ખોલીને ઊપડવાની તૈયારી કરતા કરતા એ સીસોટી વગાડતા હતા. મને પણ નબળાઈ સાવ ઓછી થઈ ગઈ હતી. હું ઊભો થઈને તૂતકના કઠેડા પાસે જઈને ઊભો રહ્યો. મારી બાજુમાં કૅપ્ટન ઊભા હતા. લા કોન્કોર્ડ દૂર જઈ રહ્યું હતું. સ્પ્રેએ ફરીથી લંગર ઉઠાવ્યા. પવન પણ દક્ષિણ બીમીની તરફનો શરૂ થયો. સ્પ્રે નવા સઢ સાથે દક્ષિણ બીમીની જવા રવાના થયું. અમે બધાંએ આનંદની બૂમો પાડી. પરંતુ કૅપ્ટન જોશુઆ સ્લોકમના મોં પરનો આનંદ અચાનક ગાયબ થઈ ગયો. એની જગ્યાએ ચિંતા દેખાવા માંડી. હું એમના ચહેરા પરના ફેરફારો ધ્યાનથી જોતો હતો.

'કેમ કૅપ્ટન! અચાનક આમ વિચારમાં અને ચિંતામાં કેમ પડી ગયા?' મેં પૂછ્યું.

'હરિકેન! ડીક, કદાચ હરિકેન!' દક્ષિણ બીમીની તરફ આંગળી ચીંધતા એ બોલ્યા, 'ડીક! આ પ્રદેશમાં નવેમ્બર મહિનો એ હરિકેનની સીઝનનો લગભગ છેલ્લો મહિનો કહેવાય છે. હરિકેન એટલે વિકરાળ દરિયાઈ તોફાન-ચક્રવાત! આપણે અત્યારે હરિકેનની સીઝનમાં જ છીએ. દક્ષિણ બીમીની પર હરિકેનનાં વાદળો હોય તો નક્કી આપણે એ ભયંકર તોફાનનો સામનો કરવો જ પડશે!'

મેં કૅપ્ટને બતાવેલી દિશા તરફ જોયું. ખરેખર દક્ષિણ બીમીની તરફની દિશામાં ખાસ્સાં વાદળો હતાં. જો કે મને એ વાદળો હરિકેનનાં હતાં એ ખ્યાલ નહોતો આવતો. પરંતુ કૅપ્ટન જોશુઆ સ્લોકમ તો દરિયાના સૌથી અનુભવી વ્યક્તિ હતા. એ કહેતા હોય કે હરિકેન છે તો માની લેવાનું કે હરિકેન છે જ!

અમારી વાત સાંભળીને મારા સાથીઓ મારી આજુબાજુ આવીને ઊભા

રહી ગયા. સૌના મોં પર થોડી થોડી ચિંતા આવી ગઈ. કારણ કે હરિકેન વખતે ફૂંકાતા પવનની ઝડપ જમીન પર કલાકના ૧૦૦ થી ૧૫૦ માઇલથી પણ વધારે હોય છે તો દરિયા પર તો એ સહેજે ૧૫૦ માઇલથી વધારે જ હોય. સ્પ્રે નામનું જૂનું વહાણ હવે આ ખમી શકે કે કેમ એ પણ એક પ્રશ્ન હતો.

અમે સૌ ચૂપચાપ એ તરફ જોતા ઊભાં રહી ગયાં.

ફક્ત સ્પ્રે જાણે કે હરિકેનને ભેટવાની એને ઉતાવળ હોય એમ ઝડપભેર દક્ષિણ બીમીની તરફ ધસી રહ્યું હતું.



૧૨

દક્ષિણ બીમીની પહોંચ્યાં!

સ્પ્રેની ઝડપ જેમ જેમ અમે આગળ વધતા ગયાં એમ ઓછી થવા માંડી. સઢ ઢીલા થવા માંડ્યા

મેં કેપ્ટન જોશુઆ સ્લોકમ સામે જોયું અને ઇશારો કરીને આનું કારણ પૂછ્યું.

'ડીક! હવે આપણે ધીમે ધીમે હરિકેન એટલે કે ચક્રવાતી તોફાન તરફ જઈ રહ્યા છીએ. એટલે હવે હવા બદલશે. દક્ષિણ તરફથી આપણી તરફ પવન ફૂંકાવાનું શરૂ થશે.' કેપ્ટને મને સમજાવ્યું.

'તો પછી આપણે બીમીની હાર્બર કઈ રીતે પહોંચી શકીશું?' મેં દક્ષિણના આકાશ સામે જોતા પૂછ્યું. કાળાં ડિબાંગ વાદળો હવે સ્પષ્ટ દેખાતાં હતાં. વીજળીના ચમકારા પણ દિવસ હોવા છતાં નરી આંખે જોઈ શકાતા હતા.

'ડીક! તો આપણે થોડો વાંકોચૂકો રસ્તો પણ લેવો પડે. જો તોફાન સીધું આપણી ઉપર જ આવશે તો કાં તો લંગર નાખવા પડશે અથવા તો કિનારે આવતા કોઈ પણ બંદરમાં ઘૂસી જવું પડશે. કારણ કે ભીષણ ચક્રવાતના પવન અને મોજા સામે લડવું એ સ્પ્રે જેવાં વહાણો માટે જોખમભર્યું ગણાય. આ સમયે ક્યાંક આડશ શોધીને ઊભા રહી જવું વધારે સારું.' કેપ્ટનના અવાજમાં ચિંતા હતી.

'તો આપણે કાંઠા તરફ જવું પડશે?' મારી બાજુમાં ઊભેલા પોલે પૂછ્યું.

'હા, પોલ!' કેપ્ટને જવાબ આપ્યો. 'હું સ્પ્રેને કાંઠા તરફ લઈ જ રહ્યો છું. જો કોઈ નાનકડું બંદર કે બારું દેખાય. તો પણ આપણને જોઈતી આડશ મળી રહેશે. જો કોઈ સારું બંદર મળી જાય તો તો સ્પ્રેને બારામાં સલામત રીતે મૂકી, આપણે કોઈ હોટેલમાં પણ રોકાઈ શકીએ!' સ્પ્રેના સઢને અલગ

ખૂણે ગોઠવતાં કેપ્ટન બોલ્યા. હવે સ્પ્રે દક્ષિણ બીમીનીને બદલે દક્ષિણ-પૂર્વ તરફ, એટલે કે બીમીનીના પશ્ચિમ કાંઠા તરફ ફંટાયું. એકાદ-બે કલાક એમ જ અમે જમીનની સમાંતર દરિયા પર આગળ વધતા રહ્યા.

બીમીનીથી અમે માંડ વીસેક માઇલ દૂર રહ્યાં હઈશું. ત્યાં જ અમને અંદાજ આવી ગયો કે લગભગ તો હરિકેન એટલે કે ચક્રવાત અમને ઝપટમાં લઈ જ લેશે. કારણ કે અત્યારથી જ પવનની ઝડપ વધવા માંડી હતી. પવન હવે બીમીની તરફથી એટલે કે હરિકેન તરફથી અમારી તરફનો શરૂ થયો હતો. કેપ્ટને મુખ્ય સઢ ઉતારી લીધો. અમે કાંઠાની વધારે નજીક સરક્યા. કિનારાની ખૂબ જ નજીક જવામાં પણ એક ભયસ્થાન હતું. કદાચ દરિયો છીછરો હોય તો કોઈ ખડક સાથે સ્પ્રે અફળાઈ જઈ શકે. એટલે અમે જમીનથી બને તેટલું સલામત અંતર રાખીને ખૂબ ધીમે આગળ વધી રહ્યા હતા.

બીજા પાંચેક માઇલ અમે કાપ્યા. પવનની ઝડપ હવે ખાસ્સી વધી ગઈ. દરિયો પણ જાણે કે ગાંડોતૂર બની ગયો હતો. મોજાંઓની ઊંચાઈ પણ ભયજનક રીતે વધવા માંડી હતી. હવે એવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ હતી કે કાં તો અમારે લંગર નાખવા પડે અને નહીં તો પછી કાંઠે જતા જ રહેવું પડે. કેપ્ટનના જણાવ્યા પ્રમાણે આટલો પવન અને આવાં મોજાં, કોઈપણ સ્ટીમરને પણ ઊંધી વાળી દેવા સક્ષમ હતાં.

અમે કિનારા તરફ ફંટાયાં. કેપ્ટનના કહેવા પ્રમાણે ભલે કોઈ બંદર ન મળે. કાંઠે પહોંચીને લંગર નાખી દેવું. પછી અમારે બધાંએ સ્પ્રે સાથે પેલા ચાર દોરડા બાંધીને લાઇફબોટમાં કાંઠે પહોંચી જવું અને કાંઠાના કોઈ ખડક કે વિશાળ ઝાડ સાથે દોરડા બાંધી દેવા જેથી સ્પ્રે સલામત રહી શકે.

કેપ્ટનની દરેક વાતમાં એમની સ્પ્રે માટેની લાગણી વ્યક્ત થતી હતી. સ્પ્રે જાણે કે એમનું જીવતું-જાગતું સંતાન હોય એમ એ એને સાચવતા હતા. એટલે જ જ્યારે સ્પ્રેનો મુખ્ય સઢ બળી ગયો ત્યારે કેપ્ટનને ખૂબ જ દુઃખ થયું હતું.

અમે ધીમે ધીમે હરિકેન તરફ જઈ રહ્યાં હતાં.

'કેપ્ટન! માઇકલકાકા! ડીક! જુઓ જલ્દી! ત્યાં કોઈ બંદર હોય એવું લાગે છે.' બાયનોક્યુલર બંને આંખો પર લગાવીને ચારે તરફ ડાફોળિયા મારી રહેલ હેસ્લિંગ બોલ્યો.

અમે બધાં ઉત્સાહમાં આવી ગયાં. કૅપ્ટન અને માઇકલકાકાએ વારાફરતી ધ્યાનથી જોયું. મેં પણ બાયનોક્યુલરમાં નજર નાખી.

'નક્કી એ એલિસ ટાઉન લાગે છે. જો આપણે ત્યાં પહોંચી શકીએ તો કોઈ જ ચિંતા નહીં રહે. ચાલો, આ પવનમાં મને સઢ વાળવામાં થોડીક મદદ કરો. અબાના, તું આ સુકાન પકડી રાખ!'

અબાનાએ સુકાન સંભાળ્યું. અમે બધાંએ કૅપ્ટનના કહેવા પ્રમાણે સઢ વાળવામાં એમને મદદ કરી. સઢ જુદી રીતે ગોઠવાતા જ અમે બીમીનીના એ બંદર તરફ વળ્યાં. અમને હજુ ખાતરી નહોતી કે એલિસ ટાઉન પોર્ટ છે કે અન્ય કોઈ. પરંતુ અત્યારે શરણું લેવા માટે કોઈપણ બંદરના બારામાં પહોંચવા અમે અધીરા બની ગયા હતા.

પરંતુ, એક મોટી આફત તો હવે શરૂ થઈ રહી હતી. જેમ જેમ અમે કાંઠા તરફ જઈ રહ્યાં હતાં તેમ તેમ મોજાંઓની ગતિ અને ઊંચાઈ વધતાં જતાં હતાં. પવનની ઝડપ પણ વધી રહી હતી. કૅપ્ટને બાકીના સઢ પણ ઉતારી લીધા. હવે સ્પ્રે પર એક પણ સઢ નહોતો. કૅપ્ટનના મોં પર ચિંતાની થોડીક વધારે રેખાઓ દેખાઈ રહી હતી.


'શું થયું કૅપ્ટન?' મેં પૂછ્યું, 'કાંઠે નહીં પહોંચી શકાય? એ પહેલાં ચક્રવાત આપણી પર તૂટી પડશે? કે પછી અન્ય કાંઈ ચિંતા છે?'

'ડીક઼! કાંઠે તો પહોંચી જવાશે, પરંતુ એક બીક છે. આ સમગ્ર કાંઠો એવા ખડકોથી ભરેલો છે કે જેમાં એક વાર ફસાયા એટલે એમાંથી બહાર નીકળવું લગભગ અશક્ય બની જાય. મને ચક્રવાતની જરાપણ બીક નથી! સ્પ્રે આવા ચક્રવાતોને જરા પણ ગાંઠે નહીં એવું છે. તમને બધાંને કદાચ મારી વાત સાચી નહીં લાગે, પરંતુ સ્પ્રે આવાં તોફાનોમાંથી આસાનીથી નીકળી જશે એની મને ખાતરી છે. એ ઘણી બધી વાર નીકળી પણ ગયું છે! પરંતુ જો કોઈ ખડક આવી ગયો તો...' કૅપ્ટનની વાત અધૂરી રહી ગઈ.

એ જ વખતે એક વિશાળ મોજું આવ્યું. સ્પ્રે એના પર સવાર થઈને ઊછળ્યું અને બીજી જ ક્ષણે જોરથી પટકાયું. એક કડાકો થયો અને અચાનક એ હલતું-ડોલતું સાવ બંધ થઈ ગયું. એનાથી લાગેલા આંચકાથી અમે બધાં પણ તૂતક પર જોરથી પટકાયા અને પગથી માથા સુધી પલળી ગયા.

મોજું પસાર થઈ ગયું પછી અમે જોયું તો કૅપ્ટનની ધારણા મુજબ જ બે ખડકની બરાબર વચ્ચે સ્પ્રે ફસાઈ ગયું હતું. અમે ઊભાં થયાં. ઝડપથી હેન્ડપંપનો ઉપયોગ કરીને સ્પ્રે પર ભરાયેલા પાણીનો નિકાલ કરવાનું શરૂ

કર્યું. એ તો સારું હતું કે વરસાદ નહોતો શરૂ થયો: આ તો દરિયો અને પવન બે જ અમને એમનો પ્રભાવ બતાવી રહ્યા હતા. દિવસ પણ હજુ બે કલાક જેટલો બાકી હતો. એ આથમી જાય તે પહેલા અમારે બની શકે તો સ્પ્રેને ખેંચીને ખડકોમાંથી બહાર કાઢવાનું હતું.


બે ખડકો વચ્ચે ફસાઈ ગયેલું સ્પ્રે

સ્પ્રે બરાબર બે ખડક વચ્ચે ફસાઈ ગયું હતું. આજુબાજુથી હલેસા મારીને એને પાછું લઈ શકાય એમ પણ નહોતું. સ્પ્રેની પરિસ્થિતિ જોઈને કૅપ્ટન જોશુઆ સ્લોકમ પણ મૂંઝાઈ ગયા. આવા ખડકોની વચ્ચે ફસાઈ ગયેલા વહાણને પાછળથી દોરડાથી બાંધીને જ ખેંચી શકાય એવું લાગતું હતું.

'કૅપ્ટન! એક કામ કરીએ!' માઇકલકાકા બોલ્યા, 'આપણી પાસે પેલી નવી અને સુવિધાજનક લાઇફબોટ છે જ. વળી એમાં મશીન પણ છે અને હલેસા મારી શકાય તેમજ એમાં બાર વ્યક્તિ બેસી શકે એવી વ્યવસ્થા પણ છે. આપણે બધાં અત્યારે એમાં બેસીને કાંઠે જતાં રહીએ. તોફાન પસાર થઈ ગયા પછી આપણે આવીને સ્પ્રેને ખેંચીને બહાર કાઢી લઈશું.'

કૅપ્ટન જોશુઆ સ્લોકમે માઇકલકાકા સામે જોયું. પછી બોલ્યા, 'મિ. માઇકલ! એ તો ન જ બને! મારા સ્પ્રે વિના હું કાંઠે જાઉં? એવું બને ખરૂં? એ જો બંદરના બારામાં સુરક્ષિત હોય તો હું હજુ પણ એવો વિચાર કરું, બાકી આવા ખડકો વચ્ચે એને એકલું છોડીને હું ક્યારેય ન જાઉં!' એમના અવાજમાં સ્પ્રે માટેનો ભરપૂર પ્રેમ છલકાતો હતો.

અમે બધાં વિચારમાં પડી ગયાં. હવે શું કરવું? કૅપ્ટન જોશુઆ કોઈ પણ રીતે માને એવું અમને એમનાં વાક્યો પરથી લાગતું નહોતું. પવન અને એટલાંટિક મહાસાગર બંને વધારે ને વધારે તોફાની બનતા જતા હતા.

'માઇકલકાકા! એક કામ કરીએ તો?' હું બોલ્યો, 'આપણે એ લાઇફબોટમાં બેસીને આપણી પાસે ચાર દોરડાં છે એની મદદથી સ્પ્રેને ખેંચીએ તો?

આમેય લાઇફબોટમાં મશીનની પણ સગવડ છે અને હલેસા પણ મારી શકાશે. ઉપરાંત આપણો સામાન પણ એમાં મૂકી દઈએ, જેથી સ્પ્રેને કાંઈ થાય તો પણ ચિંતા ન રહે!'

બધાએ હા પાડી. અમે લાઇફબોટ નીચે ઉતારી. અમારો સામાન ઉતાર્યો. પછી એ લાઇફબોટના મશીનમાં ચાર ડબ્બા (ગેલન) ઇંધણ પૂર્યું. ત્યારબાદ સ્પ્રેના પાછળના ભાગમાં દોરડાં બાંધ્યાં. અમે નવ જણ લાઇફબોટમાં બેઠાં. જેકે મશીન શરૂ કર્યું. અમે ચાર જણાએ દોરડાં પકડી રાખ્યા અને બાકીના ચારમાંથી બે જણે હલેસા મારવાનું શરૂ કર્યું.

લગભગ અર્ધો કલાક સુધી અમે આવું જોર કર્યું. લાઇફબોટનું મશીન ગરમ થઈને ધુમાડા કાઢી ગયું. પરંતુ બે ખડકો વચ્ચે ફાંસની જેમ ફસાયેલ સ્પ્રે ટસનું મસ ન થયું.

દક્ષિણપૂર્વમાં થતાં કડાકા અને ભડાકા હવે એકદમ સ્પષ્ટ સંભળાતા હતા. ક્યારેક તો દિવસ હોવા છતાં વીજળી આંખોને આંજી દે એવી થતી હતી. ઉત્તર એટલાંટિક મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતનું રૌદ્ર સ્વરૂપ કેવું હોય છે એ તો જેણે એ જોયું હોય એ જ સમજી શકે.

અમારી સાથે લાઇફબોટ પર આવીને કિનારે પહોંચી જવા માટે અમે સૌએ ફરીથી કૅપ્ટન જોશુઆ સ્લોકમને વિનંતી કરી જોઈ. પરંતુ એ પણ એના વહાણ જેવા જ હતા! પોતાની વાતમાંથી ટસના મસ ન થયા તે ન જ થયા!

હવે વાદળો અમારી તરફ અને અમારી ઉપર આવવાના શરૂ થઈ ગયાં હતાં. ચક્રવાત હજુ ઘણું દૂર હતું. પરંતુ એ અમારી સુધી પહોંચે એ પહેલા અમારે લાઇફબોટ લઈને કિનારે પહોંચી જ જવું જોઈએ. કારણ કે ખડકો વચ્ચે ફસાયેલું સ્પ્રે કદાચ પણ સલામત રહી શકે, પરંતુ ચક્રવાતમાં ફસાયેલી લાઇફબોટ તો નક્કી ડૂબી જ જાય! અમે ફરી એકવાર કૅપ્ટનને વિનંતી કરી જોઈ. અમારી વિનંતીને માન આપવાને બદલે એમણે ફરી એક વખત દોરડાથી સ્પ્રેને ખેંચી જોવાનું કહ્યું.

કૅપ્ટન જોશુઆ સ્લોકમ ૬૫ વર્ષના હતા, પરંતુ એમનો તરવરાટ હજુ ચાલીસ વરસના માણસ જેવો હતો. એ જે ઝડપે સ્પ્રેના પડખામાં ફસાયેલા ખડકોને પોતાની પાસેના કુહાડી જેવા હથિયારથી દૂર કરી રહ્યા હતા એ કોઈ યુવાનને પણ શરમાવે એવું હતું. અમે ફરીથી લાઇફબોટમાં બેઠાં. અમારામાંથી ચાર જણે બરાબર જોરથી દોરડાં પકડ્યાં. જેકે લાઇફબોટનું એન્જિન ફરીથી શરૂ કર્યું. અમે જોર લગાવ્યું પણ વ્યર્થ. ફરીથી બરાબર ખેંચ્યું. એ જ વખતે

અમારી ઉપર આવી પહોંચેલા વાદળમાં જોરદાર ઝબકારો થયો. એ પછી કાન ફાડી નાખે એવો કડાકો થયો. અમે જોયું કે સ્રો જે બે ખડકો વચ્ચે ફસાયું હતું એમાંથી એક ખડકના ટુકડે ટુકડા થઈ ગયા હતા. સ્રો લગભગ છુટ્ટું થઈ ગયું હતું. હવે ફક્ત નીચેના બે નાનકડા પથ્થરને જ દૂર કરવા પડે એમ હતું. અમે આનંદની ચિચિયારીઓ પાડી ઊઠ્યાં. પરંતુ એ જ સમયે એક નવાઈ ભરી બાબત બની.

અમારી આજુબાજુ પવન સાવ પડી ગયો. વાતાવરણ સાવ અચાનક અતિ શાંત બની ગયું. અમારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ચામડી સૂકી થવા લાગી. અમારા માથાના વાળ પર હાથ ફેરવતાં તીખારા થતા હતા.

'પાછળ જુઓ બધા! જલદી!' હેસ્લિંગે બૂમ પાડી. એ હજુ બાયનોક્યુલર લઈને જ બેઠો હતો. નહોતો એ દોરડું ખેંચતો કે નહોતો હલેસા મારતો!

અમે બધાંએ પાછળ જોયું. અમારી બરાબર પાછળ ધુમ્મસ છવાઈ ગયું હતું. ધીમે ધીમે અમારી બોટ પર આવી રહ્યું હતું. મને આ આખી જ ઘટના ભેદી લાગતી હતી. કદાચ વીજળી પડવાથી ફરીથી કોઈ ઇલેક્ટ્રોમેગ્નેટિક ફેરફાર થયો હશે? એના કારણે ફરીથી પ્રથમ વખત મળ્યું હતું એવું ધુમ્મસ બન્યું હશે?'[૧૪]


ધુમ્મસના બંધ થઈ રહેલા વાદળમાંથી પોલે પાડેલ સ્રોનો ફોટો

ઝડપથી એ ધુમ્મસનું વાદળ અમારી લાઇફબોટ સુધી આવી ગયું. અમે કેપ્ટન જોશુઆ સ્લોકમને બૂમ પાડી કે, 'કેપ્ટન! જલ્દી લાઇફબોટ પર આવી જાવ! કદાચ પહેલાં જેવું કાંઈ બને તો આપણે જોડે રહી

૧૪. હકીકતે ઇલેક્ટ્રોનિક ફોગ બનવાનું એક કારણ આવો જોરદાર ઇલેક્ટ્રોમેગ્નેટિક ફેરફાર પણ મનાય છે. એનાથી પણ પરિમાણ ખૂલવાની શક્યતાઓ પણ વધી જતી હોય છે. બર્મ્યુડા ટ્રાયેંગલમાં આવા ફેરફારો ખૂબ જ બનતા હોય છે. એટલે જ એમાં પસાર થતાં ઘણાં વહાણો કે વિમાનો એમ જ – કોઈ પણ જાતની નિશાની છોડ્યાં વિના અદશ્ય થઈ જાય છે.

શકીએ, જલ્દી!'

પરંતુ કેપ્ટન ન માન્યા. એ સ્પ્રેના તૂતક પર ઊભા રહીને બોલ્યા. 'હવે આ બે નાનકડા પથ્થર મારી કુહાડીથી હમણા દૂર થઈ જશે. પછી મારું વહાલું સ્પ્રે આઝાદ બની જશે અને હું હમણાં એ કરી નાખીશ!'

મેં જોયું કે ધુમ્મસનાં વાદળોનું પડ હવે બરાબર અમારી લાઇફબોટ પર આવી ગયું હતું. એનો સ્પ્રે તરફનો ખુલ્લો ભાગ ધીમે ધીમે બંધ થઈ રહ્યો હતો. અમે સ્પ્રેને બરાબર જોઈ પણ નહોતા શકતા. અમને નવાઈ એ વાતની લાગતી હતી કે એ ધુમ્મસ સ્પ્રે અને પેલા ખડકને જાણે કે અમારાથી જુદા પાડી રહ્યું હોય એમ એનો એ તરફનો છેડો બંધ થઈ રહ્યો હતો.

અમે બધાએ કેપ્ટનને ફરી એકવાર બૂમો પાડીને અમારી લાઇફબોટ પર આવી જવા ખૂબ વિનંતી કરી. પરંતુ એ તો પોતાના સંતાન જેવા સ્પ્રેને છોડીને ક્યાંય જવા જાણે કે તૈયાર જ નહોતા. અમે એમને વારંવાર અને થઈ શકે એટલી વિનંતી કરી. પરંતુ એ જાણે કે કાંઈ સાંભળવા જ તૈયાર નહોતા. ધુમ્મસનો છેડો ધીમે ધીમે સાવ બંધ થઈ ગયો. કેપ્ટન જોશુઆ સ્લોકમ સાવ એકલપંડે આખી દુનિયાની સફર કરનાર માણસ, એ શૂરવીર અને મહાન માણસ – અમને હાથ હલાવીને આવજો કરી રહ્યો હતો. એ જ ક્ષણે ધુમ્મસે અમને સંપૂર્ણપણે ઘેરી લીધા.

થોડીવાર અમે સૌ ચૂપચાપ ઊભાં રહ્યાં. અમારાં બધાનાં રૂંવાડાં એમ જ ઊભાં હતાં. માઇકલકાકાને જાણે ઠંડી લાગતી હોય એમ એમનું શરીર ધ્રૂજતું હતું.

'અરે! પણ આપણા હાથમાં રહેલા આ દોરડાં તો સ્પ્રે સાથે બાંધેલા છે ને? તો પછી આપણે એને પકડી જ રાખીએ તો?' અચાનક પોલ બોલી ઊઠ્યો.

'અરે હા! બરાબર છે. ગયા વખતે તો અબીરા-માતાદીની બોટ પેલી સાંકળથી સ્પ્રેને ખેંચી રહી હતી. ગરમ થઈ ગયેલી સાંકળ પર જોર લાગવાથી એ કદાચ તૂટી ગઈ હશે. જો આપણે આ દોરડાંઓને ખેંચીએ નહીં અને એમ જ પકડી રાખીએ તો એ કદાચ ન પણ તૂટે! આ ધુમ્મસ ગયા પછી આપણે કેપ્ટનને આપણી જોડે લઈ જઈ શકીએ, બરોબરને?' હેસ્લિંગ બોલ્યો. એ હજુ પેલા દોરડાઓના ધુમ્મસમાં જઈ રહેલા છેડા પર બાયનોક્યુલર માંડીને જોઈ રહ્યો હતો!

અમ સૌએ કૅપ્ટનને જોર જોરથી બૂમો પાડી. પછી સાવ શાંત થઈ ગયા. સામેથી કૅપ્ટનનો એકદમ ધીમો અવાજ આવ્યો. ખૂબ જ ધીમો. પરંતુ અમને હાશ થઈ ગઈ કે કૅપ્ટન અમારો અવાજ તો સાંભળી શકે છે!

અમે એમ જ દોરડાં પકડીને બેઠાં. પંદરેક મિનિટ પછી અચાનક અમને જાણે કે કોઈએ હળવો વીજળીનો આંચકો આપ્યો હોય એવું લાગ્યું. એ સાથે જ અમારા હાથમાં બાંધેલાં દોરડાં ઢીલા થઈ ગયાં. અમે જોયું કે અમારી તરફના દોરડાંના છેડાં પાણીમાં લટકતાં હતાં.

અમે કૅપ્ટન જોશુઆ સ્લોકમને ખૂબ જોરજોરથી બૂમો મારી જોઈ, પણ કોઈ જવાબ ન આવ્યો. અમને ધ્રાસ્કો પડ્યો.

'માઇકલકાકા! કૅપ્ટન જોશુઆ સ્લોકમ હવે પછી આપણને ક્યારેય જોવા નહીં મળે?' પોલ બોલ્યો.

'કેમ ખબર પડે પોલ! પરંતુ આપણા ત્રણ જ દિવસ પહેલાના અનુભવ પરથી કહું તો... કદાચ! કયારેય નહીં![૧૫]

અમે બધાં આઘાતમાં સરી પડ્યાં. આવો બહાદુર અને દરિયાદિલ માણસ હવે અમને નહીં મળી શકે એ વિચાર જ અમને દુઃખ પહોંચાડતો હતો. પરંતુ શું થાય? અમે તો એમને મનાવવા માટે, અમારી સાથે આવવા માટે બને તેટલો આગ્રહ કરી જોયો હતો. પરંતુ દરેક જહાજના કૅપ્ટનને એનું જહાજ પોતાના સંતાન જેટલું વહાલું હોય છે. ભાગ્યે જ કોઈ કૅપ્ટન પોતાના જહાજને દરિયામાં એમ જ છોડીને પોતાનો જીવ બચાવવા ભાગતો હશે. મોટે ભાગે તો એ જહાજની સાથે જ સમાધિ લેતો હોય છે. કૅપ્ટન જોશુઆ સ્લોકમે પણ એ જ કર્યું હતું. પોતાના જહાજનો સાથ એમણે પણ નહોતો છોડ્યો.

તેમ છતાં મને મનમાં એક વાતથી શાંતિ થતી હતી કે ભલે કૅપ્ટન અમારી જોડે ન આવ્યા, પરંતુ એમણે સમાધિ પણ નહોતી લીધી. એમને ફક્ત બે નાનકડા પથ્થર જ તોડવાના હતા. એટલે એ તોડીને એમણે સ્પ્રેને જરૂર સાવ મુક્ત કરી દીધું હશે. એ છુટ્ટા તો થઈ જ ગયા હશે, પરંતુ એમને ૧૭૧૭ની સાલથી જ જીવન આગળ વધારવું પડ્યું હશે!

બીજી દસેક મિનિટ પસાર થઈ. અમારી આજુબાજુનું ધુમ્મસ ધીમે ધીમે

---

૧૫. ૧૪ નવેમ્બર, ૧૯૦૯ના રોજ મિયામીથી પોતાના માનીતા જહાજ સ્પ્રે સાથે નીકળેલ કૅપ્ટન જોશુઆ સ્લોકમ પછી ક્યાં ગયા એ કોઈને ખબર નથી. સરકારે એમને એના ૧૫ વરસ પછી ૧૯૨૪માં કાયદેસર રીતે મૃત જાહેર કર્યાં હતાં. એમની મૃત્યુ તિથિ ૧૪ નવેમ્બર, ૧૯૦૯ ગણાય છે.

વીખરાવા લાગ્યું. અચાનક એકદમ તેજ સૂર્યપ્રકાશે અમારી બધાની આંખો બંધ કરાવી દીધી.

અમે આંખો ખોલીને જોયું તો આજુબાજુ નજર નાખીએ ત્યાં સુધી ફક્ત પાણી જ હતું. સામે નહોતા પેલા સફેદ ખડક કે નહોતું એમાં ફસાયેલ સ્પ્રે! હવામાન એકદમ સાફ હતું. આકાશમાં નામનું એક વાદળું પણ નહોતું. દૂર દૂર ક્ષિતિજ પર બે મોટી સ્ટીમર ધુમાડા કાઢતી જઈ રહી હતી. એ જ વખતે મિયામીની દિશામાંથી એક બોટ આવતી દેખાઈ. થોડીવાર પછી એ બાજુમાંથી પસાર થઈ. એના પર એનું નામ મોટા અક્ષરે લખેલું હતું : 'Mysterious Bimini – એટલે કે ભેદી (રહસ્યમય) બીમીની!'

મેં અને રોબર્ટે એકબીજા સામે જોઈને માથું હલાવ્યું. બોટ સડસડાટ અમારી બાજુમાંથી પસાર થઈ ગઈ.

* * *

અમે દોઢ કલાક અમારી લાઇફબોટ ચલાવીને દક્ષિણ બીમીની પહોંચ્યાં. ત્યાં બીમીની બીચ રિસોર્ટ નામની હોટેલમાં પહોંચ્યાં. આલ્બર્ટોએ સામાનમાંથી બુકિંગનાં કાગળિયાં કાઢ્યાં. રિસેપ્શન પર બેઠેલ ક્લાર્કે એ ધ્યાનથી જોયા. પછી અમારી બધાં સામે ધ્યાનથી જોયું.

અમને થયું કે માર્યા ઠાર! જો હવે કોઈ બીજા પરિમાણમાં કે બીજી કોઈ સદીમાં પહોંચી ગયા હોઈશું તો ખરી તકલીફ ઊભી થશે! હવે તો અમારી પાસે ગીરવી મૂકવા પણ વધારે કાંઈ નહોતું. જો અમારું ચલણ નહીં ચાલે તો? અચાનક મારું ધ્યાન મારી હીરાજડિત વીંટી પર ગયું. મને શાંતિ થઈ ગઈ. મારા સાથીઓ પાસે પણ આવી વીંટી હતી જ. એ એક જ વીંટી બીમીની બીચ રિસોર્ટમાં એક મહિનો રહેવા માટે કાફી હતી. પરંતુ અમે ક્યા સમયગાળામાં ત્યાં પહોંચ્યા હતા એ તો જાણવું જ પડે!

આલ્બર્ટો હજુ બુકિંગ ક્લાર્ક સાથે વાત કરતો હતો ત્યારે મેં એ હૉલના ખૂણામાં વાળી રહેલા એક નોકરને પૂછ્યું, 'અરે ભાઈ! એ કહી શકશો કે આજે કઈ તારીખ છે?'

પેલો માણસ મારી સામે એવી રીતે જોઈ રહ્યો કે હું જાણે બીજા ગ્રહમાંથી ન આવતો હોઉં! પણ પછી એણે સ્વસ્થ થઈને જવાબ આપ્યો, 'મિસ્ટર! આજે ૧૩મી તારીખ છે!' પછી એ પોતાના કામમાં લાગી ગયો.

હું ઠરી ગયો. મેં માઇકલકાકાને કહ્યું, 'માઇકલકાકા! આપણે નીકળ્યાં હતાં ૧૪ નવેમ્બરના રોજ. એ પછી આપણે ૨૦૦ વરસ પાછળ ગયાં અને

આજે આ માણસ કહે છે કે તેરમી તારીખ છે તો શું ફરી પાછા આપણે બીજા કોઈ યુગમાં નીકળ્યાં હશું?'

માઇકલકાકા પણ વિચારમાં પડી ગયા. મારી બાજુમાં ઊભેલાં મારાં સાથીઓ પણ હવે થોડાં મૂંઝાયેલાં લાગતાં હતાં. અમે બધાં આલ્બર્ટો પાસે ગયાં. એ હોટેલના રિસેપ્શનિસ્ટ સાથે વાત કરી રહ્યો હતો.

'અરે! આજે નવેમ્બરની ૧૩ તારીખ કઈ રીતે હોઈ શકે? તમે કાંઈ વિચાર્યા વગર જ બોલતા લાગો છો. જુઓ, આ બુકિંગના કાગળ! અમે કુલ ૧૨ રૂમ બુક કરાવ્યા છે. અહીં આવવા ૧૪ નવેમ્બર, ૧૯૦૯ના રોજ અમે મિયામીથી નીકળ્યાં, બરાબર! એ પછી પૂરા ત્રણ દિવસ પછી અમે અહીં પહોંચ્યાં છીએ. તો પછી આજે ૧૩ તારીખ શું કામ હોય અને કઈ રીતે હોય એ તમે મને સમજાવશો જરા?'

પેલો માણસ એને કહી રહ્યો હતો, 'મિ. આલ્બર્ટો! તમે મારી વાતને સમજો! આજે ૧૩ નવેમ્બર, ૧૯૦૯ થઈ છે, તમારું બુકિંગ ૧૪ નવેમ્બર, ૧૯૦૯ના રોજથી એટલે કે આવતીકાલથી શરૂ થાય છે. તમે લોકોએ ૧૨ રૂમ બુક કરાવ્યાં છે, પરંતુ અમારી પાસે હાલ ફક્ત ૯ રૂમ જ ખાલી છે. બાકીના ત્રણ ગેસ્ટ કાલે સવારે જવાના છે. બોલો! તમે કહેતા હો તો એ આપી દઉં! આ કારણથી હું આજે તમને ૧૨ રૂમ નહીં આપી શકું એ સમજ્યા તમે? બાકી આજે ૧૩ તારીખ શું કામ છે એવું તમે મને પૂછો છો એનો મારી પાસે કોઈ જવાબ નથી. મને ક્ષમા કરશો!'

માઇકલકાકાએ આલ્બર્ટોનો હાથ પકડ્યો. પછી એમણે પેલા રિસેપ્શનિસ્ટને કહ્યું, 'ઓ. કે. મિસ્ટર! અમને નવ રૂમ આપી દો! અને અમારો સામાન અમારા રૂમમાં મુકાવી દો. બધાનો સામાન એકસાથે મારા રૂમમાં મુકાવશો તો પણ ચાલશે. અમારે એડવાન્સ પેટે કાંઈ ચાર્જ ભરવાનો છે?'

'હા સર! તમારું બુકિંગ આવતી કાલથી છે. એટલે તમારે આજના દિવસનું નવ રૂમનું ભાડું આપવું પડશે! આશા રાખું છું કે તમે મારી વાત સમજી શકશો!' રિસેપ્શનિસ્ટે કહ્યું.

'પણ અમે ડૉલરમાં ચૂકવણી કરશું તો ચાલશે ને?' પોલે પૂછ્યું.

એ સાંભળીને પેલો માણસ ખડખડાટ હસી પડ્યો. પછી બોલ્યો, 'ચોક્કસ! એ જ ચાલશે, એ નહીં ચાલે તો બીજું શું ચાલશે?!'

ચાવીઓ લઈ અમે પોતપોતાના રૂમમાં પહોંચીને ફ્રેશ થયાં. સામાન

બધો માઇકલકાકાના રૂમમાં મુકાવ્યો હતો એટલે ફ્રેશ થઈને પછી માઇકલકાકાના રૂમમાં બધાં ભેગાં થયાં. પોતપોતાનો સામાન જુદો તારવતી વખતે અમારામાંથી કોઈ બોલતું નહોતું. કદાચ કૅપ્ટન જોશુઆ સ્લોકમ અમને આમ સાવ અચાનક છોડી ગયા એનું દુઃખ હજુ અમારા દિલને સતાવી રહ્યું હતું. અમને એમની જોડે ખરેખર ખૂબ મજા આવી હતી.

પોતપોતાનો સામાન લઈને અમે અમારા રૂમમાં જવા નીકળ્યાં. એ વખતે માઇકલકાકા બોલ્યા, 'દોસ્તો! અબીરા અને માતાદી અત્યારે આપણી સાથે હશે મિયામીમાં! એ લોકો આપણી સાથે કાલે આવવા નીકળશે! પછી રસ્તામાં સમયના કોઈ છિદ્રમાં આપણે ૨૦૦ વરસ પાછાં જતાં રહીશું અને એ લોકો આ બાજુ આવશે. એ લોકો બીમીની આવતી કાલે પહોંચશે ત્યારે ત્રણ દિવસ ૨૦૦ વરસ પાછળના યુગમાં અને એક દિવસ અહીંયા પસાર કર્યા પછી આપણે એમને મળીશું. સમયની આ બલિહારી કહો કે વિજ્ઞાનનો ચમત્કાર કહો, જે કહો તે, આજે આપણે અહીંયા પણ છીએ અને આજે આપણે મિયામીમાં પણ હશું!'

'તો આપણે જો આજે મિયામી જઈએ તો આપણને જ મળી શકીએ ખરા?' જેકે સવાલ કર્યો.

'કદાચ સમયની કોઈ રહસ્યમય ચાલાકી આપણને ત્યાં ન જ પહોંચવા દે એવું મારું માનવું છે. આપણે કદાચ ત્યાં જવા નીકળીએ તો પણ પેલું ભેદી ધુમ્મસ આપણને રસ્તામાંથી ઉપાડી લે. કારણ કે એક જ વ્યક્તિનાં બે શરીર એક જ સમયમાં ન હોઈ શકે! સમય એનું બરાબર ધ્યાન રાખે જ! એટલે આપણે હવે બીજા કોઈ યુગમાં ન જતા રહેવું હોય તો ચૂપચાપ જમીને સૂઈ જઈએ. કાલે બપોરે લગભગ એકાદ વાગ્યે સમય આ આખી ગૂંચવણને ઉકેલી નાખશે!'

અમને માઇકલકાકાની વાત સાચી લાગી.

અમે બધાં ઊભાં થયાં. પોલે સવાલ કર્યો, 'માઇકલકાકા! આવું બધું કઈ રીતે બની શકે?'

માઇકલકાકાએ ઘડીક પોલ સામે જોયું. પછી એ પણ ઊભા થયા, પોલના માથે હાથ મૂક્યો. પછી બોલ્યા, 'ખબર નહીં!'



૧૩

માતાદી અને અબીરા સાથે મેળાપ અને ઘર તરફ રવાના!

બીજા દિવસે અમે સૌ ખૂબ મોડાં ઊઠ્યાં. બીમીનીના અદ્‌ભુત અને અત્યંત ચોખ્ખા દરિયામાં અમે બધાંએ ધરાઈને સ્નાન કર્યું. પછી તૈયાર થઈને જમવા ગયાં.

બપોરના ભોજન પછી દુનિયાના સમાચારો જાણવા હું હોટલના મુખ્ય ખંડમાં બેસીને છાપું વાંચતો હતો. બાકીના મારાં સાથીઓ પોતપોતાના રૂમમાં આરામ કરી રહ્યાં હતાં. અચાનક મને ડૂસકાંઓનો અવાજ સંભળાયો. આમ જાહેરમાં કોણ રડે છે એ જોવા હું પાછો ફર્યો. જોયું તો માતાદી રિસેપ્શન પર એમના બુકિંગનાં કાગળિયાં બતાવીને વાત કરી રહ્યો હતો. જ્યારે અબીરા મારી બરાબર પાછળની ખુરશીમાં ઊંધો બેસીને ડૂસકાં ભરી રહ્યો હતો. એ નીચું જોઈને રડતો હતો.

મેં એની સામે ફર્યા વિના જ પૂછ્યું, ‘કેમ રડો છો ભાઈ? કાંઈ મોટી તકલીફમાં છો?’

અબીરાએ કહ્યું, ‘હા! અમારા દોસ્તો સાથેનું વહાણ બર્મ્યુડા ટ્રાયેંગલમાં અમારી નજરની સામે જ ક્યાંય ગાયબ થઈ ગયું! હકીકતમાં એ લોકો મારા દોસ્તો નહીં પરંતુ મારા સગા ભાઈ જેવા જ હતા. એટલે જ એમને યાદ કરીને રડું છું!’

મને હસવું આવી ગયું. ઉપરાંત એનો અમારા પ્રત્યેનો સ્નેહ જોઈને આનંદ પણ થયો. હું ઊભો થઈને એની સામે જઈને ઊભો રહ્યો અને કહ્યું, ‘અબીરા! ઊંચું જો તો !’ અબીરાએ ઊંચું જોયું.

‘ડી...ઈ...ઈ...ઈ...ઈ...ક!’ આખી હોટેલને ગજવતી બૂમ પાડીને અબીરા મને વળગી ગયો. માતાદી પણ દોડતો આવી ગયો. એ પણ મને વળગી

પડ્યો. હોટેલમાં હાજર બાકીનાં બધાં મહેમાનો વિચિત્ર નજરે અમારી સામે જોતાં હતાં. પરંતુ અમને એમની ક્યાં પરવા હતી! અમને તો અમારા દોસ્તો પાછા મળી ગયા હતા એનો ખૂબ આનંદ થતો હતો, ખૂબ જ આનંદ!

* * *

એ પછી અમે દસ દિવસ બીમીની રોકાયાં અને લગભગ એક મહિનો અમેરિકામાં ફર્યાં. અમારી વાત અમે વારંવાર જુલિયાના આન્ટી તેમજ અબીરા અને માતાદીને કહી, પરંતુ કોઈ કરતાં કોઈ એ માનવા જ તૈયાર નહોતું. એક મહિનો અમને આલ્બર્ટો, ઇત્ઝેલ, અબ્રાન તેમજ જુલિયાના આન્ટીએ ખૂબ સરસ રીતે અને દિલથી સાચવ્યા. એ પછી અમે ઘરે જવા નીકળ્યાં.

કોઈ અમારી વાત નહોતું માનતું તો પણ મેં સંપૂર્ણ વિગત એક કાગળમાં લખી સાથે પીરી રીસનો પેલો નાનો નકશો જોડીને એ કાગળ અમેરિકન સરકારના રહસ્ય અંગેના વિભાગને મોકલી આપ્યો હતો. જો કોઈ અધિકારી અત્યાધુનિક મશીનોની મદદથી પેલું મેટર-એન્ટિમેટર એન્જિન શોધી કાઢે તો દુનિયાને વરસો સુધી ચાલે તેવી સસ્તી ઊર્જા મળી શકે.

કૅપ્ટન સ્મિથે આ વખતે પાછા જતી વખતે ગ્રાંડ બહામા અને બીમીની વચ્ચેનો માર્ગ પસંદ કર્યો હતો. અમે સ્ટીમરના તૂતક પર ઊભાં હતાં. સવારે બરાબર ૧૧ વાગ્યે બીમીની ટાપુઓ અમારી જમણી તરફથી પસાર થયા. અમે એક બીજા સામે જોયું. કૅપ્ટન જોશુઆ સ્લોકમને યાદ કરી એમને મનોમન સલામી આપી. સ્ટીમરની ઝડપને લીધે બીમીની ટાપુઓ પાછળ જતાં દેખાતા હતા. માઇકલકાકા મારી પાસે આવીને ઊભા રહ્યા. એમણે બીમીની તરફ જોઈને મારો ખભો દબાવ્યો. હું મનોમન બોલ્યો, 'બાય બાય એ બીમીની! આવજે એ રહસ્યમય ટાપુ! આવજે બર્મ્યુડા! તને અમે હંમેશાં યાદ રાખીશું! ક્યારેય નહીં ભૂલીએ! આવજે એ ભેદભરમના પ્રદેશ, આવજે!'

સ્ટીમર એટલાંટિક મહાસાગરને ચીરતી આફ્રિકા તરફ ચાલવા લાગી.



૧૪

અને અમે બધાં!

કેપ્ટન સ્મિથની સ્ટીમરમાં અમે બરાબર ૧૫ દિવસ પછી ઘાના પહોંચ્યાં. અમે પહોંચ્યાં એના બીજા જ દિવસે જેક અને હેસ્લિંગને કોકોનો મોટો ઑર્ડર બ્રિટનની એક ચૉકલેટ કંપની તરફથી મળ્યો. અમે એની કોકોની ખરીદીમાં જોડાઈ ગયા. એ બહાને અમને પશ્ચિમ આફ્રિકાનો ઘનિષ્ઠ પરિચય થઈ ગયો. ઘાનાની સોનાની ખાણો જોવાની પણ મઝા આવી. એ લોકો સાથે એક મહિનો ગાળીને અમે બીરા બંદર આવવા નીકળ્યાં.

માઇકલકાકા અમે બીરા બંદર પહોંચ્યાં એના બીજા દિવસથી જ બીમાર પડી ગયા. એમને અત્યંત નબળાઈ આવી ગઈ હતી અને એકધારો તાવ આવવા માંડ્યો હતો. ત્યાંથી એમને ડર્બન અને પછી જ્હોનિસબર્ગની (દક્ષિણ આફ્રિકાની) સૌથી મોટી હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા. ઘણી તપાસના અંતે ડૉક્ટર્સ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા કે એમના તાવ આવવાનું કારણ એમના લોહીમાં ઘટી ગયેલી શ્વેતકણની સંખ્યાને કારણે છે. એમને બે વખત લોહી પણ ચડાવવું પડ્યું. કાર્લ લેન્ડસ્ટેઇનર નામના ઓસ્ટ્રિયાના ડૉક્ટરે કરેલી સલામત લોહી અને લોહીના ગ્રુપિંગની શોધના લીધે એમનું જીવન બચી ગયું. છ મહિના પછી ધીમે ધીમે એમના લોહીના કણો પર્યાપ્ત માત્રામાં ફરીથી બનવા લાગ્યા અને માઇકલકાકા ફરી એક વાર નોર્મલ જિંદગી જીવવા લાગ્યા. એ પછી એ લંડન ગયા ત્યારે ત્યાં બતાવ્યા પછી ખ્યાલ આવ્યો કે માઇકલકાકાની બીમારી રેડિયેશનના કારણે હતી. સમયના છિદ્રમાંથી પસાર થતી વખતે ઘણા માણસોના શરીર પર આવી અસર થઈ શકે છે. કાકા બાકી બધી રીતે નોર્મલ બની ગયા હતા, પરંતુ એમના વાળ પાંચેક મહિનામાં સંપૂર્ણ સફેદ થઈ ગયા. ડૉક્ટર્સના કહેવા મુજબ એ પણ રેડિયેશનના કારણે જ બન્યું હોઈ શકે.

માતાદીને કાનખજૂરો કરડ્યા પછી પગે સડો મટતો નહોતો. એના માટે એને ડર્બનના એક સર્જન પાસે અમે લઈ ગયા. એ સર્જને સ્વીટ્ઝરલેન્ડમાં થયેલા સંશોધનના આધાર મુજબ માતાદીનો ઘા ઊંડે સુધી ખોતરીને પછી એના જ સાથળમાંથી ચામડી લઈને પ્રત્યારોપાણ કરી આપ્યું. માતાદી ૧૪ દિવસમાં સાવ સાજો થઈ ગયો.

અબીરાને અમે ભારતથી આવેલ એક હિપ્નોથેરાપિસ્ટ પાસે સારવાર કરાવી. લગભગ સાતેક વખત એને હિપ્નોટાઇઝ કરીને એ ડૉક્ટરે એના મનમાંથી પાણીની બીક કઢાવી નાખી. હવે ઘણી વખતે અમે બીરા બંદરના બીચ પર તરવા જતા તો અબીરા પણ અમારી સાથે આવતો. એણે એ પછી પોતાના બંગલાના ગાર્ડનમાં સ્વીમિંગ પુલ પણ બનાવેલો.

રૉબર્ટ, હું અને પોલ હવે ફક્ત સવારે બે કલાક ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી જ અમારી ઝવેરાતની દુકાન ખુલ્લી રાખતા. ક્યારેક દુકાનમાં બેસીને કોઈ ગ્રાહક ન હોય તો વિચાર કરતા કે જો ૨૦૦ વરસ પાછળના યુગમાં ફસાઈ ગયા હોત તો? એ વિચાર માત્રથી અને ક્યારેક વળી એ અંગે વાત કરતા પણ ધ્રૂજી જતા.

આલ્બર્ટો અને ઇત્ઝેલ પણ એમના અભ્યાસમાં લાગી ગયાં. આલ્બર્ટોએ ફરીથી પુરાતત્ત્વનું ભણવાનું શરૂ કર્યું હતું એ જાણીને અમને નવાઈ લાગતી હતી. પરંતુ પેલા ક્રિસ્ટલવાળા પિરામિડમાં હાયરોગ્લાઇફિક્સ વાંચ્યા પછી એનો શોખ ફરીથી જાગૃત થઈ ઊઠ્યો હતો.

ઇત્ઝેલની બાબતમાં એક ચમત્કાર થયો હતો. એના કહેવા મુજબ એની યાદશક્તિ ઘણી બધી વધી ગઈ હતી. માફુ(મિયામી યુનિવર્સિટી)માં એ અતિ બુદ્ધિશાળી તરીકે ઓળખાતી અને એની ખ્યાતિ છેક ન્યૂયૉર્ક સુધી પહોંચી ગઈ હતી. એના કહેવા પ્રમાણે એનું કારણ રેડિયેશન કે ઇલેક્ટ્રોમેગ્નેટિક ઊર્જાની અસર હોઈ શકે. અમે પણ એમ જ માનતા હતા. ઘણી વાર એક પરિમાણ(ડાયમેન્શન)માંથી બીજા પરિમાણમાં જતી વખતે આવી અસરો થતી હોવાનું મેં વાંચ્યું હતું.

અબાનાએ પોતાનું વૈદ્ય તરીકેનું કામ શરૂ જ રાખ્યું. એ હવે ફક્ત સવારના સમયમાં જ પ્રેક્ટિસ કરતો. હા, એ દરેક દર્દીની દવા સાવ મફતમાં કરતો. સારવારનો એક પણ પૈસો ન લેતો. કોઈ પૂછતું તો કહેતો કે, 'તમારે કોઈ પણ પ્રકારની ફી આપવાની નથી! ઇજિપ્તના એક ફારો(રાજા)એ તમારી

ફી ચૂકવી દીધી છે!' લોકોને આ સાંભળીને નવાઈ લાગતી. પરંતુ અબાના તો એની ધૂનમાં કામ કરતો રહેતો. બાકીના સમયમાં એ રેડિયેશન વિશે વાંચવાનું કામ કરતો. એના માટે એણે અમેરિકાથી ખાસ રેડિયેશનને લગતી ચોપડીઓ મંગાવી હતી. થોડાં વરસ પછી (૧૯૧૫થી) એ વેસ્ટર્ન રેન્ટજન સોસાયટીનો સભ્ય થઈ ગયો અને ધી જર્નલ ઑફ રેન્ટજીનોલૉજીનો કાયમી ગ્રાહક પણ બની ગયો.

અમને બીમીનીથી આવ્યા પછી ઘણા દિવસો થયાં છતાં અમે કૅપ્ટન જોશુઆ સ્લોકમને ભૂલી નહોતા શકતા. એમની કાયમી યાદ અમારી સાથે જ રહે એ માટે અમે અમારી દુકાનનું નામ રાખી દીધું : 'જોશુઆ સ્લોકમ જ્વેલરી સ્ટોર!' એના લીધે કૅપ્ટન કાયમ માટે અમારી જોડે જ રહેતા થઈ ગયા. અમે રોજ સૌથી પહેલા એમનું નામ વાંચીને, એમને યાદ કરીને જ દુકાનમાં પ્રવેશ કરતા. ઘણી વાર વિચારતા કે ૧૭૧૭ના એ યુગમાં કૅપ્ટન શું કરતાં હશે? રૉકેટ લોન્ચર અને ઢગલા બંધ નાના રૉકેટ સ્પ્રે પર જ રહી ગયા હતા, ઉપરાંત અમારા બધા જ આધુનિક હથિયારો પણ સ્પ્રે પર જ છૂટી ગયા હતા. એ સમયે હથિયારો લેવાનો અમને સમય જ નહોતો મળ્યો. એટલે કૅપ્ટન કોઈ રાજાની જેમ જ જીવતા હશે એવું માનીને અમે આશ્વાસન લેતા.

અમે બીરા બંદરે પાછાં ફર્યાં એના લગભગ અઢારમા દિવસે હું મારા પ્રવાસનાં કપડાં મારા થેલામાંથી કાઢી, ખિસ્સા જોઈને મારા ધોબીને આપતો હતો. એ વખતે મારા એક પેન્ટના ખિસ્સામાં કાંઈક હોય એવું લાગ્યું. એમાં કોઈ પ્રકાશિત પદાર્થ હોય એવું લાગતું હતું. મેં એ પેન્ટ બાજુમાં મૂકી દીધું. બાકીનાં કપડાં લઈને ધોબી ગયો. એ પછી મેં મારા રૂમનો દરવાજો બંધ કર્યો અને પેન્ટનું ખિસ્સું તપાસ્યું. એમાં કોઈ વનસ્પતિનું એક પાન હતું. એ પાનમાંથી ભૂરા રંગનો પ્રકાશ નીકળતો હતો. મને તરત જ યાદ આવી ગયું કે આવા જ બે પાન મને અગાઉ પણ મળેલા હતા. એક તો અલ-અમર્નાની રૉયલવાડીમાં અને બીજી વખત મેક્સિકોમાં ન્યુવો શહેરની બાજુમાં! બંને વખત આ પાન મારા થેલામાં કેમ આવી ગયા હતા એ મને ખબર નહોતી પડી.

હું વિચારમાં પડી ગયો. સંજીવની વનસ્પતિનું આ પાન મારા ખિસ્સામાંથી નીકળ્યું એનો અર્થ શું એવો થતો હતો કે મેં જોયેલા પેલા બે આકારો સાચા માણસો હતા? એમણે માથા પર મુગટ પહેર્યા હોય એવું મને લાગેલું. તો

શું ખરેખર એ ઇજિપ્તના અઢારમા રાજવંશના રાજા અખેનાતન અને રાણી નેફરટીટી હશે? મને જ સતત ત્રીજી વખત સંજીવની વનસ્પતિનું પાન આપવાનો અર્થ શો? મને તેમજ મારા મિત્રોને જ્યારે કોઈ જ ઉપાય ન રહે ત્યારે આ લોકો જ શું કામ બચાવવા આવી જાય છે? શું મારો ઇજિપ્ત સાથે કોઈ સંબંધ હશે કે એ રાજવંશ જોડે કાંઈ સંબંધ હશે?

આવા તો ઢગલો એક સવાલો મારા મનમાં ઘુમરાઈ રહ્યા હતા. મને એમાંના એક પણ સવાલનો જવાબ સૂજતો નહોતો. આ રહસ્ય વિશે કાંઈ જ ન સમજાવાથી મેં સંજીવનીનું એ પાન આગળના બે પાંદડાં જેમાં હતાં એ થેલામાં મૂકી દીધું. પછી એ થેલો સાચવીને મારા ભંડકિયામાં એક ખાસ કબાટમાં મૂકી દીધો.

એ પછી અમે બધાં ખૂબ જ આનંદથી દિવસો પસાર કરતા હતા. શરૂઆતના છ મહિના જ્યારે માઇકલકાકા માંદા હતા ત્યારે માતાદી અને અબીરા ચેસ અને પત્તા રમતા રહેતા. છ મહિના પછી માઇકલકાકા પણ એમની સાથે જોડાઈ ગયા. સાવ સફેદ વાળવાળા માઇકલકાકા હવે વધારે સરસ દેખાતા હતા.

ક્યારેક અમે બધાં જોડે બેઠાં હોઈએ અને કોઈ યાદ કરાવતું કે, 'ડીક! તું કેવો પેલા મશીન પાછળ ફસાઈ ગયેલો અને પછી કેવો અદ્ભુત રીતે બચી ગયેલો યાદ છે ને?' ત્યારે મને પેલી બે માનવ-આકૃતિઓ યાદ આવી જતી, પેલું ભૂરો પ્રકાશ રેલાવતું સંજીવનીનું પાન યાદ આવી જતું. રાજા અખેનાતન અને નેફરટીટી યાદ આવી જતાં અને હું મનોમન હસી પડતો!

